

# કારિકાવલી-મુક્તાવલી-વિવરણ

(ભાગ - બીજો)

: વિવરણકાર :

**પંન્યાસ ચન્દ્રગુપ્તવિજય ગણી**

: પ્રકાશન :

**શ્રી મોક્ષૈકલક્ષી પ્રકાશન**

: આર્થિક સહકાર :

**શ્રીમતી ચન્દ્રાવતી બાલુભાઈ ખીમચંદ રીલીજીયસ ટ્રસ્ટ**

'રત્નપુરી' ગૌરવ પાલેન, દફતરી રોડ,

મલાડ-ઈસ્ટ : મુંબઈ ૪૦૦ ૦૯૭

વિશ્વનાથ પંચાનન ભટ્ટાચાર્ય વિરચિત

# કારિકાવલી-મુક્તાવલી-વિવરણ

( ભાગ - બીજો )

: વિવરણકાર :

પૂ. પરમશાસન પ્રભાવક વ્યાખ્યાનવાચસ્પતિ સ્વ. પૂજ્યપાદ આ. ભ.
શ્રી. વિ. રામચન્દ્ર સૂ. મહારાજાના પટ્ટાલંકાર પૂજ્યપાદ સ્વ.
આ.ભ.શ્રી. વિ. મુક્તિચન્દ્ર સૂ.મ.સા. ના શિષ્યરત્ન
પૂજ્યપાદ આ. શ્રી. વિ. અમરગુપ્ત સૂ.મ.સા. ના શિષ્ય

પંન્યાસ ચન્દ્રગુપ્તવિજય ગણી

: આર્થિક સહકાર :

શ્રીમતી ચન્દ્રાવતી બાલુભાઈ ખીમચંદ રીલીજીયસ ટ્રસ્ટ
'રત્નપુરી' ગૌશાલાલેન, દફતરી રોડ,
મલાડ-ઈસ્ટ : મુંબઈ ૪૦૦ ૦૯૭.

# : કારિકાવલી-મુક્તાવલી-વિવરણ :

( ભાગ - બીજો)

તૃતીય આવૃત્તિ - નકલ ૫૦૦
(વિ.સં. ૨૦૫૦)
મૂલ્ય : રૂા. ૩૫/-

: પ્રાપ્તિ સ્થાન :

શા. સૂર્યકાંત ચતુરલાલ
મુ. પો. મુરબાડ
(જિ. ઠાણે)

રજનીકાંતભાઈ એફ. વોરા
૬૫૫, સાચાપીર સ્ટ્રીટ
પુણે ૪૧૧ ૦૦૧

શા. મુકુંદભાઈ રમણલાલ
૫ 'નવરત્ન' ફ્લેટ્સ
નવા વિકાસગૃહ રોડ - પાલડી
અમદાવાદ-૩૮૦ ૦૦૭

વિજયકર કાંતિલાલ ઝવેરી
જહાંપનાહની પોળ
કાલુપુર રોડ
અમદાવાદ - ૩૮૦ ૦૦૧

મુદ્રણ : પ્રિન્ટ લાઈન
૧૦૭, અનિલ કુંજ,
પાલડી ચાર રસ્તા પાસે,
અમદાવાદ-૩૮૦ ૦૦૬.
ફોન નં. ૩૯૬૨૭૪, ૭૯૭૫૫

મુદ્રણ-સહકાર
નવનીત જે. મહેતા
સાગર પ્રિન્ટર્સ : પાદશાહની પોળ
રિલીફ રોડ, અમદાવાદ-૧.

# अथानुमान-परिच्छेदः

## कारिकावली ।

**व्यापारस्तु परामर्शः, करणं व्याप्तिधी र्भवेत् ॥६६॥**
**अनुमायां ज्ञायमानं लिङ्गं तु करणं न हि ।**
**अनागतादिलिङ्गेन न स्यादनुमितिस्तदा ॥६७॥**
**व्याप्यस्य पक्षवृत्तित्वधीः परामर्श उच्यते ।**

## मुक्तावली ।

अनुमितिं व्युत्पादयति-व्यापारस्त्विति । अनुमायाम् - अनुमितौ व्याप्तिज्ञानं करणम्, परामर्शो व्यापारः । तथा हि-येन पुरुषेण महानसादौ धूमे वह्निव्याप्तिर्गृहीता, पश्चात् स एव पुरुषः क्वचित् पर्वतादावविच्छिन्नमूलां धूमरेखां पश्यति, तदनन्तरं धूमो वह्निव्याप्य इत्येवं रूपं व्याप्तिस्मरणं तस्य भवति, पश्चाच्च वह्निव्याप्यधूमवानयमिति ज्ञानं स एव परामर्श इत्युच्यते । तदनन्तरं पर्वतो वह्निमानित्यनुमितिर्जायते । अत्र प्राचीनास्तु व्याप्यत्वेन ज्ञायमानं लिङ्गमनुमितिकरणमिति वदन्ति, तद् दूषयति-ज्ञायमानमिति । लिङ्गस्याऽनुमित्यकरणत्वे युक्तिमाह-अनागतादीति । यद्यनुमितौ लिङ्गं करणं स्यात्, तदाऽनागतेन लिङ्गेन विनष्टेन चाऽनुमिति र्न स्यात्, अनुमितिकरणस्य लिङ्गस्य तदानीमभावादिति ॥६७॥

व्याप्यस्येति । व्याप्तिविशिष्टस्य पक्षेण सह वैशिष्ट्यावगाहिज्ञानमनुमितौ जनकं, तच्च पक्षे व्याप्य इति ज्ञानं, पक्षो व्याप्यवान् इति ज्ञानं वा, अनुमितिस्तु पक्षे व्याप्य इति ज्ञानात् पक्षे साध्यमित्याकारिका, पक्षो व्याप्यवानिति ज्ञानात् पक्षः साध्यवानित्याकारिका । द्विविधादपि परामर्शात् पक्षः साध्यवानित्येवाऽनुमितिरित्यन्ये ।

ननु वह्निव्याप्यधूमवान् पर्वत इति ज्ञानं विनाऽपि यत्र पर्वतो धूमवानिति प्रत्यक्षं, ततो वह्निव्याप्यो धूम इति स्मरणं, तत्र ज्ञानद्वयादेवाऽनुमितेर्दर्शनाद् व्याप्तिविशिष्टवैशिष्ट्यावगाहिज्ञानं न सर्वत्र कारणम्, किन्तु व्याप्यतावच्छेदकप्रकारकपक्षधर्मताज्ञानत्वेन कारणत्वस्याऽऽवश्यकत्वात् तत्र विशिष्टज्ञानकल्पने गौरवाच्चेति चेन्न। व्याप्यतावच्छेदकाऽज्ञानेऽपि वह्निव्याप्यवानिति ज्ञानादनुमित्युत्पत्ते, र्लाघवाच्च व्याप्तिप्रकारकपक्षधर्मताज्ञानत्वेन हेतुत्वम् । किञ्च धूमवान् पर्वत इति ज्ञानादनुमित्यापत्तिः, व्याप्यतावच्छेदकीभूतधूमत्वप्रकारकस्य पक्षधर्मताज्ञानस्य सत्त्वात् । न च गृह्यमाणव्याप्यतावच्छेदकप्रकारकपक्षधर्मताज्ञानस्य हेतुत्वमिति वाच्यम् । चैत्रस्य व्याप्तिग्रहे मैत्रस्य पक्षधर्मताज्ञानादनुमितिः स्यात् । यदि तत्पुरुषीयगृह्यमाणव्याप्यतावच्छेदकप्रकारकं तत्पुरुषीयपक्षधर्मताज्ञानं तत्पुरुषीयानुमितौ हेतुरित्युच्यते, तदाऽनन्तकार्यकारणभावः । मन्मते तु समवायसम्बन्धेन व्याप्तिप्रकारकपक्षधर्मताज्ञानं समवायसम्बन्धेनाऽनुमितिं जनयतीति नाऽनन्तकार्यकारणभावः । यदि तु व्याप्तिप्रकारकं ज्ञानं पक्षधर्मताज्ञानं च स्वतन्त्रं कारणमित्युच्यते तदा कार्यकारणभावद्वयम् । वह्निव्याप्यो धूम आलोकवांश्च पर्वत इति ज्ञानादप्यनुमितिः स्यात् । इत्थञ्च यत्र ज्ञानद्वयं तत्राऽपि विशिष्टज्ञानं कल्पनीयं, फलमुखगौरवस्याऽदोषत्वात् ।

## : વિવરણ :

મૂલમાં અનુમિતિના વ્યાપારપરામર્શનો પૂર્વનિર્દેશ હોવાથી મુક્તાવલીમાં પણ યદ્યપિ તેનો જ પ્રથમ નિર્દેશ કરવો જોઈએ, પરંતુ કરણની જિજ્ઞાસા પછી જ વ્યાપારની જિજ્ઞાસાનો ઉદય થતો હોવાથી મૂલમાં પશ્ચાદ્ નિર્દિષ્ટ હોવા છતાં મુક્તાવલીમાં કરણનો નિર્દેશ પ્રથમ કર્યો છે. અનુમિતિમાં વ્યાપ્તિજ્ઞાન કરણ છે. અને વ્યાપારવદ્ અસાધારણકારણભૂત એ વ્યાપ્તિજ્ઞાન, પરામર્શાત્મક વ્યાપારવદ્ છે. વ્યાપારાત્મકપરામર્શમાં વ્યાપ્તિજન્યત્વ નથી, કારણ કે

મહાનસાદિમાં થયેલ વ્યાપ્તિજ્ઞાન, 'वह्निव्याप्यधूमवान् पर्वतः' ઈત્યાકારક પરામર્શની ઉત્પત્તિક્ષણની અવ્યવહિત પૂર્વક્ષણમાં વૃત્તિ નથી. તેથી પરામર્શમાં વ્યાપ્તિજ્ઞાનજન્યત્વ ન હોવાથી તેમાં વ્યાપ્તિજ્ઞાનનું વ્યાપારત્વ સંભવિત નથી. આ પ્રમાણેની શંકાનું સમાધાન કરે છે - तथा हि.. ઈત્યાદિ ગ્રન્થથી. આશય એ છે કે મહાનસાદિમાં જે પુરુષે ધૂમમાં વહ્નિનિરૂપિત વ્યાપ્તિનું ગ્રહણ કર્યું છે, પાછળથી તે જ પુરુષે ક્યારેક પર્વતાદિમાં અવિચ્છિન્ન (અખંડિત) ધૂમની રેખાને જોઈ. ત્યારબાદ, પૂર્વે મહાનસાદિમાં જોયેલી અવિચ્છિન્ન ધૂમની રેખાના જેવી જ અવિચ્છિન્ન ધૂમની રેખાને જોવાથી જાગેલા સંસ્કારથી 'धूमो वह्निव्याप्यः' ઈત્યાકારક વ્યાપ્તિવિષયકસ્મરણ, તે પુરુષને થાય છે. અને ત્યારબાદ તે પુરુષને 'वह्निव्याप्यधूमवानयम्' ઈત્યાકારક જ્ઞાન થાય છે. તેને જ પરામર્શ કહેવાય છે. આથી સ્પષ્ટ છે કે એતાદશ પરામર્શાત્મકજ્ઞાનોત્પત્ત્યવ્યવહિતપૂર્વક્ષણમાં ઉપર જણાવ્યા મુજબ વ્યાપ્તિવિષયકસ્મરણાત્મકજ્ઞાન હોવાથી વ્યભિચાર નથી આવતો. તાદશવ્યાપ્તિજ્ઞાનજન્ય એતાદશ પરામર્શથી 'पर्वतो वह्निमान्' ઈત્યાકારક અનુમિતિ થાય છે. તેથી વ્યાપ્તિજ્ઞાનજન્યપરામર્શ, વ્યાપ્તિજ્ઞાનજન્યઅનુમિતિનો જનક હોવાથી તે અનુમિતિમાં વ્યાપાર છે.

अत्र प्राचीनास्तु... ઈત્યાદિ - અહીં અનુમિતિની પ્રત્યે જ્ઞાયમાનલિઙ્ગ (હેતુ-ધૂમાદિ) કરણ છે - એવું કહે છે. આશય એ છે કે ઉપર જણાવ્યા મુજબ લિંગપરામર્શ અનુમિતિની પ્રત્યે કારણ છે. આ રીતે લિઙ્ગવિશિષ્ટપરામર્શની કારણતાથી તદ્વિશેષણીભૂત લિઙ્ગમાં પણ અનુમિતિની કારણતા સિદ્ધ છે. પરન્તુ પરામર્શમાં રહેલી કારણતા વ્યાપારવદ્ ન હોવાથી પરામર્શને કરણ ન માનતાં પરામર્શાત્મકવ્યાપારથી વિશિષ્ટ એવા લિઙ્ગને અનુમિતિનું

કરણ મનાય છે. વિષયવિધયા કારણભૂત લિઙ્ગથી પરામર્શ જન્ય છે. અને તે લિઙ્ગજન્યઅનુમિતિનો જનક પણ છે, તેથી પરામર્શાત્મકવ્યાપારવદ્ જ્ઞાયમાનલિઙ્ગને પ્રાચીનો અનુમિતિનું કરણ કહે છે. પ્રાચીનોના તે મતમાં દોષ જણાવવા કહે છે - મૂલમાં अनुमायामित्यादि । લિઙ્ગને અનુમિતિનું કરણ ન માનવામાં યુક્તિને કહે છે. મૂલમાં- अनागतादीति આશય એ છે કે જો અનુમિતિની પ્રત્યે લિઙ્ગને કરણ માનીએ તો ભવિષ્યમાં ઉત્પન્ન થનાર લિઙ્ગથી અને વિનષ્ટ લિઙ્ગથી તેના જ્ઞાન દ્વારા થતી અનુમિતિ નહીં થાય. કારણ કે વિનષ્ટ અનાગત લિઙ્ગનો અભાવ છે. યદ્યપિ અતીતાદિલિઙ્ગ તજ્જન્ય-પરામર્શાત્મકજ્ઞાનસ્વરૂપસંબંધથી વર્ત્તમાનમાં પણ વિદ્યમાન હોવાથી તેનાથી અનુમિતિની અનુપપત્તિ નહીં થાય. પરંતુ અતીતાદિલિઙ્ગ પરામર્શનું જનક ન હોવાથી તાદશ જ્ઞાનાત્મક સંબંધથી પણ અતીતાદિલિઙ્ગનો અભાવ હોવાથી અનુમિતિની અનુપપત્તિ છે જ.

व्याप्तिविशिष्टस्य... ઈત્યાદિ-વ્યાપ્તિવિશિષ્ટ - વ્યાપ્યના પક્ષની સાથેના વૈશિષ્ટ્યનું અવગાહિજ્ઞાન અનુમિતિનું જનક છે. એ વૈશિષ્ટ્યાવગાહિજ્ઞાન 'पक्षे व्याप्यः', અથવા 'पक्षो व्याप्यवान्' ઈત્યાકારક વ્યાપ્યપ્રકારક અથવા વ્યાપ્યવિશેષ્યક હોય છે. અનુમિતિ તો 'पक्षे व्याप्यः' ઈત્યાકારક વ્યાપ્યવિશેષ્યક જ્ઞાનથી 'पक्षे साध्यम्' ઈત્યાકારક થાય છે. અને 'पक्षो व्याप्यवान्' ઈત્યાકારક વ્યાપ્યપ્રકારક જ્ઞાનથી 'पक्षः साध्यवान्' ઈત્યાકારક થાય છે. કેટલાક લોકો, ઉપર્યુક્ત બંન્ને જ્ઞાનથી પણ 'पक्षः साध्यवान्' ઈત્યાકારક જ અનુમિતિ થાય છે - એવું કહે છે. અર્થાદ્ એમના મતે અનુમિતિનિષ્ઠ-કાર્યતાનિરૂપિતકારણતાવચ્છેદકતા પક્ષવ્યાપ્યોભયવૈશિષ્ટ્યા-વગાહિનિશ્ચયત્વમાં છે. યદ્યપિ ઉપર જણાવેલા પક્ષવિશેષ્યક અથવા વ્યાપ્યવિશેષ્યકજ્ઞાનમાં તાદશોભયવૈશિષ્ટ્યાવગાહિ-

નિશ્ચયત્વ નથી. પરંતુ તાદશનિશ્ચયત્વનું તાત્પર્ય રામરુદ્રીથી જાણવું જોઈએ.

મીમાંસક શંકા કરે છે - नन्वित्यादि - આશય એ છે કે, જ્યાં 'वह्निव्याप्यधूमवान् पर्वतः' ઈત્યાકારક જ્ઞાન થયું નથી. પરંતુ 'धूमवान् पर्वतः' ઈત્યાકારક પ્રત્યક્ષ થયું અને ત્યાર પછી 'वह्निव्याप्यो धूमः' ઈત્યાકારક સ્મરણ થયું, ત્યાં આ બે જ્ઞાનથી જ અનુમિતિ થતી હોવાથી અનુમિતિની પ્રત્યે સર્વત્ર વ્યાપ્તિવિશિષ્ટવૈશિષ્ટ્યાવગાહિજ્ઞાનને કારણ નહીં માનવું જોઈએ. પરંતુ સર્વત્ર અનુમિતિની પ્રત્યે વ્યાપ્યતાવચ્છેદક-પ્રકારકપક્ષધર્મતાવિષયકજ્ઞાનત્વેન કારણતા માનવાનું આવશ્યક હોવાથી ઉક્તજ્ઞાનદ્વયસ્થલે વિશિષ્ટજ્ઞાનની કલ્પના કરવાથી ગૌરવ થાય છે. અહીં કહેવાનું તાત્પર્ય એ છે કે મીમાંસકો અનુમિતિની પ્રત્યે સર્વત્ર 'वह्निव्याप्यधूमवान् पर्वतः' ઈત્યાદ્યા-કારક વ્યાપ્તિવિશિષ્ટવૈશિષ્ટ્યાવગાહિજ્ઞાનને કારણ નથી માનતા; ક્વચિત્ શાબ્દબોધાત્મક તાદશ વિશિષ્ટજ્ઞાનને, અનુમિતિની પ્રત્યે કારણ માને પણ છે. અને ક્વચિત્ ઉપર જણાવેલા જ્ઞાનદ્વયસ્થળે અનુમિતિની પ્રત્યે વિશિષ્ટવૈશિષ્ટ્યા-વગાહિજ્ઞાનને કારણ નથી પણ માનતાં. જ્યારે નૈયાયિકો જ્ઞાનદ્વયસ્થળે પણ અનુમિતિની પ્રત્યે વિશિષ્ટવૈશિષ્ટ્યા-વગાહિજ્ઞાનની કલ્પના કરે છે. આ પ્રસંગે એ વસ્તુ યાદ રાખવી જોઈએ કે, મીમાંસકો જ્યારે વિશિષ્ટવૈશિષ્ટ્યાવગાહિજ્ઞાનને અનુમિતિની પ્રત્યે કારણ માનતાં જ નથી એવું નથી. તો પછી 'तत्र ज्ञानद्वयादेव' અહીં 'एव'કારનો તેમનો પ્રયોગ કોઈ રીતે સંગત નથી. આથી જ અહીં 'एव'કાર 'अपि' શબ્દાર્થમાં પ્રયુક્ત છે. બીજું જ્ઞાનદ્વયસ્થળની અનુમિતિ અને વિશિષ્ટ-વૈશિષ્ટ્યાવગાહિતાદશજ્ઞાનજન્યઅનુમિતિના અનુરોધથી व्याप्यतावच्छेदकप्रकारकपक्षधर्मताज्ञानत्वेन જ્ઞાનને અનુમિતિની

પ્રત્યે કારણ માનવાનું આવશ્યક હોવાથી વિશિષ્ટવૈશિષ્ટ્યાવગાહિનિશ્ચયત્વેન જ્ઞાનને અનુમિતિની પ્રત્યે કારણ નહીં માનવું જોઈએ. એ મીમાંસકનું કહેવું છે, અર્થાદ્ વિશિષ્ટવૈશિષ્ટ્યાવગાહિજ્ઞાનનિષ્ઠ અનુમિતિકારણતા ઉપર મીમાંસકનો આક્ષેપ નથી. પરન્તુ તાદશનિશ્ચયત્વનિષ્ઠકારણતાવચ્છેદકતા ઉપર આક્ષેપ છે. તેથી મૂલમાં (મુક્તાવલીમાં)ના ''व्याप्तिविशिष्टवैशिष्ट्यावगाहिज्ञानं न सर्वत्र कारणम्'' આ ગ્રંથને ''व्याप्तिविशिष्टवैशिष्ट्यावगाहिज्ञानत्वमनुमितित्वावच्छिन्नं प्रति न कारणतावच्छेदकम्'' એતાદશ ગ્રંથપરક જાણવો જોઈએ. આટલા વિવરણથી મૂલ ગ્રંથના તાત્પર્ય સુધી પહોંચવામાં પ્રાયઃ વાંધો નહીં આવે. છતાં શંકાન્વિત ચિત્તનું સમાધાન જિજ્ઞાસુઓએ અધ્યાપકો દ્વારા કરી લેવું.

व्याप्यतावच्छेदकाज्ञानेपि... ઈત્યાદિ-આશય એ છે કે, વ્યાપ્યતાવચ્છેદકધૂમત્વાદિપ્રકારક જ્ઞાન ન હોય તો પણ 'वह्निव्याप्यवान्' ઈત્યાકારક વ્યાપ્તિપ્રકારકપક્ષધર્મતાજ્ઞાનથી 'वह्निमान्' ઈત્યાકારક અનુમિતિ થાય છે. તેથી અનુમિતિની પ્રત્યે વ્યાપ્તિપ્રકારકપક્ષધર્મતાજ્ઞાનત્વેન કારણતા માનવાનું આવશ્યક હોવાથી ગુરુભૂત વ્યાપ્યતાવચ્છેદકપ્રકારકજ્ઞાનત્વેન કારણતા નહીં માની શકાય. ''યદ્યપિ ઉપર્યુક્ત જ્ઞાનદ્વયસ્થળે વિશિષ્ટવૈશિષ્ટ્યાવગાહિજ્ઞાન ન હોવાથી તાદશસ્થલીય અનુમિતિની પ્રત્યે વિશિષ્ટવૈશિષ્ટ્યાવગાહિજ્ઞાનમાં વ્યભિચાર છે. અને 'वह्निव्याप्यवान्' ઈત્યાકારક પરામર્શજન્ય (વ્યાપ્તિપ્રકારકપક્ષધર્મતાજ્ઞાનજન્ય) અનુમિતિ સ્થલે વ્યાપ્યતાવચ્છેદકપ્રકારક જ્ઞાન ન હોવાથી તેમાં વ્યભિચાર છે. તેથી ઉભયત્ર વ્યભિચાર તો તુલ્ય છે. પરન્તુ વ્યાપ્યતાવચ્છેદકપ્રકારકપક્ષધર્મતાજ્ઞાનત્વેન કારણતા માનવામાં વિશિષ્ટવૈશિષ્ટ્યાવગાહિજ્ઞાનની કલ્પના કરવાની આવશ્યકતા ન હોવાથી મારા મતે કલ્પનાલાઘવ છે, તેથી વ્યાપ્યતાવચ્છેદક-

પ્રકારકપક્ષધર્મતાજ્ઞાનત્વની અપેક્ષાએ લઘુભૂત પણ વ્યાપ્તિપ્રકારકપક્ષધર્મતાજ્ઞાનત્વેન કારણ માનવાનું યોગ્ય નથી'' આ પ્રમાણેના મીમાંસકના અભિપ્રાયના અનુસંધાનમાં મીમાંસકના મતમાં દૂષણાન્તર જણાવે છે. किञ्च... ઈત્યાદિ ગ્રંથથી - આશય એ છે કે વ્યાપ્યતાવચ્છેદકપ્રકારક-પક્ષધર્મતાજ્ઞાનત્વેન, અનુમિતિની પ્રત્યે કારણતા માનીએ તો વ્યાપ્યતાવચ્છેદકધૂમત્વપ્રકારક 'धूमवान् पर्वतः' ઈત્યાદ્યાકારક જ્ઞાનથી પણ અનુમિતિની આપત્તિ આવશે. યદ્યપિ ગૃહ્ય-માણવ્યાપ્યતાવચ્છેદકપ્રકારકપક્ષધર્મતાજ્ઞાનને કારણ માનીએ તો કેવલ 'धूमवान्पर्वतः' ઈત્યાદ્યાકારક પક્ષધર્મતાજ્ઞાનથી અનુમતિની આપત્તિ નહીં આવે. કારણ કે તે જ્ઞાન ગૃહ્યમાણવ્યાપ્યતાવચ્છેદક (વર્ત્તમાનકાલીનવ્યાપ્યતા-વચ્છેદક) પ્રકારક નથી. પરન્તુ ચૈત્રના ગૃહ્યમાણવ્યાપ્યતા-વચ્છેદકપ્રકારકજ્ઞાનથી મૈત્રને કેવલ 'धूमवान्पर्वतः' ઈત્યાદ્યાકારક જ્ઞાનથી અનુમિતિનો પ્રસંગ આવશે. એતાદશ અનુમિતિની આપત્તિના નિવારણ માટે, 'તત્પુરુષીયગૃહ્યમાણવ્યાપ્યતા-વચ્છેદકપ્રકારકપક્ષધર્મતાજ્ઞાન, તત્પુરુષીયઅનુમિતિની પ્રત્યે કારણ છે.' આ પ્રમાણે કાર્યકારણભાવ કરો તો અનન્તકાર્ય-કારણભાવની આપત્તિ આવશે. વિશિષ્ટવૈશિષ્ટ્યાવગાહિ-જ્ઞાનત્વેન કારણતાવાદિના મતે પણ ચૈત્રના તાદશ જ્ઞાનથી મૈત્રને અનુમિતિનો પ્રસઙ્ગ આવશે- એવી શંકા કરી શકાય છે. પરન્તુ એ બરાબર નથી. કારણ કે તાદશજ્ઞાનત્વેન કારણતાવાદિ એવા મારા મતે તાદશવ્યાપ્તિપ્રકારકપક્ષ-ધર્મતાજ્ઞાન સમવાયસંબંધથી સ્વાશ્રયમાં સમવાયસંબંધથી અનુમિતિને ઉત્પન્ન કરે છે. તેથી એતાદશ સમવાયઘટિત એક જ કાર્યકારણભાવ છે, અનંતા નથી. ચૈત્રના વ્યાપ્યતા-વચ્છેદકપ્રકારકજ્ઞાનથી મૈત્રના કેવલ 'धूमवान्पर्वतः' ઈત્યા-દ્યાકારક જ્ઞાનથી અનુમિતિની આપત્તિના નિવારણ માટે,

અનન્તકાર્યકારણભાવની ભીતિને લઈને તત્તત્પુરુષીયનિવેશ વિના વ્યાપ્યતાવચ્છેદકપ્રકારકજ્ઞાન અને પક્ષધર્મતાવિષયક-જ્ઞાનને સ્વતંત્રપણે અનુમિતિની પ્રત્યે કારણ માનો તો કેવલ 'धूमवान्पर्वतः' ઈત્યાદ્યાકારક પક્ષધર્મતાજ્ઞાનવાન્ મૈત્રને અનુમિતિનો પ્રસંગ યદ્યપિ નહીં આવે. પરન્તુ કાર્યકારણ-ભાવદ્વયની આપત્તિ આવશે. વિશિષ્ટવૈશિષ્ટ્યાવગાહિજ્ઞાનત્વેન કારણ માનનારાને પણ વ્યાપ્તિપ્રકારકપક્ષધર્મતાજ્ઞાનત્વેન, અથવા પક્ષધર્મતાવિષયકવ્યાપ્તિપ્રકારકજ્ઞાનત્વેન કારણતા માનવામાં કોઈ વિનિગમક ન હોવાથી કાર્યકારણભાવદ્વયની આપત્તિ સમાન છે. તેથી व्याप्यतावच्छेदकप्रकारक જ્ઞાનને તેમજ पक्षधर्मताविषयक જ્ઞાનને અનુમિતિની પ્રત્યે સ્વતંત્રતયા કારણ માનનારને મતે દૂષણાન્તર જણાવે છે. ''वह्निव्याप्यो धूमः, आलोकवांश्चपर्वतः'' આ સમૂહાલંબનજ્ઞાનથી પણ અનુમિતિનો પ્રસંગ આવશે. કારણ કે એતાદૃશજ્ઞાન વ્યાપ્યતાવચ્છેદક-ધૂમત્વપ્રકારક છે અને પક્ષધર્મતાવિષયક પણ છે. વ્યાપ્તિ-પ્રકારકપક્ષધર્મતાવિષયકજ્ઞાનત્વેન કારણ માનનાર સિદ્ધાન્તીને તાદૃશસમૂહાલંબન જ્ઞાનથી અનુમિતિનો પ્રસંગ શા માટે નથી આવતો ? એ વસ્તુ તર્કસંગ્રહનું અધ્યયન કરી ચૂકેલા વિદ્યાર્થીઓને સમજાવવાની આવશ્યકતા નથી. કારણ કે તેઓ સારી રીતે સમજે છે કે સિદ્ધાન્તીઓ તો ''व्याप्तिनिष्ठ-प्रकारतानिरूपितहेतुनिष्ठप्रकारतानिरूपितपक्षनिष्ठविशेष्यताशालि-ज्ञानत्वेन'' અનુમિતિજનકતા જ્ઞાનમાં માને છે. તાદૃશ-સમૂહાલંબનજ્ઞાનમાં એતાદૃશ વિવક્ષિતજ્ઞાનત્વ નથી. આ રીતે વિશિષ્ટજ્ઞાનત્વેન અનુમિતિજનકતા સિદ્ધ થયા પછી, ઉપર્યુક્તજ્ઞાનદ્વયસ્થળે પણ વિશિષ્ટવૈશિષ્ટ્યાવગાહિજ્ઞાનની કલ્પના કરાય છે. એતાદૃશ કલ્પનાગૌરવ, વિશિષ્ટવૈશિષ્ટ્યા-વગાહિજ્ઞાનત્વેન કારણતાની સિદ્ધિના ઉત્તરકાલમાં હોવાથી ફલમુખ છે. તેથી કોઈ દોષ નથી. આશય એ છે કે

પ્રકૃતસ્થળે અનુમિતિની પ્રત્યે વિશિષ્ટવૈશિષ્ટ્યાવગાહિજ્ઞાનત્વેન કારણતાની સિદ્ધિ એ ફળ છે. તાદશ સિદ્ધિ (જ્ઞાન) સ્વરૂપ-ફળની પ્રત્યે ''विशिष्टवैशिष्ट्यावगाहिज्ञानत्वे कल्पनागौरवम्'' ઈત્યાકારક ગૌરવજ્ઞાન પ્રતિબંધક બની શકે છે. પરન્તુ ઉક્ત રીતે વિશિષ્ટવૈશિષ્ટ્યાવગાહિજ્ઞાનત્વેન અનુમિતિજનકતા સિદ્ધ થયા બાદ જ યત્કિંચિદ્ જ્ઞાનદ્વયસ્થલીય અનુમિત્યવ્યવહિત-પૂર્વવર્ત્તિ તરીકે વિશિષ્ટવૈશિષ્ટ્યાવગાહિજ્ઞાનની કલ્પના કરવાની રહે છે. તાદશ અનુમિતિની જનકતાની સિદ્ધિના અભાવમાં તાદશ કલ્પના, કરવાની રહેતી જ નથી. આથી સ્પષ્ટ રીતે સમજી શકાય છે કે યત્કિંચિદ્ અનુમિત્યવ્યવહિતપૂર્વવર્ત્તિ છે કલ્પનીય સ્વાશ્રય (વિશિષ્ટવૈશિષ્ટ્યાવગાહિજ્ઞાનત્વાશ્રય) જેનો એવા વિશિષ્ટવૈશિષ્ટ્યાવગાહિજ્ઞાનત્વવૃત્તિતાદશ-સ્વાશ્રયકત્વસ્વરૂપ ગૌરવનું જ્ઞાન, તાદશ વિશિષ્ટવૈશિષ્ટ્યા-વગાહિજ્ઞાનત્વેન અનુમિતિજનકતાની સિદ્ધ્યુત્તરકાલમાં હોવાથી તે ગૌરવજ્ઞાન સ્વપૂર્વકાલવૃત્તિતાદશસિદ્ધિની પ્રત્યે પ્રતિબંધક થઈ શકશે નહીં. ઈત્યાદિ દિનકરીથી સમજી લેવું.

## कारिकावली ।

**व्याप्तिः साध्यवदन्यस्मिन्नसम्बन्ध उदाहृतः ॥६८॥**

मुक्तावली ।

व्याप्यो नाम ? व्याप्त्याश्रय स्तत्र व्याप्तिः केत्यत आह-व्याप्तिरिति । 'वह्निमान् धूमादि' त्यादौ साध्यो वह्निः, साध्यवान् महानसादिः, तदन्यो ज्ञलह्रदादिः, तदवृत्तित्वं धूमस्येति लक्षणसमन्वयः । धूमवान् वह्नेरित्यादौ साध्यवदन्यस्मिंस्तप्तायःपिण्डादौ वह्नेः सत्त्वान्नाऽतिव्याप्तिः । अत्र येन सम्बन्धेन साध्यं तेन सम्बन्धेन साध्यवान् बोध्यः, अन्यथा समवायसम्बन्धेन वह्निमान् वह्नेरवयवः, तदन्यो महानसादिस्तत्र धूमस्य विद्यमानत्वादव्याप्तिप्रसङ्गात् । साध्यवदन्यश्च

साध्यवत्त्वावच्छिन्नप्रतियोगिताकभेदवान् बोध्यस्तेन यत्किञ्चिद्-वह्निमतो महानसादेर्भिन्ने पर्वतादौ धूमसत्त्वेऽपि न क्षतिः । येन सम्बन्धेन हेतुता तेनैव सम्बन्धेन साध्यवदन्याऽवृत्तित्वं बोध्यम् । तेन साध्यवदन्यस्मिन् धूमावयवे धूमस्य समवायसम्बन्धेन सत्त्वेऽपि न क्षतिः । साध्यवदन्याऽवृत्तित्वञ्च साध्यवदन्यवृत्तित्वत्वावच्छिन्न-प्रतियोगिताकाभावः, तेन धूमवान् वह्नेरित्यत्र साध्यवदन्यजलह्रदादि-वृत्तित्वाऽभावेऽपि नाऽतिव्याप्तिः । अत्र यद्यपि द्रव्यं गुणकर्मान्यत्व-विशिष्टसत्त्वादित्यादौ विशिष्टसत्तायाः शुद्धसत्तायाश्चैक्यात् साध्य-वदन्यस्मिन् गुणादाववृत्तित्वं नाऽस्ति तथाऽपि हेतुतावच्छेदकरूपे-णाऽवृत्तित्वं वाच्यम् । हेतुतावच्छेदकं वृत्तितानवच्छेदकमिति फलितोऽर्थः ।

## વિવરણ

'व्याप्यस्य पक्षवृत्तित्वधीः' આ પ્રમાણેની કારિકામાં 'व्याप्य' પદ વ્યાપ્તિવિશિષ્ટ અર્થાદ્ વ્યાપ્તિના આશ્રયને જણાવે છે. ત્યાં વ્યાપ્તિ પદાર્થ શું છે ? આવી શંકાના સમાધાન માટે કારિકાવલીમાં 'व्याप्तिः...' ઈત્યાદિ ગ્રંથ છે. સાધ્યવદ્‌થી ભિન્ન જે પદાર્થ તન્નિરૂપિતવૃત્તિત્વાભાવને અર્થાત્ ''साध्य-वन्निष्ठप्रतियोगिताकभेदाधिकरणनिरूपितवृत्तित्वाभाव'' ને વ્યાપ્તિ કહેવાય છે. 'पर्वतो वह्निमान् धूमात्' અહીં વહ્નિસ્વરૂપસાધ્ય-વદ્ મહાનસાદિથી ભિન્નહ્રદાદિનિરૂપિત સેવાલાદિનિષ્ઠ-વૃત્તિત્વનો અભાવ ધૂમમાં હોવાથી વ્યાપ્તિલક્ષણનો સમન્વય થાય છે. જ્યારે 'धूमवान् वह्नेः' ઈત્યાદિ વ્યભિચારી સ્થળે, સાધ્યધૂમવદ્‌ભિન્નતપ્તઅયઃપિણ્ડનિરૂપિતવૃત્તિતા જ વહ્નિમાં હોવાથી લક્ષણનો સમન્વય થતો નથી. અહીં સાધ્યવત્ત્વ સાધ્યતાવચ્છેદકસંબંધથી લેવું જોઈએ. નહીં તો वह्निमान् धूमात् અહીં સમવાય સંબંધથી વહ્નિમદ્ વહ્નિના

અવયવથી ભિન્ન જે મહાનસાદિ તન્નિરૂપિતવૃત્તિતા ધૂમમાં હોવાથી અવ્યાપ્તિ આવશે. સાધ્યનિષ્ઠાધેયતા સાધ્યતાવચ્છેદકસંબંધથી વિવક્ષિત હોય ત્યારે અવ્યાપ્તિ નહીં આવે. કારણ કે સાધ્યતાવચ્છેદકસંયોગસંબંધાવચ્છિન્નાધેયતાનિરૂપિતાધિકરણતાવદ્મહાનસાદિથી ભિન્ન હ્રદાદિનિરૂપિતવૃત્તિત્વાભાવ ધૂમમાં છે.

સાધ્યવન્નિષ્ઠપ્રતિયોગિતાકભેદ સાધ્યવત્ત્વાવછિન્નપ્રતિયોગિતાક લેવો જોઈએ. અર્થાત્ સાધ્યવન્નિષ્ઠભેદીયપ્રતિયોગિતા સાધ્યવત્ત્વાવચ્છિન્ન લેવી જોઈએ. અન્યથા 'वह्निमान् धूमाद्' અહીં યત્કિંચિત્ સાધ્યવદ્ભિન્ન (મહાનસાદિભિન્ન) પર્વતાદિમાં ધૂમ વૃત્તિ હોવાથી અવ્યાપ્તિ આવશે. તેના નિવારણ માટે સાધ્યવત્ત્વાવચ્છિન્નત્વનો તાદૃશપ્રતિયોગિતામાં નિવેશ કરવાથી અવ્યાપ્તિ નહીં આવે. કારણ કે પર્વતાદિનિષ્ઠતાદૃશયત્કિંચિત્સાધ્યવદ્મહાનસાદિપ્રતિયોગિકભેદ મહાનસાદિનિષ્ઠતત્તદ્વ્યક્તિત્વાવચ્છિન્નપ્રતિયોગિતાક છે, વિવક્ષિત સાધ્યવત્ત્વાવચ્છિન્નપ્રતિયોગિતાક નથી.

''साध्यतावच्छेदकसम्बन्धावच्छिन्नाधेयतानिरूपितसाध्याधिकरणतावत्त्वावच्छिन्नप्रतियोगिताकभेदाधिकरणतावन्निरूपितवृत्तित्वाभावो व्याप्तिः'' આ પ્રમાણેના તાત્પર્યની વિવક્ષામાં પણ ભેદાધિકરણનિરૂપિતવૃત્તિતા હેતુતાવચ્છેદક સંબંધથી લેવી જોઈએ. અન્યથા 'वह्निमान् धूमाद्' અહીં તાદૃશભેદાધિકરણ ધૂમના અવયવમાં સમવાયસંબંધથી ધૂમ વૃત્તિ હોવાથી અવ્યાપ્તિ આવશે. પરંતુ ઉપર જણાવ્યા મુજબ વૃત્તિતામાં હેતુતાવચ્છેદકસંબંધાવચ્છિન્નત્વનો નિવેશ કરવાથી અવ્યાપ્તિ નહીં આવે. કારણ કે તાદૃશભેદાધિકરણધૂમાવયવનિરૂપિત હેતુતાવચ્છેદકસંયોગસંબન્ધાવચ્છિન્નવૃત્તિતાનો અભાવ ધૂમમાં છે જ.

સાધ્યવદન્યાવૃત્તિત્વઘટક વૃત્તિત્વાભાવ, વૃત્તિત્વત્વાવચ્છિન્નપ્રતિયોગિતાક લેવો જોઈએ અર્થાદ્ વૃત્તિત્વનિષ્ઠપ્રતિયોગિતામાં વૃત્તિત્વત્વાવચ્છિન્નત્વનો નિવેશ કરવો જોઈએ. અન્યથા 'धूमवान् वह्नेः' ઈત્યાદિ વ્યભિચારી સ્થળે તાદશ સાધ્યવત્ત્વાવચ્છિન્નપ્રતિયોગિતાકભેદાધિકરણજલહ્રદાદિનિરૂપિત સંયોગસંબંધાવચ્છિન્નવૃત્તિતાનો અભાવ વહ્નિમાં હોવાથી અતિવ્યાપ્તિ આવશે. વૃત્તિત્વાભાવીયપ્રતિયોગિતામાં વૃત્તિત્વત્વાવચ્છિન્નત્વનો નિવેશ કરવાથી અતિવ્યાપ્તિ નહીં આવે. કારણ કે જલહ્રદાદિનિરૂપિતતાદશવૃત્તિત્વાભાવીયપ્રતિયોગિતા, જલહ્રદાદિનિરૂપિતતાદશવૃત્તિત્વનિષ્ઠતદ્વ્યક્તિત્વાવચ્છિન્ના છે. વૃત્તિત્વત્વાવચ્છિન્ના નથી. આ વાત તર્કસંગ્રહના જાણકારને સમજાવવાની આવશ્યકતા નથી. તેઓ વૃત્તિત્વસામાન્યાભાવ અને વૃત્તિત્વવિશેષાભાવમાં જે ભેદ છે, તેને સારી રીતે જાણે છે.

''साध्यतावच्छेदकसम्बन्धेन साध्यवत्त्वावच्छिन्नप्रतियोगिताकभेदाधिकरणनिरूपितहेतुतावच्छेदकसम्बन्धावच्छिन्नवृत्तितात्वावच्छिन्नप्रतियोगिताकाभावो व्याप्तिः'' આ પ્રમાણેના પર્યવસિત લક્ષણમાં દોષ કહે છે - अत्रेत्यादि । આશય એ છે કે 'द्रव्यं गुणकर्मान्यत्वविशिष्टसत्त्वाद्' અહીં સાધ્યતાવચ્છેદકસમવાયસંબંધથી સાધ્યવદ્ જે દ્રવ્ય, તત્ત્વાવચ્છિન્નપ્રતિયોગિતાકભેદાધિકરણ ગુણાદિનિરૂપિતહેતુતાવચ્છેદકસમવાયસંબંધાવચ્છિન્નવૃત્તિતા સત્તામાં છે, તેમ ગુણકર્માન્યત્વવિશિષ્ટસત્તામાં પણ છે. કારણ કે विशिष्टं शुद्धान्नातिरिच्यते આ ન્યાયના બળે વિશિષ્ટસત્તા અને શુદ્ધ સત્તા બંને એક હોવાથી શુદ્ધસત્તાની જેમ જ વિશિષ્ટ - (ગુણકર્માન્યત્વવિશિષ્ટ) સત્તામાં પણ તાદશ સાધ્યવદન્યગુણાદિનિરૂપિતવૃત્તિતા છે. તેથી 'द्रव्यं गुणकर्मान्यत्वविशिष्टसत्त्वाद्' અહીં અવ્યાપ્તિ આવે છે. તેના નિવારણ માટે તાદશવૃત્તિતાનવચ્છેદકહેતુતાવચ્છેદકધર્મ-

વત્ત્વનો નિવેશ કરી લેવો. 'विशिष्टं शुद्धान्नातिरिच्यते' - આ ન્યાયથી વિશિષ્ટસત્તા અને શુદ્ધસત્તા એક હોવાથી તાદશ-ગુણાદિનિરૂપિતવૃત્તિતા ઉભયમાં હોવા છતાં વૃત્તિતાવચ્છેદક-સત્તાત્વ મનાય છે. વિશિષ્ટસત્તાત્વસ્વરૂપ હેતુતાવચ્છેદક અહીં વૃત્તિતાવચ્છેદક ન હોવાથી તાદશવૃત્તિતાનવચ્છેદક-હેતુતાવચ્છેદકધર્મવત્ત્વરૂપ વ્યાપ્તિ પ્રકૃતહેતુમાં હોવાથી અવ્યાપ્તિ નહીં આવે. આથી સમજી શકાય છે કે ''साध्यतावच्छेदकसम्बन्धेन साध्यवत्त्वावच्छिन्नप्रतियोगिताक-भेदाधिकरणतावन्निरूपितहेतुतावच्छेदकसम्बन्धावच्छिन्नवृत्तितानवच्छेदक-हेतुतावच्छेदकधर्मवत्त्वं व्याप्तिः'' આ પ્રમાણે 'साध्यवदन्याऽवृत्तित्वं व्याप्तिः' આ લક્ષણનું તાત્પર્ય છે.

## कारिकावली ।

**अथ वा हेतुमन्निष्ठविरहाप्रतियोगिना ।**
**साध्येन हेतोरैकाधिकरण्यं व्याप्तिरुच्यते ॥६९॥**

मुक्तावली ।

ननु केवलान्वयिनि ज्ञेयत्वादौ साध्ये साध्यवदन्यस्याऽ-प्रसिद्धत्वादव्याप्तिः । किञ्च सत्तावान् जातेरित्यादौ साध्यवदन्यस्मिन् सामान्यादौ हेतुतावच्छेदकसम्बन्धेन समवायेन वृत्तेरप्रसिद्धत्वादत आह-अथवेति । हेतुमति निष्ठा-वृत्ति र्यस्य स तथा विरहः-अभावः, तथा च हेत्वधिकरणवृत्तिर्योऽभावस्तदप्रतियोगिना साध्येन सह हेतोः सामानाधिकरण्यं व्याप्तिरुच्यते ।

अत्र यद्यपि वह्निमान् धूमादित्यादौ हेत्वधिकरणपर्वतादि-वृत्त्यभावप्रतियोगित्वं तत्तद्वह्न्यादेरस्तीत्यव्याप्तिः । न च समानाधि-करणवह्निधूमयोरेव व्याप्तिरिति वाच्यम् । तत्तद्वह्न्यादेरप्युभया-भावसत्त्वाद् एकसत्त्वेऽपि द्वयं नास्तीति प्रतीतेः । गुणवान् द्रव्यत्वा-दित्यादावव्याप्तिश्च । तथाऽपि प्रतियोगितानवच्छेदकं यत् साध्यता-वच्छेदकं तदवच्छिन्नसामानाधिकरण्यं व्याप्तिरिति वाच्यम् । ननु

रूपत्वव्याप्यजातिमद्वान् पृथिवीत्वादित्यादौ साध्यतावच्छेदिका रूपत्वव्याप्यजातयस्तासां च शुक्लत्वादिस्वरूपाणां नीलघटादिवृत्त्यभावप्रतियोगितावच्छेदकत्वमस्तीत्यव्याप्तिरिति चेन्न । तत्र परम्परया रूपत्वव्याप्यजातित्वस्यैव साध्यतावच्छेदकत्वात् । न हि तादृशधर्मावच्छिन्नाभावः क्वापि पृथिव्यामस्ति, रूपत्वव्याप्यजातिमान्नास्तीति बुद्ध्यापत्तेः । साध्यादिभेदेन व्याप्तेर्भेदात् तादृशस्थले साध्यतावच्छेदकतावच्छेदकं प्रतियोगितावच्छेदकतानवच्छेदकमित्येव लक्षणघटकमित्यपि वदन्ति ।

## - વિવરણ -

नन्वित्यादि - इदं वाच्यम् ज्ञेयत्वाद् ઈત્યાદિ કેવલાન્વયિ સાધ્યક સ્થળે તાદશ સાધ્યતાવચ્છેદકસંબન્ધેન સાધ્યવત્ત્વાવચ્છિન્નપ્રતિયોગિતાકભેદાધિકરણની અપ્રસિદ્ધિ હોવાથી અવ્યાપ્તિ આવે છે. તેના નિવારણ માટે કારિકાવલીમાં 'अथवा...' ઈત્યાદિ ગ્રન્થથી લક્ષણાન્તર જણાવે છે. યદ્યપિ કેવલાન્વયિસાધ્યકસ્થલે મીમાંસકો વગેરે કેટલાક લોકો અનુમિતિ માનતા ન હોવાથી ત્યાં (કેવલાન્વયિસાધ્યકસ્થળે) વ્યાપ્તિનો અભાવ ઈષ્ટ જ છે. તેથી ત્યાં અવ્યાપ્તિના નિવારણ માટે કારિકાવલીમાં 'अथवा...' ઈત્યાદિ ગ્રંથ આવશ્યક નથી. પરન્તુ આથી જ મુક્તાવલીમાં 'किञ्च...' ઈત્યાદિ ગ્રંથથી साध्यवदन्याऽवृत्तित्व રૂપ પૂર્વપક્ષવ્યાપ્તિલક્ષણમાં દૂષણાન્તર જણાવે છે. 'सत्तावान् जातेः' ઈત્યાદિ સ્થળે તાદશ સાધ્યવત્ત્વાવચ્છિન્નપ્રતિયોગિતાકભેદાધિકરણસામાન્યાદિનિરૂપિતહેતુતાવચ્છેદકસમવાયસંબંધાવચ્છિન્નવૃત્તિતા અપ્રસિદ્ધ હોવાથી અવ્યાપ્તિ આવે છે. તેના નિવારણ માટે 'अथवा' ઈત્યાદિ ગ્રંથથી લક્ષણાન્તર જણાવે છે.

હેત્વધિકરણવૃત્તિ જે અભાવ તેના અપ્રતિયોગિ એવા સાધ્યની સાથે હેતુનું જે સામાનાધિકરણ્ય, તેને વ્યાપ્તિ કહેવાય

છે. અર્થાદ્ 'हेतुसमानाधिकरणात्यन्ताभावाऽप्रतियोगिसाध्यसामानाधिकरण्यं व्याप्तिः' આ પ્રમાણે 'अथवा' ઈત્યાદિ કારિકાનો આશય છે. अत्र यद्यपीत्यादि । આશય એ છે કે, 'वह्निमान् धूमाद्' ઈત્યાદિ સ્થળે ધૂમાધિકરણપર્વતાદિમાં વૃત્તિ જે તત્તદ્મહાનસીયાદિવહ્‌ન્યભાવ તેનું અપ્રતિયોગિત્વ તત્તદ્વહ્‌ન્યાદિમાં ન હોવાથી 'हेतुमन्निष्ठाभावाऽप्रतियोगिसाध्यसामानाधिकरण्यं व्याप्तिः' આ પ્રમાણેની વિવક્ષામાં પણ અવ્યાપ્તિ આવે છે. યદ્યપિ 'वह्निमान् धूमाद्' ઈત્યાદિ સ્થલે ધૂમસમાનાધિકરણમહાનસીયવહ્‌ન્યાદ્યભાવીય અપ્રતિયોગિ પર્વતીયવહ્‌નિ સ્વરૂપ તત્તત્સાધ્યની સાથે તત્તદ્ધૂમનું સામાનાધિકરણ્ય હોવાથી મહાનસીયવહ્‌નિ વગેરેની સાથે પર્વતીયધૂમાદિનું સામાનાધિકરણ્ય ન હોવા છતાં કોઈ દોષ નથી. કારણ કે સમાનાધિકરણ વહ્‌નિધૂમની જ વ્યાપ્તિ મનાય છે. પરન્તુ હેત્વધિકરણ પર્વતાદિમાં; તત્તત્પર્વતીયવહ્‌ન્યાદિનો પણ 'एकसत्त्वेऽपि द्वयं नास्ति' આ પ્રતીતિના અનુરોધથી 'पर्वतीयवह्निः; जलञ्च एतदुभयं नास्ति' ઈત્યાકારક પ્રતીતિના વિષયભૂત તત્તદ્વહ્‌ન્યાદ્યભાવ વૃત્તિ હોવાથી તદપ્રતિયોગિત્વ સાધ્યમાં ન હોવાથી અવ્યાપ્તિ દુરુદ્ધર છે. યદ્યપિ હેતુસમાનાધિકરણાત્યન્તાભાવીયપ્રતિયોગિતામાં વ્યાસજ્યવૃત્તિધર્માનવચ્છિન્નત્વનો નિવેશ કરીએ તો તાદશોભયાભાવને લઈને અવ્યાપ્તિ નહીં આવે. પરન્તુ તેવો નિવેશ કરવા છતાં 'गुणवान् द्रव्यत्वाद्' ઈત્યાદિ સ્થળે અવ્યાપ્તિ આવશે. કારણ કે દ્રવ્યત્વાત્મકહેત્વધિકરણ પૃથ્વીમાં વૃત્તિ તત્તદ્ગુણાભાવનું અપ્રતિયોગિત્વ સાધ્યમાં નથી. અહીં ઉપર જણાવ્યા મુજબ 'સમાનાધિકરણ વહ્‌નિધૂમની વ્યાપ્તિ છે. (સાધ્યહેતુની વ્યાપ્તિ છે.)' એમ કહીને અવ્યાપ્તિના દોષથી નિસ્તાર નહીં થાય. કારણ કે દ્રવ્યત્વ એક જ છે. જે પૃથ્વીમાં

છે, તે જ જલાદિ દ્રવ્યમાં પણ છે.

तथापीत्यादि - આશય એ છે કે ઉપર જણાવ્યા મુજબ गुणवान् द्रव्यत्वाद् અહીં આવતી અવ્યાપ્તિના નિવારણ માટે, 'हेतुसमानाधिकरणात्यन्ताभावप्रतियोगितानवच्छेदकं यत् साध्यतावच्छेदकं तदवच्छिन्नसामानाधिकरण्यं व्याप्तिः' આ પ્રમાણે લક્ષણ સમજવું જોઈએ. જેથી 'गुणवान् द्रव्यत्वाद्' ઇત્યાદિ સ્થળે અવ્યાપ્તિ નહીં આવે. કારણ કે દ્રવ્યત્વાધિકરણવૃત્તિતત્તદ્ગુણાદ્યભાવીયપ્રતિયોગિતાવચ્છેદક તત્તદ્ગુણાદિવૃત્તિતત્તદ્વ્યક્તિત્વાદિ છે; ગુણત્વાત્મક સાધ્યતાવચ્છેદક નથી. તેથી તાદૃશહેતુમન્નિષ્ઠાભાવીયપ્રતિયોગિતાનવચ્છેદકસાધ્યતાવચ્છેદકગુણત્વાવચ્છિન્નની સાથે દ્રવ્યત્વનું સામાનાધિકરણ્ય હોવાથી લક્ષણસમન્વય થાય છે.

नन्वित्यादि । 'रूपत्वव्याप्यजातिमद्वान् पृथिवीत्वात्' અહીં સાધ્યતાવચ્છેદકરૂપત્વવ્યાપ્ય શુક્લત્વાદિ જાતિઓ છે. તે બધી જ જાતિઓ હેત્વધિકરણઘટાદિનિષ્ઠશુક્લાદિતત્તદ્રૂપાભાવીય પ્રતિયોગિતાની અવચ્છેદક હોવાથી સાધ્યતાવચ્છેદકમાં તાદૃશાભાવીયપ્રતિયોગિતાવચ્છેદકનો ભેદ નથી. તેથી 'रूपत्वव्याप्यजातिमद्वान् पृथिवीत्वाद्' અહીં અવ્યાપ્તિ આવે છે. આ પ્રમાણે નહીં કહેવું જોઈએ. કારણ કે, અહીં સ્વાશ્રયસમવાયાત્મકપરમ્પરાસંબંધથી રૂપત્વવ્યાપ્યજાતિત્વ સાધ્યતાવચ્છેદક છે; તેથી અવ્યાપ્તિ નહીં આવે. કારણ કે હેત્વધિકરણનિષ્ઠનીલાદ્યભાવપ્રતિયોગિતાવચ્છેદકતા પરંપરાસંબંધથી નીલત્વત્વાદિમાં છે. તાદૃશજાતિત્વમાં નથી. તેથી તાદૃશાભાવપ્રતિયોગિતાવચ્છેદકનો ભેદ જાતિત્વમાં હોવાથી તાદૃશાભાવપ્રતિયોગિતાનવચ્છેદકસાધ્યતાવચ્છેદકજાતિત્વાવચ્છિન્ન (પરંપરાસંબંધથી) જાતિમદ્ નીલાદિની સાથે પૃથિવીત્વનું સામાનાધિકરણ્ય છે જ. હેત્વધિકરણમાં (પૃથ્વીમાત્રમાં) સ્વાશ્રયસમવાયાત્મક પરંપરા સંબંધથી रूपत्वव्याप्य-

जातित्वविशिष्टं (रूपत्वव्याप्यजातिमद्) नाऽस्ति આ પ્રતીતિ થતી ન હોવાથી તાદૃશ પ્રતીતિનો વિષયભૂત અભાવ હેતુ-સમાનાધિકરણ ન હોવાથી તેને લઈને અવ્યાપ્તિ નહીં આવે. 'रूपत्वव्याप्यजातिमद्वान् पृथिवीत्वात्' અહીં આવતી અવ્યાપ્તિનું નિવારણ કરવા માટે મતાન્તરથી ઉપાયાન્તર જણાવે છે. साध्यादिभेदेन... ઈત્યાદિ - આશય એ છે કે સાધ્ય-સાધન-વગેરેના ભેદથી વ્યાપ્તિજ્ઞાનનિષ્ઠાનુમિતિકારણતાનો ભેદ હોવાથી જ્યાં સાધ્યતાવચ્છેદક રૂપત્વવ્યાપ્ય જાતિઓની જેમ અનેક છે, એવા સ્થળે ''हेतुमन्निष्ठाभावीयप्रतियोगितावच्छेदकतानवच्छेदकं यत् साध्यतावच्छेदकतावच्छेदकं तदवच्छिन्नावच्छिन्नेन समं सामानाधिकरण्यं व्याप्तिः'' એતાદૃશ વ્યાપ્તિની વિવક્ષા કરવાથી 'रूपत्वव्याप्यजातिमद्वान् पृथिवीत्वात्' અહીં અવ્યાપ્તિ નહીં આવે. કારણ કે પૃથ્વીત્વાધિકરણઘટાદિવૃત્તિ નીલાદ્યભાવીય પ્રતિયોગિતાવચ્છેદકતાવચ્છેદકનીલત્વત્વાદિનો ભેદ; સાધ્યતાવચ્છેદકતાવચ્છેદકતાદૃશજાતિત્વમાં છે. તેથી તાદૃશ-પ્રતિયોગિતાવચ્છેદકતાનવચ્છેદકસાધ્યતાવચ્છેદકતાવચ્છેદક-જાતિત્વાવચ્છિન્નાં (રૂપત્વવ્યાપ્યજાત્ય) વચ્છિન્નની સાથે પૃથિવીત્વનું સામાનાધિકરણ્ય હોવાથી લક્ષણ સમન્વય થાય છે - આવું કેટલાક કહે છે. આ મતમાં ગ્રંથકારે 'वदन्ति' કહીને અસ્વારસ્ય સૂચિત કર્યું છે. એનું બીજ એ છે કે रूपत्वव्याप्य-जातिमद्वान् पृथिवीत्वात् ઈત્યાદિ સ્થળે પૂર્વોક્ત રીતે પરમ્પરા-સંબંધથી તાદૃશજાતિત્વને સાધ્યતાવચ્છેદક માનીને અવ્યાપ્તિનું નિવારણ શક્ય છે. તો આ રીતે બે કાર્યકારણભાવની કલ્પના કરીને તાદૃશવ્યાપ્તિજ્ઞાનત્વેન કારણ માનવાનું ઉચિત નથી. ઈત્યાદિ અન્યત્ર અનુસંધેય છે.

मुक्तावली ।

हेत्वधिकरणं हेतुतावच्छेदकविशिष्टाधिकरणं वाच्यम् । तेन द्रव्यं

गुणकर्मान्यत्वविशिष्टसत्त्वादित्यादौ शुद्धसत्ताधिकरणगुणादिनिष्ठाऽभावप्रतियोगित्वेऽपि द्रव्यत्वस्य नाऽव्याप्तिः । हेतुतावच्छेदकसम्बन्धेन हेत्वधिकरणं बोध्यम् । तेन समवायेन धूमाधिकरणतदवयवनिष्ठाभावप्रतियोगित्वेऽपि वह्नेर्नाऽव्याप्तिः ।

अभावश्च प्रतियोगिव्यधिकरणो बोध्यः । तेन कपिसंयोग्येतद्वृक्षत्वादित्यादौ मूलावच्छेदेनैतद्वृक्षवृत्तिकपिसंयोगाभावप्रतियोगित्वेऽपि कपिसंयोगस्य नाऽव्याप्तिः । न च प्रतियोगिव्यधिकरणत्वं यदि प्रतियोग्यनधिकरणवृत्तित्वं, तदा तथैवाऽव्याप्तिः, प्रतियोगिनः कपिसंयोगस्यानधिकरणे गुणादौ वर्त्तमानो योऽभावस्तस्यैव वृक्षे मूलावच्छेदेन सत्त्वात् । यदि तु प्रतियोग्यधिकरणाऽवृत्तित्वं, तदा संयोगी सत्त्वादित्यादावतिव्याप्तिः । सत्ताधिकरणे गुणादौ यः संयोगाभावस्तस्य प्रतियोग्यधिकरणद्रव्यवृत्तित्वादिति वाच्यम् । हेत्वधिकरणे प्रतियोग्यनधिकरणवृत्तित्वविशिष्टस्य विवक्षितत्वात्, स्वप्रतियोग्यनधिकरणीभूतहेत्वधिकरणवृत्त्यभाव इति निष्कर्षः । प्रतियोग्यनधिकरणत्वञ्च प्रतियोगितावच्छेदकावच्छिन्नानधिकरणत्वं वाच्यम् । तेन विशिष्टसत्तावान् जातेरित्यादौ जात्यधिकरणगुणादौ विशिष्टसत्ताभावप्रतियोगिसत्ताधिकरणत्वसत्त्वेऽपि न क्षतिः । अत्र साध्यतावच्छेदकसम्बन्धेन प्रतियोग्यनधिकरणत्वं बोध्यं, तेन ज्ञानवान् सत्त्वादित्यादौ सत्ताधिकरण-घटादेर्विषयतया ज्ञानाधिकरणत्वेऽपि न क्षतिः । इत्थञ्च वह्निमान् धूमादित्यादौ धूमाधिकरणे समवायेन वह्निविरहसत्त्वेऽपि न क्षतिः ।

## - વિવરણ -

'हेत्वधिकरणवृत्त्यत्यन्ताभावप्रतियोगितानवच्छेदकसाध्यतावच्छेदकावच्छिन्नसामानाधिकरण्यं व्याप्तिः' આ પ્રમાણેની વિવક્ષા કરવા છતાં द्रव्यं गुणकर्मान्यत्वविशिष्टसत्त्वाद् અહીં અવ્યાપ્તિ આવે છે. કારણ કે ગુણકર્માન્યત્વવિશિષ્ટસત્તા અને શુદ્ધસત્તા 'विशिष्टं

शुद्धान्नातिरिच्यते' આ ન્યાયના બળે એક હોવાથી શુદ્ધ-સત્તાધિકરણ (હેત્વધિકરણ) ગુણાદિવૃત્તિદ્રવ્યત્વાભાવપ્રતિ-યોગિતાનવચ્છેદક સાધ્યતાવચ્છેદક નથી. તેથી અવ્યાપ્તિના નિવારણ માટે કહે છે - हेत्वधिकरणं... ઈત્યાદિ - આશય એ છે કે 'द्रव्यं विशिष्टसत्त्वाद्' ઈત્યાદિ સ્થળે અવ્યાપ્તિના નિવારણ માટે હેત્વધિકરણ 'हेतुतावच्छेदकावच्छिन्नाधेयता-निरूपित' લેવું જોઈએ. द्रव्यं विशिष्टसत्त्वाद् અહીં હેતુતાવચ્છેદક-વિશિષ્ટસત્તાત્વથી અવચ્છિન્નાધેયતાનિરૂપિતહેત્વધિકરણતા દ્રવ્યમાં જ હોવાથી ત્યાં વૃત્તિ (દ્રવ્યવૃત્તિ) ગુણત્વાદ્યભાવીય-પ્રતિયોગિતાનવચ્છેદક, દ્રવ્યત્વાત્મક સાધ્યતાવચ્છેદક હોવાથી અવ્યાપ્તિ નહીં આવે. વિશિષ્ટસત્તા અને શુદ્ધસત્તા ઉપર જણાવ્યા મુજબ એક હોવા છતાં તદધિકરણતાનિરૂપિત-આધેયતા શુદ્ધસત્તાત્વાવચ્છિન્ન મનાય છે. હેતુતાવચ્છેદક-વિશિષ્ટસત્તાત્વાવચ્છિન્ન મનાતી નથી. યદ્યપિ द्रव्यं विशिष्ट-सत्त्वाद् અહીં વિશિષ્ટસત્તા અને શુદ્ધસત્તા એક હોવાથી દ્રવ્ય-ત્વાત્મકસાધ્યના અભાવવદ્ ગુણાદિમાં પણ તાદશસત્તા વૃત્તિ હોવાથી વિશિષ્ટસત્ત્વહેતુ વ્યભિચારી હોવાથી ત્યાં અવ્યાપ્તિ-પ્રદર્શન જ અનુચિત છે. પરન્તુ સાધ્યાભાવવન્નિરૂપિત-વૃત્તિતાનવચ્છેદકહેતુતાવચ્છેદકધર્મવત્ત્વસ્વરૂપવ્યભિચાર હોવાથી પ્રકૃત સ્થળે વિશિષ્ટસત્ત્વહેતુ વ્યભિચારી નથી. કારણ કે સાધ્યાભાવવદ્ ગુણાદિનિરૂપિતસત્તાનિષ્ઠવૃત્તિતાનો અવચ્છેદક શુદ્ધસત્તાત્વ છે. વિશિષ્ટસત્તાત્વાત્મક હેતુતા-વચ્છેદક નથી. તેથી द्रव्यं विशिष्टसत्त्वाद् ઈત્યાદિ સ્થળે અવ્યાપ્તિપ્રદર્શન અનુચિત નથી... ઈત્યાદિ અન્યત્ર અનુસંધેય છે. આવી જ રીતે હેત્વધિકરણનિરૂપિતહેતુનિષ્ઠાધેયતામાં હેતુતાવચ્છેદકસંબંધાવચ્છિન્નત્વનો નિવેશ કરવો આવશ્યક છે. અન્યથા તાદશનિવેશના અભાવમાં 'वह्निमान् धूमाद्' ઈત્યાદિ સ્થળે હેતુતાવચ્છેદકધૂમત્વાવચ્છિન્નસમવાયસંબંધાવચ્છિન્ના-

ધેયતાનિરૂપિતધૂમાવયવાત્મકહેત્વધિકરણવૃત્તિવહ્ન્યભાવીયપ્રતિયોગિતાનવચ્છેદકતા સાધ્યતાવચ્છેદકમાં ન હોવાથી અવ્યાપ્તિ આવશે. ઉપર જણાવ્યા મુજબ હેતુતાવચ્છેદકસંબંધાવચ્છિન્નત્વના નિવેશથી वह्निमान् धूमाद् ઈત્યાદિ સ્થળે અવ્યાપ્તિ નહીં આવે. કારણ કે, ત્યાં ધૂમત્વાવચ્છિન્ન-હેતુતાવચ્છેદકસંયોગસંબંધાવચ્છિન્નાધેયતાનિરૂપિતાધિકરણ-પર્વતાદિવૃત્તિઘટાદ્યભાવીય પ્રતિયોગિતાનવચ્છેદક, સાધ્યતાવચ્છેદક છે જ.

''हेतुतावच्छेदकसम्बन्धावच्छिन्नहेतुतावच्छेदकावच्छिन्ना-धेयतानिरूपिताधिकरणतावद्वृत्त्यभावीयप्रतियोगितानवच्छेदक-साध्यतावच्छेदकावच्छिन्नसामानाधिकरण्यं व्याप्तिः'' આ પ્રમાણેના વ્યાપ્તિલક્ષણમાં ઘટકીભૂત હેત્વધિકરણવૃત્તિ અભાવ પ્રતિયોગિવ્યધિકરણ લેવો જોઈએ. અન્યથા 'कपिसंयोग्येतद्-वृक्षत्वात्' ઈત્યાદિ અવ્યાપ્યવૃત્તિસાધ્યકસ્થળે એતદ્વૃક્ષત્વાધિકરણ એતદ્વૃક્ષમાં મૂલાદ્યવચ્છેદેન વૃત્તિ કપિસંયોગાભાવીયપ્રતિયોગિતાવચ્છેદક સાધ્યતાવચ્છેદક હોવાથી અવ્યાપ્તિ આવશે. તેના નિવારણ માટે તાદશ હેત્વધિકરણવૃત્તિ અભાવ; પ્રતિયોગિવ્યધિકરણ લઈએ તો અવ્યાપ્તિ નહીં આવે. કારણ કે તાદશ હેત્વધિકરણ એતદ્વૃક્ષવૃત્તિ (મૂલાદ્યવચ્છેદેન વૃત્તિ) કપિસંયોગાભાવ પ્રતિયોગિવ્યધિકરણ નથી. તેથી તેને લઈને અવ્યાપ્તિ નહીં આવે. યદ્યપિ 'प्रतियोगिनिष्ठाधेयता-निरूपिताधिकरणभिन्नाधिकरणवृत्ति' આ પ્રમાણે 'प्रतियोगिव्यधि-करण' પદનો અર્થ હોય તો 'कपिसंयोग्येतद्वृक्षत्वात्' અહીં ઉપર જણાવ્યા મુજબ આવતી અવ્યાપ્તિનો ઉદ્ધાર નહીં થાય. કારણ કે હેત્વધિકરણ એતદ્વૃક્ષમાં (મૂલાદ્યવચ્છેદેન) વર્ત્તમાન કપિસંયોગાભાવ; સ્વપ્રતિયોગિના અનધિકરણ ગુણાદિમાં વૃત્તિ હોવાથી પ્રતિયોગિવ્યધિકરણ છે જ અને તે અભાવ એતદ્વૃક્ષાત્મક હેત્વધિકરણમાં પણ છે. તેથી 'कपिसंयोग्ये-

तद्वृक्षत्वाद्' ઇત્યાદિ સ્થળે અવ્યાપ્તિના ઉદ્ધાર માટે પ્રતિયોગિવ્યધિકરણનો અર્થ 'प्रतियोग्यधिकरणनिरूपितवृत्तित्वा-भाववत्त्व', કરીએ તો 'कपिसंयोग्येतद्वृक्षत्वात्' ઇત્યાદિ સ્થળે અવ્યાપ્તિ નહીં આવે. કારણ કે એતદ્‌વૃક્ષવૃત્તિ કપિ-સંયોગાભાવમાં સ્વપ્રતિયોગિકપિસંયોગના અધિકરણ વૃક્ષ-નિરૂપિતવૃત્તિત્વવત્ત્વ છે. તેથી તે પ્રતિયોગિવ્યધિકરણ નથી. પરંતુ પ્રતિયોગ્યધિકરણાવૃત્તિત્વરૂપ પ્રતિયોગિવ્યધિકરણ-ત્વની વિવક્ષામાં 'संयोगी सत्त्वाद्' ઇત્યાદિ સ્થળે અતિવ્યાપ્તિ આવશે. કારણ કે હેત્વધિકરણગુણાદિવૃત્તિ સંયોગાભાવ સ્વ-પ્રતિયોગિસંયોગાધિકરણ દ્રવ્યમાં વૃત્તિ છે. તેથી સંયોગાભાવ પ્રતિયોગિવ્યધિકરણ ન હોવાથી તેનાથી અન્ય અભાવને લઈને 'संयोगी सत्त्वाद्' ઇત્યાદિ વ્યભિચારી સ્થળે અતિવ્યાપ્તિ આવશે. પરંતુ પ્રકૃત સ્થળે હેત્વધિકરણવૃત્તિપ્રતિયોગ્ય-નધિકરણવૃત્તિત્વવિશિષ્ટની જ प्रतियोगिव्यधिकरण પદથી વિવક્ષા કરી હોવાથી ઉપર જણાવ્યા મુજબ અવ્યાપ્તિ કે અતિવ્યાપ્તિ દોષ નહીં આવે. કારણ કે 'તાદશહેત્વધિકરણવૃત્તિ એવો પ્રતિયોગ્યનધિકરણવૃત્તિત્વવિશિષ્ટ જે અભાવ, તદીય પ્રતિયોગિતાનવચ્છેદકસાધ્યતાવચ્છેદકાવચ્છિન્ન સામાના-ધિકરણ્યં વ્યાપ્તિ:' આ પ્રમાણેની વિવક્ષાથી कपिसंयोग्येतद्-वृक्षत्वात् અહીં કપિસંયોગાભાવ પ્રતિયોગ્યનધિકરણ-ગુણવૃત્તિત્વવિશિષ્ટગુણમાં છે; તે ગુણવૃત્તિ અભાવ હેત્વધિ-કરણવૃત્તિ ન હોવાથી તેને લઈને અવ્યાપ્તિ નહીં આવે. હેત્વ-ધિકરણએતદ્‌વૃક્ષવૃત્તિકપિસંયોગાભાવ, પ્રતિયોગ્યધિકરણ-વૃત્તિત્વવિશિષ્ટ હોવાથી તેને લઈને પણ અવ્યાપ્તિનો સંભવ નથી. संयोगी सत्त्वाद् ઇત્યાદિ વ્યભિચારી સ્થળે તો હેત્વધિકરણ ગુણાદિવૃત્તિત્વવિશિષ્ટસંયોગાભાવ પ્રતિયોગ્યનધિકરણ-ગુણાદિવૃત્તિત્વવિશિષ્ટ હોવાથી સંયોગાભાવનું ગ્રહણ શક્ય છે. તેથી ત્યાં અતિવ્યાપ્તિ નથી આવતી.

''મૂલમાં વ્યાપ્તિલક્ષણમાં हेतुसमानाधिकरण પદનો અને प्रतियोगिव्यधिकरण પદનો નિવેશ ન કરીએ તો 'सत्तावान् जातेः' ઇત્યાદિ સ્થળે અવ્યાપ્તિ આવશે. કારણ કે 'अभावीयप्रतियोगितानवच्छेदकसाध्यतावच्छेदकावच्छिन्न-सामानाधिकरण्यं व्याप्तिः' આ પ્રમાણેની વિવક્ષાથી તો હેત્વ-નધિકરણ સામાન્યાદિવૃત્તિ સત્તાભાવનું ગ્રહણ પણ શક્ય હોવાથી તેને લઈને અવ્યાપ્તિ આવશે. તેના નિવારણ માટે हेतुसमानाधिकरणत्वનો અભાવમાં નિવેશ આવશ્યક છે. જેથી પ્રકૃતસ્થળે સત્તાભાવ હેતુસમાનાધિકરણ ન હોવાથી તેને લઈને અવ્યાપ્તિ નહીં આવે. એ સમજી શકાય છે. તેમજ 'कपि-संयोग्येतद्वृक्षत्वाद्' ઇત્યાદિ સ્થળે અવ્યાપ્તિના નિવારણ માટે તાદશ प्रतियोगिव्यधिकरणत्वનો પણ નિવેશ આવશ્યક છે. પરન્તુ 'हेत्वधिकरणे प्रतियोग्यनधिकरणवृत्तित्वविशिष्ट' ની જ प्रतियोगिव्यधिकरण પદથી વિવક્ષા કરીએ તો 'सत्तावान् जातेः' ઇત્યાદિ સ્થળે અવ્યાપ્તિના નિવારણ માટે 'हेतुसमानाधिकरण' પદની આવશ્યકતા નથી. કારણ કે સામાન્યાદિનિષ્ઠ-તાદશસત્તાભાવ પ્રતિયોગ્યનધિકરણવૃત્તિત્વવિશિષ્ટ હોવ છતાં, હેત્વધિકરણમાં (હેત્વધિકરણવૃત્તિ) પ્રતિયોગ્યનધિ-કરણવૃત્તિત્વવિશિષ્ટ નથી. તેથી અહીં તાદશ પ્રતિયોગિ-વ્યધિકરણ, સત્તાભાવ ન હોવાથી તેને લઈને सत्तावान् जातेः, ઇત્યાદિ સ્થળે અવ્યાપ્તિનો સંભવ નથી. માટે મૂલમાં 'हेतु-समानाधिकरण' પદ વ્યર્થ છે.'' આ પ્રમાણે નહીં કહેવું જોઈએ. કારણ કે મૂલસ્થ हेतुसमानाधिकरण પદથી જ તાદશ પ્રતિયોગિ-વ્યધિકરણાર્થનો લાભ થાય છે. અર્થાદ્ 'हेतुसमानाधिकरण-प्रतियोगिव्यधिकरणाभाव' આટલા પદનો જ 'स्वप्रतियोग्यन-धिकरणहेत्वधिकरणवृत्त्यभाव' આ પ્રમાણે નિષ્કર્ષ છે. ઉપર, મૂલમાં 'हेतुसमानाधिकरण' પદના નિવેશની આવશ્યકતાને જણાવવા 'सत्तावान् जातेः' અહીં અવ્યાપ્તિનું પ્રદર્શન કર્યું.

પ્રસિદ્ધ 'वह्निमान् धूमाद्' આ સ્થળે એ શક્ય હોવા છતાં શા માટે ત્યાં અવ્યાપ્તિનું પ્રદર્શન ન કર્યું ? એવી શંકા ઉદ્ભવે તો જિજ્ઞાસુઓએ એનું સમાધાન અધ્યાપકો પાસેથી મેળવી લેવું.

''स्वप्रतियोग्यनधिकरण[१]-हेतुतावच्छेदकसम्बन्धावच्छिन्न[२]-हेतुतावच्छेदकावच्छिन्ना[२]धेयता[२]निरूपिताधिकरण[१]वृत्त्यभावीयप्रतियोगिता-नवच्छेदक[३]साध्यतावच्छेदका[३]वच्छिन्नसामानाधिकरण्यं व्याप्तिः'' આ પ્રમાણેના વ્યાપ્તિના લક્ષણમાં 'प्रतियोग्यनधिकरणत्व', प्रति-योगितावच्छेदकावच्छिन्नाधेयतानिरूपितानधिकरणत्व' સ્વરૂપ લેવું જોઈએ. અન્યથા 'विशिष्टसत्तावान् जातेः' અહીં અતિવ્યાપ્તિ આવશે. કારણ કે તાદશ હેત્વધિકરણ ગુણાદિવૃત્તિવિશિષ્ટ-સત્તાભાવીય-પ્રતિયોગિ વિશિષ્ટસત્તા અને શુદ્ધસત્તા બંન્ને એક હોવાથી, સત્તાત્મકપ્રતિયોગિનું અધિકરણ જ ગુણાદિ હોવાથી તદ્વૃત્તિ વિશિષ્ટસત્તાભાવનું ગ્રહણ નહીં થાય. તેથી અન્ય ઘટાદ્યભાવને લઈને ઉક્ત સ્થળે લક્ષણસમન્વય થવાથી અતિવ્યાપ્તિ આવશે. તેના નિવારણ માટે प्रतियोग्यनधिकरणत्व ઉપર જણાવ્યા મુજબ प्रतियोगितावच्छेदकावच्छिन्नाधेयता-निरूपिताधिकरणत्वभिन्नाधिकरणत्व સ્વરૂપ લઈએ તો અતિવ્યાપ્તિ નહીં આવે. કારણ કે હેત્વધિકરણ ગુણાદિ, તદ્વૃત્તિવિશિષ્ટ-સત્તાભાવીયપ્રતિયોગિતાવચ્છેદક વિશિષ્ટસત્તાત્વાવચ્છિન્ના-ધેયતાનિરૂપિતાધિકરણતાવદ્ (દ્રવ્ય) ભિન્નાધિકરણ હોવાથી તદ્વૃત્તિ વિશિષ્ટસત્તાભાવનું ગ્રહણ થઈ શકે છે. અને તદીયપ્રતિયોગિતાવચ્છેદક જ સાધ્યતાવચ્છેદક હોવાથી 'विशिष्टसत्तावान् जातेः' અહીં અતિવ્યાપ્તિ નહીં આવે.

प्रतियोग्यनधिकरणत्व ઘટક પ્રતિયોગિનિષ્ઠાધેયતા સાધ્ય-તાવચ્છેદકસંબંધાવચ્છિન્ન લેવી જોઈએ. અન્યથા 'ज्ञानवान् सत्त्वाद्' ઈત્યાદિ વ્યભિચારી સ્થળે અતિવ્યાપ્તિ આવશે. કારણ કે હેત્વધિકરણ ઘટાદિ; તદ્વૃત્તિ જ્ઞાનાભાવીયપ્રતિયોગિતા-વચ્છેદકાવચ્છિન્નનું વિષયતાસંબંધથી અધિકરણ હોવાથી

તદ્વૃત્તિ જ્ઞાનાભાવનું ગ્રહણ નહીં થાય. તેથી અન્ય અભાવને લઈને લક્ષણસમન્વય થવાથી અતિવ્યાપ્તિ આવશે. તેના નિવારણ માટે ઉપર જણાવ્યા મુજબ પ્રતિયોગિતાવચ્છેદકાવચ્છિન્નનું અધિકરણ સાધ્યતાવચ્છેદકસંબંધથી લઈએ તો અતિવ્યાપ્તિ નહીં આવે. કારણ કે હેત્વધિકરણં ઘટાદિ, તદ્વૃત્તિજ્ઞાનાભાવીયપ્રતિયોગિતાવચ્છેદકાવચ્છિન્નનું સાધ્યતાવચ્છેદક સમવાયસંબંધથી અધિકરણ ન હોવાથી તદ્વૃત્તિજ્ઞાનાભાવનું ગ્રહણ થઈ શકે છે. યદ્યપિ 'ज्ञानवान् सत्त्वाद्' અહીં અતિવ્યાપ્તિના નિવારણ માટે 'प्रतियोगितावच्छेदकावच्छिन्नानधिकरणत्व ' ઘટક પ્રતિયોગિતાવચ્છેદકાવચ્છિન્નાધેયતામાં प्रतियोगितावच्छेदकसंबन्धावच्छिन्नत्वનો નિવેશ કરીએ તો પણ અતિવ્યાપ્તિનું નિવારણ શક્ય છે. કારણ કે હેત્વધિકરણ ઘટાદિ; તદ્વૃત્તિજ્ઞાનાભાવીયપ્રતિયોગિતાવચ્છેદકાવચ્છિન્નનું પ્રતિયોગિતાવચ્છેદક સમવાયસંબંધથી અનધિકરણ હોવાથી તદ્વૃત્તિ જ્ઞાનાભાવનું ગ્રહણ શક્ય છે. પરન્તુ આ રીતે 'साध्यतावच्छेदकसम्बन्धावच्छिन्नत्व' ના સ્થાને જો 'प्रतियोगितावच्छेदकसम्बन्धावच्छिन्नत्व'નો નિવેશ કરીએ તો 'वह्निमान् धूमाद्' ઈત્યાદિ સ્થળે અવ્યાપ્તિ આવશે - આ પ્રમાણે જણાવે છે - इत्थञ्च वह्निमान्... ઈત્યાદિ ગ્રંથથી - આશય એ છે કે પ્રતિયોગિતાવચ્છેદકાવચ્છિન્નાધેયતામાં प्रतियोगितावच्छेदकसंबंधावच्छिन्नत्वનો નિવેશ કરીએ (साध्यतावच्छेदकसंबंधावच्छिन्नत्वનો નિવેશ ન કરીએ) તો 'वह्निमान् धूमाद्' અહીં અવ્યાપ્તિ આવશે. કારણ કે હેત્વધિકરણ પર્વતાદિ, તદ્વૃત્તિ સમવાયસંબંધાવચ્છિન્નવહ્નિત્વાવચ્છિન્નપ્રતિયોગિતાકાભાવીયપ્રતિયોગિતાવચ્છેદકાવચ્છિન્નવહ્નિસામાન્યનું પ્રતિયોગિતાવચ્છેદકસમવાયસંબંધથી અનધિકરણ જ છે. તેથી તદ્વૃત્તિતાદૃશવહ્ન્યભાવીયપ્રતિયોગિતાનવચ્છેદક સાધ્યતાવચ્છેદક ન હોવાથી 'वह्निमान् धूमाद्' અહીં અવ્યાપ્તિ સ્પષ્ટ છે. પરંતુ

પૂર્વે જણાવ્યા મુજબ પ્રતિયોગિતાવચ્છેદકાવચ્છિન્નાધેયતામાં साध्यतावच्छेदकसंबंधावच्छिन्नत्वनो નિવેશ કરીએ તો 'वह्निमान् धूमाद्' ઇત્યાદિ સદ્ધેતુસ્થળે અવ્યાપ્તિ નહીં આવે. કારણ કે હેત્વધિકરણપર્વતાદિ, તદ્‌વૃત્તિતાદૃશવહ્‌ન્યભાવીયપ્રતિ-યોગિતાવચ્છેદકાવચ્છિન્નનું સાધ્યતાવચ્છેદકસંયોગસંબંધથી અધિકરણ જ છે. તેથી તદ્‌વૃત્તિ તાદૃશવહ્‌ન્યભાવનું ગ્રહણ શક્ય ન હોવાથી અન્ય ઘટાદ્યભાવને લઈને લક્ષણસમન્વય થાય છે. આથી સમજી શકાશે કે 'इत्थञ्च'નો અર્થ 'प्रतियोगितावच्छेदकावच्छिन्नाधेयतायां प्रतियोगितावच्छेदकसम्बन्धावच्छिन्नत्वानिवेशादेव साध्यतावच्छेदकसम्बन्धावच्छिन्नत्वनिवेशादेव च'આ પ્રમાણે છે.

मुक्तावली ।

ननु प्रतियोगितावच्छेदकावच्छिन्नस्य यस्य कस्यचित्प्रतियोगिनोऽनधिकरणत्वं, तत्सामान्यस्य वा, यत्किञ्चित्प्रतियोगितावच्छेदकावच्छिन्नानधिकरणत्वं वा विवक्षितम् । आद्ये कपिसंयोग्येतद्वृक्षत्वादित्यत्र तथैवाऽव्याप्तिः, कपिसंयोगाभावप्रतियोगितावच्छेदकावच्छिन्नो वृक्षाऽवृत्तिकपिसंयोगोऽपि भवति तदनधिकरणं वृक्ष इति ।

द्वितीये तु प्रतियोगिव्यधिकरणाभावाऽप्रसिद्धिः, सर्वस्यैवाभावस्य पूर्वक्षणवृत्तित्वविशिष्टस्वाभावात्मकप्रतियोगिसमानाधिकरणत्वात् । न च वह्निमान् धूमादित्यादौ घटाभावादेः पूर्वक्षणवृत्तित्वविशिष्टस्वाभावात्मकप्रतियोग्यधिकरणत्वं यद्यपि पर्वतादेः, तथाऽपि साध्यतावच्छेदकसम्बन्धेन तत्प्रतियोग्यनधिकरणत्वमस्त्येवेति कथं प्रतियोगिव्यधिकरणाभावाप्रसिद्धिरिति वाच्यम् । घटाभावे यो वह्न्यभावस्तस्य घटाभावात्मकतया घटाभावस्य वह्निरपि प्रतियोगी तदधिकरणञ्च पर्वतादिरित्येवं क्रमेण प्रतियोगिव्यधिकरणस्याऽप्रसिद्धत्वात् । यदि च घटाभावादौ वह्न्यभावादिर्भिन्न इत्युच्यते तदा धूमाभाववान् वह्न्यभावादित्यादावव्याप्तिः, तत्र साध्यतावच्छेदकसम्बन्धः स्वरूपसम्बन्धः, तेन च सम्बन्धेन सर्वस्यैवाभावस्य

पूर्वक्षणवृत्तित्वविशिष्टस्वाभावात्मकप्रतियोग्यधिकरणत्वं हेत्वधिकरणस्येति ।

तृतीये तु कपिसंयोगाभाववानात्मत्वादित्यादावव्याप्तिः, तत्रात्मवृत्तिकपिसंयोगाभावाभावः कपिसंयोगः, तस्य च गुणत्वात् तत्प्रतियोगितावच्छेदकं गुणसामान्याभावत्वमपि, तदवच्छिन्नानधिकरणत्वं हेत्वधिकरणस्यात्मन इति ।

## વિવરણ

''साध्यतावच्छेदकसम्बन्धावच्छिन्न-प्रतियोगितावच्छेदकावच्छिन्ना-धेयतानिरूपिताधिकरणतावद्भिन्न-हेतुतावच्छेदकसम्बन्धावच्छिन्नहेतुतावच्छेदकावच्छिन्नाधेयतानिरूपिताधिकरणतावद्वृत्त्यभावीयप्रतियोगितानवच्छेदकसाध्यतावच्छेदकावच्छिन्न-सामानाधिकरण्यं व्याप्तिः'' આ પ્રમાણેના વ્યાપ્તિના લક્ષણ ઘટકીભૂત 'प्रतियोगितावच्छेदकावच्छिन्नाधेयतानिरूपिताधिकरणतावद्' અર્થાત્ 'પ્રતિયોગિતાવચ્છેદકાવચ્છિન્નનું અધિકરણ' પદથી પ્રતિયોગિતાવચ્છેદકાવચ્છિન્ન કોઈ પણ એકનું અધિકરણ વિવક્ષિત છે ? અથવા પ્રતિયોગિતાવચ્છેદકાવચ્છિન્ન-સામાન્યનું (સકલનું) અધિકરણ વિવક્ષિત છે ? અથવા કોઈ એક જે પ્રતિયોગિતાવચ્છેદક, તદવચ્છિન્નસામાન્યનું અધિકરણ વિવક્ષિત છે ? આ ત્રણમાંથી એક પણ વિકલ્પનો સંભવ નથી, એ પ્રશ્નકર્તાનો અભિપ્રાય છે. એ ત્રણે વિકલ્પોમાં અનુક્રમે દોષો જણાવે છે – आद्ये... ઇત્યાદિ ગ્રંથથી – આશય એ છે કે પ્રતિયોગિતાવચ્છેદકાવચ્છિન્ન કોઈ એકના અધિકરણથી ભિન્નાધિકરણને प्रतियोग्यनधिकरण પદથી લઈએ તો 'कपिसंयोग्येतद्वृक्षत्वाद्' અહીં અવ્યાપ્તિ કાયમ છે. કારણ કે હેત્વધિકરણ વૃક્ષ; તદ્વૃત્તિકપિસંયોગાભાવીય પ્રતિયોગિતાવચ્છેદકકપિસંયોગત્વાવચ્છિન્નાન્તઃપાતી -વૃક્ષાવૃત્તિ (ગૃહાદિવૃત્તિ) કપિસંયોગાત્મક પ્રતિયોગિતાવચ્છેદકાવચ્છિન્નવિશેષનું અનધિકરણ હોવાથી તદ્વૃત્તિકપિ-

સંયોગાભાવનું ગ્રહણ શક્ય છે. પ્રતિયોગિતાવચ્છેદકાવચ્છિન્ન-સામાન્યના અધિકરણથી ભિન્નાધિકરણને प्रतियोग्यनधिकरण પદથી લઈએ તો, હેત્વધિકરણવૃક્ષ, પ્રતિયોગિતાવચ્છેદક-કપિસંયોગત્વાવચ્છિન્નાન્ત:પાતી વૃક્ષવૃત્તિકપિસંયોગનું અધિકરણ હોવાથી પ્રતિયોગિતાવચ્છેદકાવચ્છિન્નસામાન્યનું અનધિકરણ નથી. તેથી તદ્દવૃત્તિ કપિસંયોગાભાવને લઈને 'कपिसंयोग्येतद्वृक्षत्वात्' અહીં યદ્યપિ અવ્યાપ્તિ નહીં આવે. પરન્તુ તાદશ प्रतियोग्यनधिकरणत्वની વિવક્ષાથી તો 'वह्निमान् धूमाद्' ઈત્યાદિ સ્થળે સ્વપ્રતિયોગ્યનધિકરણતાદશહેત્વધિકરણ પર્વતાદિવૃત્તિપ્રતિયોગિવ્યધિકરણાભાવ તરીકે સુપ્રસિદ્ધ ઘટાભાવાદિને પણ પ્રતિયોગિવ્યધિકરણ માનવાનું શક્ય નહીં બને. તેથી પ્રતિયોગિવ્યધિકરણાભાવની અપ્રસિદ્ધિના કારણે અસંભવ આવશે. કારણ કે હેત્વધિકરણપર્વતાદિવૃત્તિ તાદશ-ઘટાભાવનો પૂર્વકાલવૃત્તિત્વવિશિષ્ટત્વેન અભાવ, ઉત્તરક્ષણમાં વૃત્તિ છે. તેથી હેત્વધિકરણ પર્વતાદિ; તદ્દવૃત્તિઘટાભાવના પ્રતિયોગિસ્વરૂપ 'પૂર્વક્ષણવૃત્તિત્વવિશિષ્ટઘટાભાવના અભાવના' અધિકરણ હોવાથી પ્રતિયોગિતા-વચ્છેદકાવચ્છિન્નસામાન્યના અનધિકરણ નથી. યદ્યપિ પૂર્વક્ષણવૃત્તિત્વવિશિષ્ટઘટાભાવનો અભાવ; પૂર્વક્ષણવૃત્તિત્વ-વિશિષ્ટઘટાભાવ સ્વરૂપ પૂર્વક્ષણવૃત્તિત્વવિશિષ્ટઘટા-ભાવાભાવના અભાવનો પ્રતિયોગી છે, ઘટાભાવનો નથી. પરન્તુ પૂર્વક્ષણવૃત્તિત્વવિશિષ્ટઘટાભાવ સ્વરૂપ તાદશાભાવ (પૂર્વક્ષણવૃત્તિત્વવિશિષ્ટઘટાભાવના અભાવનો અભાવ) 'विशिष्टं शुद्धान्नातिरिच्यते' આ ન્યાયથી, ઘટાભાવથી અતિ-રિક્ત ન હોવાથી તે (પૂર્વક્ષણવૃત્તિત્વવિશિષ્ટઘટાભાવનો અભાવ) ઘટાભાવનો પણ પ્રતિયોગી છે. ''ઉપર જણાવ્યા મુજબ ઘટાભાવાદિના પ્રતિયોગી સ્વરૂપ 'પૂર્વક્ષણવૃત્તિત્વ-વિશિષ્ટઘટાભાવના અભાવ'નું અધિકરણ, હેત્વધિકરણ

પર્વતાદિ હોવા છતાં, સાધ્યતાવચ્છેદકસંબંધથી જ પ્રતિયોગિનું અધિકરણ આ પૂર્વે લેવાનું જણાવ્યું હોવાથી સાધ્યતાવચ્છેદકસંબંધથી (સંયોગસંબંધથી) તાદૃશાભાવાત્મક પ્રતિયોગિના અનધિકરણ જ પર્વતાદિ હોવાથી તદ્વૃત્તિ ઘટાભાવ, પ્રતિયોગિવ્યધિકરણ છે જ. તેથી 'वह्निमान् धूमाद्' ઇત્યાદિ સ્થળે તાદૃશ પ્રતિયોગિવ્યધિકરણાભાવની અપ્રસિદ્ધિ નથી.'' આ પ્રમાણે નહીં કહેવું જોઈએ. કારણ કે, પર્વતાદિવૃત્તિઘટાભાવમાં રહેનાર જે વહ્ન્યભાવ છે, તે 'અભાવાધિકરણક અભાવ' અધિકરણ સ્વરૂપ હોવાથી ઘટાભાવ સ્વરૂપ છે. તેથી વહ્ન્યભાવનો પ્રતિયોગિ વહ્નિ ઘટાભાવનો પણ પ્રતિયોગી છે. આથી સમજી શકાય છે કે, પર્વતાદિવૃત્તિતાદૃશઘટાભાવ સ્વાત્મકવહ્ન્યભાવપ્રતિયોગીસ્વરૂપ સ્વપ્રતિયોગી વહ્નિના સાધ્યતાવચ્છેદકસંયોગસંબંધથી અધિકરણપર્વતાદિવૃત્તિ હોવાથી પ્રતિયોગિવ્યધિકરણ નથી. આ રીતે 'वह्निमान् धूमाद्' ઇત્યાદિ સ્થળે પ્રતિયોગિવ્યધિકરણાભાવની અપ્રસિદ્ધિથી અસંભવ આવે છે. યદ્યપિ અભાવાધિકરણક અભાવને ઉપર જણાવ્યા મુજબ અધિકરણ સ્વરૂપ ન માનીએ તો 'वह्निमान् धूमाद्' ઇત્યાદિ સ્થળે ઉપર જણાવ્યા મુજબ પ્રતિયોગિવ્યધિકરણાભાવની અપ્રસિદ્ધિ નહીં થાય. પરન્તુ 'धूमाभाववान् वह्न्यभावाद्' ઇત્યાદિ અભાવસાધ્યક સદ્ધેતુસ્થળે સાધ્યતાવચ્છેદકસંબન્ધ સ્વરૂપ છે. તે સંબંધથી, હેત્વધિકરણવૃત્તિ બધાજ અભાવ પૂર્વે જણાવ્યા મુજબ પૂર્વક્ષણવૃત્તિત્વવિશિષ્ટ સ્વના અભાવાત્મક પ્રતિયોગિના અધિકરણમાં વૃત્તિ હોવાથી તાદૃશપ્રતિયોગિતાવચ્છેદકાવચ્છિન્નસામાન્યનું અનધિકરણ હેત્વધિકરણ નહીં થાય. તેથી 'धूमाभाववान् वह्न्यभावाद्' ઇત્યાદિ અભાવસાધ્યક સ્થળે તાદૃશ પ્રતિયોગિવ્યધિકરણાભાવની અપ્રસિદ્ધિથી અવ્યાપ્તિ આવશે. તેના નિવારણ માટે યત્કિંચિત્પ્રતિયોગિતાવચ્છેદકાવચ્છિન્નસામાન્યનું અનધિકરણ

'प्रतियोग्यनधिकरण' પદથી લઈએ તો, 'वह्निमान् धूमाद्' ઈત્યાદિ સ્થળે હેત્વધિકરણવૃત્તિઘટાદ્યભાવીયયત્કિં-ચિત્પ્રતિયોગિતાવચ્છેદક જે ઘટત્વ, તદવચ્છિન્નસામાન્યનું અનધિકરણ પર્વતાદિ હેત્વધિકરણ હોવાથી યદ્યપિ પ્રતિયોગિ-વ્યધિકરણાભાવની અપ્રસિદ્ધિને લઈને અસંભવ કે અવ્યાપ્તિ નહીં આવે. પરંતુ તે વિવક્ષામાં જે દોષ છે, તેને જણાવે છે. - तृतीये तु... ઈત્યાદિ ગ્રંથથી - આશય એ છે કે, 'कपिसंयोगा-भाववान् आत्मत्वाद्' ઈત્યાદિ સ્થળે હેત્વધિકરણઆત્મવૃત્તિ કપિસંયોગાભાવાભાવ, કપિસંયોગસ્વરૂપ છે. તે ગુણસ્વરૂપ હોવાથી તત્પ્રતિયોગિતાવચ્છેદકગુણસામાન્યાભાવત્વ પણ છે. તેથી તાદૃશયત્કિંચિત્પ્રતિયોગિતાવચ્છેદક ગુણસામાન્યા-ભાવત્વાવચ્છિન્નનું હેત્વધિકરણ આત્મા અનધિકરણ હોવાથી તદ્‌વૃત્તિ કપિસંયોગાભાવાભાવને લઈને અવ્યાપ્તિ આવે છે.

मुक्तावली ।

मैवम् । यादृशप्रतियोगितावच्छेदकावच्छिन्नानधिकरणत्वं हेतुमतः, तादृशप्रतियोगितानवच्छेदकत्वस्य विवक्षितत्वात् ।

ननु कालो घटवान् कालपरिमाणादित्यत्र प्रतियोगि-व्यधिकरणाभावाप्रसिद्‌धिः,हेत्वधिकरणस्य महाकालस्य जगदा-धारतया सर्वेषामेवाऽभावानां साध्यतावच्छेदकसम्बन्धेन कालिक-विशेषणतया प्रतियोग्यधिकरणत्वात् ॥

अत्र केचित् - महाकालभेदविशिष्टघटाभावस्तत्र प्रतियोगि-व्यधिकरणः, महाकालस्य घटाधारत्वेऽपि महाकालभेदविशिष्ट-घटानाधारत्वात्, महाकाले महाकालभेदाभावात् ।

वस्तुतस्तु प्रतियोगितावच्छेदकसम्बन्धेन प्रतियोग्यनधिकरणी-भूतहेत्वधिकरणवृत्त्यभावप्रतियोगितासामान्ये यत्सम्बन्धावच्छिन्नत्व-यद्‌धर्मावच्छिन्नत्वोभयाभावस्तेन सम्बन्धेन तद्‌धर्मावच्छिन्नस्य तद्-धेतुव्यापकत्वं बोध्यम् । इत्थञ्च कालो घटवान् कालपरिमाणादित्यादौ

संयोगसम्बन्धेन घटाभावप्रतियोगिनोऽपि घटस्यानधिकरणे हेत्वधिकरणे महाकाले वर्त्तमानः स एव संयोगेन घटाभावस्तस्य प्रतियोगितायां कालिकसम्बन्धावच्छिन्नत्वघटत्वावच्छिन्नत्वोभयाभावसत्त्वान्नाऽव्याप्तिः ।

ननु प्रमेयवह्निमान् धूमादित्यादौ प्रमेयवह्नित्वावच्छिन्नत्वमप्रसिद्धं गुरुधर्मस्याऽनवच्छेदकत्वादिति चेन्न । कम्बुग्रीवादिमान्नाऽस्तीति प्रतीत्या कम्बुग्रीवादिमत्त्वावच्छिन्नप्रतियोगिताविषयीकरणेन गुरुधर्मस्याऽप्यवच्छेदकत्वस्वीकारादिति सङ्क्षेपः ॥ ६९ ॥ इति व्याप्तिनिरूपणे सिद्धान्तग्रन्थः ॥

## - વિવરણ -

'प्रतियोग्यनधिकरण' પદથી જે અર્થ વિવક્ષિત છે, તે અર્થને જણાવવા કહે છે - यादृशेत्यादि । આશય એ છે કે યાદશ-પ્રતિયોગિતાવચ્છેદકાવચ્છિન્નનું અનધિકરણ હેત્વધિકરણ છે, તાદશપ્રતિયોગિતાનવચ્છેદકત્વની, સાધ્યતાવચ્છેદકમાં વિવક્ષા છે. તેથી 'कपिसंयोगाभाववान् आत्मत्वाद्' અહીં અવ્યાપ્તિ નહીં આવે. કારણ કે ત્યાં હેત્વધિકરણઆત્મવૃત્તિ-કપિસંયોગાભાવાભાવીયપ્રતિયોગિતાવચ્છેદકગુણ-સામાન્યાભાવત્વાવચ્છિન્નનું હેત્વધિકરણ અનધિકરણ હોવાથી यादृशप्रतियोगिताપદથી ગુણસામાન્યાભાવત્વાવચ્છિન્ન જ કપિસંયોગાભાવાભાવીયપ્રતિયોગિતાનું ગ્રહણ શક્ય છે. પરન્તુ કપિસંયોગાભાવત્વાવચ્છિન્નપ્રતિયોગિતાનું ગ્રહણ શક્ય નથી. અને ગુણસામાન્યાભાવત્વાવચ્છિન્નતાદશ-પ્રતિયોગિતાનું અનવચ્છેદકત્વ કપિસંયોગાભાવત્વસ્વરૂપ સાધ્ય-તાવચ્છેદકમાં હોવાથી લક્ષણસમન્વય થાય છે. આવીજ રીતે 'वह्निमान् धूमाद्' ઇત્યાદિ સ્થળે પણ હેત્વધિકરણવૃત્તિતાદશ ઘટાદ્યભાવીયપ્રતિયોગિતાનું यादृशप्रतियोगिता પદથી ગ્રહણ શક્ય હોવાથી પ્રતિયોગિવ્યધિકરણાભાવની અપ્રસિદ્ધિના કારણે અવ્યાપ્તિ કે અસંભવ નહીં આવે. એ સમજી શકાય

છે. ''साध्यतावच्छेदकसंबन्धावच्छिन्नयादृशप्रतियोगितावच्छेदका-वच्छिन्नाधेयतानिरूपिताधिकरणतावद्भिन्न-हेतुतावच्छेदकसम्बन्धा-वच्छिन्नहेतुतावच्छेदकावच्छिन्नाधेयतानिरूपिताधिकरण-तावद्वृत्त्यभावीयतादृशप्रतियोगितानवच्छेदक-साध्यतावच्छेदका-वच्छिन्नसामानाधिकरण्यं व्याप्तिः'' આ પ્રમાણેની વિવક્ષા કરવા છતાં ''कालो घटवान् कालपरिमाणाद्'' અહીં અવ્યાપ્તિની શંકા કરે છે - 'ननु कालो...' ઇત્યાદિ ગ્રંથથી. આશય એ છે કે, 'कालो घटवान् कालपरिमाणात्' અહીં હેત્વધિકરણ મહાકાલ, જગત્નો આધાર હોવાથી, ત્યાં વૃત્તિ બધા જ અભાવો સાધ્ય-તાવચ્છેદક કાલિકસંબંધથી સ્વપ્રતિયોગિના અધિકરણમાં વૃત્તિ હોવાથી પ્રતિયોગિસમાનાધિકરણ છે. તેથી તાદશ પ્રતિયોગિ-વ્યધિકરણ અભાવની અપ્રસિદ્ધિને લઈને 'कालो घटवान्' અહીં અવ્યાપ્તિ આવે છે. તેના નિવારણ માટે કેટલાક લોકોનું જે કહેવું છે, તેને જણાવે છે - 'अत्र केचिद्' ઇત્યાદિ ગ્રંથથી. કહેવાનો આશય એ છે કે 'कालो घटवान् कालपरिमाणाद्' અહીં મહા-કાલભેદવિશિષ્ટઘટાદિનો અભાવ પ્રતિયોગિવ્યધિકરણા-ભાવસ્વરૂપે પ્રસિદ્ધ છે. કારણ કે હેત્વધિકરણ મહાકાલમાં, મહાકાલભેદવિશિષ્ટઘટાદ્યભાવના પ્રતિયોગિ ઘટાદિ કાલિક-સંબંધથી વૃત્તિ હોવા છતાં મહાકાલભેદ મહાકાલમાં વૃત્તિ ન હોવાથી મહાકાલભેદવિશિષ્ટઘટાદિ વૃત્તિ નથી. તેથી તાદશ-પ્રતિયોગિવ્યધિકરણાભાવને લઈને લક્ષણસમન્વય થવાથી અવ્યાપ્તિ નહીં આવે.

યદ્યપિ ઉપર જણાવ્યા મુજબ 'कालो घटवान्' અહીં અવ્યાપ્તિનું વારણ શક્ય છે. પરન્તુ મહાકાલમાત્રવૃત્તિ વિશેષણતા - (અર્થાદ્ મહાકાલાનુયોગિકકાલિક) સંબંધથી ઘટાદિસાધ્યક સ્થળે મહાકાલાન્યત્વવિશિષ્ટઘટાદિના અભાવ પણ પ્રતિયોગિવ્યધિકરણ નહીં બને. કારણ કે સ્વરૂપસંબંધઘટિત

સામાનાધિકરણ્યસંબંધથી તાદશમહાકાલભેદવિશિષ્ટઘટાદિનું મહાકાલાનુયોગિકકાલિકસંબંધથી અધિકરણ પ્રસિદ્ધ નથી. મહાકાલાનુયોગિકકાલિકસંબંધથી કોઈ પણ ઘટાદિ મહાકાલમાં વૃત્તિ હોવા છતાં ત્યાં મહાકાલનો ભેદ ન હોવાથી ત્યાં (મહાકાલમાં) મહાકાલાન્યત્વવિશિષ્ટઘટ તે સંબંધથી નથી. અન્યત્ર અનિત્ય પદાર્થમાં મહાકાલનો ભેદ હોવા છતાં મહાકાલાનુયોગિકકાલિકસંબંધથી ઘટાદિ નથી. આથી સમજી શકાય છે કે સાધ્યતાવચ્છેદકમહાકાલમાત્રવૃત્તિ-કાલિક-વિશેષણતાસંબંધથી મહાકાલાન્યત્વવિશિષ્ટઘટાદિનું અધિ-કરણ અપ્રસિદ્ધ હોવાથી મહાકાલાનુયોગિકકાલિકવિશેષણતા-સંબંધથી ઘટાદિસાધ્યક સ્થળે અવ્યાપ્તિ દુરુદ્ધર છે. તેના નિવારણ માટે કહે છે - वस्तुतस्तु... ઈત્યાદિ. આશય એ છે કે ''प्रतियोगितावच्छेदकसम्बन्धावच्छिन्नप्रतियोगितावच्छेद-कावच्छिन्नाधेयतानिरूपिताधिकरणतावद्भिन्नतादृशहेत्वधिकरण-वृत्त्यभावीयप्रतियोगितासामान्ये यद्धर्मावच्छिन्नत्वयत्सम्बन्धा-वच्छिन्नत्वोभयाभावस्तेन सम्बन्धेन तद्धर्मावच्छिन्नस्य तद्धेतुव्याप-कत्वम् । व्यापकसामानाधिकरण्यञ्च व्याप्तिः'' આ પ્રમાણે વ્યાપ્તિ-લક્ષણનું તાત્પર્ય હોવાથી 'कालो घटवान् कालपरिमाणाद्' અહીં અવ્યાપ્તિ નહીં આવે. કારણ કે હેત્વધિકરણમહાકાલવૃત્તિ-સંયોગસમ્બન્ધાવચ્છિન્નઘટત્વાવચ્છિન્નપ્રતિયોગિતાકા-ભાવીયપ્રતિયોગિતાસામાન્યમાં સાધ્યતાવચ્છેદકઘટત્વા-વચ્છિન્નત્વ હોવા છતાં મહાકાલમાત્રવૃત્તિવિશેષણતા-સમ્બન્ધાવચ્છિન્નત્વ ન હોવાથી તાદશોભયાભાવ છે જ. તેથી મહાકાલાનુયોગિકકાલિકસંબંધથી કાલપરિમાણનું વ્યાપકત્વ ઘટત્વાવચ્છિન્નમાં છે. અને વ્યાપકસામાનાધિકરણ્ય હેતુમાં હોવાથી લક્ષણસમન્વય થાય છે.

પ્રતિયોગિતાવચ્છેદકસંબંધથી પ્રતિયોગિના અનધિ-કરણીભૂતહેત્વધિકરણવૃત્તિતાદશાભાવીયપ્રતિયોગિતા-

સામાન્યમાં માત્ર યદ્ધર્માવચ્છિન્નત્વાભાવની જ વિવક્ષા કરીએ તો 'समवायेन वह्निर्नास्ति' ઇત્યાકારક પ્રતીતિના વિષયભૂત વહ્ન્યભાવીય પ્રતિયોગિતામાં यत्પદગ્રાહ્યસાધ્યતાવચ્છેદક-વહ્નિત્વાવચ્છિન્નત્વનો અભાવ ન હોવાથી વહ્નિત્વાવ-ચ્છિન્નમાં ધૂમહેતુવ્યાપકત્વ નહીં રહે. તેથી 'वह्निमान् धूमाद्' અહીં અવ્યાપ્તિ આવશે. તેના નિવારણ માટે તાદશ પ્રતિ-યોગિતાસામાન્યમાં ઉપર જણાવ્યા મુજબ ઉભયાભાવઘટક यत्संबंधावच्छिन्नत्वનો (પ્રતિયોગિવિધયા) નિવેશ કર્યો છે.

'समवायसम्बन्धावच्छिन्नतादृशवह्न्यभावीयप्रतियोगिता'માં યદ્ધર્માવચ્છિન્નત્વ હોવા છતાં યત્સમ્બન્ધાવચ્છિન્નત્વ (સાધ્યતાવચ્છેદકસંયોગસંબન્ધાવચ્છિન્નત્વ) ન હોવાથી તાદશોભયાભાવ છે. તેથી સંયોગસંબંધથી વહ્નિત્વાવચ્છિન્ન-માં ધૂમનું વ્યાપકત્વ હોવાથી અવ્યાપ્તિ નહીં આવે. આવી જ રીતે તાદશપ્રતિયોગિતાસામાન્યમાં માત્ર यत्सम्बन्धावच्छिन्नत्वा-भावની વિવક્ષા કરીએ તો 'संयोगेन घटो नास्ति' ઇત્યાકારક પ્રતીતિના વિષયભૂત ઘટાભાવીયપ્રતિયોગિતાસામાન્યમાં यत्પદગ્રાહ્ય સાધ્યતાવચ્છેદકસંયોગસમ્બન્ધાવચ્છિન્નત્વનો અભાવ ન હોવાથી સાધ્યતાવચ્છેદકસંબંધથી સાધ્યતા-વચ્છેદકાવચ્છિન્નમાં હેતુવ્યાપકત્વ નહીં રહે. તેથી 'वह्निमान् धूमाद्' અહીં અવ્યાપ્તિ આવશે. તેના નિવારણ માટે यद्-धर्मावच्छिन्नत्वનો નિવેશ કરીને ઉભયાભાવની વિવક્ષા કરી છે. 'ઘટાભાવીયતાદશપ્રતિયોગિતામાં' યત્સમ્બન્ધાવચ્છિન્નત્વ હોવા છતાં, યદ્ધર્માવચ્છિન્નત્વ (સાધ્યતાવચ્છેદકવહ્નિત્વા-વચ્છિન્નત્વ) ન હોવાથી 'एकसत्त्वेऽपि द्वयन्नास्ति' આ ન્યાયે ઉભયાભાવ છે. તેથી સંયોગસંબંધથી વહ્નિત્વાવચ્છિન્નમાં ધૂમનું વ્યાપકત્વ હોવાથી અવ્યાપ્તિ નહીં આવે. તાદશપ્રતિ-યોગિતાધર્મિકઉભયાભાવઘટિત તાત્પર્યમાં 'सामान्य' પદનું ઉપાદાન ન કરીએ અર્થાદ્ તાદશ પ્રતિયોગિતાવિશેષમાં

यत्संबंधावच्छिन्नत्वयद्धर्मावच्छिन्नत्वोभयाभावनी विवक्षा करीએ તો 'धूमवान् वह्नेः' ઇત્યાદિ વ્યભિચારી સ્થળે હેત્વધિકરણ અયોગોલકવૃત્તિસંયોગસંબંધાવચ્છિન્નજલત્વાવચ્છિન્ન-પ્રતિયોગિતાકાભાવીયપ્રતિયોગિતામાં યત્સંબંધાવચ્છિન્નત્વ હોવા છતાં યદ્ધર્માવચ્છિન્નત્વ (धूमत्वावच्छिन्नत्व) ન હોવાથી ઉભયાભાવ છે. તેથી સંયોગસંબંધથી ધૂમત્વાવચ્છિન્નમાં વહ્નિવ્યાપકત્વનો પ્રસંગ આવવાથી અતિવ્યાપ્તિ આવશે. તેના નિવારણ માટે 'सामान्य' પદનો નિવેશ છે. 'धूमवान् वह्नेः' ઇત્યાદિ વ્યભિચારી સ્થળે પ્રતિયોગિતાવચ્છેદકસંયોગસંબંધ-થી પ્રતિયોગિ (ધૂમ)ના અનધિકરણ અયોગોલકવૃત્તિધૂમા-ભાવીયસંયોગસમ્બન્ધાવચ્છિન્નપ્રતિયોગિતા પણ તાદશ-પ્રતિયોગિતાસામાન્યાન્તઃપાતી છે અને તે પ્રતિયોગિતામાં યત્સમ્બન્ધાવચ્છિન્નત્વ અને યદ્ધર્માવચ્છિન્નત્વ ઉભય હોવાથી તે સંબંધથી તદવચ્છિન્નમાં વહ્નિવ્યાપકત્વનો પ્રસંગ નહીં આવે, જેથી અતિવ્યાપ્તિ પણ નહીં આવે. તાદશપ્રતિ-યોગિતાસામાન્યાન્તઃપાતી કોઈ પણ પ્રતિયોગિતામાં તાદશોભયાભાવ ન રહે તો પ્રતિયોગિતાસામાન્યમાં તે ન રહે-એ સમજી શકાય છે. સદ્હેતુ સ્થળે હેત્વધિકરણમાત્રમાં સાધ્યતાવચ્છેદકસંબંધથી સાધ્યતાવચ્છેદકાવચ્છિન્નનો તાદશાભાવ (પ્રતિયોગિતાવચ્છેદકસંબંધથી પ્રતિયોગ્ય-નધિકરણહેત્વધિકરણવૃત્ત્યભાવ) ન હોવાથી તદ્ભિન્ના-ભાવીયપ્રતિયોગિતામાત્રમાં તાદશોભયાભાવ હોય છે- એ પણ સમજી શકાય છે. યદ્યપિ આ રીતે પ્રતિયોગિતાધર્મિક (તાદશપ્રતિયોગિતાસામાન્ય વિશેષ્ય છે જેનું) ઉભયાભાવ ઘટિત લક્ષણ કરવા છતાં 'प्रमेयवह्निमान् धूमाद्' ઇત્યાદિ ગુરુધર્મસ્વરૂપસાધ્યતાવચ્છેદક સ્થળે અવ્યાપ્તિ આવશે. કારણ કે 'संभवति लघौ गुरौ तदभावाद्' આ નિયમથી ગુરુધર્મમાં પ્રતિયોગિતાવચ્છેદકત્વ મનાતું નથી. તેથી પ્રમેયવહ્નિત્વા-

વચ્છિન્નત્વ કોઈ પણ પ્રતિયોગિતામાં પ્રસિદ્ધ ન હોવાથી તાદશોભયાભાવ અપ્રસિદ્ધ છે. પરન્તુ 'कम्बुग्रीवादिमान्नास्ति' ઈત્યાકારક પ્રતીતિના અનુરોધથી ઘટત્વની અપેક્ષાએ ગુરુભૂત પણ કમ્બુગ્રીવાદિમત્ત્વને પ્રતિયોગિતાવચ્છેદક મનાય છે. તેથી પ્રમેયવહ્નિત્વાવચ્છિન્નપ્રતિયોગિતા પ્રસિદ્ધ હોવાથી ઉપર્યુક્ત સ્થળે અવ્યાપ્તિ નહીં આવે. અહીં વ્યાપ્તિનું નિરૂપણ સંક્ષેપથી કર્યું છે. જિજ્ઞાસુઓએ તેના વિસ્તૃત સ્વરૂપને જાણવા 'સિદ્ધાન્તલક્ષણ' અને 'અવચ્છેદકત્વનિરુક્તિ' વગેરે ગ્રંથોનું અધ્યયન કરવું જોઈએ. ॥૬૯॥

## कारिकावली ।

**सिषाधयिषया शून्या सिद्‌धि र्यत्र न तिष्ठति ।**
**स पक्षस्तत्र वृत्तित्वज्ञानादनुमितिर्भवेत् ॥७०॥**

मुक्तावली ।

पक्षवृत्तित्वमित्यत्र पक्षत्वं किम् ? तदाह-सिषाधयिषयेति । सिषाधयिषाविरहविशिष्टसिद्‌ध्यभावः पक्षता, तद्वान्पक्ष इत्यर्थः । सिषाधयिषामात्रं न पक्षता, विनाऽपि सिषाधयिषां घनगर्जितेन मेघानुमानात् । अत एव साध्यसन्देहोऽपि न पक्षता, विनाऽपि साध्यसन्देहं तदनुमानात् । सिद्‌धौ सत्यामपि सिषाधयिषासत्त्वेऽनुमितिर्भवत्येव, अतः सिषाधयिषाविरहविशिष्टत्वं सिद्‌धौ विशेषणम् । तथा च यत्र सिद्‌धिर्नास्ति तत्र सिषाधयिषायां सत्यामसत्यामपि पक्षता, यत्र सिषाधयिषाऽस्ति तत्र सिद्‌धौ सत्यामसत्यामपि पक्षता, यत्र सिद्‌धिरस्ति सिषाधयिषा च नास्ति तत्र न पक्षता, सिषाधयिषाविरहविशिष्टसिद्‌धेः सत्त्वात् ।

--

## - વિવરણ -

કારિકાવલીમાં 'व्याप्यस्य पक्षवृत्तित्वधीः'... ઈત્યાદિ જે ગ્રંથ છે, ત્યાં પક્ષતા શું છે ? એ પ્રમાણેની જિજ્ઞાસામાં કહે

છે - सिषाधयिषया... ઈત્યાદિ, કારિકાવલીમાં જણાવેલ લક્ષણના સ્પષ્ટસ્વરૂપને જણાવતા કહે છે - सिषाधयिषाविरह... ઈત્યાદિ. સિષાધયિષાના અભાવથી વિશિષ્ટ એવી સિદ્ધિના અભાવને પક્ષતા કહેવાય છે અને તદ્વાન્ (પક્ષતાવાન્) ને પક્ષ કહેવાય છે. કેવલ સિષાધયિષાને 'પક્ષતા' માનતા નથી. કારણ કે આકાશમાં મેઘના ગર્જારવના શ્રવણથી મેઘની સિષાધયિષા વિના પણ મેઘનું અનુમાન (અનુમિતિ) થાય છે. આવી જ રીતે સાધ્યના સન્દેહ વિના પણ આકાશમાં મેઘનું અનુમાન થતું હોવાથી સાધ્યસન્દેહને પણ પક્ષતા નથી કહેતા. સિદ્ધિ હોવા છતાં સિષાધયિષાના સત્ત્વથી અનુમિતિ થાય છે જ. તેથી સિદ્ધ્યભાવને પક્ષતા ન કહેતાં સિષાધયિષા-વિરહવિશિષ્ટસિદ્ધિના અભાવને પક્ષતા કહી છે. તેથી જ્યાં સિદ્ધિ (સાધ્યજ્ઞાન) નથી ત્યાં સિષાધયિષા હોય અથવા ન હોય તો પણ ઉભયાભાવપ્રયુક્ત અથવા વિશેષ્યાભાવપ્રયુક્ત-વિશિષ્ટાભાવ (સિષાધયિષાવિરહવિશિષ્ટસિદ્ધિનો અભાવ) હોવાથી પક્ષતા મનાય છે. જ્યાં સિષાધયિષા (સાધ્યની અનુમિત્સા) છે, ત્યાં સિદ્ધિ હોય કે ન હોય તો પણ વિશે-ષણાભાવપ્રયુક્ત કે ઉભયાભાવપ્રયુક્તવિશિષ્ટાભાવ હોવાથી પક્ષતા મનાય છે. પરન્તુ જ્યાં સિદ્ધિ છે અને સિષાધયિષા નથી, ત્યાં સિષાધયિષાવિરહવિશિષ્ટસિદ્ધિ હોવાથી તદભાવ-સ્વરૂપ પક્ષતા નથી.

मुक्तावली ।

ननु यत्र परामर्शानन्तरं सिद्धिः, ततः सिषाधयिषा; तत्र सिषाधयिषाकाले परामर्शनाशान्नानुमितिः । यत्र सिद्धि-परामर्श-सिषाधयिषाः क्रमेण भवन्ति, तत्र सिषाधयिषाकाले सिद्धेर्नाशात् प्रतिबंधकाभावादेवाऽनुमितिः । यत्र सिषाधयिषा-सिद्धि-परामर्शा-स्तत्र परामर्शकाले सिषाधयिषैव नास्ति । एवमन्यत्राऽपि सिद्धिकाले परामर्शकाले च न सिषाधयिषा, योग्यविभुविशेषगुणानां

यौगपद्यनिषेधात्, तत्कथं सिषाधयिषाविरहविशिष्टत्वं सिद्धेर्विशेषण-
मिति चेन्न ।

यत्र वह्निव्याप्यधूमवान्पर्वतो वह्निमानिति प्रत्यक्षं स्मरणं वा ततः सिषाधयिषा, तत्र पक्षतासम्पत्तये तद्विशेषणस्याऽऽवश्यकत्वात् ।

## - વિવરણ -

પરામર્શસ્વરૂપકારણ હોય અને સિદ્ધિસ્વરૂપ પ્રતિબંધક હોય ત્યારે સિષાધયિષા થાય તો તેને ઉત્તેજક માનીને તદભાવવિશિષ્ટસિદ્ધ્યભાવને અનુમિતિની પ્રત્યે કારણ માની શકાય, પરન્તુ એ સંભવિત નથી. આ આશયથી શંકા કરે છે - ननु यत्रेत्यादि । આશય એ છે કે, જ્યાં પરામર્શના બીજાક્ષણમાં સિદ્ધિ (સાધ્યનો નિશ્ચય) થઈ ત્યારબાદ સિદ્ધિના અવ્યવહિતોત્તરક્ષણમાં સિષાધયિષા થઈ, ત્યાં સિષાધયિષાના ક્ષણમાં પરામર્શનો નાશ થવાથી સિષાધયિષાના અવ્યવહિતોત્તરક્ષણમાં અનુમિતિ થતી નથી. આવી જ રીતે જ્યાં સિદ્ધિ, પરામર્શ અને સિષાધયિષા ક્ષણના ક્રમે થઈ છે, ત્યાં સિષાધયિષાના કાળમાં સિદ્ધિનો નાશ થવાથી સિદ્ધિ સ્વરૂપ પ્રતિબંધકના અભાવના કારણે સિષાધયિષાના અવ્યવહિતોત્તરક્ષણમાં અનુમિતિ થાય છે. જ્યાં અનુક્રમે સિષાધયિષા, સિદ્ધિ અને પરામર્શ થાય છે, ત્યાં પરામર્શના કાળમાં સિષાધયિષા જ નથી. આવા સ્થળે કેવલ સિદ્ધિને પ્રતિબંધક માનીને પણ પરામર્શના અવ્યવહિતોત્તરક્ષણમાં અનુમિતિનું વારણ શક્ય છે. આવી જ રીતે જ્યાં અનુક્રમે પરામર્શ, સિષાધયિષા અને સિદ્ધિ; સિદ્ધિ, સિષાધયિષા અને પરામર્શ; તેમજ સિષાધયિષા, પરામર્શ અને સિદ્ધિ થાય છે, ત્યાં પરામર્શ કે સિદ્ધિના કાળમાં સિષાધયિષા ન હોવાથી કેવલ સિદ્ધિ સ્વરૂપ પ્રતિબંધકને માનીને અનુમિતિની ઉત્પત્તિનો અભાવ કે ઉત્પત્તિને ઉપપન્ન કરી શકાય છે. ઉપર જણાવેલા

બધા જ સ્થાનોમાં સિષાધયિષા, સિદ્ધિ કે પરામર્શની સાથે ઉત્પન્ન થાય તો કેવલ સિદ્ધિને પ્રતિબંધક માનીને નિર્વાહ નહીં થાય - એ કહેવું યોગ્ય નથી. કારણ કે આત્મા વગેરે વિભુના યોગ્ય વિશેષ ગુણોની ઉત્પત્તિ યુગપદ્ થતી ન હોવાથી સિદ્ધિ કે પરામર્શની સાથે સિષાધયિષાની ઉત્પત્તિ શક્ય નથી. આથી સ્પષ્ટ છે કે ઉપર જણાવેલા સ્થાનોમાં કેવલ સિદ્ધિને પ્રતિબંધક માનીને અનુમિતિની અનુત્પત્તિ કે ઉત્પત્તિને ઉપપન્ન કરી શકાતી હોવાથી સિષાધયિષાવિરહવિશિષ્ટસિદ્ધિને પ્રતિબંધક (અનુમિતિ-પ્રતિબંધક) માનવાની આવશ્યકતા નથી. આ પ્રમાણે શંકા કરનારનો અભિપ્રાય છે. ઉક્ત શંકાનું સમાધાન કરે છે - यत्र वह्निव्याप्यधूमवान्... ઈત્યાદિ - આશય એ છે કે જ્યાં 'वह्निव्याप्यधूमवान् पर्वतो वह्निमान्' ઈત્યાકારક સિદ્ધિ સ્વરૂપ પરામર્શાત્મક પ્રત્યક્ષ અથવા સ્મરણ થયું. ત્યારબાદ અનંતરક્ષણમાં સિષાધયિષા થઈ, ત્યાં સિષાધયિષાના ઉત્તરક્ષણમાં અનુમિતિ થાય છે. પરન્તુ અનુમિતિની પ્રત્યે જો કેવલ સિદ્ધિને પ્રતિબંધક માનીએ તો સિષાધયિષાના કાળમાં સિદ્ધિરૂપ પ્રતિબંધક હોવાથી તદનન્તરક્ષણમાં અનુમિતિની ઉત્પત્તિ થઈ શકશે નહીં. પણ સિષાધયિષાવિરહ-વિશિષ્ટસિદ્ધિને, અનુમિતિની પ્રત્યે પ્રતિબંધક માનવાથી; સિષાધયિષાના કાળમાં તદ્વિરહવિશિષ્ટસિદ્ધિનો અભાવ હોવાથી તદનન્તરક્ષણમાં અનુમિતિની ઉત્પત્તિ થઈ શકે છે.

मुक्तावली ।

इदन्तु बोध्यम् । यादृशयादृशसिषाधयिषासत्त्वे सिद्धिसत्त्वे यल्लिङ्गकानुमितिः, तादृशतादृशसिषाधयिषाविरहविशिष्टसिद्ध्य-भावस्तल्लिङ्गकानुमितौ पक्षता । तेन सिद्धिपरामर्शसत्त्वे यत्कि-ञ्चिज्ज्ञानं जायतामितीच्छायामपि नाऽनुमितिः । 'वह्निव्याप्यधूम-वान्पर्वतो वह्निमान्' इति प्रत्यक्षसत्त्वे प्रत्यक्षातिरिक्तं ज्ञानं जायतामि-तीच्छायां तु भवत्येव । एवं धूमपरामर्शसत्त्वे आलोकेन वह्निमनुमिनु-

यामितीच्छायामपि नानुमितिः ।

## - વિવરણ -

સિષાધયિષાસામાન્યને અનુમિતિસામાન્યની પ્રત્યે ઉત્તેજક માનીએ તો જે દોષ આવશે, તેને જણાવવા સાથે સ્વ-સિદ્ધાન્તનું નિરૂપણ કરે છે. - इदन्तु बोध्यम्... ઇત્યાદિ ગ્રંથથી. જેવી જેવી સિષાધયિષાની વિદ્યમાનતામાં સિદ્ધિ હોતે છતે જે લિંગકાનુમિતિ થાય છે; તલ્લિંગકાનુમિતિની પ્રત્યે તેવી તેવી સિષાધયિષાવિરહવિશિષ્ટસિદ્ધ્યભાવ પક્ષતા છે. વહ્નિની સિષાધયિષાની વિદ્યમાનતામાં વહ્નિની સિદ્ધિ હોતે છતે ધૂમલિંગકવહ્ન્યનુમિતિ થાય છે. તેથી ધૂમલિંગક-વહ્ન્યનુમિતિમાં વહ્નિવિષયકસિષાધયિષાવિરહવિશિષ્ટ-વહ્નિસિદ્ધ્યભાવ પક્ષતા છે. 'ઘટની અનુમિતિ થાય' ઇત્યા-કારક સિષાધયિષા હોતે છતે 'पर्वतो वह्निमान्' ઇત્યાકારક સિદ્ધિ ન હોય તો 'पर्वतो वह्निमान्' ઇત્યાકારક અનુમિતિ થઈ શકે છે. તેથી 'पर्वतो वह्निमान्' ઇત્યાકારક સિદ્ધિ હોય ત્યારે પણ તાદશ ઘટવિષયિણી સિષાધયિષાથી વહ્ન્યનુમિતિનો પ્રસંગ ન આવે- એ માટે ''यादृशयादृशसिषाधयिषासत्त्वे सिद्धि-सत्त्वे'' અહીં 'सिद्धिसत्त्वे' આ પદનું ઉપાદાન કર્યું છે. અન્યથા यादृशयादृशसिषाधयिषासत्त्वे यल्लिंगकानुमितिः,... ઇત્યાદિ તાત્પર્યમાં ઉપર જણાવેલ પ્રસંગ નિવારી શકાશે નહીં. આ રીતે તલ્લિંગકાનુમિતિમાં તત્તદ્વ્યક્તિત્વેન તત્તત્ સિષાધ-યિષાને ઉત્તેજક માનવાથી સિદ્ધિ અને પરામર્શ હોવા છતાં તદુત્તરકાલમાં 'यत्किञ्चिद् ज्ञानं जायताम्' એતાદશ સામાન્ય ઇચ્છા હોય તો પણ અનુમિતિ થતી નથી. યદ્યપિ ઉપર જણાવેલા સ્થળે 'यत्किञ्चिज्ज्ञानं जायताम्' ઇત્યાકારક જ્ઞાનત્વપ્રકારકઇચ્છાથી અનુમિત્યાપત્તિનું નિવારણ કરવા 'अनुमिति जायताम्' ઇત્યાદ્યાકારક અનુમિતિત્વપ્રકારક-ઇચ્છાત્વેન સિષાધયિષાને અનુમિતિની પ્રત્યે ઉત્તેજક

માનીએ તો ઉપર જણાવ્યા મુજબ અનુમિતિની આપત્તિ નહીં આવે. તેમજ તત્તદ્વ્યક્તિત્વેન સિષાધયિષાને ઉત્તેજક માનવાની અપેક્ષાએ લાઘવ પણ થશે. પરન્તુ જ્યાં 'वह्नि-व्याप्यधूमवान्पर्वतो वह्निमान्' ઈત્યાકારક પ્રત્યક્ષ હોય અને 'प्रत्यक्षातिरिक्तं ज्ञानं जायताम्' ઈત્યાકારક ઈચ્છા હોય, ત્યાં 'पर्वतो वह्निमान्' ઈત્યાકારક જે અનુમિતિ થાય છે, તે નહીં થાય. કારણ કે ત્યાં અનુમિતિત્વપ્રકારકઈચ્છા નથી. માટે यादृशयादृशसिषाधयिषासत्त्वे... ઈત્યાદિ ગ્રંથોક્ત રીતિથી તત્તદ્વ્યક્તિત્વેન જ તાદશસિષાધયિષાને ઉત્તેજક માનવી જોઈએ. આવી જ રીતે ''यादृशयादृशसिषाधयिषासत्त्वे सिद्धिसत्त्वे यल्लिङ्गकानुमितिः, तादृशतादृशसिषाधयिषाविरहविशिष्टसिद्ध्य-भावस्तल्लिंगकानुमितौ पक्षता'' અહીં तल्लिङ्गक પદનો નિવેશ હોવાથી જ્યાં ધૂમપરામર્શ (वह्निव्याप्यधूमवान्पर्वतः ઈત્યાકારક પરામર્શ) છે, ત્યાં 'आलोकेन वह्निमनुमिनुयाम्' આ પ્રમાણેની ઈચ્છા હોય તો પણ વહ્નિની અનુમિતિ થતી નથી. કારણ કે ધૂમપરામર્શકાલીન તાદશેચ્છા 'पर्वतत्वावच्छिन्नोद्देश्यकव-ह्नित्वावच्छिन्नविधेयताकधूमत्वावच्छिन्नलिङ्गकानुमिति' ની પ્રત્યે ઉત્તેજક નથી મનાતી. પરન્તુ ઉપર જણાવ્યા મુજબ 'तल्लिङ्गक' પદનો નિવેશ ન હોય તો તાદશેચ્છા પણ વહ્નિ-ત્વાવચ્છિન્નવિધેયતાકાનુમિતિત્વપ્રકારક હોવાથી ધૂમપરા-મર્શના અવ્યવહિતોત્તરક્ષણમાં જાયમાન અનુમિતિની પ્રત્યે ઉત્તેજક થઈ શકતી હોવાથી તે કાલમાં આલોકલિઙ્ગક-તાદશાનુમિતિની આપત્તિ આવશે - એ સમજી શકાય છે. આથી સ્પષ્ટ છે કે તત્તદનુમિતિમાં તત્તદ્ઈચ્છાવ્યક્તિ તત્તદ્વ્યક્તિત્વેન જ ઉત્તેજક છે.

मुक्तावली ।

सिषाधयिषाविरहकाले यादृशसिद्धिसत्त्वे नानुमितिस्तादृशी सिद्धिर्विशिष्यैव तत्तदनुमितिप्रतिबन्धिका वक्तव्या, तेन पर्वतस्तेजस्वी

पाषाणमयो वह्निमानिति ज्ञानसत्त्वेऽप्यनुमिते र्न विरोधः । परं तु पक्षतावच्छेदकसामानाधिकरण्येन साध्यसिद्धावपि तदवच्छेदेनानुमितेर्दर्शनात् पक्षतावच्छेदकावच्छेदेनाऽनुमितिं प्रति पक्षतावच्छेदकावच्छेदेन साध्यसिद्धिरेव प्रतिबन्धिका पक्षतावच्छेदकसामानाधिकरण्येनानुमितिं प्रति तु सिद्धिमात्रं विरोधि ।

इदन्तु बोध्यम् । यत्राऽयं पुरुषो न वेति संशयानन्तरं पुरुषत्वव्याप्यकरादिमानयमिति ज्ञानं, तत्राऽसत्यामनुमित्सायां पुरुषस्य प्रत्यक्षं भवति न त्वनुमितिः, अतोऽनुमित्साविरहविशिष्टसमानविषयकप्रत्यक्षसामग्री कामिनीजिज्ञासादिवत् स्वातन्त्र्येण प्रतिबन्धिका, एवं परामर्शानन्तरं विना प्रत्यक्षेच्छां पक्षादेः प्रत्यक्षानुत्पत्तेः प्रत्यक्षेच्छाविरहविशिष्टानुमितिसामग्री भिन्नविषयकप्रत्यक्षे प्रतिबन्धिका ॥७०॥ इति पक्षतानिरूपणम् ॥

## - વિવરણ -

સિષાધયિષાના વિરહકાલમાં યત્કિંચિત્ સિદ્ધિ હોવા છતાં યત્કિંચિદ્ અનુમિતિ થતી હોવાથી સિદ્ધિવિશેષમાં જ અનુમિતિની પ્રતિબંધકતાને જણાવે છે - सिषाधयिषाविरहकाले... ઇત્યાદિ - આશય એ છે કે સિષાધયિષાના વિરહકાલમાં જેવી સિદ્ધિ હોતે છતે અનુમિતિ થતી નથી, તાદશસિદ્ધિવિશેષ જ તત્તદ્અનુમિતિની પ્રત્યે પ્રતિબંધક મનાય છે. તેથી સિષાધયિષાના વિરહકાલમાં 'पर्वतस्तेजस्वी' 'पाषाणमयो वह्निमान्' ઇત્યાદ્યાકારક સિદ્ધિ હોવા છતાં 'पर्वतो वह्निमान्' ઇત્યાકારક અનુમિતિની અનુપપત્તિ નહીં થાય. અન્યથા સિષાધયિષાવિરહકાલીન સિદ્ધિમાત્રને જો અનુમિતિની પ્રત્યે પ્રતિબંધક માનીએ તો તાદશસિદ્ધિની વિદ્યમાનતામાં તાદશાનુમિતિ નહીં થઈ શકે. 'पर्वतो वह्निमान्' ઇત્યાકારક સિદ્ધિ હોય ત્યારે પણ તાદશસિષાધયિષાના કારણે 'पर्वतो वह्निमान्' ઇત્યાકારક અનુમિતિ થતી હોવાથી તાદશસિદ્ધિવિશેષનું 'तादृशसिषाधयिषाविरहकाल' વિશેષણ

છે. એ સમજી શકાય છે. આથી સ્પષ્ટ છે કે 'पर्वतो वह्निमान्' ઈત્યાકારક અનુમિતિની પ્રત્યે સિષાધયિષાવિરહકાલીનસિદ્ધિ 'पर्वतत्वावच्छिन्नविशेष्यतानिरूपितवह्नित्वावच्छिन्नप्रकारताशालिनिश्चयत्वेन' પ્રતિબંધક છે. એતાદશસિદ્ધિવિશેષ પણ તત્તદનુમિતિસામાન્યની પ્રત્યે પ્રતિબંધક નથી, એ જણાવે છે. परन्त्वित्यादि - પક્ષતાવચ્છેદકસામાનાધિકરણ્યેન તાદશસિદ્ધિ હોવા છતાં, પક્ષતાવચ્છેદકાવચ્છેદેન અનુમિતિ થતી હોવાથી પક્ષતાવચ્છેદકાવચ્છેદેન અનુમિતિની પ્રત્યે પક્ષતાવચ્છેદકાવચ્છેદેન તાદશસિદ્ધિ પ્રતિબંધક છે. જ્યારે પક્ષતાવચ્છેદકસામાનાધિકરણ્યેન અનુમિતિની પ્રત્યે તો તાદશસિદ્ધિમાત્ર પ્રતિબંધક છે. પક્ષતાવચ્છેદકાવચ્છેદેન તેમ જ પક્ષતાવચ્છેદકસામાનાધિકરણ્યેન અનુમિતિનું સ્વરૂપ પૂર્વે ઈશ્વરાનુમાનના પ્રસઙ્ગે જણાવ્યું છે. કેટલાક લોકો સિષાધયિષાવિરહવિશિષ્ટસિદ્ધિ તેમ જ પ્રત્યક્ષસામગ્રી એતદન્યતરાભાવને પક્ષતા કહે છે. તેથી સિદ્ધિના કાળમાં અને સમાનવિષયક (પરામર્શના સમાનવિષયક) પ્રત્યક્ષની સામગ્રીના કાળમાં અનુમિતિની આપત્તિ નથી આવતી. પરન્તુ સિષાધયિષાવિરહવિશિષ્ટસિદ્ધ્યભાવને પક્ષતા કહેનાર સિદ્ધાન્તીના મતે પ્રત્યક્ષની સામગ્રીના કાળમાં શા માટે અનુમિતિ થતી નથી? આ શંકાનું નિરાકરણ કરવાપૂર્વક તાદશાન્યતરાભાવને પક્ષતા કહેનારના મતને દૂષિત કરવા કહે છે - इदन्तु बोध्यमित्यादि - આશય એ છે કે જ્યાં આ પુરુષ છે કે નહીં ? આ પ્રમાણે સંશય થયા પછી તેના અનંતર ક્ષણમાં 'पुरुषत्वव्याप्यकरादिमानयम्' ઈત્યાકારક વિશેષદર્શનાત્મક જ્ઞાન થયું, ત્યાં અનુમિત્સા ન હોય તો પુરુષનું પ્રત્યક્ષ થાય છે, અનુમિતિ થતી નથી. તેથી અનુમિત્સાવિરહવિશિષ્ટસમાનવિષયકપ્રત્યક્ષની સામગ્રી અનુમિતિની પ્રત્યે કામિનીની જિજ્ઞાસાની જેમ સ્વતંત્રપણે પ્રતિબંધક છે. અહીં એ વસ્તુ સમજી

શકાય છે કે ભિન્નવિષયકપ્રત્યક્ષની સામગ્રી વિદ્યમાન હોય તો સિષાધયિષા વિના પણ અનુમિતિ થાય છે. તેથી પ્રત્યક્ષ-સામગ્રી માત્ર અનુમિતિની પ્રત્યે પ્રતિબંધક ન હોવાથી 'समान-विषयकत्व' આ પ્રત્યક્ષનું વિશેષણ ઉપાત્ત છે. સામાન્ય રીતે તદ્‌વત્તાબુદ્ધિની પ્રત્યે તદભાવવત્તાબુદ્ધિ કે તદભાવવ્યાપ્ય-વત્તાબુદ્ધિ પ્રતિબંધક છે. કામિનીની જિજ્ઞાસા તદભાવાદિ-વિષયક ન હોવા છતાં સ્વભિન્નવિષયકજ્ઞાનની પ્રત્યે જેવી રીતે પ્રતિબંધક મનાય છે, તેવી રીતે અનુમિત્સાવિરહવિશિષ્ટ-સમાનવિષયક (પરામર્શસમાનવિષયક) પ્રત્યક્ષની સામગ્રી સાધ્યાભાવાદિની અવગાહિની ન હોવા છતાં સાધ્યવિષયકા-નુમિતિની પ્રત્યે પ્રતિબંધક મનાય છે. સિષાધયિષાવિરહવિ-શિષ્ટસિદ્‌ધ્યભાવસ્વરૂપપક્ષતાકોટિમાં તાદશપ્રત્યક્ષસામગ્રીનો નિવેશ કરીને તાદશસામગ્રીને પ્રતિબંધક શા માટે માનતા નથી ? ત્યાં કઈ આપત્તિ આવે છે ? સ્વાતન્ત્ર્યેણ પ્રતિબન્ધ-કત્વ માનવામાં કઈ રીતે લાઘવ છે ? ઈત્યાદિ અધ્યાપક પાસેથી અથવા દિનકરી-રામરુદ્રીથી જિજ્ઞાસુએ જાણી લેવું જોઈએ. અહીં તો પક્ષતાનું સંક્ષેપથી જ નિરૂપણ કર્યું છે.

અનુમિતિની પ્રત્યે ઉપર જણાવ્યા મુજબ જેવી રીતે સમાનવિષયકપ્રત્યક્ષની સામગ્રી પ્રતિબંધક બને છે, તેવી રીતે ક્વચિત્ પ્રત્યક્ષની પ્રત્યે પણ અનુમિતિની સામગ્રી પ્રતિ-બંધક થાય છે. તેને જણાવે છે - एवञ्च... ઈત્યાદિ - આશય એ છે કે પરામર્શાત્મક જ્ઞાન પછી પક્ષાદિના પ્રત્યક્ષની સામગ્રી (લૌકિકસન્નિકર્ષાદિ સ્વરૂપ) હોવા છતાં પ્રત્યક્ષની ઈચ્છા વિના પ્રત્યક્ષ થતું નથી. પરન્તુ ત્યાં અનુમિતિ જ થાય છે. તેથી ત્યાં પ્રત્યક્ષેચ્છાવિરહવિશિષ્ટઅનુમિતિની સામગ્રી; ભિન્ન-વિષયક (પક્ષાદિવિષયક) પ્રત્યક્ષની પ્રત્યે પ્રતિબંધક મનાય છે. કહેવાનો આશય એ છે કે પ્રત્યક્ષની સામગ્રી જો અનુમિતિની પ્રત્યે પ્રતિબંધક હોય તો અહીં પ્રત્યક્ષે-

ઇચ્છાવિરહવિશિષ્ટપ્રત્યક્ષની સામગ્રી ભિન્નવિષયકાનુમિતિની પ્રત્યે પણ પ્રતિબંધક થાય તો અનુમિતિની અનુપપત્તિ થશે. પરન્તુ પ્રત્યક્ષેચ્છાવિરહવિશિષ્ટતાદશાનુમિતિની સામગ્રી પોતે જ ઉપર જણાવ્યા મુજબ ભિન્નવિષયકપ્રત્યક્ષની પ્રત્યે પ્રતિબંધક થતી હોવાથી અનુમિતિની અહીં અનુપપત્તિ થતી નથી. અહીં વિવરણ ક્લિષ્ટ ન બને એ માટે; કેટલીક અનુપપત્તિ દૃષ્ટિગોચર હોવા છતાં એના નિરાકરણ માટે પ્રયાસ કર્યો નથી. જે વિદ્વાન વાંચકોને જરૂર ખટકશે. પરન્તુ વિવરણની મર્યાદામાં રહીને અહીં દિશાસૂચન કરેલું હોવાથી વિદ્યાર્થીઓ દિન. -રામ. વગેરે ગ્રંથોથી પોતાની જિજ્ઞાસાને દૂર કરી શકશે એવી મને આશા છે. ॥૭૦॥

॥ इति पक्षतानिरूपणम् ॥

## कारिकावली ।

**अनैकान्तो विरुद्धश्चाऽप्यसिद्धः प्रतिपक्षितः ।**
**कालात्ययापदिष्टश्च हेत्वाभासास्तु पञ्चधा ॥७१॥**

मुक्तावली ।

हेतुप्रसङ्गाद्धेत्वाभासान् विभजते अनैकान्त इत्यादि । तल्लक्षणन्तु यद्विषयकत्वेन ज्ञानस्यानुमितिविरोधित्वं तत्त्वम् । तथाहि-व्यभिचारादिविषयकत्वेन ज्ञानस्याऽनुमितिविरोधित्वात्ते दोषाः । यद्विषयकत्वञ्च यादृशविशिष्टविषयकत्वं, तेन बाधभ्रमस्याऽनुमितिविरोधित्वेऽपि न क्षतिः । तत्र पर्वतो वह्न्यभाववानिति विशिष्टस्याऽप्रसिद्धत्वान्न हेतुदोषः । न च वह्न्यभावव्याप्यपाषाणमयत्ववानिति परामर्शकाले वह्निव्याप्यधूमस्याऽऽभासत्वं न स्यात्, तत्र वह्न्यभावव्याप्यवान् पक्ष इति विशिष्टस्याऽप्रसिद्धत्वादिति वाच्यम् । इष्टापत्तेः, अन्यथा बाधस्याऽनित्यदोषत्वापत्तेः, तस्मात्तत्र वह्न्यभावव्याप्यपाषाणमयत्ववानिति परामर्शकाले वह्निव्याप्यधूमस्य नाऽऽभासत्वं, भ्रमादनुमितिप्रतिबन्धमात्रं हेतुस्तु न दुष्टः । इत्थञ्च साध्याभाववद्वृत्तिहेत्वादिकं दोषः । तद्वत्त्वञ्च हेतौ येन केनाऽपि सम्बन्धेन इति नव्याः ॥

## - વિવરણ -

સપ્રસંગસંગતિને પામીને હવે હેત્વાભાસનું નિરૂપણ કરે છે. મૂલમાં अनैकान्त... ઈત્યાદિ ગ્રંથથી. તર્કસંગ્રહના વિવરણમાં જણાવ્યા મુજબ હેતુ અને હેત્વાભાસોને સપ્રસઙ્ગસંગતિ છે. તેમજ 'વિજય' સ્વરૂપ એકકાર્યકારિત્વ સ્વરૂપ સઙ્ગતિ પણ છે. પોતે કહેલા હેતુના સદ્ધેતુત્વના સમર્થનથી જેમ વાદમાં વિજય પ્રાપ્ત થાય છે, તેમજ પ્રતિવાદિએ જણાવેલા હેતુના દુષ્ટહેતુત્વના પ્રતિપાદનથી પણ વિજય પ્રાપ્ત થાય છે. આ રીતે 'વિજયૈકકાર્યકારિત્વ' સઙ્ગતિથી સંગતિમદ્ હેત્વાભાસોનું નિરૂપણ કરાય છે. હેત્વાભાસના લક્ષણાત્મક સામાન્યધર્મના જ્ઞાન વિના હેત્વાભાસ કેટલા છે ? આવી જિજ્ઞાસાનો સંભવ નથી. તેથી તાદશ જિજ્ઞાસાત્મક પ્રયોજકનો અભાવ હોવાથી મૂલમાં अनैकान्त... ઈત્યાદિ હેત્વાભાસવિભાગગ્રંથ નિષ્પ્રયોજક છે. કારણ કે શિષ્યની તાદશ જિજ્ઞાસા જ ગ્રંથકારે રચેલા વિભાગગ્રંથની પ્રયોજિકા હોય છે, જેનો પ્રકૃતસ્થળે અભાવ છે. તેથી મુક્તાવલીમાં હેત્વાભાસસામાન્યના જ્ઞાન માટે તેનું લક્ષણ જણાવે છે - तल्लक्षणन्तु... ઈત્યાદિ. એનો આશય તર્કસંગ્રહના વિવરણ પ્રસંગે જણાવ્યા મુજબ ''अनुमिति-तत्करणान्यतरज्ञाननिष्ठप्रतिबध्यतानिरूपितज्ञाननिष्ठप्रतिबन्धकता यद्-विषयकत्वावच्छिन्ना तत्त्वं दोषसामान्यलक्षणम्'' આ પ્રમાણે સ્પષ્ટ છે. બાધાદિવિષયકજ્ઞાનનિષ્ઠઅનુમિત્યાદિનિષ્ઠપ્રતિબધ્ય-તાનિરૂપિતપ્રતિબંધકતા બાધાદિવિષયકત્વાવચ્છિન્ના છે. તેથી બાધાદિ દોષ છે. અને તદ્‌વિશિષ્ટ હેતુઓ હેત્વાભાસો છે.

'वह्निमान् धूमाद्' ઈત્યાદિ સદ્‌હેતુસ્થલે वह्न्यभाव-वान्पर्वतः ઈત્યાકારક ભ્રમાત્મક બાધજ્ઞાનથી 'पर्वतो वह्निमान्' ઈત્યાકારક અનુમિતિનો પ્રતિબંધ થાય છે. તેથી તાદશપ્રતિ-બધ્યતાનિરૂપિતવહ્ન્યભાવવત્પર્વતવિષયકત્વાવચ્છિન્ન-

પ્રતિબંધકતાવદ્જ્ઞાનીયવિષયવહ્ન્યભાવને લઈને સદ્ધેતુ ધૂમાદિમાં અતિવ્યાપ્તિ આવે છે. તેના નિવારણ માટે કહે છે - यद्विषयकत्वञ्च यादृशविशिष्टविषयकत्वम्... ઇત્યાદિ. આશય એ છે કે -यद्विषयकत्वનો અર્થ યાદશવિશિષ્ટવિષયકત્વ છે. અને यादृशविशिष्टविषयकत्वनो અર્થ 'यद्रूपावच्छिन्नविषयकत्व' છે. તેથી ઉપર જણાવ્યા મુજબ સદ્ધેતુ ધૂમાદિમાં અતિવ્યાપ્તિ નહીં આવે. કારણ કે वह्न्यभाववान्पर्वतः ઇત્યાકારક ભ્રમાત્મક બાધજ્ઞાનમાં રહેલી પ્રતિબંધકતા, વહ્ન્યભાવવત્ત્વ પર્વતમાં બાધિત હોવાથી વહ્ન્યભાવવત્પર્વતત્વાવચ્છિન્નવિષય-કત્વાવચ્છિન્ના નથી. તેથી તાદશ પ્રતિબંધકતાને લઈને અતિ-વ્યાપ્તિ નહીં આવે. યદ્યપિ वह्न्यभाववान्पर्वतः ઇત્યાકારક ભ્રમાત્મક બાધજ્ઞાનને લઈને આવતી અતિવ્યાપ્તિનું નિવારણ યાદશવિશિષ્ટવિષયકત્વાર્થક 'यद्विषयकत्व'ની વિવક્ષાથી પણ થઈ જાય છે. કારણ કે 'वह्न्यभाववान्पर्वतः' ઇત્યાકારક બાધ-જ્ઞાન, વહ્ન્યભાવવત્પર્વત અપ્રસિદ્ધ હોવાથી યાદશવિશિષ્ટ-વિષયક નથી. તેથી તેને લઈને અતિવ્યાપ્તિ નહીં આવે. પરંતુ જે આશયથી यादृशविशिष्टविषयकत्वनो અર્થ 'યદ્રૂપાવચ્છિન્ન-વિષયકત્વ' કર્યો છે. તે આશયને જાણવાની ઇચ્છાવાળાએ 'દિનકરી' જોવી જોઈએ. તે જોવાથી સમજી શકાશે કે 'वह्न्य-भाववान् ह्रदः' ઇત્યાકારક જ્ઞાન જેમ વહ્ન્યભાવવિશિષ્ટવિષયક છે, તેવી રીતે 'विशिष्टं शुद्धान्नातिरिच्यते' આ ન્યાયથી કેવલ હ્રદવિષયક 'ह्रदः' ઇત્યાકારક જ્ઞાન પણ તાદશવિશિષ્ટવિષયક હોવાથી 'ह्रदः' ઇત્યાકારકજ્ઞાન અનુમિતિની પ્રત્યે પ્રતિબંધક ન હોવા છતાં તાદશવિશિષ્ટવિષયકત્વ; સર્વત્ર ઉપર જણાવ્યા મુજબ અપ્રતિબંધકજ્ઞાનમાં રહી જવાથી કેવલ હ્રદાદિ-વિષયકજ્ઞાનનાં ગ્રહણથી કોઈ પણ દુષ્ટ હેતુમાં લક્ષણ નહીં જાય. 'यद्रूपावच्छिन्नविषयकत्व'ની વિવક્ષાથી કેવલહ્રદવિષયક-જ્ઞાનનું ગ્રહણ નહીં થાય. કારણ કે તે જ્ઞાન વહ્ન્યભાવ-

વિશિષ્ટહ્રદત્વાવચ્છિન્નવિષયક નથી. યદ્યપિ આ રીતે ''अनु-मित्यादिनिष्ठप्रतिबध्यतानिरूपितज्ञाननिष्ठप्रतिबंधकता यद्रूपावच्छिन्न-विषयकत्वावच्छिन्ना तत्त्वं दोषसामान्यलक्षणम्'' આ પ્રમાણેનું તાત્પર્ય હોવાથી, यत् પદગ્રાહ્ય તાદશ હ્રદત્વમાં તત્ત્વ હોવાથી વહ્ન્યભાવવદ્હ્રદાદિમાં દોષનું લક્ષણ નહીં જાય. પરંતુ તાદશ તાત્પર્યની વિવક્ષામાં 'तत्त्व' પદ તદ્ધર્મવત્ત્વનું બોધક હોવાથી કોઈ દોષ નથી. ઇત્યાદિ, ભણાવનાર પાસેથી બરાબર સમજી લેવું જોઈએ.

'સત્પ્રતિપક્ષ'ને અનિત્યદોષ માનનારા પ્રાચીનો શંકા કરે છે- न च वह्न्यभावव्याप्य... ઇત્યાદિ - તેનો આશય એ છે કે 'वह्न्यभावव्याप्यपाषाणमयत्ववान् पर्वतः' ઇત્યાકારક ભ્રમાત્મક પરામર્શના કારણે 'वह्निव्याप्यधूमवान्पर्वतः' ઇત્યાકારક જ્ઞાનનો પ્રતિબંધ થતો હોવાથી ધૂમ હેતુ સત્પ્રતિપક્ષિત મનાય છે, પરંતુ 'यद्रूपावच्छिन्नविषयकत्व'ની વિવક્ષાથી ધૂમમાં અવ્યાપ્તિ આવશે. કારણ કે 'वह्न्यभावव्याप्यपाषाणमयत्व-वान्पर्वतः' ઇત્યાકારક જ્ઞાનનિષ્ઠપ્રતિબંધકતા; પર્વતમાં વહ્ન્ય-ભાવવ્યાપ્યપાષાણમયત્વ ન હોવાથી વહ્ન્યભાવવ્યાપ્ય-પાષાણમયત્વવત્પર્વતવિષયકત્વાવચ્છિન્ના નથી. અવ્યાપ્તિનું નિવારણ કરે છે, इष्टापत्तेः... ઇત્યાદિ ગ્રંથથી - આશય એ છે કે સત્પ્રતિપક્ષને અનિત્યદોષ કહેનારા પણ બાધને નિત્યદોષ માને છે. તેથી સત્પ્રતિપક્ષસ્થળે ભ્રમાત્મક તાદશપરામર્શાત્મકજ્ઞાનનિષ્ઠપ્રતિબંધકતાને લઈને સદ્ધેતુ ધૂમાદિને તાદશભ્રમાત્મકપરામર્શની નિવૃત્તિ ન થાય, ત્યાં સુધી સત્-પ્રતિપક્ષવિશિષ્ટ માનીએ તો બાધના ભ્રમમાં રહેલી પ્રતિ-બંધકતાને લઈને બાધના ભ્રમની નિવૃત્તિ ન થાય, ત્યાં સુધી સદ્ધેતુને પણ બાધવિશિષ્ટ માનવો પડશે. તેથી સદ્ધેતુમાં હેત્વાભાસત્વની નિવૃત્તિ માટે 'यद्रूपावच्छिन्नविषयकत्व' ની વિવક્ષાથી ભ્રમાત્મકજ્ઞાનનિષ્ઠપ્રતિબંધકતા ગ્રહણ નથી કરાતી.

તેવી જ રીતે 'यद्रूपावच्छिन्नविषयकत्व' ની વિવક્ષા કરવાથી તાદશભ્રમાત્મકપરામર્શાત્મકજ્ઞાનનિષ્ઠપ્રતિબંધકતાનું ગ્રહણ ન થવાથી, સદ્ધેતુમાં સત્પ્રતિપક્ષત્વનું નિવારણ થાય - તે ઈષ્ટ જ છે. તેથી અલક્ષ્યમાં લક્ષણનો સમન્વય ન થાય - એ દોષ નથી. ઉપર જણાવેલા બન્ને સ્થાને ભ્રમાત્મકજ્ઞાનનાં કારણે 'वह्निव्याप्यधूमवान्पर्वतः' ઈત્યાકારક પરામર્શાદિનો પ્રતિબંધ થવા છતાં હેતુ દુષ્ટ નથી. ત્યાં દોષસામાન્યલક્ષણનો સમન્વય ન થાય - એ અનિષ્ટ નથી. ઉક્ત લક્ષણાનુસાર પ્રતિફલિત દોષના સ્વરૂપને જણાવે છે - इत्थं च... ઈત્યાદિ - 'यद्रूपावच्छिन्नविषयकत्व' બોધક યાદશવિશિષ્ટવિષયકત્વેન જ્ઞાનનિષ્ઠપ્રતિબંધકતા છે. તાદશવિશિષ્ટને દોષ કહેવાથી 'साध्याभाववद्वृत्तिहेतुः', 'साध्याभाववान्पक्षः' ઈત્યાદિ (તાદશ-હેત્વાદિ) દોષ છે. 'साध्याभाववदवृत्तिहेतुः' ઈત્યાકારક વ્યાપ્તિ-જ્ઞાનનિષ્ઠપ્રતિબધ્યતાનિરૂપિતપ્રતિબંધકતા 'साध्याभाववद्-वृत्तिहेतुः' ઈત્યાકારક જ્ઞાનમાં છે. તે પ્રતિબંધકતા સાધ્યા-ભાવવદ્વૃત્તિત્વવિશિષ્ટહેતુવિષયકત્વાવચ્છિન્ના છે. તેથી તાદશસાધ્યાભાવવદ્વૃત્તિત્વવિશિષ્ટહેતુ વ્યભિચાર દોષ છે. આવી જ રીતે સાધ્યાભાવવાન્ પક્ષાદિ જ બાધાદિ દોષ છે. આ રીતે સાધ્યાભાવવદ્વૃત્તિ હેતુને વ્યભિચાર કહીએ તો વ્યભિચારી દુષ્ટ હેતુમાં તદ્વત્ત્વ તાદાત્મ્યસંબંધથી લેવું જોઈએ. પરંતુ તાદાત્મ્યસંબંધથી દોષવત્ત્વ લઈએ તો સાધ્યા-ભાવવાન્પક્ષ સ્વરૂપ બાધ તાદાત્મ્યસંબંધથી બાધિત હેતુમાં ન હોવાથી બાધિત હેતુ દુષ્ટ નહીં થાય. તેથી દોષવત્ત્વ જે સંબંધથી વિવક્ષિત છે; તેને જણાવે છે. तद्वत्त्वञ्च... ઈત્યાદિ ગ્રંથથી - આશય એ છે કે સાધ્યાભાવવદ્વૃત્તિહેત્વાદિદોષવત્ત્વ જે સંબંધથી પ્રાપ્ત થાય તે સંબંધથી લેવું. વ્યભિચારી હેતુમાં ઉપર જણાવ્યા મુજબ સાધ્યાભાવવદ્વૃત્તિહેતુ તાદાત્મ્ય-સંબંધથી છે. 'ह्रदो वह्निमान् जलात्' ઈત્યાદિ બાધિત

જલાદિહેતુક સ્થળે 'वह्न्यभाववान् ह्रदः' ઈત્યાદ્યાકારક સાધ્યાભાવવાન્પક્ષાદિ દોષો એકજ્ઞાનીયવિષયતાસંબંધથી જલાદિ હેતુમાં છે. 'वह्न्यभाववान् ह्रदो जलञ्च' ઈત્યાકારક દોષવિષયકજ્ઞાનીયવિષયતાસંબંધથી સાધ્યાભાવવાન્પક્ષ સ્વરૂપ બાધ, જલાદિ હેતુમાં હોવાથી તે દુષ્ટ છે. એ સમજી શકાય છે.

યદ્યપિ ઉપર જણાવ્યા મુજબ ગમે તે સંબંધથી દોષવત્ત્વના ગ્રહણથી તો વહ્ન્યભાવવદ્વૃત્તિદ્રવ્યત્વાત્મક વ્યભિચાર દોષ, આશ્રયતાસંબંધથી ધૂમાત્મક સદ્ધેતુમાં હોવાથી ત્યાં પણ દુષ્ટત્વવ્યવહારનો પ્રસંગ આવશે. પરંતુ તેના નિવારણ માટે; 'येन केनाऽपि सम्बन्धेन' આ ગ્રંથના તાત્પર્યને; 'દિનકરી' વગેરે ગ્રંથોના અવલોકનથી જાણવું જોઈએ. વિવરણ તો મુક્તાવલીને અનુસરતું હોવાથી અહીં તેના તાત્પર્યને જણાવ્યું નથી.

मुक्तावली ।

परे तु यद्विषयकत्वेन ज्ञानस्यानुमितिविरोधित्वं, तद्वत्त्वं हेत्वाभासत्वम् । सत्प्रतिपक्षे विरोधिव्याप्त्यादिकमेव तथा, तद्वत्त्वञ्च हेतोर्ज्ञानरूपसम्बन्धेन । न चैवं वह्निमान् धूमादित्यादौ पक्षे बाधभ्रमस्य साध्याभावविषयकत्वेनाऽनुमितिविरोधित्वाद् ज्ञानरूपसम्बन्धेन तद्वत्त्वस्याऽपि सत्त्वात् सद्धेतोरपि बाधितत्वापत्तिरिति वाच्यम् । तत्र ज्ञानस्य सम्बन्धत्वाऽकल्पनात् । अत्र सत्प्रतिपक्षित इति व्यवहारेण तत्कल्पनात्, तत्र बाधित इति व्यवहाराभावादित्याहुः ।

अनुमितिविरोधित्वञ्चानुमितितत्करणान्यतरविरोधित्वं तेन व्यभिचारिणि नाऽव्याप्तिः । दोषज्ञानं च यद्धेतुविषयकं तद्धेतुकानुमितौ प्रतिबन्धकम्, तेनैकहेतौ व्यभिचारज्ञाने हेत्वन्तरेणाऽनुमित्युत्पत्तेः, तदभावाद्यनवगाहित्वाच्च व्यभिचारज्ञानस्याऽनुमितिविरोधित्वाभावेऽपि न क्षतिरिति सङ्क्षेपः । यादृशसाध्यपक्षहेतौ यावन्तो दोषा स्तावदन्यान्यत्वं तत्र हेत्वाभासत्वम् पञ्चत्वकथनं तु तत्संभवस्थलाभिप्रायेण ।

## - વિવરણ -

સત્પ્રતિપક્ષાદિને અનિત્યદોષ માનનારાના મતનું નિરૂપણ કરે છે - परे तु... ઈત્યાદિ ગ્રંથથી. આશય એ છે કે યદ્‌વિષયકત્વેન જ્ઞાન, અનુમિત્યાદિનું પ્રતિબંધક બને છે તદ્‌વત્ત્વ જેમાં છે તેને દુષ્ટ હેતુ કહેવાય છે. ''वह्निमान् धूमाद्; वह्न्यभाववान् पाषाणमयत्वात्'' ઈત્યાદિ સત્પ્રતિપક્ષસ્થલે વહ્‌ન્યભાવવદન્યાઽવૃત્તિત્વ સ્વરૂપ વિરોધિવ્યાપ્તિવિષયકત્વેન વ્યાપ્તિજ્ઞાન, અનુમિત્યાદિનું પ્રતિબંધક બને છે. તેથી તાદશવિરોધિવ્યાપ્તિ દોષ છે. અહીં 'आदि' પદથી પરામર્શાદિનું ગ્રહણ કરવું. 'एव' કારથી એ વસ્તુ જણાવી છે કે ક્વચિત્ તાદશવિરોધિવ્યાપ્તિવિશિષ્ટહેત્વાદિની પ્રસિદ્ધિના અભાવમાં દોષની અપ્રસિદ્ધિ નહીં થાય તો પણ દોષ નથી. કારણ કે તાદશવ્યાપ્ત્યાદિસ્વરૂપ જ પ્રકૃતસ્થળે દોષ છે. યદ્યપિ આ રીતે વહ્‌ન્યભાવાદિનિરૂપિત વ્યાપ્ત્યાદિ, ધૂમાદિમાં ન હોવાથી ધૂમાદિને દુષ્ટહેતુ નહીં માની શકાય. પરંતુ તાદશવ્યાપ્ત્યાદિમત્ત્વ એકજ્ઞાનીયવિષયતાસમ્બંધથી ધૂમાદિમાં હોવાથી ધૂમાદિમાં દુષ્ટત્વ અનુપપન્ન નથી. 'वह्न्यभाववदन्यावृत्तित्वं धूमश्च' ઈત્યાકારક જ્ઞાનીયવિષયતાસંબંધથી તાદશવ્યાપ્તિમત્ત્વ ધૂમમાં છે. એ સમજી શકાય છે. યદ્યપિ આ રીતે 'पर्वतो वह्निमान् धूमाद्' ઈત્યાદિ સદ્‌ધેતુસ્થળે 'वह्न्यभाववान् पर्वतः' ઈત્યાકારક ભ્રમાત્મકબાધજ્ઞાનથી 'पर्वतो वह्निमान्' ઈત્યાકારક અનુમિતિનો પ્રતિબંધ થતો હોવાથી તાદશસાધ્યાભાવવત્પક્ષવિષયકત્વેન તાદશજ્ઞાન પ્રતિબંધક છે. (અનુમિતિવિરોધિ છે.) તેથી તેનો વિષય સાધ્યાભાવવત્ત્વ સ્વરૂપ દોષ 'वह्न्यभाववान्पर्वतो धूमश्च' ઈત્યાકારકજ્ઞાનીયવિષયતાસંબંધથી ધૂમાત્મક- સદ્‌ધેતુમાં હોવાથી તેને પણ દુષ્ટ હેતુ માનવો પડશે. પરંતુ ત્યાં ભ્રમાત્મકબાધજ્ઞાનસ્થલે તાદશજ્ઞાનમાં દોષવત્ત્વના નિયામક-

સંબન્ધત્વની કલ્પના નથી કરાઈ. તેથી તાદશ સંબંધના અભાવે તદ્વત્ત્વ (દોષવત્ત્વ); ધૂમાદિ સદ્ધેતુમાં ન હોવાથી ધૂમાદિમાં અતિવ્યાપ્તિ નહીં આવે. वह्निमान् धूमाद् ઈત્યાદિ સદ્ધેતુ-સ્થલે वह्न्यभावव्याप्यपाषाणमयत्ववान् ઈત્યાકારક ભ્રમાત્મક-વ્યાપ્ત્યાદિસ્થલે 'वह्न्यभाववदन्याऽवृत्तित्वं धूमश्च' ઈત્યાકારક-જ્ઞાનમાં સત્પ્રતિપક્ષાત્મકદોષવત્ત્વના નિયામકસંબંધત્વની કલ્પના કરાય છે અને ભ્રમાત્મકબાધસ્થલે ઉપર જણાવ્યા મુજબ તાદશજ્ઞાનમાં સંબંધત્વની કલ્પના નથી કરાતી- એમાં કોઈ પ્રમાણ નથી. આ પ્રમાણે નહીં કહેવું જોઈએ. કારણ કે ભ્રમાત્મકવ્યાપ્ત્યાદિ સ્થળે ધૂમાદિ સત્પ્રતિપક્ષિત છે આવો વ્યવહાર થાય છે. અને ભ્રમાત્મકબાધસ્થળે ધૂમાદિ બાધિત છે એવો વ્યવહાર થતો નથી. તેથી તાદશવ્યવહાર અને વ્યવહારાભાવના કારણે ઉપર જણાવ્યા મુજબ તાદશજ્ઞાનમાં તત્તદ્દોષવત્ત્વના નિયામકસંબંધત્વની કલ્પના અને અકલ્પના કરી છે. આવું પ્રાચીનો કહે છે. ઉક્તવ્યવહારની પ્રામાણિકતા માટે પ્રાચીનોની પ્રતીતિ જ સાક્ષી છે. પરંતુ સર્વસમ્મત તાદશ પ્રતીતિ સાક્ષી ન હોવાથી 'आहुः' પદથી તેમના મતમાં અસ્વારસ્ય સૂચિત કર્યું છે.

'यद्विषयकत्वेन ज्ञानस्यानुमितिविरोधित्वं तत्त्वम्' અહીં અનુમિતિવિરોધિત્વ 'अनुमितितत्करणान्यतरविरोधित्व' સ્વરૂપ છે. તેથીવ્યભિચારવિષયકજ્ઞાન, અનુમિતિવિરોધિ ન હોવાથી; માત્ર યથાશ્રુત 'अनुमितिविरोधित्व'ના નિવેશથી વ્યભિચારી હેતુમાં જે અવ્યાપ્તિ આવતી હતી તે નહીં આવે. કારણ કે વ્યભિચારવિષયકજ્ઞાન, અનુમિતિનું વિરોધિ ન હોવા છતાં, વ્યાપ્તિજ્ઞાન સ્વરૂપ અનુમિતિના કરણનું વિરોધિ હોવાથી વ્યભિચારી હેતુમાં લક્ષણનો સમન્વય થાય છે. વ્યભિચારાદિવિષયક દોષજ્ઞાન અનુમિતિની પ્રત્યે પ્રતિબંધક થતું નથી. તેને જણાવે છે - दोषज्ञानं च... ઈત્યાદિ - આશય

એ છે કે જે હેતુવિષયકદોષજ્ઞાન હોય, તે જ્ઞાન, તે જ હેતુ-વિષયકઅનુમિતિની પ્રત્યે પ્રતિબંધક હોવાથી, 'वह्निमान् द्रव्यत्वात्' અહીં 'वह्न्यभाववद्वृत्तिद्रव्यत्वम्' ઈત્યાકારક વ્યભિચારવિષયકજ્ઞાન હોવા છતાં 'वह्निमान् धूमाद्' અહીં ધૂમહેતુકાનુમિતિની ઉત્પત્તિ થાય છે. તેથી વ્યભિચારવિષયકજ્ઞાન અનુમિતિની પ્રત્યે પ્રતિબંધક થતું નથી. યદ્યપિ અહીં તદ્હેતુકાનુમિતિની પ્રત્યે તદ્હેતુમાં વ્યભિચારગ્રહનો અભાવ હોવાથી તેના કારણે તદ્હેતુકાનુમિતિ (ધૂમહેતુકાનુમિતિ)ની ઉત્પત્તિ થતી હોવાથી અનુમિતિની પ્રત્યે તાદૃશવ્યભિચાર-વિષયકજ્ઞાનને પ્રતિબંધક માની શકાય છે. પરંતુ વ્યભિચાર-વિષયકજ્ઞાન; સાધ્યાભાવવિષયક અથવા સાધ્યાભાવવ્યાપ્ય-વિષયક ન હોવાથી साध्यवान् पक्षः ઈત્યાદ્યાકારક અનુમિતિની પ્રત્યે પ્રતિબંધક મનાતું નથી.

निर्वह्निः पर्वतो, वह्निमान् धूमाद् અહીં અનુમિતિ પ્રસિદ્ધ ન હોવાથી ઉપર જણાવ્યા મુજબ અનુમિતિનિષ્ઠપ્રતિબધ્યતા-નિરૂપિત... ઈત્યાદિ લક્ષણનો સમન્વય સંભવિત નથી. તેથી અહીં એક પણ હેત્વાભાસ નહીં માની શકાય. આ પ્રમાણેની શંકાનું નિરાકરણ કરે છે - यादृशसाध्य... ઈત્યાદિ ગ્રંથથી - આશય એ છે કે ''तद्धर्मावच्छिन्नसाध्यपक्षहेतुकानुमितित्वेन किमुद्देश्य न्यायप्रयोगे यद्धर्मावच्छिन्ने दोषव्यवहारः सम्प्रदाय-सिद्धस्तावदन्यान्यत्वं तत्रत्यदोषसामान्यलक्षणम्'' અર્થાત્ તત્તદ્-ધર્માવચ્છિન્નસાધ્યક પક્ષક અને હેતુકાનુમિતિને ઉદ્દેશીને પંચાવયવાત્મક ન્યાયનો પ્રયોગ કરાયો હોય ત્યારે યદ્યદ્-ધર્માવચ્છિન્નમાં દોષનો વ્યવહાર નૈયાયિકોના સમ્પ્રદાયને માન્ય છે, તાવદન્યાન્યત્વ ત્યાંનાં દોષસામાન્યનું લક્ષણ છે. આ પ્રમાણે यादृशसाध्य... ઈત્યાદિગ્રંથનું તાત્પર્ય છે. આથી 'निर्वह्निः पर्वतो वह्निमान् धूमाद्' ઈત્યાદિ સ્થળે તાદૃશાનુમિતિ પ્રસિદ્ધ ન હોવા છતાં કોઈ દોષ નથી. કારણ કે નિર્વહ્નિપર્વતો-

દ્દેશ્યકત્વવહ્નિવિધેયકત્વપ્રકારકઈચ્છાથી કરાએલા ન્યાય-પ્રયોગમાં वह्न्यभाववान्पर्वतः, धूमाभाववान् निर्वह्निपर्वतः, ઈત્યાકારકદોષવિષયકજ્ઞાનવિષયમાં બાધાદિદોષવ્યવહાર-સમ્પ્રદાયપ્રસિદ્ધ હોવાથી, તાવદન્યાન્યત્વ સ્વરૂપ હેત્વાભાસ-ત્વ અહીં મનાય છે. યદ્યપિ આ રીતે લક્ષણ કરવાથી સર્વત્ર પાંચ હેત્વાભાસનો સંભવ ન હોવાથી; તત્તત્ સ્થળે એક, બે, વગેરે હેત્વાભાસના અનુસારે તેટલા જ હેત્વાભાસનું પ્રતિપાદન કરવું જોઈએ. પરન્તુ ક્વચિદ્ 'वायुर्गन्धवान् स्नेहाद्' ઈત્યાદિ સ્થળે પાંચ હેત્વાભાસનો સંભવ છે. તેથી હેત્વાભાસોના પંચત્વનું પ્રતિપાદન કર્યું છે. તર્કસંગ્રહનું અધ્યયન કરી ગયેલા 'वायुर्गन्धवान् स्नेहाद्' અહીં પાંચ હેત્વાભાસ કઈ રીતે છે ? તે સમજી શકે છે. તેથી તે અહીં જણાવવાની આવશ્યકતા નથી. અથવા વિસ્મરણશીલ વિદ્યાર્થિઓ માટે 'वायुर्गन्धाभाव-वान्' 'गन्धाभाववद् (जल) वृत्तिस्नेहः' 'वायुर्गन्धाभाववान् स्नेहाद्' 'वायुर्गन्धाभाववान् पृथ्वीत्वरहितत्वाद्' અને 'स्नेहाभाववान्वायुः' આટલું કથન પાંચ હેત્વાભાસના જ્ઞાન માટે પર્યાપ્ત છે.

मुक्तावली ।

एवं च साधारणाद्यन्यतमत्वमनैकान्तिकत्वम् । साधारणः साध्यवदन्यवृत्तिः । तेन च व्याप्तिज्ञानप्रतिबन्धः क्रियते । असाधारणः साध्यासमानाधिकरणो हेतुः । तेन साध्यसामानाधिकरण्यग्रहः प्रतिबध्यते । (यथा शब्दो नित्यः शब्दत्वादित्यादावसाधारण्यं, शब्दोऽनित्यः शब्दत्वादित्यादौ त्वसाधारण्यभ्रमः ।) अन्ये तु सपक्षावृत्तिरसाधारणः, सपक्षश्च निश्चितसाध्यवान्, तथा च शब्दोऽनित्यः शब्दत्वादित्यादौ यदा पक्षे साध्यनिश्चयस्तदानासाधारण्यं, तत्र हेतो र्निश्चयादिति वदन्ति । अनुपसंहारी चात्यन्ताभावाऽप्रतियोगिसाध्यकादिः । अनेन व्यतिरेकव्याप्तिज्ञानप्रतिबन्धः क्रियते ।

विरुद्धस्तु साध्यव्यापकीभूताभावप्रतियोगी, अयं साध्याभावग्रहसामग्रीत्वेन प्रतिबन्धकः । सत्प्रतिपक्षे तु प्रतिहेतुः साध्याभाव-

साधकः । अत्र तु हेतुरेवेति विशेषः । साध्याभावसाधक एव हेतुः साध्यसाधकत्वेनोपन्यस्त इत्यशक्तिविशेषोपस्थापकत्वाच्च विशेषः ।

## - વિવરણ -

કારિકાવલીમાં 'यः सपक्षे...' ઈત્યાદિ ગ્રંથથી સાધારણ-વ્યભિચારાદિવિશેષદોષોનું લક્ષણ કહેવાશે. તેમાં દોષોની સંભાવનાને જોઈને મુક્તાવલીમાં સાધારણવ્યભિચારાદિના લક્ષણ જણાવતા કહે છે - एवञ्च... ઈત્યાદિ ગ્રન્થથી.

સાધારણ અસાધારણ અને અનુપસંહારી એતદન્ય-તમત્વ, અનૈકાન્તિકવ્યભિચારીનું લક્ષણ છે.

સાધારણવ્યભિચારનું લક્ષણ 'साध्यवदन्यवृत्तित्व' છે. હેતુમાં સાધ્યવદન્યનિરૂપિતવૃત્તિત્વના જ્ઞાનથી साध्यवदन्याऽ-वृत्तित्व સ્વરૂપ વ્યાપ્તિજ્ઞાનનો પ્રતિબંધ થાય છે. 'पर्वतो वह्निमान् प्रमेयत्वाद्' અહીં વહ્ન્યભાવવદ્જલાદિનિરૂપિત-વૃત્તિત્વ, પ્રમેયત્વમાં હોવાથી પ્રમેયત્વ હેતુ સાધારણ-વ્યભિચારી છે. એ સમજી શકાય છે.

સાધ્યાધિકરણમાં નહીં રહેનાર હેતુને અસાધારણ-વ્યભિચારી કહેવાય છે. હેતુમાં સાધ્યના અસામાનાધિકરણ્યના જ્ઞાનથી 'हेतुव्यापकसाध्यसामानाधिकरण्य' સ્વરૂપ વ્યાપ્તિજ્ઞાનનો પ્રતિબંધ થાય છે. ('शब्दो नित्यः शब्दत्वाद्' અહીં નિત્યત્વા-ધિકરણગગનાદિમાં શબ્દત્વ વૃત્તિ ન હોવાથી શબ્દત્વ હેતુ અસાધારણવ્યભિચારી છે. 'शब्दोऽनित्यः शब्दत्वाद्' અહીં શબ્દત્વ હેતુ અસાધારણવ્યભિચારી નથી. પરન્તુ ત્યાં અસાધારણ્યનો ભ્રમ થયો છે.)

અન્ય (પ્રાચીન) લોકો, સપક્ષમાં નહીં રહેનાર હેતુને અસાધારણવ્યભિચારી કહે છે. 'निश्चितसाध्यवान्'ને સપક્ષ કહેવાય છે. 'शब्दोऽनित्यः शब्दत्वात्' અહીં પક્ષમાં, જો સાધ્યનો નિશ્ચય હોય તો શબ્દત્વ હેતુ અસાધારણ નથી. પરન્તુ જ્યારે તાદશ નિર્ણય ન હોય તો તે હેતુ નિશ્ચિતસાધ્યવદ્

ઘટાદિમાં વૃત્તિ ન હોવાથી અસાધારણ છે- એવું કહે છે, પણ તે બરાબર નથી. એ વસ્તુને દિનકરી-રામરુદ્રીથી જાણી લેવી.

અત્યંન્તાભાવના અપ્રતિયોગિસાધ્યાદિ છે જેના એવા હેતુને અનુપસંહારી કહેવાય છે. 'सर्वमभिधेयं प्रमेयत्वाद्' અહીં પક્ષ સાધ્ય અને હેતુ અનુક્રમે તાદાત્મ્ય, સ્વરૂપ અને સ્વરૂપસંબંધથી સર્વત્ર વૃત્તિ હોવાથી તે બધા અત્યન્તાભાવના અપ્રતિયોગી છે. તેથી પ્રમેયત્વ હેતુ અનુપસંહારી છે. હેતુમાં અત્યન્તાભાવના અપ્રતિયોગિત્વના જ્ઞાનથી साध्याभावव्यापकी-भूताभावप्रतियोगित्व રૂપ વ્યતિરેકવ્યાપ્તિજ્ઞાનનો પ્રતિબંધ થાય છે. યદ્યપિ 'घटोऽभिधेयः प्रमेयत्वाद्' અહીં પણ સાધ્ય અને હેતુ અત્યન્તાભાવના અપ્રતિયોગી છે. પરંતુ પક્ષ તાદશ ન હોવાથી પક્ષભિન્ન પટાદિમાં અન્વયવ્યાપ્તિનું ગ્રહણ થાય છે. તેથી તેને લઈને અનુમિતિ થઈ શકે છે. આથી સમજી શકાય છે કે, અનુપસંહારી સ્થળે કેવલાન્વયિપક્ષકત્વ હોવું જરૂરી છે. તર્ક-સંગ્રહમાં આ જ આશયથી અન્વય અને વ્યતિરેકદષ્ટાન્તથી રહિત હેતુને અનુપસંહારી કહ્યો છે. તાદશ વિવક્ષાથી યદ્યપિ 'सर्वमनित्यं प्रमेयत्वाद्' અહીં પ્રમેયત્વ હેતુ પણ અનુપસંહારી છે. પરંતુ અહીં તો તેવી વિવક્ષા ન હોવાથી 'सर्वमनित्यं प्रमेयत्वाद्' આ સ્થળનો અનુપસંહારી તરીકે ઉલ્લેખ નથી કર્યો. અહીં પૂર્વપક્ષાભિમત અને સિદ્ધાન્તપક્ષાભિમત અનુપ-સંહારીના લક્ષણોનું અનુસંધાન કરવું જોઈએ.

સાધ્યના વ્યાપકીભૂતઅભાવના પ્રતિયોગીને વિરુદ્ધ કહેવાય છે. 'शब्दो नित्यः कृतकत्वाद्' અહીં સાધ્યનિત્યત્વનો વ્યાપકીભૂતઅભાવકૃતકત્વાભાવના પ્રતિયોગી 'કૃતકત્વ' હેતુને વિરુદ્ધ કહેવાય છે. વિરુદ્ધહેતુ સ્થળે 'साध्याभावव्याप्यहेतुमान्पक्षः' ઈત્યાકારક જ્ઞાનથી, સાધ્યાભાવગ્રહ (અનુમિતિ) સામગ્રી-વિધયા 'साध्यवान् पक्षः' ઈત્યાકારક અનુમિતિ વગેરેનો પ્રતિબંધ થાય છે.

યદ્યપિ સત્પ્રતિપક્ષ સ્થળે પણ વિરુદ્ધની જેમ જ હેતુ સાધ્યાભાવનો સાધક હોવાથી સત્પ્રતિપક્ષ અને વિરુદ્ધમાં કોઈ ભેદ નહીં રહે. પરંતુ સત્પ્રતિપક્ષ સ્થળે પ્રતિહેતુ અર્થાત્ પ્રતિકૂલ બીજો હેતુ સાધ્યાભાવનો સાધક હોય છે. અને વિરુદ્ધ સ્થળે તે જ હેતુ સાધ્યાભાવનો સાધક હોય છે - એટલી વિશેષતા છે. ''વિરુદ્ધ અને સત્પ્રતિપક્ષ સ્થળે 'સાધ્યાભાવ-સાધકત્વ' આ એક જ દૂષકતાબીજ હોવાથી, કેવલ હેતુના ભેદથી હેત્વાભાસને ભિન્ન માનવામાં ઔચિત્ય નથી. અન્યથા જ્યાં અન્વયિહેત્વન્તરથી અને વ્યતિરેકિહેત્વન્તરથી સત્પ્રતિ-પક્ષ સ્થળે અનુમિત્યાદિનો પ્રતિરોધ થયો હોય ત્યાં પણ હેત્વાભાસને ભિન્ન માનવાના પ્રસંગથી હેત્વાભાસની અધિકતા થશે.'' આ પ્રમાણે નહીં કહેવું જોઈએ. વિરુદ્ધસ્થળે જે હેતુ સાધ્યાભાવનો સાધક હતો, તેનો સાધ્યસાધકત્વેન ઉપન્યાસ કરવાથી વિરુદ્ધહેતુના પ્રયોક્તાની અશક્તિવિશેષનું, વિરુદ્ધ હેતુ ઉત્થાપન કરે છે. સત્પ્રતિપક્ષ સ્થળે સાધ્યાભાવસાધક-હેત્વન્તર હોવાથી તાદશ અસામર્થ્યવિશેષનું ઉત્થાપન ન હોવાથી વિરુદ્ધ અને સત્પ્રતિપક્ષનો ભેદ છે.

मुक्तावली ।

सत्प्रतिपक्षः साध्याभावव्याप्यवान्पक्षः ॥ अगृहीता-प्रामाण्यकसाध्यव्याप्यवत्त्वोपस्थितिकालीनागृहीताप्रामाण्यकतदभाव-व्याप्यवत्त्वोपस्थितिविषयस्तथेत्यन्ये । अत्र च परस्पराभाव-व्याप्यवत्ताज्ञानात् परस्परानुमितिप्रतिबन्धः फलम् ।

अत्र केचित् - यथा घटाभावव्याप्यवत्ताज्ञानेऽपि घटचक्षुःसंयोगे सति घटवत्ताज्ञानं जायते, यथा च शङ्खे, सत्यपि पीतत्वाभावव्याप्य-शङ्खत्ववत्ताज्ञाने, सति पित्तादि दोषे पीतः शङ्ख इति धीः, एवं कोटिद्वयव्याप्यदर्शनेऽपि कोटिद्वयस्य प्रत्यक्षरूपः संशयो भवति, तथा सत्प्रतिपक्षस्थले संशयरूपानुमितिर्भवत्येव यत्र चैककोटिव्याप्यदर्शनं तत्राधिकबलतया द्वितीयकोटिभानप्रतिबन्धान्न संशयः फलबलेन

चाऽधिकबलसमबलभावः कल्प्यत इत्याहुः । तन्न । तदभावव्याप्यवत्ताज्ञाने सति तदुपनीतभानविशेषशाब्दबोधादेरनुदयाल्लौकिकसन्निकर्षाजन्यदोषविशेषाजन्यज्ञानमात्रे तस्य प्रतिबन्धकता, लाघवात्, न तूपनीतभानविशेषे शाब्दबोधे च पृथक् प्रतिबन्धकता गौरवात् । तथा च प्रतिबन्धकसत्त्वात् कथमनुमितिः ? नहि लौकिकसन्निकर्षस्थले प्रत्यक्षमिव सत्प्रतिपक्षस्थले संशयाकारानुमितिः प्रामाणिकी येनानुमितिभिन्नत्वेनाऽपि विशेषणीयम् । यत्र च कोटिद्वयव्याप्यवत्ताज्ञानं, तत्रोभयत्राऽप्रामाण्यज्ञानात् संशयः, नान्यथा, अगृहीताप्रामाण्यकस्यैव विरोधिज्ञानस्य प्रतिबन्धकत्वादिति ॥

## - વિવરણ -

'साध्याभावव्याप्यवान् पक्षः' ને સત્પ્રતિપક્ષ કહેવાય છે. આવી જ રીતે 'साध्यवदन्यत्वव्याप्यवान् पक्षः' વગેરેને પણ સત્-પ્રતિપક્ષ કહેવાય છે. અર્થાત્ साध्याभावव्याप्यवत्पक्षाद्यन्यतमत्व સ્વરૂપ સત્પ્રતિપક્ષ છે. 'शब्दो नित्यः श्रावणत्वात्' 'शब्दोऽनित्यः कृतकत्वात्' અહીં સાધ્યાભાવનિત્યત્વાભાવવ્યાપ્યકૃતકત્વવાન્ શબ્દ હોવાથી શ્રાવણત્વહેતુ સત્પ્રતિપક્ષિત છે.

જેમાં અપ્રામાણ્યનો ગ્રહ થયો નથી એવી જે સાધ્ય-વ્યાપ્યવત્ત્વવિષયક ઉપસ્થિતિ, તેના કાલમાં થયેલી; અને જેમાં અપ્રામાણ્યનો ગ્રહ થયો નથી એવી જે, સાધ્યા-ભાવવ્યાપ્યવત્ત્વવિષયક ઉપસ્થિતિ, તે ઉપસ્થિતિના વિષયને પ્રાચીનો સત્પ્રતિપક્ષ કહે છે. 'शब्दो नित्यः श्रावणत्वात्', 'शब्दोऽनित्यः कृतकत्वात्' અહીં 'नित्यत्वव्याप्यश्रावणत्ववान् शब्दः' ઇત્યાકારક ઉપસ્થિતિમાં 'इदं मम ज्ञानमप्रमाणम्' ઇત્યાકારક અપ્રામાણ્યનો ગ્રહ જ્યાં સુધી થયો નથી, ત્યાં સુધી તાદૃશોપસ્થિતિકાલીન અગૃહીતાપ્રામાણ્યક જે 'नित्यत्वाभाव-व्याप्यकृतकत्ववान् शब्दः' ઇત્યાકારક ઉપસ્થિતિ, તેના વિષયભૂતહેતુને સત્પ્રતિપક્ષ કહેવાય છે. અહીં પરસ્પર નિત્યત્વ અને અનિત્યત્વના અભાવના વ્યાપ્યનું પક્ષમાં જ્ઞાન

થવાથી પરસ્પર નિત્યત્વ અને અનિત્યત્વવિષયકઅનુમિતિનો પ્રતિબંધ થાય છે. માત્ર ''अगृहीताप्रामाण्यकसाध्याभावव्याप्यवत्त्वोपस्थिति''ના વિષયને સત્પ્રતિપક્ષ કહીએ તો જ્યાં 'नित्यत्वव्याप्यश्रावणत्ववान् शब्दः' ઈત્યાકારક ઉપસ્થિતિ નથી ત્યાં પણ 'अनित्यत्वव्याप्यकृतकत्ववान् शब्दः' ઈત્યાકારક ઉપસ્થિતીયવિષયકૃતકત્વ હેતુમાં સત્પ્રતિપક્ષત્વના વ્યવહારનો પ્રસંગ આવશે. તેથી તેના નિવારણ માટે 'अगृहीताप्रामाण्यकसाध्यव्याप्यवत्त्वोपस्थितिकालीन' આ પ્રમાણેના 'कालीनान्त' પદનો નિવેશ કર્યો છે. તેથી शब्दोऽनित्यः कृतकत्वात् અહીં તાદશોપસ્થિતિનો અભાવ હોવાથી 'अनित्यत्वव्याप्यकृतकत्ववान् शब्दः' ઈત્યાકારકોપસ્થિતિવિષયકૃતકત્વમાં સત્પ્રતિપક્ષત્વના વ્યવહારનો પ્રસંગ નહીં આવે. 'नित्यत्वव्याप्यश्रावणत्ववान् शब्दः' ઈત્યાકારકોપસ્થિતિકાલમાં પણ 'इदं मम ज्ञानमप्रमाणम्' ઈત્યાકારક અપ્રામાણ્યનો ગ્રહ, જ્યારે તે ઉપસ્થિતિમાં થાય છે, ત્યારે તાદશ ગૃહીતાપ્રામાણ્યક સાધ્યવ્યાપ્યવત્ત્વોપસ્થિતિકાલીન 'अनित्यत्वव्याप्यकृतकत्ववान् शब्दः' ઈત્યાકારકોપસ્થિતિવિષયકૃતકત્વમાં સત્પ્રતિપક્ષત્વનો વ્યવહાર થતો નથી. તેથી તાદશ વ્યવહારના પ્રસંગનું નિવારણ કરવા 'साध्यव्याप्यवत्त्वोपस्थिति'નું 'अगृहीताप्रामाण्यक' આ વિશેષણ છે. આવી જ રીતે તાદશાગૃહીતાપ્રામાણ્યકસાધ્યવ્યાપ્યવત્ત્વોપસ્થિતિકાલીન સાધ્યાભાવવ્યાપ્યવત્ત્વોપસ્થિતિમાં જ્યારે ઉપર જણાવ્યા મુજબ અપ્રામાણ્યનો ગ્રહ થાય છે, ત્યારે પણ તાદશોપસ્થિતિવિષયકૃતકત્વાદિમાં સત્પ્રતિપક્ષત્વનો વ્યવહાર થતો નથી. તેથી તાદશ વ્યવહારના પ્રસંગનું નિવારણ કરવા 'साध्याभावव्याप्यवत्त्वोपस्थिति' નું પણ 'अगृहीताप्रामाण्यक' આ વિશેષણ છે - અન્યથા તાદશ વિશેષણના અનુપાદાનમાં સત્પ્રતિપક્ષત્વના વ્યવહારનો પ્રસઙ્ગ આવશે.

'तद्वत्ताबुद्धि'ની પ્રત્યે 'तदभाववत्ताबुद्धि' પ્રતિબંધક છે. પરન્તુ 'तदभावव्याप्यवत्ताबुद्धि' પ્રતિબંધક નથી. આવી માન્યતાને ધરનારાના મતે સત્પ્રતિપક્ષમાં અનુમિતિપ્રતિબન્ધકત્વ સ્વરૂપ દૂષકતાબીજ નથી, પરન્તુ સંશયજનકત્વ સ્વરૂપ જ દૂષકતાબીજ છે. એ વસ્તુને જણાવવાપૂર્વક તે મતનું નિરાકરણ કરવા કહે છે - अत्र केचिद्... ઈત્યાદિ - આશય એ છે કે, જેમ ઘટાભાવવ્યાપ્યવત્તાનું ભૂતલાદિમાં જ્ઞાન હોવા છતાં ઘટની સાથે ચક્ષુનો સંયોગ હોય તો ઘટવત્તાનું જ્ઞાન થાય છે. તેમજ જેમ શંખમાં પીતત્વાભાવવ્યાપ્યશંખત્વવત્તાનું જ્ઞાન હોવા છતાં પિત્તાદિદોષના કારણે 'शङ्खः पीतः' ઈત્યાકારક બુદ્ધિ થાય છે. આવી જ રીતે કોટિદ્વય (સ્થાણુત્વ-સ્થાણુત્વાભાવ, પુરુષત્વપુરુષત્વાભાવાદિ)ના વ્યાપ્યનું દર્શન હોવા છતાં જેમ કોટિદ્વયનો, પ્રત્યક્ષ સ્વરૂપ સંશય થાય છે, તેવી રીતે સત્પ્રતિપક્ષસ્થલે સાધ્યવ્યાપ્યવત્તા અને સાધ્યાભાવવ્યાપ્યવત્તાનું જ્ઞાન હોવા છતાં સંશયસ્વરૂપ અનુમિતિ થાય છે જ. જ્યાં એકકોટિકવ્યાપ્યદર્શન (સ્થાણુત્વાદિના વ્યાપ્યનું દર્શન) છે, ત્યાં તેના અધિકબલના કારણે દ્વિતીયકોટિ (પુરુષત્વાદિ) ભાનનો પ્રતિબંધ થવાથી સંશય થતો નથી. નિશ્ચયાદિસ્વરૂપ ફલના બલથી એના કારણાદિમાં અધિકબલ કે સમબલની કલ્પના કરવામાં આવે છે- આ પ્રમાણે કેટલાક કહે છે. પરન્તુ એ બરાબર નથી. કારણ કે તદભાવવ્યાપ્યવત્તાનું જ્ઞાન હોય ત્યારે તદ્નું ઉપનીતભાનવિશેષ તેમ જ શાબ્દબોધાદિ થતાં ન હોવાથી લૌકિકસન્નિકર્ષથી અજન્ય અને દોષવિશેષથી અજન્ય એવા જ્ઞાનમાત્રની પ્રત્યે તદભાવવ્યાપ્યવત્તાજ્ઞાનને પ્રતિબંધક માનવામાં લાઘવ છે. તદભાવવ્યાપ્યવત્તાના જ્ઞાનને; ઉપનીતભાન (અલૌકિકપ્રત્યક્ષ) વિશેષની પ્રત્યે અને શાબ્દબોધાદિની પ્રત્યે પૃથક્ પૃથક્ પ્રતિબંધક માનવામાં ગૌરવ છે. આશય એ છે કે જે લોકો

તદ્વત્તાબુદ્ધિની પ્રત્યે તદભાવવ્યાપ્યવત્તાબુદ્ધિને પ્રતિબંધક નથી માનતાં તેઓને તદભાવવ્યાપ્યવત્તાબુદ્ધિ હોય ત્યારે તદુપનીતભાન તેમ જ તદ્વિષયકશાબ્દબોધાદિ થતા ન હોવાથી તદુપનીતભાનાદિની પ્રત્યે તદભાવવ્યાપ્યવત્તાની બુદ્ધિને પૃથક્ પૃથક્ પ્રતિબંધક માનવાનું આવશ્યક છે. તેની અપેક્ષાએ ઉપર જણાવ્યા મુજબ લૌકિકસન્નિકર્ષાજન્ય અને દોષવિશેષાજન્યજ્ઞાનમાત્રની પ્રત્યે તદભાવવ્યાપ્યવત્તા-બુદ્ધિને પ્રતિબંધક માનવાથી એક જ પ્રતિબધ્યપ્રતિબંધકભાવ માનવામાં લાઘવ છે. આ રીતે પ્રતિબધ્યપ્રતિબંધકભાવની વિવક્ષાથી ઘટાભાવવ્યાપ્યવત્તાનું જ્ઞાન હોય ત્યારે લૌકિકસન્નિકર્ષથી તદ્વત્તાનું જ્ઞાન થવામાં કોઈ પણ અવરોધ નથી. 'તેમજ પિત્તાદિદોષના કારણે તદભાવ' (પીતત્વાદ્ય-ભાવ) વ્યાપ્યવત્તાનું જ્ઞાન હોવા છતાં 'शंखः पीतः' ઈત્યાકારક બુદ્ધિ પણ થઈ શકે છે. કારણ કે એ બન્ને જ્ઞાન અનુક્રમે લૌકિકસન્નિકર્ષ અને પિત્તાદિદોષથી જન્ય હોવાથી પ્રતિ-બધ્યતાવચ્છેદકાક્રાન્ત નથી. જ્યારે ઉપનીતભાન અને શાબ્દ-બોધાદિ તાદશપ્રતિબધ્યતાવચ્છેદકાક્રાન્ત હોવાથી તદ-ભાવવ્યાપ્યવત્તાનું જ્ઞાન હોય ત્યારે થતાં નથી. ઉપર જણાવ્યા મુજબ સત્પ્રતિપક્ષસ્થળે તદભાવવ્યાપ્યવત્તાનું જ્ઞાન હોવાથી; લૌકિકસન્નિકર્ષાજન્ય અને દોષવિશેષથી અજન્ય એવી અનુ-મિતિ સ્વરૂપ જ્ઞાન કેવી રીતે થઈ શકે ? અર્થાદ્ અશક્ય છે. કારણ કે તે, તાદશજ્ઞાનમાત્રાન્તઃપાતી છે. યદ્યપિ 'लौकिक-सन्निकर्षाजन्यदोषविशेषाजन्यज्ञानमात्र' અહીં અનુમિતિ-ભિન્નજ્ઞાનની વિવક્ષા કરીએ તો સત્પ્રતિપક્ષસ્થળે પરસ્પર તદભાવવ્યાપ્યવત્તાનું જ્ઞાન હોય તો પણ અનુમિતિનો પ્રતિબંધ નહીં થાય. પરન્તુ લૌકિકસન્નિકર્ષસ્થળે જેવી રીતે તદભાવ-વ્યાપ્યવત્તાનું જ્ઞાન હોવા છતાં તદ્વત્તાનું જ્ઞાન પ્રામાણિક મનાય છે, તેવી રીતે સત્પ્રતિપક્ષસ્થળે પરસ્પર તદભાવ-

વ્યાપ્યવત્તાનું જ્ઞાન હોવા છતાં સંશયાકારાનુમિતિ પ્રામાણિક નથી મનાતી. તેથી તાદૃશાનુમિતિના પ્રતિબંધનું નિવારણ કરવા પ્રતિબધ્યતાવચ્છેદકકોટિમાં 'अनुमितिभिन्नत्व' આ, જ્ઞાનનું વિશેષણ આપવાની આવશ્યકતા નથી. સત્પ્રતિપક્ષ સ્થળે સંશયાકાર પણ અનુમિતિ ન થાય એ ઈષ્ટ હોવાથી તેનો પ્રતિબંધ થાય એ ઈષ્ટ જ છે. ''આ રીતે તદભાવવ્યાપ્યવત્તા-જ્ઞાન લૌકિકસન્નિકર્ષાજન્યદોષવિશેષાજન્યજ્ઞાનમાત્રની પ્રત્યે પ્રતિબંધક હોય તો કોટિદ્વયવ્યાપ્યવત્તાના નિશ્ચયથી પ્રત્યક્ષા-ત્મકસંશયરૂપ જ્ઞાન નહીં થાય.'' આ પ્રમાણેની શંકાનું સમા-ધાન કરે છે. यत्र च... ઈત્યાદિગ્રંથથી. અર્થાદ્ જ્યાં કોટિદ્વયની વ્યાપ્યવત્તાના જ્ઞાનમાં અપ્રામાણ્યનો ગ્રહ થાય છે, ત્યાં જ સંશય થાય છે. પરન્તુ જ્યાં તાદૃશ અપ્રામાણ્યગ્રહ નથી ત્યાં સંશય થતો નથી. પ્રતિબંધકીભૂત વિરોધિજ્ઞાન અગૃહીતા-પ્રામાણ્યક હોય તો જ તે તદ્વત્તાબુદ્ધિનું પ્રતિબંધક હોય છે. તે સમજી શકાય એવું છે.

मुक्तावली ।

असिद्धिस्तु आश्रयासिद्ध्याद्यन्यतमत्वम् । आश्रयासिद्धिः पक्षे पक्षतावच्छेदकस्याभावः, यत्र काञ्चनमयः पर्वतो वह्निमानिति साध्यते, तत्र पर्वतो न काञ्चनमय इति ज्ञाने विद्यमाने काञ्चनमये पर्वते परा-मर्शप्रतिबन्धः फलम् ।

स्वरूपासिद्धिस्तु पक्षे व्याप्यत्वाभिमतस्याभावः । तत्र च ह्रदो द्रव्यं, धूमादित्यादौ पक्षे व्याप्यत्वाभिमतस्य हेतोरभावे ज्ञाते पक्षे साध्यव्याप्यहेतुमत्ताज्ञानरूपस्य परामर्शस्य प्रतिबन्धः फलम् । साध्या-प्रसिद्ध्यादयस्तु व्याप्यत्वासिद्धिमध्येऽन्तर्भूताः । साध्ये साध्यता-वच्छेदकस्याऽभावः साध्याप्रसिद्धिः, एतज्ज्ञाने जाते काञ्चनमयवह्निमानित्यादौ साध्यतावच्छेदकविशिष्टसाध्यव्याप्यवत्ता-ज्ञानरूपपरामर्शप्रतिबन्धः फलम् । एवं हेतौ हेतुतावच्छेदकाभावः साधनाप्रसिद्धिः, यथा काञ्चनमयधूमादित्यादौ, अत्र हेतुता-

वच्छेदकविशिष्टहेतुज्ञानाभावात् तद्घेतुकव्याप्तिज्ञानादेरभावः फलम् । एवं वह्निमान् नीलधूमादित्यादौ गुरुतया नीलधूमत्वस्य हेतुतानवच्छेदकत्वमपि व्याप्यत्वासिद्धिरित्यपि वदन्ति ।

## - વિવરણ -

હવે અસિદ્ધહેતુનું નિરૂપણ કરે છે - असिद्धिस्तु ઇત્યાદિ ગ્રંથથી. આશ્રયાસિદ્ધિ વ્યાપ્યત્વાસિદ્ધિ અને સ્વરૂપાસિદ્ધિ એતદન્યતમત્વ અસિદ્ધિસામાન્યનું લક્ષણ છે. પક્ષમાં પક્ષતાવચ્છેદકના અભાવને; અર્થાદ્ 'पक्षतावच्छेदकाभाववत्पक्षः'ને આશ્રયાસિદ્ધિ કહેવાય છે. જ્યાં 'काञ्चनमयः पर्वतो वह्निमान्' આ પ્રમાણે ધૂમ હેતુથી વહ્નિની સિદ્ધિ કરાય છે, ત્યાં 'काञ्चनमयत्वविशिष्टपर्वतत्वाभाववत्पर्वतः' ઇત્યાકારક જ્ઞાન થવાથી 'वह्निव्याप्यधूमवान्काञ्चनमयपर्वतः' ઇત્યાકારક પરામર્શનો પ્રતિબંધ થાય છે.

પક્ષમાં વ્યાપ્યત્વાભિમતના અભાવને; અર્થાદ્ વ્યાપ્યત્વાભિમતના અભાવવત્પક્ષને સ્વરૂપાસિદ્ધિ કહેવાય છે. વ્યાપ્યત્વાભિમતના અભાવવત્પક્ષ સ્થળે 'ह्रदो द्रव्यम् धूमाद्' અહીં 'धूमाभाववद्ह्रदः' ઇત્યાકારક વ્યાપ્યત્વેન અભિમત ધૂમના અભાવવત્પક્ષનું જ્ઞાન થવાથી 'द्रव्यत्वव्याप्यधूमवान् ह्रदः' ઇત્યાકારક પરામર્શનો પ્રતિબંધ થાય છે. અહીં વ્યાપ્યત્વાભિમતના સ્થાને હેતુ પદનો નિવેશ શા માટે કર્યો નથી ? એ શંકાનું સમાધાન અન્યગ્રંથથી અથવા અધ્યાપક પાસેથી કરી લેવું.

સાધ્યાપ્રસિદ્ધિ અને સાધનાપ્રસિદ્ધિનો સમાવેશ વ્યાપ્યત્વાસિદ્ધિમાં કરી લેવો. કારણ કે ગ્રંથમાં વર્ણવેલી વ્યાપ્યત્વાસિદ્ધિ, વ્યાપ્તિની અસિદ્ધિ સ્વરૂપ હોવાથી વ્યાપ્તિજ્ઞાનપ્રતિબંધકતાવચ્છેદકત્વ સ્વરૂપ દૂષકતાનું બીજ, સાધ્યાપ્રસિદ્ધ્યાદિ સ્થળે એક જ છે. યદ્યપિ આ રીતે દૂષકતાબીજના ઐક્યના કારણે સાધ્યાપ્રસિદ્ધ્યાદિને અતિરિક્ત હેત્વાભાસ ન

માનતા તેનો વ્યાપ્યત્વાસિદ્ધિમાં સમાવેશ કરીએ તો, તે દૂષકતાબીજની એકતાના કારણે વ્યભિચારને પણ પૃથક્ હેત્વાભાસ નહીં માની શકાય. પરંતુ બાધ અને સત્પ્રતિ-પક્ષનો, જેવી રીતે દૂષકતાબીજ એક હોવા છતાં પૃથક્ હેત્વાભાસ તરીકે ઋષિઓએ વિભાગ કર્યો છે, એવી રીતે વ્યભિચાર અને વ્યાપ્યત્વાસિદ્ધિનો પણ પૃથગ્વિભાગ કર્યો છે. વિભાજક ધર્મ કોને બનાવવા એ વિભાજન કરનારની ઈચ્છાને આધીન છે. માત્ર તે ધર્મો પરસ્પર અસંકીર્ણ હોવા જોઈએ. અન્યથા વિભાગગ્રંથની અનુપપત્તિ થશે.

સાધ્યમાં સાધ્યતાવચ્છેદકાભાવને અર્થાદ્ साध्यता-वच्छेदकाभाववत्साध्यने 'સાધ્યાપ્રસિદ્ધિ' કહેવાય છે. साध्यता-वच्छेदकाभाववत्साध्यના જ્ઞાનથી 'पर्वतः काञ्चनमयवह्निमान्' ઈત્યાદિ સ્થળે 'साध्यतावच्छेदकविशिष्टसाध्यव्याप्यवत्ताज्ञान' સ્વરૂપ પરામર્શનો પ્રતિબંધ થાય છે. આવી જ રીતે હેતુમાં હેતુતાવચ્છેદકાભાવને અર્થાદ્ हेतुतावच्छेदकाभाववद्धेतु ને સાધનાપ્રસિદ્ધિ કહેવાય છે. જેમ 'पर्वतो वह्निमान् काञ्चन-मयधूमाद्' ઈત્યાદિસ્થળે. અહીં 'हेतुतावच्छेदकविशिष्टहेतुज्ञान' નો અભાવ હોવાથી તદ્ધેતુકવ્યાપ્તિજ્ઞાનાદિનો અભાવ થાય છે.

આવી રીતે 'वह्निमान् नीलधूमाद्' અહીં ધૂમત્વની અપેક્ષાએ નીલધૂમત્વ ગુરુભૂત હોવાથી તે હેતુતાવચ્છેદક નથી મનાતું. તેથી હેતુતાનવચ્છેદકત્વ અર્થાદ્ હેતુમાં, હેતુતાન-વચ્છેદકગુરુધર્મવત્ત્વ સ્વરૂપ વ્યાપ્યત્વાસિદ્ધિ છે. આવું પણ કેટલાક કહે છે. પરન્તુ એ યોગ્ય નથી. કારણ કે વહ્નિ-નિરૂપિતવ્યાપ્તિ ધૂમની જેમ જ નીલધૂમમાં પણ છે. નીલધૂમ, ધૂમથી અતિરિક્ત નથી. ઈત્યાદિ અસ્વારસ્ય ગ્રંથકારે 'वदन्ति' પદના પ્રયોગથી જણાવ્યું છે.

मुक्तावली ।

बाधस्तु पक्षे साध्याभावादिः, एतस्य त्वनुमितिप्रतिबन्धः

फलम् । तद्धर्मिकतदभावनिश्चयो लौकिकसन्निकर्षाजन्यदोषविशेषाजन्यतद्धर्मिकतज्ज्ञानमात्रे विरोधीति । न तु संशयसाधारणं पक्षे साध्यसंसृष्टत्वज्ञानमनुमितिकारणं तद्विरोधितया च बाधसत्प्रतिपक्षयोर्हेत्वाभासत्वमिति युक्तम् । अप्रसिद्धसाध्यकानुमित्यनापत्तेः, साध्यसंशयादिकं विनाऽप्यनुमित्युत्पत्तेश्च ।

एवं साध्याभावज्ञाने प्रमात्वज्ञानमपि न प्रतिबन्धकं, मानाभावात्, गौरवाच्च । अन्यथा सत्प्रतिपक्षादावपि तदभावव्याप्यवत्ताज्ञाने प्रमात्वविषयकत्वेन प्रतिबन्धकतापत्तेः । किन्तु भ्रमत्वज्ञानानास्कन्दितबाधबुद्धेः प्रतिबन्धकता, तत्र भ्रमत्वशङ्काविघटनेन प्रामाण्यज्ञानं क्वचिदुपयुज्यते ।

न च बाधस्थले पक्षे हेतुसत्त्वे व्यभिचारः, पक्षे हेत्वभावे स्वरूपासिद्धिरेव दोष इति वाच्यम् । बाधज्ञानस्य व्यभिचारज्ञानादेर्भेदात् । किञ्च यत्र परामर्शानन्तरं बाधबुद्धिः, तत्र व्यभिचारज्ञानादेरकिञ्चित्करत्वाद् बाधस्यानुमितिप्रतिबन्धकत्वं वाच्यम् । एवं यत्रोत्पत्तिक्षणावच्छिन्ने घटादौ गन्धव्याप्यपृथिवीत्ववत्ताज्ञानं तत्र बाधस्यैव प्रतिबन्धकत्वं वाच्यम् । न च पक्षे घटे गन्धसत्त्वात् कथं बाध इति वाच्यम् । पक्षतावच्छेदकदेशकालावच्छेदेनाऽनुमितेरनुभवसिद्धत्वादिति ।

बाधतद्व्याप्यभिन्ना ये हेत्वाभासाः, तद्व्याप्या अपि तन्मध्य एवान्तर्भवन्ति, अन्यथा हेत्वाभासाधिक्यप्रसङ्गात् । बाधव्याप्यसत्प्रतिपक्षो भिन्न एव स्वतन्त्रेच्छेन मुनिना पृथगुपदेशात् । सत्प्रतिपक्षव्याप्यस्तु न प्रतिबन्धक इति प्रघट्टकार्थः ॥७१॥

## - વિવરણ -

પક્ષમાં સાધ્યાભાવાદિને બાધ કહેવાય છે. અહીં 'आदि' પદથી 'પક્ષમાં સાધ્યવદન્યત્વ', 'પક્ષાવૃત્તિસાધ્ય' ઈત્યાદિ બાધના આકારોનો સંગ્રહ કરી લેવો. બાધજ્ઞાનનું ફળ, અનુમિતિનો પ્રતિબંધ છે. કારણ કે તદ્ધર્મિકતદભાવપ્રકારક-નિશ્ચય; લૌકિકસન્નિકર્ષથી અજન્ય અને દોષવિશેષથી અજન્ય

એવા તદ્ધર્મિકતત્પ્રકારકજ્ઞાનમાત્રની પ્રત્યે વિરોધિ-પ્રતિબંધક છે. અહીં 'तद्धर्मिकतदभावनिश्चय' પદ 'अनाहार्याप्रामाण्यज्ञानानास्कन्दिततद्धर्मिकतदभावनिश्चय' પરક છે. તેથી સ્પષ્ટ છે કે 'लौकिकसन्निकर्षाऽजन्यदोषविशेषाऽजन्यतद्धर्मिकतज्ज्ञानमात्रे अनाहार्याप्रामाण्यज्ञानानास्कन्दिततद्धर्मिकतदभावनिश्चयो विरोधी ।' અહીં પ્રતિબધ્યતાવચ્છેદક કોટિમાં 'लौकिकसन्निकर्षाजन्य' પદ નો નિવેશ ન કરીએ તો બાધબુદ્ધિના ઉત્તરક્ષણમાં લૌકિક-સન્નિકર્ષથી ('घटाभाववद्भूतलम्' ઈત્યાકારક બુદ્ધિની ઉત્તર-ક્ષણમાં ચક્ષુરાદિસંયોગથી) જે તદ્ધર્મિકતદ્વત્તાબુદ્ધિ થાય છે, તેનો પ્રતિબંધ થશે. તેના નિવારણ માટે પ્રતિબધ્યતા-વચ્છેદકકોટિમાં लौकिकसन्निकर्षाजन्य પદનું ઉપાદાન કર્યું છે. તેથી તાદશજ્ઞાન લૌકિકસન્નિકર્ષથી અજન્ય ન હોવાથી તેનો પ્રતિબંધ નહીં થાય. પ્રતિબધ્યતાવચ્છેદકકોટિમાં 'दोषविशेषाजन्य' પદનો નિવેશ ન કરીએ તો शङ्खो न पीतः ઈત્યાદ્યાકારક બુદ્ધિ હોવા છતાં પિત્તાદિદોષવિશેષથી 'शङ्खः पीतः' ઈત્યા-દ્યાકારક બુદ્ધિ થાય છે, ત્યાં તાદશ બાધબુદ્ધિમાં પ્રતિ-બંધકત્વ ન હોવાથી વ્યભિચાર આવશે. તેના નિવારણ માટે પ્રતિબધ્યતાવચ્છેદકકોટિમાં 'दोषविशेषाजन्य' પદનો નિવેશ કર્યો છે. તેથી તાદશ 'शङ्खः पीतः' ઈત્યાકારક બુદ્ધિ દોષ-વિશેષથી જન્ય હોવાથી તેમાં પ્રતિબધ્યતા ન હોવાથી તાદશ-બાધબુદ્ધિમાં પ્રતિબંધકત્વ ન હોય તો પણ વ્યભિચાર નહીં આવે. પ્રતિબંધકતાવચ્છેદકકોટિમાં 'अनाहार्य' પદનો નિવેશ ન કરીએ તો; 'वह्न्यभाववान् ह्रदः' ઈત્યાકારક બાધકાલમાં 'ह्रदे वह्निज्ञानं जायताम्' ઈત્યાકારક ઈચ્છાથી થતું જે 'वह्निमान् ह्रदः' ઈત્યાકારક જ્ઞાન છે તેને આહાર્યજ્ઞાન કહેવાય છે. આ આહાર્યજ્ઞાન કોઈપણ જ્ઞાનનું પ્રતિબંધક મનાતું નથી. પરન્તુ તેમાં પ્રતિબંધકત્વની આપત્તિ આવશે. તેના નિવારણ માટે 'अनाहार्य' પદનો ઉપર જણાવ્યા મુજબ પ્રયોગ કર્યો છે. આવી

જ રીતે 'ह्रदो वह्न्यभाववान् इति ज्ञानमप्रमाणम्' ઇત્યાકારક અપ્રામાણ્યજ્ઞાનથી આસ્કન્દિત જ્ઞાન; ('ह्रदो वह्न्यभाववान्' ઇત્યાકારક જ્ઞાન) 'ह्रदो वह्निमान्' ઇત્યાકારક જ્ઞાનની પ્રત્યે પ્રતિબંધક થતું નથી. પરન્તુ પ્રતિબંધકતાવચ્છેદકકોટિમાં 'अप्रामाण्य' પદનો નિવેશ ન કરીએ તો તેમાં પ્રતિબન્ધકત્વની આપત્તિ આવશે. તેના નિવારણ માટે ઉપર જણાવ્યા મુજબ 'अप्रामाण्य' પદનો નિવેશ કર્યો છે. આ રીતે પ્રતિબધ્યતાવચ્છેદકકોટિમાં 'विशेष' પદના નિવેશનું પ્રયોજન પણ સ્વયં સમજી લેવું અથવા અધ્યાપક દ્વારા જાણી લેવું. કારણ કે दोषसामान्याजन्यत्व નો નિવેશ કરીએ તો ભ્રમમાત્રમાં બાધનિરૂપિતપ્રતિબધ્યતાના અભાવની આપત્તિ આવશે. એ સમજી ન શકાય એવી વાત નથી.

''આગમપ્રમાણથી આત્માનો જેને નિશ્ચય થયો છે, એવી વ્યક્તિને સિષાધયિષાના કારણે નિશ્ચિતઆત્માદિની અનુમિતિ થાય છે. તેથી સંશય અને નિશ્ચયસાધારણ 'पर्वतः संयोगेन वह्निमान् न वा' ઇત્યાદ્યાકારક સંશયાત્મક, તેમજ સિષાધયિષાકાલીન 'पर्वतः संयोगेन वह्निमान्' ઇત્યાદ્યાકારક નિશ્ચયાત્મક સાધ્યસંસર્ગજ્ઞાન, સાધ્યસંસર્ગજ્ઞાનત્વેન અનુમિતિની પ્રત્યે કારણ છે. 'આ રીતે માનવાથી બાધનિશ્ચયકાલમાં તાદૃશસંસર્ગજ્ઞાન ન હોવાથી જ અનુમિતિની અનુત્પત્તિ શક્ય હોવાથી બાધમાં હેત્વાભાસત્વ અનુપપન્ન થશે', એ પ્રમાણે નહીં કહેવું જોઇએ. કારણ કે અનુમિતિના કારણભૂત તાદૃશ સાધ્યસંસર્ગના જ્ઞાનના વિરોધિ હોવાથી બાધ અને સત્પ્રતિપક્ષમાં હેત્વાભાસત્વ મનાય છે.'' આ પ્રમાણેના મતનું નિરાકરણ કરે છે-न तु... ઇત્યાદિગ્રંથથી.- અહીં 'न तु' નો અન્વય આગળ 'युक्तम्'ની સાથે કરવાનો છે. તે મતની અયુક્તતામાં હેતુ જણાવે છે - अप्रसिद्ध... ઇત્યાદિ ગ્રંથથી. આશય એ છે કે ઉપર જણાવ્યા મુજબ જો તાદૃશ

સાધ્યસંસર્ગજ્ઞાનને અનુમિતિની પ્રત્યે કારણ માનીએ તો; અપ્રસિદ્ધસાધ્યક અર્થાદ્ અનુમિતિની પૂર્વે ક્યારે પણ જેનું જ્ઞાન થયું નથી એવું સાધ્ય છે વિધેય જેમાં એવી અનુમિતિ નહીં થાય અને તેથી 'पृथ्वी स्वेतरभिन्ना गन्धवत्त्वाद्' અહીં પૃથ્વી-તરભેદાત્મક પૂર્વાગૃહીતસાધ્યકાનુમિતિ અપ્રસિદ્ધ થશે. અપ્રસિદ્ધસાધ્યકાનુમિતિ કોઈ પણ સ્થળે થતી ન હોવાથી ઉપર્યુક્ત આપત્તિ, આપત્તિ નથી. એમ જાણીને પૂર્વોક્ત મતની અયુક્તતામાં હેત્વન્તર જણાવે છે. 'साध्यसंशयादिकं... ઈત્યાદિ ગ્રંથથી. गगनं मेघवद् અહીં અનુમિતિની પૂર્વે સાધ્યનો સંશય કે નિશ્ચય ન હોવા છતાં અનુમિતિની ઉત્પત્તિ થતી હોવાથી તાદશસાધ્યસંસર્ગજ્ઞાનને અનુમિતિની પ્રત્યે કારણ માની શકાશે નહીં. અને તેથી તેના વિરોધિ તરીકે બાધાદિમાં હેત્વાભાસત્વ માનવાનું યુક્ત નથી.

બાધજ્ઞાનમાં અર્થાદ્ પક્ષવિશેષ્યકસાધ્યાભાવજ્ઞાનમાં 'इदं ज्ञानम् प्रमा' ઈત્યાકારક પ્રમાત્વનું જ્ઞાન થવાથી તાદશ પ્રમાત્વ-જ્ઞાન અનુમિતિની પ્રત્યે પ્રતિબંધક છે. અને તેનો અભાવ અનુમિતિની પ્રત્યે કારણ છે. આ પ્રમાણેના પ્રાચીનમતમાં દોષ જણાવે છે - एवं साध्याभावज्ञाने... ઈત્યાદિ ગ્રંથથી - આશય એ છે કે અનુમિતિની પ્રત્યે ઉપર જણાવ્યા મુજબ સાધ્યાભાવના જ્ઞાનમાં પ્રમાત્વના જ્ઞાનને પ્રતિબંધક માનવામાં કોઈ પ્રમાણ નથી. કારણ કે તાદશજ્ઞાન સાધ્યાભાવાવગાહિ ન હોવાથી તેને અનુમિતિની પ્રત્યે પ્રતિબંધક નહીં માની શકાય. યદ્યપિ સાધ્યાભાવનું જ્ઞાન હોવા છતાં ત્યાં અપ્રા-માણ્યનું જ્ઞાન હોય તો અનુમિતિનો પ્રતિબંધ થતો નથી. પરંતુ અનુમિતિની ઉત્પત્તિ થાય છે. જ્યારે એવા સ્થળે પ્રાચીનોના મતે અનુમિતિની પ્રત્યે કારણભૂત તાદશ પ્રમાત્વજ્ઞાનાભાવ હોવાથી ત્યાં અનુમિતિની ઉત્પત્તિ થાય છે. સિદ્ધાન્તિના મતે તેની અનુપપત્તિ થશે. 'પ્રમાત્વજ્ઞાનમાં પ્રતિબંધકત્વ

માનવામાં કોઈ પ્રમાણ નથી.' એ કહેવું યોગ્ય નથી. પરંતુ તાદશ પ્રમાત્વજ્ઞાનત્વેન પ્રતિબંધકત્વ માનવામાં ગૌરવ છે. ઉપર જણાવેલા સ્થળે અનુમિતિની ઉપપત્તિ માટે પ્રતિબંધક-તાવચ્છેદકકોટિમાં સંશયનિશ્ચયસાધારણ અપ્રામાણ્યજ્ઞાના-ભાવનો નિવેશ કરવાથી તે સ્થળે અપ્રામાણ્યનો ગ્રહ હોવાથી અનુમિતિનો પ્રતિબંધ નથી થતો. પ્રતિબંધકતાવચ્છેદકકોટિમાં સંશયનિશ્ચયસાધારણ અપ્રામાણ્યજ્ઞાનાભાવના નિવેશની અપેક્ષાએ, પ્રાચીનોએ સ્વીકારેલ 'पक्षविशेष्यकसाध्याभाव-ज्ञानप्रमात्वज्ञानत्वेन' પ્રતિબંધકત્વમાં ગૌરવ સ્પષ્ટ છે. યદ્યપિ અપ્રામાણ્યગ્રહાભાવનો ઉપર જણાવ્યાં મુજબ પ્રતિબંધકતા-વચ્છેદકકોટિમાં નિવેશ કરીએ તો પણ ત્યાં પ્રતિયોગિરૂપે પ્રામાણ્યપ્રમાત્વગ્રહ પ્રથમોપસ્થિત હોવાથી તાદશ પ્રમાત્વ-જ્ઞાનત્વેન પ્રતિબંધકત્વ માનવામાં ગૌરવ નથી. તેથી લાઘવથી તાદશ પ્રમાત્વજ્ઞાનત્વેન પ્રતિબંધકતા માનવી જોઈએ. પરંતુ આવું કરવાથી સત્પ્રતિપક્ષાદિ સ્થળે પણ પ્રમાત્વવિષયકત્વેન પ્રતિબંધકત્વ માનવાનો પ્રસંગ આવશે. 'साध्याभावज्ञान-प्रमात्वज्ञाने सति अनुमितिप्रतिबन्धस्तदभावे (तादृशज्ञानाभावे) तु न આ પ્રમાણેના અન્વયવ્યતિરેકથી તાદશ પ્રમાત્વજ્ઞાનમાં અનુ-મિતિપ્રતિબંધકતા માનવી જોઈએ,' આ પ્રમાણે નહીં કહેવું જોઈએ. કારણ કે તાદશ પ્રમાત્વજ્ઞાનમાં અનુમિતિનિરૂપિત-સાક્ષાત્પ્રતિબંધકીભૂતજ્ઞાનવિષયત્વ ન હોવાથી તેમાં હેત્વાભાસત્વ નથી. પરંતુ 'भ्रमत्वज्ञानानास्कन्दितबाधबुद्धि' માં પ્રતિબંધકતા છે. ત્યાં કોઈ વખત સાધ્યાભાવજ્ઞાનમાં ભ્રમત્વ ની શંકાનું નિવારણ કરવા દ્વારા પ્રામાણ્યનું જ્ઞાન ઉપયોગી બને છે. એ સમજી શકાય છે.

''બાધસ્થલે પક્ષમાં જો હેતુ હોય, તો સાધ્યાભાવવદ્‌માં તે વૃત્તિ હોવાથી વ્યભિચારદોષથી યુક્ત હેતુ છે. અને પક્ષમાં જો હેતુ ન હોય, તો તે હેતુ સ્વરૂપાસિદ્ધ છે. ઉભયથા પણ

બાધને દોષ માનવાની આવશ્યકતા નથી.'' આ પ્રમાણે નહિ કહેવું જોઈએ. કારણ કે બાધજ્ઞાન, વ્યભિચારજ્ઞાનાદિથી ભિન્ન છે. બાધજ્ઞાનસ્થલે વ્યભિચાર કે સ્વરૂપાસિદ્ધત્વ હોય તો પણ બાધજ્ઞાન વ્યભિચારાદિવિષયક ન હોવાથી બાધ સ્વતંત્ર હેત્વાભાસ છે.

યદ્યપિ 'अयोगोलकं धूमवद् वह्नेः' ઈત્યાદિ સ્થળે ધૂમ-નિરૂપિતવહ્નિનિષ્ઠવ્યાપ્તિનો નિશ્ચય હોય તો પણ લૌકિક-સન્નિકર્ષથી વ્યભિચારવિષયક (वह्निधर्मिकधूमाभाववदयो-गोलकवृत्तित्वरूपव्यभिचारविषयक) પ્રત્યક્ષ થઈ શકે છે. તેથી બાધબુદ્ધિ પણ વ્યભિચારાદિવિષયક હોવાથી બાધને હેત્વાભાસાન્તર માનવાની આવશ્યકતા નથી. પરંતુ જ્યાં પરામર્શ પછી બાધબુદ્ધિ થાય છે, ત્યાં વ્યભિચાર-વિષયકજ્ઞાન અકિંચિત્કર છે. કારણ કે વ્યભિચારજ્ઞાન અનુ-મિતિની પ્રત્યે સાક્ષાત્ પ્રતિબંધક નથી. પરામર્શના પ્રતિબંધ દ્વારા અનુમિતિની પ્રત્યે પ્રતિબંધક બને છે. પરામર્શની પછી થયેલું વ્યભિચારજ્ઞાન અનુમિતિની પ્રત્યે અકિંચિત્કર છે. આવા સ્થળે બાધબુદ્ધિ જ અનુમિતિની પ્રત્યે પ્રતિબંધક બને છે. આ વાત તો વ્યભિચાર સંકીર્ણ બાધસ્થળની થઈ. વ્યભિચારથી અસંકીર્ણ પણ બાધસ્થળને બતાવે છે - एवं यत्रोत्पत्ति... ઈત્યાદિ ગ્રંથથી. 'उत्पत्तिकालावच्छिन्नघटो गन्धवान् पृथ्वीत्वाद्' અહીં ઉત્પત્તિકાલાવચ્છિન્નઘટમાં ગન્ધવ્યાપ્ય-પૃથ્વીત્વવત્તાનું જ્ઞાન છે, ત્યાં બાધજ્ઞાનમાં જ પ્રતિબંધકતા માનવી જોઈએ. કારણ કે પક્ષમાં હેતુ હોવાથી સ્વરૂપાસિદ્ધિ નથી. અને ઉત્પત્તિકાલાવચ્છિન્નઘટમાં ગંધ ન હોવા છતાં તદ્-ભિન્નકાલાવચ્છિન્નઘટમાં ગંધ હોવાથી પ્રતિયોગિવ્યધિ-કરણસાધ્યાભાવવદ્વૃત્તિત્વરૂપ વ્યભિચાર પણ નથી. યદ્યપિ પક્ષઘટમાં (દ્વિતીયાદિક્ષણાવચ્છિન્નઘટમાં) ગંધ હોવાથી બાધનો પણ સંભવ નથી. પરન્તુ પક્ષતાવચ્છેદક દેશ અને

કાલાવચ્છેદેન અનુમિતિ, અનુભવસિદ્ધ હોવાથી બાધજ્ઞાનમાં પણ તદ્દેશ અને કાલાવચ્છેદેન જ પ્રતિબંધકતા મનાય છે. ઉત્પત્તિકાલાવચ્છેદેન ગંધ ન હોવાથી પ્રકૃતસ્થળે બાધ છે જ. બાધઘટક સાધ્યાભાવમાં પ્રતિયોગિવૈયધિકરણ્યના નિવેશનું કોઈ પ્રયોજન નથી. એ સ્વયં વિચારવું.

'આ રીતે બાધાદિજ્ઞાનની જેમ જ વ્યભિચારાદિના વ્યાપ્ય સાધારણાદિજ્ઞાનમાં પણ અનુમિતિતત્કરણાન્યતરનિષ્ઠપ્રતિબધ્યતાનિરૂપિતપ્રતિબંધકતા હોવાથી તેને પણ (વ્યભિચારાદિવ્યાપ્યને પણ) હેત્વાભાસાન્તર માનવા જોઈએ.' આ શંકાનું સમાધાન કરતા કહે છે - बाधतद्व्याप्य-भिन्ना... ઈત્યાદિ ગ્રંથથી - આશય એ છે કે બાધ અને તદ્-વ્યાપ્યસત્પ્રતિપક્ષથી ભિન્ન જે વ્યભિચારાદિ હેત્વાભાસો છે, તેના વ્યાપ્ય સાધારણાદિનો વ્યભિચારાદિમાં જ સમાવેશ કર્યો છે. તેથી હેત્વાભાસોની અધિકતા નથી. અન્યથા હેત્વા-ભાસોના પઞ્ચાધિક્યનો પ્રસંગ આવત. યદ્યપિ બાધમાં જ તેના વ્યાપ્ય સત્પ્રતિપક્ષનો પણ સમાવેશ શક્ય હોવાથી પઞ્ચહેત્વાભાસની ન્યૂનતા થાય છે. પરન્તુ સ્વતન્ત્રેચ્છમુનિએ બાધ અને સત્પ્રતિપક્ષનો જુદો જુદો ઉપદેશ કર્યો હોવાથી બાધ અને સત્પ્રતિપક્ષ ભિન્ન જ છે. તેથી ન્યૂનતાનો પ્રસંગ નહીં આવે. ''બાધ અને તદ્વ્યાપ્યભિન્ના અહીં 'तद्व्याप्य' પદનો નિવેશ યોગ્ય નથી. કારણ કે 'तद्व्याप्य' પદના નિવેશથી એ અર્થની પ્રતીતિ થાય છે કે તદ્વ્યાપ્યભિન્નવ્યભિચારાદિના વ્યાપ્યોનો સમાવેશ વ્યભિચારાદિમાં થાય છે. અને તદ્વ્યાપ્યના વ્યાપ્યનો સમાવેશ તદ્વ્યાપ્યમાં થતો નથી. પરન્તુ આ અર્થ મુજબ, સત્પ્રતિપક્ષના વ્યાપ્યનો સમાવેશ, સત્પ્રતિપક્ષમાં ન કરીએ તો હેત્વાભાસની અધિકતાનો પ્રસંગ આવશે. તેથી તેના નિવારણ માટે તદ્વ્યાપ્યના વ્યાપ્યનો સમાવેશ પણ તદ્વ્યાપ્યમાં કરવો જોઈએ. જે 'तद्व्याप्य'

પદના ઉપાદાનથી શક્ય નથી.'' આ પ્રમાણે નહીં કહેવું જોઈએ. કારણ કે સત્પ્રતિપક્ષવ્યાપ્ય અનુમિત્યાદિનો પ્રતિબંધક જ ન હોવાથી તેનો સમાવેશ કરવાનો પ્રસંગ જ નથી. સાધ્યવત્તાજ્ઞાનની પ્રત્યે સાધ્યાભાવવ્યાપ્યવત્તાબુદ્ધિ પ્રતિબંધક છે. પરન્તુ સાધ્યાભાવવ્યાપ્યવ્યાપ્યવત્તાબુદ્ધિ પ્રતિબંધક છે, એમાં કોઈ પ્રમાણ નથી. આ પ્રમાણે હેત્વાભાસપ્રકરણનો સમુદિત અર્થ છે. ॥૭૧॥

## कारिकावली ।

**आद्यः साधारणस्तु स्यादसाधारणकोऽपरः ।**
**तथैवाऽनुपसंहारी त्रिधाऽनैकान्तिको भवेत् ॥७२॥**
**यः सपक्षे विपक्षे च भवेत्साधारणस्तु सः ।**
**यस्तूभयस्माद्व्यावृत्तः सत्वसाधारणो मतः ॥७३॥**
**तथैवाऽनुपसंहारी केवलान्वयिपक्षकः ।**
**यः साध्यवति नैवाऽस्ति स विरुद्ध उदाहृतः ॥७४॥**
**आश्रयासिद्धिराद्या स्यात् स्वरूपासिद्धिरप्यथ ।**
**व्याप्यत्वासिद्धिरपरा स्यादसिद्धिरतस्त्रिधा ॥७५॥**
**पक्षासिद्धि र्यत्र पक्षो भवेन्मणिमयो गिरिः ।**
**ह्रदो द्रव्यं धूमवत्त्वादत्राऽसिद्धिरथाऽपरा ॥७६॥**
**व्याप्यत्वासिद्धिरपरा नीलधूमादिके भवेत् ।**
**विरुद्धयोः परामर्शे हेत्वोः सत्प्रतिपक्षता ॥७७॥**
**साध्यशून्यो यत्र पक्षस्त्वसौ बाध उदाहृतः ।**
**उत्पत्तिकालीनघटे गन्धादि र्यत्र साध्यते ॥७८॥**

### मुक्तावली ।

यः सपक्ष इति । सपक्ष-विपक्ष-वृत्तिः साधारण इत्यर्थः । सपक्षः निश्चितसाध्यवान् । विपक्षः- साध्यवद्भिन्नः । विरुद्धवारणाय सपक्षवृत्तित्वमुक्तम् । वस्तुतो विपक्षवृत्तित्वमेव वाच्यं विरुद्धस्य

साधारणत्वेऽपि दूषकताबीजस्य भिन्नतया तस्य पार्थक्यात् ।

यस्तूभयस्मादिति । सपक्षविपक्षव्यावृत्त इत्यर्थः । सपक्षः- साध्यवत्तया निश्चितः । विपक्षः- साध्यशून्यतया निश्चितः । शब्दोऽनित्यः शब्दत्वादित्यादौ यदा शब्देऽनित्यत्वस्य सन्देहः, तदा सपक्षत्वं विपक्षत्वञ्च घटादीनामेव, तद्व्यावृत्तञ्च शब्दत्वमिति तदा तदसाधारणम् । यदा तु शब्देऽनित्यत्वनिश्चयः, तदा नाऽसाधारण्यम् । इदं तु प्राचां मतम् । नवीनमतं तु पूर्वमुक्तम् ॥७२-७३ ॥

केवलान्वयीति । सर्वमभिधेयं प्रमेयत्वादित्यादौ सर्वस्यैव पक्षत्वात्, सामानाधिकरण्यग्रहस्थलान्तराभावान्नानुमितिः । इदं तु न सम्यक् पक्षैकदेशे सहचारग्रहेऽपि क्षतेरभावात् । अस्तु वा सहचाराग्रहः, तावताऽप्यज्ञानरूपाऽसिद्धिरेव न तु हेत्वाभासत्वं तस्य, तथाऽपि केवलान्वयिसाध्यकत्वं तत्त्वमित्युक्तम् ॥

यः साध्यवतीति - 'एव' कारेण साध्यवत्त्वावच्छेदेन हेत्वभावो बोधितः । तथा च साध्यव्यापकीभूताभावप्रतियोगित्वं तदर्थः ॥७४॥

असिद्धिं विभजते - आश्रयासिद्धिरित्यादि ॥७५॥

पक्षासिद्धिरिति । आश्रयासिद्धिरित्यर्थः । अपरेति । स्वरूपासिद्धिरित्यर्थः ॥७६॥

नीलधूमादिक इति । नीलधूमत्वादिकं गुरुतया न हेतुतावच्छेदकम्, स्वसमानाधिकरणव्याप्यतावच्छेदकधर्मान्तराघटितस्यैव व्याप्यतावच्छेदकत्वात् । धूमप्रागभावत्वसङ्ग्रहाय स्वसमानाधिकरणेति ॥

विरुद्धयोरिति । कपिसंयोग-तदभावव्याप्यवत्तापरामर्शेऽपि न सत्प्रतिपक्षत्वमत उक्तं विरुद्धयोरिति । तथा च स्वसाध्यविरुद्धसाध्याभावव्याप्यवत्तापरामर्शकालीनसाध्यव्याप्यवत्तापरामर्शविषय इत्यर्थः ॥७७॥

साध्यशून्य इति । पक्षः- पक्षतावच्छेदकविशिष्ट इत्यर्थः । तेन घटे गन्धसत्त्वेऽपि न क्षतिः । एवं मूलावच्छिन्नो वृक्षः कपिसंयोगीत्यत्राऽपि बोध्यम् ॥७८॥

॥ इति सिद्धान्तमुक्तावल्यामनुमानपरिच्छेदः ॥

००

## : વિવરણ :

હેત્વાભાસસામાન્યનું નિરૂપણ કરીને હેત્વાભાસવિશેષનું મૂલમાં નિરૂપણ કરે છે - आद्यः साधारणस्तु... ઈત્યાદિ ગ્રંથથી - કારિકાવલી તથા મુક્તાવલીનો અહીંથી માંડીને આ પરિચ્છેદના અંત સુધીનો ગ્રંથ વિવૃતપ્રાયઃ છે. પૂર્વગ્રંથના અનુસંધાનથી તે સમજી શકાય છે. હેત્વાભાસના નિરૂપણના પ્રારંભે જ પૃ. નં. ૫૪. માં જણાવ્યા મુજબ કારિકાવલીમાં જણાવેલ હેત્વાભાસવિશેષના લક્ષણોમાં જે રીતે દોષોની સંભાવના છે, તે રીતે તેનું અનુસંધાન સ્વયં કરવું જોઈએ. કારણ કે પૂર્વાપરગ્રંથના તાત્પર્યને જાણ્યા પછી તે અશક્ય નથી. તેથી હવે પછીના આ પરિચ્છેદના અંત સુધીના મુક્તાવલી ગ્રંથનું, કેટલાક સ્થળોને છોડીને સામાન્યતઃ વર્ણન છે.

यः सपक्ष इति । सपक्ष-विपक्षवृत्तिः... ઈત્યાદિ. સપક્ષ અને વિપક્ષવૃત્તિ હેતુને સાધારણવ્યભિચારી કહેવાય છે. ત્યાં નિશ્ચિતસાધ્યવાન્‌ને સપક્ષ કહેવાય છે. અને સાધ્યવદ્‌થી ભિન્નને વિપક્ષ કહેવાય છે. સપક્ષવૃત્તિત્વની વિવક્ષા ન કરીએ તો शब्दो नित्यः कृतकत्वाद् ઈત્યાદિ સ્થળે વિપક્ષ ઘટાદિવૃત્તિ કૃતકત્વાદિ વિરુદ્ધ હેતુમાં અતિવ્યાપ્તિ આવશે. તેથી सपक्ष-वृत्तित्वની વિવક્ષા કરી છે. વિરુદ્ધ કૃતકત્વાદિ; ગગનાદિ-સપક્ષમાં વૃત્તિ ન હોવાથી અતિવ્યાપ્તિ નહીં આવે. અથવા લાઘવથી માત્ર 'विपक्षवृत्तित्व' ની જ વિવક્ષા કરવી. सपक्ष-वृत्तित्व ની વિવક્ષાના અભાવમાં 'विपक्षवृत्तित्व' આ લક્ષણ વિરુદ્ધસાધારણ હોવા છતાં વિરુદ્ધ અને સાધારણવ્યભિચારની દૂષકતાના બીજનો ભેદ હોવાથી વિરુદ્ધ અને સાધારણ ભિન્ન ભિન્ન છે. સાધારણજ્ઞાન; અવ્યભિચારજ્ઞાનમાં અને વિરુદ્ધ-જ્ઞાન; સાધ્યસામાનાધિકરણ્યના જ્ઞાનમાં પ્રતિબંધક છે.

'असाधारण' વ્યભિચારનું લક્ષણ જણાવે છે. - सपक्ष... ઇત્યાદિ ગ્રંથથી. साध्यवत्त्वप्रकारकनिश्चयीयविशेष्यताश्रय ને સપક્ષ કહેવાય છે. અને साध्याभाववत्त्वप्रकारकनिश्चयीयविशेष्य-ताश्रयને વિપક્ષ કહેવાય છે. 'सपक्षावृत्तित्वविशिष्टविपक्षावृत्तित्व'ને અસાધારણવ્યભિચાર કહેવાય છે. સપક્ષવિપક્ષના સ્વરૂપ-ઘટક 'निश्चय' પદની વિવક્ષાનું ફળ જણાવે છે - शब्दोऽनित्यः... ઇત્યાદિ ગ્રંથથી- ભાવાર્થ સ્પષ્ટ છે. નવીનોના મતનું નિરૂપણ 'असाधारणः साध्यासमानाधिकरणो हेतुः' ... ઇત્યાદિ ગ્રંથથી કર્યું છે. (પૃ. ૫૪ જુઓ.)

केवलान्वयीति । सर्वमभिधेयं प्रमेयत्वादित्यादौ... ઇત્યાદિ - આશય એ છે કે અત્યન્તાભાવના અપ્રતિયોગી સ્વરૂપ કેવલા-ન્વયિધર્માવચ્છિન્ન પક્ષ છે જેનો એવા હેતુને અનુપસંહારી કહેવાય છે. સર્વત્વાવચ્છિન્નસર્વપક્ષકપ્રમેયત્વહેતુ પ્રકૃત સ્થળે અનુપસંહારી છે. (અહીં પક્ષતા સાધ્યસંશય સ્વરૂપ છે. 'सर्वमभिधेयं प्रमेयत्वाद्' ઇત્યાદિ સ્થળે જ્યારે સાધ્યનો નિશ્ચય અને સિષાધયિષા હોય છે, ત્યારે સાધ્યનિશ્ચયના કારણે સામાનાધિકરણ્યઘટિત વ્યાપ્તિગ્રહનો સંભવ હોવાથી પ્રમેયત્વ હેતુ અનુપસંહારીનું લક્ષ્ય નથી મનાતું. પરંતુ યથાશ્રુત લક્ષણથી ત્યાં અતિવ્યાપ્તિ આવશે. તેના નિવારણ માટે સાધ્યસંશય સ્વરૂપ પક્ષતાની વિવક્ષાથી અહીં અતિવ્યાપ્તિ નહીં આવે. કારણ કે ત્યાં તાદશપક્ષકત્વ હેતુમાં નથી.) પ્રકૃત સ્થળે બધા જ પક્ષ હોવાથી સામાનાધિકરણ્યગ્રહ માટે કોઈ પણ સ્થળ ન હોવાથી અનુમિતિ થતી નથી. આ પ્રમાણે પ્રાચીનો કહે છે. તે બરાબર નથી. કારણ કે પક્ષના એકદેશ-ઘટાદિમાં સહચારગ્રહ થાય તો પણ પક્ષતાવચ્છેદકસર્વત્વા-વચ્છેદેન સાધ્યનો સંદેહ થઈ શકતો હોવાથી અનુપસંહારીનું લક્ષણ ત્યાં ઘટી શકે છે. પરંતુ ત્યાં અનુપસંહારીનું વ્યાપ્તિ-જ્ઞાનાનુત્પાદપ્રયોજનકત્વ નથી. અથવા માની લઈએ કે

ઘટાદિદેશમાં પણ સહચારનો ગ્રહ; સર્વત્વાવચ્છેદેન સંશયની સામગ્રીના કારણે ત્યાં નથી થતો, તો પણ ત્યાં વ્યાપ્તિ-જ્ઞાનાભાવસ્વરૂપ અજ્ઞાનાત્મક અનુમિતિકારણાસિદ્ધિ હોવાથી હેત્વાભાસ નથી. વ્યાપ્તિજ્ઞાનાદિના પ્રતિબંધકજ્ઞાનીયવિષય-ત્વેન હેત્વાભાસ મનાય છે. અહીં સ્વરૂપથી જ વ્યાપ્તિજ્ઞાન ન હોવાથી તે (અજ્ઞાન) અનુમિતિના અનુત્પાદનું પ્રયોજક છે. તેથી તાદૃશાન્યતરપ્રતિબંધકજ્ઞાનીયવિષયત્વનો અભાવ હોવાથી પ્રમેયત્વ હેતુ દુષ્ટ નહીં માની શકાય.

આ રીતે જો 'सर्वमभिधेयं प्रमेयत्वाद्' અહીં પ્રમેયત્વ હેતુ અનુપસંહારી નથી તો તેને અનુપસંહારી કઈ રીતે મનાય છે ? આ શંકાનું સમાધાન કરે છે - तथाऽपि... ઈત્યાદિ ગ્રંથથી - આશય સ્પષ્ટ છે. (જુઓ પૃ.નં. ૫૫)

नीलधूमादिक इति । नीलधूमत्वादिकं गुरुतया...ઈત્યાદિ - આશય એ છે કે લઘુભૂતવ્યાપ્યતાવચ્છેદક ધર્મનો સંભવ હોય તો ગુરુભૂતધર્મમાં વ્યાપ્યતાવચ્છેદકતા નથી મનાતી. કારણ કે 'स्वसमानाधिकरणव्याप्यतावच्छेदकधर्मान्तराघटित' ધર્મને વ્યા-પ્યતાવચ્છેદક મનાય છે. 'वह्निमान् नीलधूमाद्' અહીં નીલ-ધૂમત્વસમાનાધિકરણ- પ્રકૃતસાધ્ય (વહ્નિ) વ્યાપ્યતા-વચ્છેદકધર્માન્તરધૂમત્વઘટિત, નીલધૂમત્વ હોવાથી નીલધૂમ-ત્વને વ્યાપ્યતાવચ્છેદક માનતા નથી. धूमत्वाविषयक-प्रतीत्यविषयत्व સ્વરૂપ ધૂમત્વઘટિતત્વ છે. ધૂમત્વને વિષય બનાવ્યા વિના 'નીલધૂમત્વ' પ્રતીતિનો વિષય નથી થતું. તેથી ધૂમત્વાવિષયકઘટાદિવિષયકપ્રતીતિનું વિષયત્વ નીલ-ધૂમત્વમાં ન હોવાથી નીલધૂમત્વ ધૂમત્વઘટિત છે. ધૂમપ્રાગ-ભાવત્વ ધૂમત્વની જેમ પ્રકૃતસાધ્યવ્યાપ્યતાવચ્છેદક મનાય છે. તેથી વ્યાપ્યતાવચ્છેદકધર્માન્તરનું स्वसमानाधिकरणत्व વિશેષણ છે. અન્યથા ધૂમપ્રાગભાવત્વ, પ્રકૃતસાધ્યવ્યાપ્ય-તાવચ્છેદકધર્માન્તરધૂમત્વઘટિત હોવાથી 'स्वसमाना-

धिकरणत्व' ના નિવેશના અભાવમાં ધૂમપ્રાગભાવત્વને પણ પ્રકૃતસાધ્યવ્યાપ્યતાવચ્છેદક માની શકાશે નહીં. स्वसमाना-धिकरणत्वના નિવેશથી ઉક્ત આપત્તિ નહીં આવે. કારણ કે ધૂમપ્રાગભાવત્વસમાનાધિકરણ, ધૂમત્વ નથી.

કારિકાવલીમાં विरुद्धयोः... ઈત્યાદિ. આશય એ છે કે પરસ્પર અસમાનાધિકરણ બે સાધ્યના જે બે હેતુ તેના બે પરામર્શ હોય ત્યારે, 'साध्यव्याप्यवान् पक्षः' અને 'साध्याभाव-व्याप्यवान् पक्षः' ઈત્યાદ્યાકારક વિદ્યમાન છે પ્રતિપક્ષ અર્થાત્ સ્વીયસાધ્યાભાવસાધક અપર હેતુ જેનો તેને સત્પ્રતિપક્ષ કહેવાય છે.

कपिसंयोग... ઈત્યાદિ - अयं वृक्षः कपिसंयोग्येतद्वृक्षत्वाद् ઈત્યાદિ અવ્યાપ્યવૃત્તિસાધ્યક સદ્હેતુસ્થળે સાધ્ય અને સાધ્યાભાવની વ્યાપ્યવત્તાનો પરામર્શ હોવા છતાં તેના સાધક સદ્ધેતુમાં સત્પ્રતિપક્ષત્વનું નિવારણ કરવા विरुद्ध પદનું ઉપાદાન છે. કપિસંયોગ અને કપિસંયોગાભાવ પરસ્પર વિરુદ્ધ ન હોવાથી તેની વ્યાપ્યવત્તાનો પરામર્શ હોય તો પણ સદ્ધેતુ એતદ્વૃક્ષત્વમાં સત્પ્રતિપક્ષતા નહીં આવે. મૂલમાં 'विरुद्धयोः परामर्शे हेत्वोः' અહીં 'विरुद्धयो र्हेत्वोः परामर्शे' આવો અર્થ, ભ્રમથી ન થઈ જાય એ માટે તેનો અર્થ સ્પષ્ટ કરવા કહે છે. तथा च... ઈત્યાદિ - ત્યાં स्व પદ, સત્પ્રતિપક્ષત્વેન અભિમત હેતુને જણાવનાર છે.

साध्यशून्य इति । पक्षः-पक्षतावच्छेदकविशिष्ट... ઈત્યાદિ - उत्पत्तिकालीनो घटो गन्धवान् पृथ्वीत्वात् અહીં દ્વિતીયાદિક્ષણમાં ઘટમાં ગંધનો અભાવ ન હોવાથી યથાશ્રુત મૂલાનુરોધથી પૃથ્વીત્વ- હેતુમાં બાધલક્ષણની અવ્યાપ્તિ આવે છે. તેથી તેના નિવારણ માટે 'पक्ष' પદનો તાત્પર્યાર્થ જણાવે છે -- पक्षता-वच्छेदक... ઈત્યાદિથી. તાદશ તાત્પર્યમાં અવ્યાપ્તિ નહીં આવે તે સમજી શકાય છે. કાલની જેમ દેશ પક્ષતાવચ્છેદક

હોય ત્યારે બાધના સંભવનું પ્રદર્શન કરીને મૂલની ન્યૂનતાને દૂર કરે છે - एवं मूलावच्छिन्नो... ઇત્યાદિ - ભાવાર્થ સ્પષ્ટપ્રાય: છે. તર્કસંગ્રહના વિવરણ પ્રસંગે જણાવેલી વસ્તુઓને અહીં પણ યાદ રાખવાની આવશ્યકતા છે.

॥ इति कारिकावलीसमेतसिद्धान्तमुक्तावलीविवरणेऽनुमानपरिच्छेदः ॥

# -अथ उपमान-परिच्छेदः-

## कारिकावली ।

**ग्रामीणस्य प्रथमतः पश्यतो गवयादिकम् ।**
**सादृश्यधीर्गवादीनां या स्यात् सा करणं मतम् ॥७९॥**
**वाक्यार्थस्याऽतिदेशस्य स्मृति र्व्यापार उच्यते ।**
**गवयादिपदानां तु शक्तिधीरुपमाफलम् ॥८०॥**

मुक्तावली ।

उपमितिं व्युत्पादयति-ग्रामीणस्येति । यत्राऽऽरण्यकेन केनचित् ग्रामीणायोक्तं गोसदृशो गवयपदवाच्य इति, पश्चाच्च ग्रामीणेन क्वचिदरण्यादौ गवयो दृष्टः, तत्र गोसादृश्यदर्शनं यज्जातं तदुपमितिकरणं, तदनन्तरं गोसदृशो गवयपदवाच्य इत्यतिदेशवाक्यार्थस्मरणं यज्जायते, तदेव व्यापारः । तदनन्तरं गवयो गवयपदवाच्य इति ज्ञानं यज्जायते तदुपमितिः । न त्वयं गवयपदवाच्य इत्युपमितिः; गवयान्तरे शक्तिग्रहाभावप्रसङ्गात् ॥७९-८०॥

॥ इति सिद्धान्तमुक्तावल्यामुपमानखण्डम् ॥

**- વિવરણ -**

અવસરસઙ્ગતિને જાણીને ઉપમિતિનું નિરૂપણ કરે છે. ग्रामीणस्य... ઈત્યાદિ કારિકાથી - આશય એ છે કે અનુમાન અને ઉપમાન બન્ને પ્રત્યક્ષપૂર્વક હોવા છતાં પ્રત્યક્ષ નિરૂપણ પછી ઉપમાનનું નિરૂપણ કરવામાં શિષ્યની અનુમાનજિજ્ઞાસા પ્રતિબંધક હતી. બહુવાદિસમ્મત અનુમાનના નિરૂપણથી તાદશ પ્રતિબંધકીભૂત જિજ્ઞાસાની નિવૃત્તિ થવાથી અવસરપ્રાપ્ત ઉપમાનનિરૂપણ કરે છે.

જ્યાં કોઈ એક અરણ્યવાસી પુરુષે નગરવાસી પુરુષને જણાવ્યું કે ગોસદશ ગવય હોય છે. પાછળથી તે ગ્રામીણ પુરુષે

કોઈવાર અરણ્યમાં ગવયને જોયો. ત્યાં જે ગોસાદશ્યનું દર્શન થયું, તે ઉપમિતિકરણ-ઉપમાન છે. ત્યારપછી 'ગોસદશ, ગવયપદનો વાચ્ય છે' ઇત્યાકારક જે અતિદેશવાક્યાર્થસ્મરણ થાય છે તે ઉપમિતિનો વ્યાપાર છે અને ત્યારબાદ 'ગવય ગવયપદવાચ્ય છે.' ઇત્યાકારક જે જ્ઞાન થાય છે, તેને ઉપ-મિતિ કહેવાય છે. પરન્તુ 'આ ગવયપદવાચ્ય છે.' ઇત્યાકારક જ્ઞાન ઉપમિતિ નથી. કારણ કે એતાદશજ્ઞાનથી સન્મુખ-વર્તિગવયમાં જ શક્તિગ્રહ થાય છે. તેથી તદન્યગવયમાં શક્તિગ્રહના અભાવનો પ્રસંગ આવે છે.

'गोसादृश्यदर्शनम्' અહીં दर्शन શબ્દ પ્રત્યક્ષપરક છે. અન્યથા પ્રત્યક્ષાન્યજ્ઞાનપરક दर्शन શબ્દ માનીએ તો ઉપ-માનમાં પ્રત્યક્ષપૂર્વકત્વ નહીં માની શકાય તેમજ સાદશ્ય-વિષયક લૌકિક પ્રત્યક્ષ બાદ જ ઉપમિતિનો અનુભવ થતો હોવાથી 'गोसादृश्यदर्शन' માં ઉપમિતિકરણત્વના નિર્વાહ માટે અહીં 'दर्शन' શબ્દ પ્રત્યક્ષપરક જાણવો જોઈએ.

'गोसादृश्यदर्शन'માં ઉપમિતિકરણત્વનું નિરૂપણ અહીં નવીનોના મતે કરવામાં આવ્યું છે. 'અતિદેશવાક્યાર્થ-શાબ્દબોધ' કરણ છે. 'અતિદેશવાક્યાર્થસ્મરણ' વ્યાપાર છે. અને સાદશ્યવિશિષ્ટપિંડજ્ઞાન (દર્શન) સહકારીકારણ છે. આ પ્રમાણેના પ્રાચીનમતની અહીં ઉપેક્ષા કરી છે. કારણ કે ઉપમિતિની પ્રત્યે સહકારી તરીકે આવશ્યક એવા સાદશ્ય-વિશિષ્ટપિંડદર્શનમાં જ કરણત્વ માનવું ઉચિત છે.

યદ્યપિ સાદશ્યવિશિષ્ટપિણ્ડદર્શનને ઉપમાન માનીએ તો અતિદેશવાક્યાર્થના સ્મરણને વ્યાપાર નહીં માની શકાય. કારણ કે સ્મરણની પ્રત્યે સ્વસમાનપ્રકારકઅનુભવ કારણ હોવાથી તાદશપિંડદર્શનજન્યત્વ, તાદશસ્મરણમાં નથી. તેથી તજ્જન્યત્વવિશિષ્ટતજ્જન્યજનકત્વાત્મક વ્યાપારત્વ અતિ-દેશવાક્યાર્થના સ્મરણમાં નહીં માની શકાય. પરંતુ અતિ-

દેશવાક્યાર્થસ્મરણ તાદશ અતિદેશવાક્યાર્થશાબ્દબોધથી જન્ય હોવા છતાં તાદશસ્મરણમાં સાદશ્યવિશિષ્ટપિંડજ્ઞાન ઉદ્-બોધકવિધયા કારણ હોવાથી તેમાં તજ્જન્યત્વ પણ છે જ. તેથી તાદશસ્મરણમાં વ્યાપારત્વની અનુપપત્તિ નહીં થાય.

અહીં એ યાદ રાખવું જોઈએ કે વિવરણની મર્યાદાને કારણે કેટલાક પદાર્થો ખૂબ જ સ્થૂલરૂપે વર્ણવ્યા છે. તેના વિસ્તારથી વર્ણન માટે તો દિનકરી અને રામરુદ્રી વગેરેનું વિવરણ કરવાની આવશ્યકતા છે, જે અહીં શક્ય નથી. જિજ્ઞાસુઓએ તે તે ગ્રંથના અધ્યયનથી પોતાની જિજ્ઞાસાને પૂર્ણ કરવી જોઈએ.

અનુમાનને પ્રમાણ માન્યા પછી તેનાથી ભિન્ન ઉપમાન પ્રમાણને શા માટે માન્યું છે ? ઈત્યાદિ શંકા થાય તો તેના સમાધાન માટે પણ દિનકરી-રામરુદ્રી.∴. ઈત્યાદિ ગ્રંથોનું અધ્યયન આવશ્યક છે. તે પૂર્વે ''नाऽनुमिनोमि, न शृणोमि, न स्मरामि, किन्तूपमिनोमि'' ઈત્યાકારક અનુભવ જ ઉપમાનને સ્વતંત્ર પ્રમાણ માનવા માટે એક પ્રમાણ છે. એ યાદ રાખવું જોઈએ.

॥ इति कारिकावलीसमेतसिद्धान्तमुक्तावलीविवरणे
उपमाननिरूपणम् ॥

--

# अथ शब्दपरिच्छेदः ।

## कारिकावली ।

**पदज्ञानं तु करणं द्वारं तत्र पदार्थधीः ।**
**शाब्दबोधः फलं तत्र शक्तिधीः सहकारिणी ॥८१॥**

मुक्तावली ।

शाब्धबोधप्रकारं दर्शयति-पदज्ञानं त्विति । न तु ज्ञायमानं पदं करणम् । पदाभावेऽपि मौनिश्लोकादौ शाब्दबोधात् । पदार्थधीरिति ।

पदजन्यपदार्थस्मरणं व्यापारः । अन्यथा पदज्ञानवतः प्रत्यक्षादिना पदार्थोपस्थितावपि शाब्दबोधापत्तेः । तत्राऽपि वृत्त्या पदजन्यत्वं बोध्यम् । अन्यथा घटादिपदात् समवायसम्बन्धेनाकाशस्मरणे जाते आकाशस्याऽपि शाब्दबोधापत्तेः । वृत्तिश्च शक्तिलक्षणान्यतर-सम्बन्धः । अत्रैव शक्तिज्ञानस्योपयोगः । शक्तिग्रहाभावे पदज्ञानेऽपि तत्सम्बन्धेन तत्स्मरणानुपपत्तेः । पदज्ञानस्य हि एकसम्बन्धिज्ञान-विधयाऽर्थस्मारकत्वम् ।

## - વિવરણ -

શાબ્દબોધના પ્રકારને-સામગ્રીને બતાવે છે-કારિકા-વલીમાં पदज्ञानं तु... ઈત્યાદિ ગ્રંથથી. ત્યાં 'तु' પદ 'एव' કારાર્થક હોવાથી તદ્વ્યવચ્છેદ્ય પદાર્થ જણાવે છે-મુક્તાવલીમાં न तु ज्ञायमानं... ઈત્યાદિ ગ્રંથથી. આશય એ છે કે શાબ્દ-બોધની પ્રત્યે પદજ્ઞાન જ કરણ છે. જ્ઞાયમાનપદને કરણ માનવાનું બરાબર નથી. કારણ કે મૌન પણે પદોચ્ચાર વિના વંચાતા શ્લોકાદિ સ્થળે તેમ જ દ્વિત્વાદિ સંખ્યાને જણાવનારી હસ્તાદિ ચેષ્ટા સ્થળે શ્લોકાદિપદાર્થનો બોધ થાય છે. શાબ્દબોધની પ્રત્યે જો જ્ઞાયમાનપદને કરણ માનીએ તો આવા સ્થળે પદોનો અભાવ હોવાથી શાબ્દબોધ નહીં થાય. તેથી જ્ઞાયમાનપદને કરણ માન્યા વિના પદજ્ઞાનને જ શાબ્દબોધની પ્રત્યે કરણ માનવું જોઈએ. મૌનિશ્લોકાદિ સ્થળે લિપ્યાદિ, પદના સ્મારક હોવાથી પદનું સ્મરણાત્મક જ્ઞાન થતું હોવાથી પદના અભાવમાં (શ્રૂયમાણપદના અભાવમાં) પદજ્ઞાન છે જ. શાબ્દબોધની પ્રત્યે 'पदार्थधी' વ્યાપાર છે. તે પદાર્થધી 'पदजन्यपदार्थस्मरणात्मक' જાણવી. માત્ર પદાર્થસ્મરણને વ્યા-પાર કહીએ તો પદજ્ઞાનવાન્ પુરુષને ચક્ષુઃસંયોગાદિજન્ય ઘટાદિના પ્રત્યક્ષથી ઘટાદિપદાર્થોપસ્થિતિ થાય ત્યારે પણ શાબ્દબોધની આપત્તિ આવશે. તેથી તેના નિવારણ માટે 'पदजन्यत्व'નો નિવેશ કર્યો છે. પદજન્યત્વ, પદાર્થસ્મરણમાં

વૃત્તિથી લેવું જોઈએ. અન્યથા ઘટાદિપદથી સમવાયસંબંધથી તેના આશ્રય આકાશનું સ્મરણ થાય ત્યારે ઘટાદિપદથી આકાશના શાબ્દબોધનો પ્રસંગ આવશે. વૃત્તિથી પદજન્ય-ત્વની વિવક્ષા કરવાથી એ પ્રસંગ નહીં આવે - એ સમજી શકાય છે. વૃત્તિ, શક્તિલક્ષણાન્યતરસંબંધસ્વરૂપ છે. તેથી गङ्गा-પદમાં ગંગાતીરબોધક શક્તિ ન હોવા છતાં गङ्गा પદથી લક્ષણાદ્વારા તીરોપસ્થિતિ થવાથી શાબ્દબોધની અનુપપત્તિ નથી. અહીં જ અર્થાત્ પદજન્યપદાર્થોપસ્થિતિમાં શક્તિ-જ્ઞાનનો ઉપયોગ છે. શક્તિજ્ઞાન ન હોય તો શક્ય સંબંધસ્વરૂપ લક્ષણાનું પણ જ્ઞાન નહીં થાય. તેથી તદન્યતરસ્વરૂપ વૃત્તિજ્ઞાનના અભાવમાં પદાર્થોપસ્થિતિનો અભાવ થાય છે. આ રીતે શક્તિગ્રહના અભાવમાં પદજ્ઞાન હોવા છતાં, પદ-જ્ઞાનસંબંધથી પદાર્થસ્મરણની અનુપપત્તિ થાય છે. તેથી પદજન્યપદાર્થોપસ્થિતિમાં શક્તિજ્ઞાન, સહકારી કારણ છે. એ સમજી શકાય છે. પદાર્થોપસ્થિતિમાં 'પદજ્ઞાન' એકસંબંધિ-જ્ઞાનવિધયા કારણ છે. કારણ કે એકસંબંધિજ્ઞાન અપર-સંબંધિનું સ્મારક છે. આથી સ્પષ્ટ છે કે વૃત્તિજ્ઞાનજન્યપદાર્થો-પસ્થિતિમાં કારણભૂતવૃત્તિજ્ઞાનને લઈને પદજ્ઞાનને અન્યથા-સિદ્ધ નહીં કહી શકાય.

मुक्तावली ।

शक्तिश्च पदेन सह पदार्थस्य सम्बन्धः । स चाऽस्माच्छब्दादयमर्थो बोधव्य इतीश्वरेच्छारूपः । आधुनिके नाम्नि शक्तिरस्त्येव । 'एकादशेऽहनि पिता नाम कुर्यात्' इतीश्वरेच्छायाः सत्त्वात् । आधुनिकसङ्केतिते तु न शक्तिरिति सम्प्रदायः । नव्यास्तु-ईश्वरेच्छा न शक्तिः, किन्त्विच्छैव, तेनाऽऽधुनिकसङ्केतिते ऽपि शक्तिरस्त्येवेत्याहुः ।

शक्तिग्रहस्तु व्याकरणादितः । तथाहि - शक्तिग्रहं व्याकरणोपमानकोशाप्तवाक्याद् व्यवहारतश्च । वाक्यस्य शेषाद् विवृते र्वदन्ति सान्निध्यतः सिद्धपदस्य वृद्धाः ॥

धातुप्रकृतिप्रत्ययादीनां शक्तिग्रहो व्याकरणाद् भवति । क्वचित् सति बाधके त्यज्यते । यथा वैयाकरणैराख्यातस्य कर्त्तरि शक्तिरुच्यते । चैत्रः पचतीत्यादौ कर्त्रा सह चैत्रस्याभेदान्वयः । तच्च गौरवात् त्यज्यते । किन्तु कृतौ शक्तिः, लाघवात् । कृतिश्चैत्रादौ प्रकारीभूय भासते । न च कर्तुरनभिधानाच्चैत्रादिपदोत्तरं तृतीया स्यादिति वाच्यम् । कर्तृसङ्ख्यानभिधानस्य तत्र तन्त्रत्वात् । सङ्ख्याभिधानयोग्यश्च कर्मत्वाद्यनवरुद्धः प्रथमान्तपदोपस्थाप्यः । कर्मत्वादीत्यस्येतरविशेषणत्वतात्पर्याऽविषयत्वमर्थः । तेन चैत्र इव मैत्रो गच्छतीत्यादौ न चैत्रे सङ्ख्यान्वयः । यत्र कर्मादौ न विशेषणत्वे तात्पर्यं तद्वारणाय प्रथमान्तेति ।

यद्वा धात्वर्थातिरिक्ताविशेषणत्वं प्रथमदलार्थः । तेन चैत्र इव मैत्रो गच्छतीत्यत्र चैत्रादे र्वारणम् । स्तोकं पचतीत्यादौ स्तोकादे र्वारणाय द्वितीयदलम् । तस्य द्वितीयान्तपदोपस्थाप्यत्वाद् वारणमिति ।

एवं व्यापारेऽपि न शक्तिः, गौरवात् । रथो गच्छतीत्यादौ तु व्यापारे आश्रयत्वे वा लक्षणा । जानातीत्यादौ त्वाश्रयत्वे, नश्यतीत्यादौ तु प्रतियोगित्वे निरूढलक्षणा ।

उपमानाद्यथा शक्तिग्रहस्तथोक्तम् ।

एवं कोशादपि शक्तिग्रहः । सति बाधके क्वचित् त्यज्यते । यथा नीलादिपदानां नीलरूपादौ नीलविशिष्टे च शक्तिः कोशेन व्युत्पादिता, तथाऽपि लाघवान्नीलादावेव शक्तिः, नीलादिविशिष्टे तु लक्षणेति ।

एवमाप्तवाक्यादपि । यथा कोकिलः पिकशब्दवाच्य इत्यादिशब्दात् पिकादिशब्दानां कोकिले शक्तिग्रहः ।

एवं व्यवहारादपि । यथा प्रयोजकवृद्धेन घटमानयेत्युक्तं, तच्छ्रुत्वा प्रयोज्यवृद्धेन घट आनीतः तदवधार्य पार्श्वस्थो बालो घटानयनरूपं कार्यं घटमानयेति शब्दप्रयोज्यमित्यवधारयति । ततश्च घटं नय गामानयेत्यादिवाक्यादावापोद्वापाभ्यां घटादिपदानां कार्यान्वितघटादौ शक्तिं गृह्णाति । इत्थञ्च भूतले नीलो घट इत्यादिवाक्यान्न शाब्दबोधः, घटादिपदानां कार्यान्वितघटादिबोधे सामर्थ्यावधारणात्,

कार्यताबोधं प्रति च लिङादीनां सामार्थ्यात्तदभावान्न शाब्दबोध इति केचित् । तन्न । प्रथमतः कार्यान्वितघटादौ शक्त्यवधारणेऽपि लाघवेन पश्चात्तस्य परित्यागौचित्यात् । अत एव चैत्र ! पुत्रस्ते जातः, कन्या ते गर्भिणीत्यादौ मुखप्रसाद-मुखमालिन्याभ्यां सुखदुःखे अनुमाय तत्कारणत्वेन परिशेषाच्छाब्दबोधं निर्णीय तद्धेतुतया तं शब्दमवधारयति । तथा च व्यभिचारान्न कार्यान्विते शक्तिः । न च तत्र तं पश्येत्यादिशब्दान्तरमध्याहार्यं, मानाभावात् । चैत्र ! पुत्रस्ते जातो मृतश्चेत्यादौ तदभावाच्च । इत्थञ्च लाघवादन्वितघटेऽपि शक्तिं त्यक्त्वा घटपदस्य घटमात्रे शक्तिमवधारयति ।

एवं वाक्यशेषादपि शक्तिग्रहः । यथा 'यवमयश्चरुर्भवति' इत्यत्र यवपदस्य दीर्घशूकविशेषे आर्याणां प्रयोगः, कङ्गौ तु म्लेच्छानाम् । तत्र हि "यदान्या औषधयो म्लायन्ते, अथैते मोदमानास्तिष्ठन्ति" -

(वसन्ते सर्वसस्यानां जायते पत्रशातनम् ।

मोदमानाश्च तिष्ठन्ति यवाः कणिशशालिनः ॥-)

इतिवाक्यशेषाद् दीर्घशूके शक्ति निर्णीयते कङ्गौ तु शक्तिभ्रमात्प्रयोगः, नानाशक्तिकल्पने गौरवात् । हर्यादिपदे तु विनिगमकाभावान्नानाशक्तिकल्पनम् ।

एवं विवरणादपि शक्तिग्रहः । विवरणं तु तत्समानार्थकपदान्तरेण तदर्थकथनम् । यथा घटोऽस्तीत्यस्य कलशोऽस्तीत्यनेन विवरणाद् घटपदस्य कलशे शक्तिग्रहः । एवं पचतीत्यस्य पाकं करोतीत्यनेन विवरणादाख्यातस्य यत्नार्थकत्वं कल्प्यते ।

एवं प्रसिद्धपदस्य सान्निध्यादपि शक्तिग्रहः । यथा इह सहकारतरौ मधुरं पिको रौतीत्यादौ पिकशब्दस्य कोकिले शक्तिग्रह इति ॥

॥ इति सिद्धान्तमुक्तावल्यां शक्तिग्रहोपायनिरूपणम् ॥

-o-o-

## - વિવરણ -

શક્તિ પદાર્થનું નિરૂપણ કરે છે - शक्तिश्च पदेन... ઇત્યાદિ ગ્રંથથી - આશય એ છે કે પદ અને પદાર્થના સંબંધને શક્તિ

કહેવાય છે. 'આ પદથી આ અર્થ જાણવો જોઈએ' અર્થાદ્ 'એતદ્પદજન્ય બોધનો વિષય આ અર્થ બને' ઇત્યાકારક ઈશ્વરની ઈચ્છા સ્વરૂપ, તે સંબંધ છે જેને શક્તિ કહેવાય છે. યદ્યપિ પિતા વગેરેએ કરેલા ચૈત્રાદિ પુત્રાદિના નામમાં ઈશ્વરેચ્છા ન હોવાથી ચૈત્રાદિનામમાં શક્તિ નહીં માની શકાય. પરંતુ ''एकादशेऽहनि पिता (पुत्रादेः) नाम कुर्यात्'' ઇત્યાકારક વૈદિકશ્રુતિથી ''सङ्केतिततत्तत्पदजन्यबोधविषयत्वप्रकारकतत्तदर्थ-(चैत्रादि) विशेष्यक'' ઈશ્વરેચ્છા હોવાથી આધુનિક પિત્રાદિ-સઙ્કેતિતનામોમાં પણ શક્તિ છે. યદ્યપિ ઉપર જણાવ્યા મુજબ ઉક્તશ્રુતિથી આધુનિક પિત્રાદિસઙ્કેતિત ચૈત્રાદિ નામોમાં ઈશ્વરેચ્છારૂપ શક્તિ હોવા છતાં, આધુનિક વૈયાકરણાદિનિર્મિત 'વૃદ્ધિ, ગુણ' ઇત્યાદિ સઙ્કેતિતનામો તો માત્ર આધુનિકો દ્વારા જ પ્રયોજાયેલ હોવાથી તેમાં સામાન્યથી પણ ઈશ્વરેચ્છા ન હોવાથી શક્તિ નહીં માની શકાય. પરંતુ તેવા નામોમાં શક્તિ માનવાની આવશ્યકતા નથી. શાબ્દબોધ તો તેવા સ્થળે શક્તિભ્રમથી થાય છે. એવી સામ્પ્રદાયિક માન્યતા છે.

નવીનો તો ઈશ્વરેચ્છાને શક્તિ નથી માનતા, તાદશ ઈચ્છાને જ શક્તિ માને છે. તેથી માત્ર આધુનિકવૈયાકરણા-દિસઙ્કેતિત વૃદ્ધ્યાદિ પદોમાં પણ શક્તિ અનુપપન્ન નથી. એવું કહે છે.

શક્તિગ્રહોપાયને જણાવે છે - शक्तिग्रहस्तु... ઇત્યાદિ ગ્રંથથી. ''વ્યાકરણ, ઉપમાન, કોશ, આપ્તવાક્ય, વ્યવહાર, વાક્યશેષ, વિવરણ, અને પ્રસિદ્ધ પદના સાન્નિધ્યથી શક્તિગ્રહ થાય છે.'' એમ વૃદ્ધપુરુષો કહે છે.

વ્યાકરણથી જે રીતે શક્તિગ્રહ થાય છે. તેને સ્પષ્ટ કરે છે - 'धातुप्रकृति' ... ઇત્યાદિ ગ્રંથથી. - આશય એ છે કે ધાતુ પ્રકૃતિ અને પ્રત્યયાદિની શક્તિનું જ્ઞાન વ્યાકરણથી થાય

છે. જેમ 'भू सत्तायाम्' આ પ્રમાણે 'भू' વગેરે ધાતુઓના અર્થનું જ્ઞાન વ્યાકરણના ધાતુપાઠથી થાય છે. નામ સ્વરૂપ પ્રકૃતિનું અર્થાત્ પાચકાદિ નામોનું જ્ઞાન પણ વ્યાકરણથી થાય છે. કારણ કે ત્યાં पच् ધાત્વર્થ પાકનું અને તદુત્તર કૃત્ પ્રત્યય णक (अक) ના અર્થ કર્તૃત્વનું પ્રતિપાદન કર્યું છે. આવી જ રીતે વર્ત્તમાનાદિના પ્રત્યયોના અર્થનું જ્ઞાન પણ ''वर्त्तमाने लट्'' ઈત્યાદિ વ્યાકરણના સૂત્રથી થાય છે. અહીં યદ્યપિ ''धातु-प्रकृति'' નો અર્થ ઉપર જણાવ્યા મુજબ ધાતુ અને નામ કરીએ તો 'आदि' પદથી સંગ્રાહ્ય અર્થના અભાવથી आदि પદનો પ્રયોગ સંગત નથી જણાતો. પરંતુ 'धातुप्रकृतिप्रत्ययादि' અહીં 'ધાતુસ્વરૂપ પ્રકૃતિ' આ પ્રમાણે 'धातुप्रकृति' નો અર્થ છે. પ્રત્યયોની અપેક્ષાએ ધાતુની વિલક્ષણતાને જણાવવા માટે ધાતુનો ઉલ્લેખ પ્રકૃતિત્વેન કર્યો છે. પ્રત્યયનો અર્થ ઉપર જણાવ્યા મુજબ છે. અને 'आदि' પદથી સમાસાદિ નામ-માત્રનો સંગ્રહ છે. તેથી 'आदि' પદનો પ્રયોગ અસંગત નહીં જણાય. આ રીતે વ્યાકરણથી પ્રતિપાદિત શક્તિનો; ક્વચિદ્ બાધક હોય તો ત્યાગ કરાય છે. જેમ વૈયાકરણો 'ति' વગેરે આખ્યાત પ્રત્યયોની શક્તિ, કર્ત્તામાં જણાવે છે અર્થાદ્ આખ્યાત પ્રત્યયોનો અર્થ કર્ત્તા કરે છે. તેથી 'चैत्रः पचति' ઈત્યાદિ સ્થળે આખ્યાતાર્થ કર્ત્તાની સાથે ચૈત્ર પદાર્થનો અભેદ સંબંધથી અન્વય થાય છે. જેથી વ્યાપારમુખ્યવિશેષ્યક-શાબ્દબોધને માનનારા વૈયાકરણોના મતે 'चैत्रः पचति' ઈત્યાદિ વાક્યથી ''एकत्वावच्छिन्नचैत्राभिन्नकर्तृवृत्तिवर्त्तमानकालीन-पाकानुकूलो व्यापारः'' આ પ્રમાણે બોધ થાય છે. પરંતુ આ પ્રમાણે આખ્યાત પ્રત્યયોની શક્તિ કર્ત્તામાં માનવાથી શક્યતાવચ્છેદકત્વ અનંતકૃતિમાં માનવાનો પ્રસંગ આવે છે. તેથી એતાદશ ગૌરવ બાધક હોવાથી આખ્યાતાર્થ, લાઘવથી 'कृति' મનાય છે. અર્થાદ્ લાઘવથી આખ્યાત પ્રત્યયની

શક્તિ, કૃતિમાં મનાય છે, જે ચૈત્રાદિમાં પ્રકારરૂપે ભાસિત થાય છે. જેથી પ્રથમાન્તપદાર્થમુખ્યવિશેષ્યક શાબ્દબોધને માનનારા નૈયાયિકોના મતે ''वर्त्तमानकालीनपाकानुकूलकृतिमान् एकत्वावच्छिन्नश्चैत्रः'' ઈત્યાદ્યાકારક શાબ્દબોધ થાય છે.

આ રીતે 'चैत्रः पचति' ઈત્યાદિ સ્થળે આખ્યાત પ્રત્યયાર્થ કૃતિ માનીએ તો આખ્યાત પ્રત્યયથી કર્ત્તાનું અભિધાન ન હોવાથી અનભિહિતકર્તૃવાચક 'चैत्र' નામને તૃતીયા વિભક્તિ થશે. આ પ્રમાણે નહીં કહેવું જોઈએ. કારણ કે 'हेतुकर्तृ-करणेत्थम्भूतलक्षणे' ઈત્યાદિ સૂત્રોથી અનભિહિતકર્તૃ વગેરે વાચક નામોને તૃતીયા વગેરે વિભક્તિ થાય છે. એનો અર્થ એ છે કે જ્યાં આખ્યાત પ્રત્યયથી કર્ત્રાદિગત એકત્વાદિ સંખ્યાનું અભિધાન થતું નથી, ત્યાં કર્ત્રાદિવાચક તે તે નામોને તૃતીયાદિ વિભક્તિ થાય છે. 'चैत्रः पचति' ઈત્યાદિ સ્થળે આખ્યાત પદથી કર્તૃગત (ચૈત્રવૃત્તિ) એકત્વ સંખ્યાનું અભિધાન થયું હોવાથી 'चैत्र' નામને તૃતીયા નથી થતી. પરન્તુ નામાર્થમાં થનારી પ્રથમા વિભક્તિ થાય છે. આશય એ છે કે વ્યાકરણ કે, ભુકો ભણેલા સૌ કોઈ જાણે છે કે કર્ત્તરિ પ્રયોગમાં કર્ત્તાને પ્રથમાં વિભક્તિ થાય છે. અને કર્મને દ્વિતીયા વિભક્તિના પ્રત્યયો લાગે છે. જ્યારે કર્મણિ પ્રયોગમાં કર્મને પ્રથમા અને કર્ત્તાને તૃતીયા વિભક્તિના પ્રત્યયો લાગે છે. કારણ કે કર્ત્તરિ પ્રયોગમાં અને કર્મણિ પ્રયોગમાં ક્રમશઃ કર્ત્તા અને કર્મ તેમજ તદ્દગત સંખ્યા આખ્યાત પ્રત્યયથી અભિહિત હોય છે. અને અનભિહિતકર્ત્રાદિવાચક નામોને જ તે તે સૂત્રથી તૃતીયાદિ વિભક્તિના પ્રત્યયો લાગે છે. પરંતુ આખ્યાત પદનો અર્થ કૃતિ માનીએ તો કર્ત્તાનું અભિધાન ન હોવાથી 'चैत्रः पचति' ઈત્યાદિ સ્થળે અનભિહિતકર્તૃવાચક નામને તૃતીયાનો પ્રસંગ આવશે- એ શંકાકારનું કહેવું છે. એના સમાધાનમાં સમાધાન કરનારે જણાવ્યું છે કે કર્તૃવાચકાદિ નામોને તૃતીયાદિ વિભક્તિ થવામાં

અનભિહિતકર્તૃત્વાદિ પ્રયોજક નથી. પરંતુ કર્ત્રાદિગત સંખ્યાનું અનભિધાન પ્રયોજક છે.

'चैत्रस्तण्डुलं पचति' અહીં આખ્યાતપદ, કર્તૃગત જ સંખ્યાનું અભિધાન કરે છે. અને તણ્ડુલગત સંખ્યાનું અભિધાન કરતું નથી. એમાં શું પ્રમાણ છે ? આ પ્રમાણેની શંકાનું નિરાકરણ કરવા કહે છે - सङ्ख्याभिधानयोग्यश्च... ઈત્યાદિ - આશય એ છે કે કર્મત્વકરણત્વાદિથી અનવરુદ્ધ એવો પ્રથમાન્તપદથી ઉપસ્થાપ્ય જે પદાર્થ; તે જ પદાર્થગત સંખ્યાના અભિધાન માટે યોગ્ય કહેવાય છે. અર્થાત્ કર્મત્વાદિથી અનવરુદ્ધ પ્રથમાન્તપદોપસ્થાપ્યપદાર્થગત સંખ્યાનું અભિધાન આખ્યાત પ્રત્યયથી થાય છે. તણ્ડુલ પદાર્થ પ્રથમાન્તપદોપસ્થાપ્ય ન હોવાથી ''चैत्रस्तण्डुलं पचति'' અહીં આખ્યાત પ્રત્યયથી તદ્ગત સંખ્યાનું અભિધાન થતું નથી.

અહીં 'कर्मत्वाद्यनवरुद्ध'નો અર્થ 'द्वितीयादिकारकविभक्त्यर्थाविशेषण' કરીએ તો ''चैत्र इव मैत्रो गच्छति'' અહીં આખ્યાત પ્રત્યયાભિહિત સંખ્યાનો અન્વય જેમ મૈત્રની સાથે થાય છે તેમ ચૈત્રની સાથે પણ થશે. કારણ કે ચૈત્ર પદાર્થ; ઈવાર્થ સાદશ્યમાં વિશેષણ હોવાથી, દ્વિતીયાદિકારકવિભક્ત્યર્થાવિશેષણત્વવિશિષ્ટ પ્રથમાન્તપદોપસ્થાપ્ય છે. તેથી 'कर्मत्वाद्यनवरुद्धत्व'નો વિવક્ષિત અર્થ જણાવે છે - कर्मत्वादीत्यस्येतर... ઈત્યાદિ ગ્રંથથી. તાદશ વિવક્ષાથી 'चैत्र इव मैत्रो गच्छति' અહીં આખ્યાતપદાભિહિત સંખ્યાનો અન્વય ચૈત્રમાં થશે નહીં. કારણ કે ચૈત્ર પદાર્થ, ઈતરસાદશ્યમાં વિશેષણત્વેન તાત્પર્યનો વિષય છે. 'प्रथमान्तपदोपस्थाप्यत्व'ના નિવેશનું પ્રયોજન જણાવે છે - यत्र कर्मादौ... ઈત્યાદિ ગ્રંથથી - આશય એ છે કે 'चैत्रेण सुप्यते' અહીં ધાત્વર્થ સ્વાપ પદાર્થ ઈતરવિશેષણત્વેન તાત્પર્યનો વિષય ન હોવાથી ત્યાં આખ્યાતાર્થસઙ્ખ્યાના અન્વયની આપત્તિનું નિવારણ કરવા 'प्रथमान्त-

पदोपस्थाप्यत्व'નો નિવેશ છે. અહીં ધાત્વર્થસ્વાપ પદાર્થ પ્રથમાન્તપદોપસ્થાપ્ય ન હોવાથી તાદશવિવક્ષામાં ત્યાં સઙ્ખ્યાન્વયની આપત્તિ આવશે નહીં. યદ્યપિ 'चैत्र एव गच्छति' ઈત્યાદિ સ્થળે 'चैत्र' એવકારાર્થ અન્યપદાર્થમાં વિશેષણત્વેન તાત્પર્યનો વિષય હોવાથી પ્રથમાન્તપદો-પસ્થાપ્ય હોવા છતાં 'चैत्र'માં આખ્યાતાર્થ સંખ્યાનો અન્વય થઈ શકશે નહીં. પરંતુ इतरविशेषणत्वतात्पर्याविषयत्वનો અર્થ 'इतरविशेषणत्वमात्रतात्पर्याविषयत्व' હોવાથી 'चैत्र एव गच्छति' અહીં ચૈત્રમાં ઉપર જણાવ્યા મુજબ સંખ્યાના અનન્વયનો પ્રસંગ નહીં આવે. કારણ કે અહીં ચૈત્ર પદાર્થ; ઈતરવિશેષણત્વ અને મુખ્યવિશેષ્યત્વેન તાત્પર્યનો વિષય હોવાથી ઈતર-વિશેષણત્વમાત્રતાત્પર્યાવિષય છે જ.

'चैत्रः पचति'' ઈત્યાદિ સ્થળે ઉપર જણાવ્યા મુજબ વૈયાકરણોના મતે ધાત્વર્થવ્યાપારમુખ્યવિશેષ્યક શાબ્દબોધ થતો હોવાથી ચૈત્ર પદાર્થ વ્યાપારવિશેષણત્વેન તાત્પર્યનો વિષય છે. તેથી પ્રથમાન્તપદોપસ્થાપ્ય ચૈત્રમાં ઈતરવિશે-ષણત્વતાત્પર્યાવિષયત્વ ન હોવાથી ત્યાં સંખ્યાનો અન્વય નહીં થઈ શકે. તેથી વૈયાકરણસાધારણ (વૈયાકરણોને પણ માન્ય) એવા 'कर्मत्वाद्यनवरुद्धत्व'ના અર્થનું નિરૂપણ કરી તત્તત્પદોના નિવેશનું પ્રયોજન જણાવે છે - यद्वा धात्वर्थातिरिक्ता-विशेषणत्वं... ઈત્યાદિ ગ્રંથથી.

આશય એ છે કે ''कर्मत्वाद्यनवरुद्धः प्रथमान्तपदोप-स्थाप्यः...' અહીં 'कर्मत्वाद्यनवरुद्ध' પદનો અર્થ ''धात्वर्थाति-रिक्ताविशेषण'.' છે. તેથી 'धात्वर्थातिरिक्ताविशेषणत्वविशिष्ट-प्रथमान्तपदोपस्थाप्य' સંખ્યાભિધાન માટે યોગ્ય છે - આ અર્થ ફલિત થાય છે. ત્યાં 'धात्वर्थातिरिक्ताविशेषणत्व'નો નિવેશ હોવાથી 'चैत्र इव मैत्रो गच्छति' ઈત્યાદિ સ્થળે ધાત્વર્થાતિરિક્ત ઈવાર્થસાદશ્યમાં વિશેષણત્વેન તાત્પર્યના વિષય ચૈત્રમાં

સંખ્યાન્વયનો પ્રસંગ આવતો નથી. માત્ર धात्वर्थातिरिक्ता-વિશેષણને સંખ્યાભિધાન માટે યોગ્ય માનીએ તો 'स्तोकं पचति' અહીં ધાત્વર્થાતિરિક્તાવિશેષણ સ્તોકમાં સંખ્યાન્વયનો પ્રસંગ આવશે. તેના નિવારણ માટે 'प्रथमान्तपदोपस्थाप्य' પદનો નિવેશ કર્યો છે. ક્રિયાવિશેષણને દ્વિતીયા વિભક્તિ થતી હોવાથી સ્તોક પદાર્થ પ્રથમાન્તપદોપસ્થાપ્ય નથી. તેથી તેમાં સંખ્યાન્વયની આપત્તિ આવશે નહીં. અહીં પણ 'चैत्र एव पचति' ઈત્યાદિ સ્થળે ચૈત્રાદિમાં સંખ્યાના અનન્વયની આપત્તિનું નિવારણ કરવા ''धात्वर्थातिरिक्ताविशेषणत्व''નો અર્થ 'धात्वर्थातिरिक्तविशेषणत्वमात्रतात्पर्याविषयत्व' છે. એ સમજી શકાય છે.

મીમાંસકો ધાત્વર્થ ફલ કહે છે. અને આખ્યાતપ્રત્યયાર્થ વ્યાપાર કહે છે. તેનું નિરાકરણ કરે છે - 'एवं व्यापारेऽपि'... ઈત્યાદિ ગ્રંથથી - આશય એ છે કે જેમ આખ્યાત પ્રત્યયની શક્તિ ગૌરવના કારણે કર્ત્તામાં નથી તેવી જ રીતે ગૌરવના કારણે વ્યાપારમાં પણ શક્તિ નથી. પરન્તુ કૃતિમાં શક્તિ છે. કારણ કે તે પ્રમાણે માનવાથી શક્યતાવચ્છેદક કૃતિત્વજાતિ લઘુભૂત થાય છે. તેની અપેક્ષાએ વ્યાપારત્વ જન્યત્વાદિઘટિત, અથવા 'अयं धात्वर्थो व्यापारः' ઈત્યાકારક પ્રતીતિવિષયત્વાદિ સ્વરૂપ હોવાથી તેને (વ્યાપારત્વને) શક્યતાવચ્છેદક માનવામાં ગૌરવ સ્પષ્ટ છે.

આ રીતે કૃતિત્વજાતિને શક્યતાવચ્છેદક માનવામાં લાઘવ હોવાથી આખ્યાતાર્થ કૃતિ છે. એ પ્રમાણે કહેવું યોગ્ય નથી. કારણ કે 'रथो गच्छति' ઈત્યાદિ સ્થળે રથમાં કૃતિ ન હોવા છતાં, તેવો પ્રયોગ થાય છે. આ શંકાનું સમાધાન કરવા કહે છે- 'रथो गच्छति' ... ઈત્યાદિ - કહેવાનું તાત્પર્ય-એ છે કે જ્યાં આખ્યાતાર્થકૃતિ બાધિત છે, એવા 'रथो गच्छति' ઈત્યાદિ સ્થળે આખ્યાતપદ, વ્યાપારમાં લાક્ષણિક મનાય છે. અથવા

નવીનોના મતે ધાત્વર્થ વ્યાપારાશ્રયત્વમાં લાક્ષણિક મનાય છે. આવી જ રીતે चैत्रो जानाति, 'चैत्र इच्छति'... ઇત્યાદિ સ્થળે 'यो जानाति स इच्छति, य इच्छति स यतते' આ વ્યાપ્તિથી જ્ઞાનાદિકાળમાં ચૈત્રાદિમાં કૃતિ બાધિત હોવાથી આખ્યાત પદમાં આશ્રયત્વની લક્ષણા મનાય છે. તેમ જ 'घटो नश्यति'... ઇત્યાદિ સ્થળે ઘટાદિમાં કૃતિ બાધિત હોવાથી આખ્યાતપદમાં પ્રતિયોગિત્વની લક્ષણા મનાય છે. આ બધી લક્ષણા અનાદિકાલીનતાત્પર્યનો વિષય હોવાથી નિરૂઢ લક્ષણા કહેવાય છે. અહીં 'चैत्रो जानाति'...ઇત્યાદિ વાક્યોથી થતા શાબ્દબોધનું સ્વરૂપ સ્વયં વિચારવું. અથવા ભણાવનાર પાસેથી સમજી લેવું. સુગમ હોવાથી એનું વર્ણન અહીં કર્યું નથી.

ઉપમાનથી જે રીતે ગવયાદિ પદોમાં શક્તિગ્રહ થાય છે, તે રીતે ઉપમાનનિરૂપણના અવસરે વર્ણવ્યું છે.

આવી જ રીતે કોશથી પણ શક્તિગ્રહ થાય છે. કારણ કે તત્તત્પદમાં તત્તદર્થનિરૂપિતશક્તિ કોશમાં વર્ણવેલી હોય છે. પરન્તુ ક્વચિત્ કોશથી વ્યુત્પાદિત શક્તિનો; બાધક હોય તો ત્યાગ કરાય છે. જેમ नीलादि પદોની શક્તિ, નીલરૂપાદિમાં અને નીલરૂપવિશિષ્ટાદિમાં કોશ દ્વારા જણાવી હોવા છતાં નીલત્વાદિ જાતિને શક્યતાવચ્છેદક માનવાથી લાઘવ થતો હોવાથી નીલાદિપદોની શક્તિ નીલરૂપાદિમાં જ મનાય છે. અને નીલરૂપાદિને, શક્યતાવચ્છેદક માનવાથી ગૌરવ થતો હોવાથી નીલરૂપવિશિષ્ટાદિમાં નીલાદિ પદોની શક્તિનો ત્યાગ કરાય છે. જ્યારે 'नीलो घटः' ઈત્યાદિ સ્થળે નીલાદિ પદોમાં, નીલરૂપ-વિશિષ્ટાદિની લક્ષણા કરાય છે.

આવી જ રીતે આપ્ત એટલે યથાર્થવક્તાના વાક્યથી પણ શક્તિગ્રહ થાય છે. જેમ 'કોકિલ પિકશબ્દ વાચ્ય છે', આ પ્રમાણેના વાક્યથી પિકાદિ શબ્દોનો શક્તિગ્રહ કોકિલમાં થાય

છે. તેમાં આપ્તપુરુષનું તાદશવાક્ય પ્રયોજક છે - એ સમજી શકાય છે.

આવી જ રીતે વ્યવહારથી પણ શક્તિગ્રહ થાય છે. જેમ પ્રયોજકવૃદ્ધે (આજ્ઞા કરનાર) 'घटमानय' આ પ્રમાણે કહ્યું. તેને સાંભળીને પ્રયોજ્યવૃદ્ધ (જેને આજ્ઞા કરી છે તે) ઘટને લઈ આવ્યો. તેનું અવધારણ કરીને ત્યાં ઉભો રહેલો બાલ; 'ઘટને લાવવાનું કાર્ય, घटमानय આ પ્રમાણેના શબ્દથી પ્રયોજ્ય છે' - આ પ્રમાણે અવધારણ કરે છે. તેથી 'घटं नय; गामानय', ઈત્યાદિવાક્યોથી ઘટાદિપદોનો સંગ્રહ અને ત્યાગથી કાર્યાન્વિ-તઘટાદિમાં શક્તિનું ગ્રહણ કરે છે. તેમાં પ્રયોજક અને પ્રયો-જ્યવૃદ્ધોનો તાદશ વ્યવહાર કારણ છે - એ સ્પષ્ટ છે.

આ રીતે ઉપર જણાવ્યા મુજબ કાર્યાન્વિતઘટાદિમાં ઘટાદિ પદોનો શક્તિગ્રહ થવાથી ''भूतले नीलो घटः'' ઈત્યાદિ વાક્યોથી શાબ્દબોધ થતો નથી. કારણ કે ઘટાદિપદોની; ઉપર જણાવ્યા મુજબ વ્યવહારથી કાર્યાન્વિતઘટાદિના બોધમાં શક્તિનું અવધારણ કર્યું છે. અને કાર્યતાબોધની પ્રત્યે આજ્ઞાર્થ, વિધ્યર્થ, તથા તવ્યાદિ પ્રત્યયોનું સામર્થ્ય છે. તેથી 'भूतले नीलो घटः' ઈત્યાદિ સ્થળે તાદશ કાર્યતાબોધક લિઙાદિ (આજ્ઞાર્થાદિ) પદોનો અભાવ હોવાથી શાબ્દબોધ થતો નથી. આ પ્રમાણે કેટલાક કહે છે.

પરંતુ તે બરાબર નથી. કારણ કે પ્રથમતઃ (પ્રથમ વ્યવહારથી) કાર્યાન્વિતઘટાદિમાં, ઘટાદિ પદોની શક્તિનો ગ્રહ થયો હોવા છતાં કાર્યાન્વિતઘટાદિ શાબ્દબોધત્વની અપેક્ષાએ ઘટાદિશાબ્દત્વ (શાબ્દબોધત્વ)ને ઘટાદિપદજ્ઞાનનિષ્ઠ-કારણતાનિરૂપિતકાર્યતાવચ્છેદક માનવામાં લાઘવ હોવાથી શક્યતાવચ્છેદકકોટિમાં કાર્યાન્વિતત્વનો પરિત્યાગ કરવામાં ઔચિત્ય છે. આથી જ કાર્યત્વાવિષયક શાબ્દબોધની પ્રત્યે પદોની શક્તિ હોવાથી જ 'चैत्र ! पुत्रस्ते जातः' અને

'कन्या ते गर्भिणी' ઈત્યાદિ વાક્યો સ્થળે અનુક્રમે ચૈત્રના મુખની પ્રસન્નતા અને મલીનતાથી સુખ અને દુઃખનું અનુમાન કરીને તે સુખદુઃખના કારણ તરીકે પરિશેષાનુમાન દ્વારા શાબ્દબોધનો નિર્ણય કરીને તાદૃશશાબ્દબોધના હેતુ તરીકે તે તે પદોનું અવધારણ થાય છે. અન્યથા કાર્યાન્વિતપદાર્થમાં જ પદોની શક્તિને માનીએ તો અહીં પણ લિઙાદિ પદોના અભાવથી શાબ્દબોધ નહીં થાય. અનુમાનપ્રકાર નીચે મુજબ સમજી શકાય છે. 'चैत्रः सुखवान् प्रसन्नमुखवत्त्वात्;' 'चैत्रो दुःखवान् मलिनमुखवत्त्वात्;' 'चैत्रसमवेतसुखदुःखे असाधारणकारणजन्ये जन्यगुणत्वाद्;' 'चैत्रसमवेतसुखं न चन्दनाङ्गनादिसम्बन्धाऽसाधारणकारणकं तत्सम्बन्धशून्यकालीनोत्पत्तिमत्त्वात्;' 'चैत्रसमवेतदुःखं न कण्टकादिसम्बन्धाऽसाधारणकारणकं तत्सम्बन्धशून्यकालीनोत्पत्तिमत्त्वात्;' 'चैत्रसमवेतसुखदुःखे चैत्र ! पुत्रस्ते जातः कन्या ते गर्भिणी, ति वाक्यज्ञानाधीनशाब्दबोधाऽसाधारणकारणके, तदितरासाधारणकारणकत्वाभावे सत्यसाधारणकारणकत्वात्' ।

આ રીતે અન્વિતઘટાદિમાં શક્તિનો ત્યાગ કરીને ઘટાદિ પદોથી માત્ર ઘટાદિમાં શક્તિનો ગ્રહ થાય છે. આશય એ છે કે, 'घटोऽस्ति' ઈત્યાદિ વાક્યોથી અનુપસ્થિત પટાદિશાબ્દબોધની આપત્તિનું નિવારણ કરવા તત્તત્પદોપસ્થાપિતાર્થનું જ તત્તત્પદજ્ઞાનજન્ય શાબ્દબોધમાં ભાન મનાય છે. તેથી પદાર્થદ્વયના સંસર્ગનું ભાન શાબ્દબોધમાં થાય એ માટે તત્તત્પદથી તત્તત્પદાર્થની ઉપસ્થિતિ તદિતરપદાર્થાન્વિતત્વેન કેટલાક લોકો માને છે. તેથી તેમના મતે ઘટાદિપદોની શક્તિ; તદિતર (ઘટાદિથી ઈતર) જે પદાર્થાન્તર, તદન્વિત - તત્પ્રતિયોગિકસંસર્ગવિશિષ્ટઘટાદિપદાર્થમાં મનાય છે. પરંતુ આ રીતે અન્વિતઘટાદિમાં શક્તિ માનવાથી કાર્યાન્વિતઘટાદિમાં શક્તિ માનવામાં થતા ગૌરવની જેમ ગૌરવ થતું હોવાથી ઘટાદિ પદોની માત્ર ઘટાદિમાં જ શક્તિ મનાય છે.

યદ્યપિ આ રીતે ગૌરવના કારણે અન્વિતઘટાદિમાં ઘટાદિ પદોની શક્તિ માનવામાં ન આવે તો અનુપસ્થિત તાદશ-પદાર્થદ્વયસંસર્ગનું ભાન શાબ્દબોધમાં માની શકાશે નહીં. અન્યથા ઘટાદિપદોથી અનુપસ્થિત પટાદિના ભાનની આપત્તિ આવશે. પરંતુ સંસર્ગનું ભાન તો શાબ્દબોધના કારણ સ્વરૂપ આકાંક્ષાના કારણે થતું હોવાથી અનુપસ્થિત પણ તાદશ પદાર્થદ્વયસંસર્ગનું ભાન શાબ્દબોધની મર્યાદાથી થાય છે. આથી સ્પષ્ટ છે કે ''संसर्गताभिन्नतत्तन्निष्ठविषयताशालिशाब्द-त्वावच्छिन्नं प्रति पदजन्यतत्तद्विषयकोपस्थितित्वेन'' હેતુતા હોવાથી ઘટપદથી પટવિષયકશાબ્દબોધ થતો નથી... ઈત્યાદિ સ્વયં સમજી લેવું.

આવી રીતે વાક્યશેષથી પણ શક્તિગ્રહ થાય છે. જેમ 'यवमयश्चरुर्भवति' અહીં આ શ્રુતિથી 'યવના વિકારવિશિષ્ટ આહુતિયોગ્ય દેવને આપવાનો પદાર્થ ઈષ્ટસાધન છે.' એ પ્રમાણે બોધ થાય છે. ત્યાં આર્યો દીર્ઘશૂકવિશેષમાં અને મ્લેચ્છ લોકો કઙ્ગુમાં यव પદનો પ્રયોગ કરે છે. તેથી 'દીર્ઘશૂકવિશેષમાં यव પદની શક્તિ છે કે કઙ્ગુમાં ?' આવો સંદેહ થાય છે. ત્યારે ''यदाऽन्या ओषधयो म्लायन्ते अथैते मोदमा-नास्तिष्ठन्ति'' અર્થાત્ જ્યારે બીજી બધી ઔષધિયો-વનસ્પતિઓ મ્લાન થાય છે, પત્ર વગેરેથી રહિત થાય છે, ત્યારે આ જવ શોભતા હોય છે. તેમજ

(''वसन्ते सर्वसस्यानां जायते पत्रशातनम् ।
मोदमानाश्च तिष्ठन्ति यवाः कणिशशालिनः ॥)

(અર્થાદ્ વસન્તઋતુમાં બધા જ ધાન્યોના પાંદડાઓ પડી જાય છે. પરંતુ એ વખતે યવ કણસલાથી શોભતા હોય છે.) આ પ્રમાણેના વાક્યશેષથી यव પદની શક્તિ દીર્ઘશૂકવિશેષમાં (એક જાતની ડાંગરમાં) નિર્ણીત થાય છે. અને કઙ્ગુ (ખડ ધાન્ય)માં यव પદની શક્તિ નથી મનાતી. મ્લેચ્છ લોકોનો

કઙ્ગુમાં કરાતો यव પદનો પ્રયોગ શક્તિભ્રમથી છે. યદ્યપિ મ્લેચ્છોના यव પદના પ્રયોગથી यव પદની શક્તિ કઙ્ગુમાં પણ માની શકાય છે. કારણ કે અનેકાર્થકશબ્દોની શક્તિ અનેકાર્થમાં મનાય છે જ. પરન્તુ यव પદની શક્તિ કઙ્ગુમાં અને દીર્ઘશૂકમાં માનીએ તો નાનાશક્તિની કલ્પનાના કારણે ગૌરવ થાય છે. યદ્યપિ એતાદશ ગૌરવના પરિહાર માટે यव પદની શક્તિ દીર્ઘ-શૂકવિશેષમાં જ માનવી જોઈએ - એમાં કોઈ પ્રમાણ નથી. પરન્તુ ઉક્તવાક્યશેષના કારણે यव પદની શક્તિ દીર્ઘ-શૂકવિશેષમાં મનાય છે. કઙ્ગુમાં મનાતી નથી. ''સિંહ, સર્પ, વાનર ઈત્યાદિ અનેકાર્થક 'हरि' વગેરે પદોની શક્તિ નાના પદાર્થોમાં માનવાથી ગૌરવ થતું હોવાથી ત્યાં પણ અનેકાર્થમાં 'हरि' વગેરે પદોની શક્તિ નહીં માનવી જોઈએ.'' આ પ્રમાણે નહીં કહેવું જોઈએ. કારણ કે ત્યાં અનેકાર્થમાં हरि વગેરે પદોની શક્તિ કોશથી વ્યુત્પાદિત છે. સિદ્ધાર્થમાં ગૌરવનો વિચાર કરવાનું અનાવશ્યક છે. કલ્પનીય પદાર્થમાં જ ગૌરવાદિનો વિચાર આવશ્યક છે - એ સમજી શકાય છે.

આ રીતે વિવરણથી પણ શક્તિગ્રહ થાય છે. સમાનાર્થક-પદાન્તરથી તત્પદના અર્થનું કથન કરવું તેને વિવરણ કહેવાય છે. જેમ 'घटोऽस्ति' આ પદોથી પ્રતિપાદ્ય અર્થને જણાવનાર 'कलशोऽस्ति' ઈત્યાકારક વિવરણથી ઘટ પદની શક્તિનું કળશમાં ગ્રહણ થાય છે. આવી જ રીતે 'पचति' ના 'पाकं करोति' ઈત્યાકારક વિવરણથી આખ્યાતપદાર્થ 'યત્ન' મનાય છે.

આવી જ રીતે પ્રસિદ્ધપદના સાન્નિધ્યથી શક્તિનો ગ્રહ થાય છે. જેમ ''इह सहकारतरौ मधुरं पिको रौति'' ઈત્યાદિ સ્થળે જે વ્યક્તિને पिक પદની શક્તિનો ગ્રહ નથી અને આમ્રવૃક્ષ પર કોકિલ પંચમ સ્વરે શબ્દ કરે છે - એનું જ્ઞાન છે, તે વ્યક્તિને તાદશાર્થપ્રતિપાદક પ્રસિદ્ધ સહકારાદિપદોના સાન્નિધ્યથી पिक પદની શક્તિનો ગ્રહ કોકિલમાં થાય છે.

॥ इति सिद्धान्तमुक्तावलीविवरणे शक्तिग्रहोपायनिरूपणम् ॥

तत्र जातावेव शक्तिग्रहः, न तु व्यक्तौ व्यभिचारात्; आनन्त्याच्च । व्यक्तिं विना जातिभानस्याऽसम्भवाद् व्यक्तेरपि भानमिति केचित् । तन्न । शक्तिं विना व्यक्तिभानानुपपत्तेः । न च व्यक्तौ लक्षणा; अनुपपत्तिप्रतिसंधानं विनाऽपि व्यक्तिबोधात् । न च व्यक्तिशक्तावानन्त्यम्, सकलव्यक्तावेकस्या एव शक्तेः स्वीकारात् । न चाऽननुगमः, गोत्वादेरेवाऽनुगमकत्वात् । किञ्च गौः शक्येति शक्तिग्रहो यदि, तदा व्यक्तौ शक्तिः । यदि तु गोत्वं शक्यमिति शक्तिग्रहः, तदा गोत्वप्रकारकपदार्थस्मरणं शाब्दबोधश्च न स्यात्, समानप्रकारकत्वेन शक्तिज्ञानस्य पदार्थस्मरणं शाब्दबोधं प्रति च हेतुत्वात् । किञ्च गोत्वे यदि शक्तिः तदा गोत्वत्वं शक्यतावच्छेदकं वाच्यम्, गोत्वत्वं तु गवेतरासमवेतत्वे सति सकलगोसमवेतत्वम् । तथा च गोव्यक्तीनां शक्यतावच्छेदकेऽनुप्रवेशात् तवैव गौरवम् । तस्मात् तत्तज्जात्याकृतिविशिष्टतत्तद्व्यक्तिबोधानुपपत्त्या कल्प्यमाना शक्ति र्जात्याकृतिविशिष्टव्यक्तावेव विश्राम्यतीति ।

॥ इति जातिशक्तिवादः ॥

०० 

## : વિવરણ :

'ઘટાદિપદોની શક્તિ ઘટત્વાદિજાતિવિશિષ્ટમાં છે' આ પ્રમાણેના સ્વસિદ્ધાન્તનું વ્યવસ્થાપન કરવા પરમતને જણાવવા પૂર્વક તેના નિરાકરણ માટે કહે છે...तत्र जातावेव ... ઈત્યાદિ - આશય એ છે કે જાતિવિશિષ્ટ વ્યક્તિમાં શક્તિ માનવાની અપેક્ષાએ જાતિમાં શક્તિ માનવામાં લાઘવ છે. તેથી જાતિમાં પદશક્તિને માન્યા પછી જાતિસ્વરૂપ વિશેષણમાં જેની શક્તિ ક્ષીણ થઈ છે એવા પદની તદ્વિશિષ્ટમાં શક્તિ માનવાનું શક્ય નથી. તેથી જાતિમાં જ શક્તિ છે, વ્યક્તિમાં નહીં. અન્યથા જાતિવિશિષ્ટ યત્કિંચિદ્ વ્યક્તિમાં શક્તિ માનીએ તો ઘટાદિપદથી ઘટસામાન્યવિષયક જે શાબ્દબોધ થાય છે ત્યાં તદ્-

ભિન્નવ્યક્તિવિશેષ્યક શક્તિગ્રહ ન હોવાથી વ્યભિચાર આવશે. તેના નિવારણ માટે ઘટાદિપદોની શક્તિ, ઘટત્વાદિજાતિ-વિશિષ્ટ સકલ વ્યક્તિમાં માનીએ તો ઉક્ત વ્યભિચાર નહીં આવે, પરંતુ વ્યક્તિના આનન્ત્યના કારણે શક્તિના આનન્ત્યનો પ્રસંગ આવશે. તેથી જાતિમાં જ પદશક્તિ છે, વ્યક્તિમાં નહીં. પરંતુ વ્યક્તિ વિના જાતિનું ભાન શક્ય ન હોવાથી જાતિભાસક સામગ્રીથી જ વ્યક્તિનું ભાન થાય છે. કારણ કે વ્યક્તિવિશેષ્યકજાતિપ્રકારકશાબ્દબોધમાં, જાતિ-વિષયકશક્તિજ્ઞાનત્વેન તાદશ શક્તિજ્ઞાન કારણ છે. આ રીતે જાતિના ભાન માટે વ્યક્તિનું ભાન આવશ્યક હોવાથી વ્યક્તિમાં પદશક્તિ ન હોવા છતાં વ્યક્તિનું ભાન થઈ શકે છે - આવું કેટલાક કહે છે.

તે યોગ્ય નથી એ જણાવતાં કહે છે - तन्न... ઈત્યાદિ. આશય એ છે કે, 'तद्विषयकशाब्दबोधं प्रति तद्विषयकपदजन्योपस्थितिः कारणम्'- આ કાર્યકારણભાવ હોવાથી ઘટાદિપદોની શક્તિ ઘટત્વાદિ જાતિમાં જ માનીએ તો ઘટાદિપદજન્ય-ઘટત્વાદિજાતિવિષયકોપસ્થિતિ થવાથી ઘટાદિવિષયક તાદશોપસ્થિતિના વિરહથી ઘટાદિવ્યક્તિવિષયકશાબ્દબોધ નહીં થાય. યદ્યપિ ઘટત્વાદિજાતિમાં શક્તિ હોવા છતાં ઘટાદિ-પદોને ઘટાદિવ્યક્તિમાં લાક્ષણિક માનવાથી લક્ષણા સ્વરૂપ વૃત્તિજ્ઞાન દ્વારા ઘટાદિપદોથી ઘટાદિવિષયકોપસ્થિતિ થઈ શકે છે. તેથી ઉપર જણાવ્યા મુજબ ઘટાદિવ્યક્તિવિષયક શાબ્દ-બોધની અનુપપત્તિ નહીં થાય. પરંતુ આ રીતે વ્યક્તિમાં લક્ષણા કરી શકાશે નહીં. કારણ કે અનુપપત્તિના અનુસંધાન વિના પણ વ્યક્તિવિષયક બોધ થાય છે. આશય એ છે કે 'गामानय' ઈત્યાદિ સ્થળે गो પદના શક્યાર્થ ગોત્વનો અન્વય બાધિત હોવાથી અન્વયાનુપપત્તિથી गो પદને ગોવ્યક્તિમાં લાક્ષણિક માની શકાય છે. પરન્તુ 'गौरस्ति' ઈત્યાદિ સ્થળે

ગોપદાર્થગોત્વાન્વય બાધિત નહીં હોવાથી અન્વયાનુપપત્તિના અભાવમાં गो પદથી લક્ષણા દ્વારા પણ ગો વ્યક્તિની ઉપસ્થિતિનો સંભવ નથી. તેથી 'गौरस्ति' ઈત્યાદિ સ્થળે તાદશ વ્યક્તિવિષયકશાબ્દબોધ અનુપપન્ન ન બને - એ માટે વ્યક્તિમાં શક્તિ માનવાનું આવશ્યક છે. કેવલ જાતિમાં શક્તિ માનીને ચાલશે નહીં. 'આ રીતે શક્તિને, ઘટાદિવ્યક્તિમાં માનીએ તો શક્તિના આનન્ત્યનો પ્રસંગ આવશે.' આ પ્રમાણે નહીં કહેવું જોઈએ. કારણ કે ઘટાદિપદશક્તિ, સકલ ઘટાદિ-વ્યક્તિમાં એક જ મનાય છે. કારણ કે ઈશ્વરેચ્છા સ્વરૂપ તાદશ શક્તિ એક જ છે. ''શાબ્દબોધનિષ્ઠકાર્યતાનિરૂપિતતાદશ-કારણતાવચ્છેદક તરીકે વિષયતાસંબંધથી તત્તદ્વ્યક્તિને માની શકાશે નહીં. કારણ કે, અનન્તતત્તદ્વ્યક્તિ અનુગત નથી. જાતિમાં શક્તિ માનવાથી કારણતાવચ્છેદક તરીકે વિષયતા-સંબંધથી અનુગત એક જાતિ બને છે.'' આ પ્રમાણે નહીં કહેવું જોઈએ. કારણ કે તત્તદ્વિષયકશાબ્દબોધની પ્રત્યે જાતિ-વિશિષ્ટવિષયકશક્તિજ્ઞાનત્વેન શક્તિજ્ઞાન કારણ છે. અને કારણતાવચ્છેદક તરીકે સ્વાવચ્છિન્નવિષયકત્વસંબંધથી જાતિ હોવાથી અનનુગતને કારણતાવચ્છેદક માનવાનો પ્રસંગ આવતો નથી.

''શાબ્દબોધમાં પદાનુપસ્થાપ્ય સંસર્ગના ભાનની જેમ પદાનુપસ્થાપ્ય વ્યક્તિનું ભાન પણ શક્ય હોવાથી વ્યક્તિમાં શક્તિ કે લક્ષણા માનવાની આવશ્યકતા નથી. 'ઘટાદિપદથી અનુપસ્થાપ્યત્વ ઘટાદિવ્યક્તિની જેમ પટાદિવ્યક્તિમાં સમાન જ છે. તેથી ઘટપદથી ઘટવ્યક્તિની જેમ પટાદિવ્યક્તિવિષયક પણ શાબ્દબોધ થશે.' એ કહેવું યોગ્ય નથી. કારણ કે ઘટત્વા-દિપ્રકારકઘટાદિવિશેષ્યકશાબ્દબોધની પ્રત્યે ઘટત્વાદિ-વિષયકશક્તિજ્ઞાનત્વેન હેતુતા માનવાથી ઘટાદિપદોથી પટાદિ-વિષયકશાબ્દબોધની આપત્તિ નથી આવતી. આથી સ્પષ્ટ છે

કે વ્યક્તિમાં શક્તિ ન માનીએ તો કોઈ દોષ નથી.'' આ પ્રમાણે જાણીને જાતિશક્તિવાદીને દૂષણાન્તરનો પ્રસંગ જણાવે છે - किञ्च - ઈત્યાદિ ગ્રંથથી. આશય એ છે કે જ્યારે 'गौः शक्या' આ પ્રમાણે શક્તિગ્રહ થાય છે, ત્યારે વ્યક્તિમાં શક્તિ માનવી પડશે. યદ્યપિ 'गौः शक्या' ઈત્યાકારક જ્ઞાન ભ્રમાત્મક છે. અને ભ્રમાત્મક જ્ઞાનથી કોઈ વસ્તુની સિદ્ધિ થતી નથી - આ પ્રમાણે કહી શકાય છે. પરંતુ જાતિશક્તિવાદીના મતે વિશિષ્ટજ્ઞાનમાત્ર 'પ્રમા' હોવાથી ઉક્તજ્ઞાનને ભ્રમાત્મક કહીને તેઓ દોષનું નિવારણ કરવા સમર્થ થઈ શકશે નહીં. જ્યારે 'गोत्वं शक्यम्' આવો શક્તિગ્રહ થાય, ત્યારે તાદશશક્તિ-જ્ઞાનથી, ગોત્વપ્રકારકગોવિશેષ્યક પદાર્થનું સ્મરણ અને શાબ્દબોધ નહીં થાય. કારણ કે તત્તદ્વિષયકપદાર્થસ્મરણ અને શાબ્દબોધની પ્રત્યે સમાનપ્રકારકત્વેન શક્તિગ્રહની હેતુતા છે. તેથી સ્પષ્ટ છે કે વ્યક્તિમાં શક્તિ માન્યા વિના ચાલે એવું નથી. જાતિશક્તિવાદીના મતે જાતિપ્રકારકશાબ્દબોધ સ્થળે પદાર્થ-સ્મરણ અને શાબ્દબોધની પ્રત્યે સમાનપ્રકારકત્વેન શક્તિ-જ્ઞાન, કારણ મનાતું નથી. તેથી 'गोत्वं शक्यम्' ઈત્યાદ્યાકારક શક્તિજ્ઞાનથી પણ ગોત્વપ્રકારક તાદશ શાબ્દબોધ થઈ શકે છે. આ આશયથી જાતિશક્તિવાદીના મતે દૂષણાન્તર જણાવે છે - किञ्च... ઈત્યાદિ ગ્રંથથી - આશય એ છે કે 'गो' વગેરે પદોની શક્તિ ગોત્વાદિ જાતિમાં માનીએ તો શક્યતાવચ્છેદક ગોત્વત્વાદિને માનવું પડશે. એ ગોત્વત્વાદિ ગવેતરાસમવે-તત્વવિશિષ્ટસકલગોસમવેતત્વાદિ સ્વરૂપ હોવાથી શક્યતા-વચ્છેદકકોટિમાં સકલગોવ્યક્તિ વગેરેનો પ્રવેશ થવાથી જાતિ-શક્તિવાદિને જ ગૌરવ છે. તેથી ઘટાદિ પદોથી ઘટત્વાદિ જાતિ અને ઘટાદ્યાકૃતિવિશિષ્ટઘટાદિવ્યક્તિનો બોધ અન્યથા અનુપ-પન્ન ન થાય એ માટે ઘટાદિપદોની શક્તિ તત્તજ્જાત્યા-કૃતિવિશિષ્ટતત્તદ્વ્યક્તિમાં જ મનાય છે.

शक्तं पदम् । तच्चतुर्विधम्, क्वचिद् यौगिकं, क्वचिद् रूढं, क्वचिद् योगरूढं, क्वचिद्यौगिकरूढम् । तथा हि-यत्रावयवार्थ एव बुद्ध्यते तद्यौगिकम् । यथा पाचकादिपदम् । यत्रावयवशक्तिनैरपेक्ष्येण समुदायशक्तिमात्रेण बुद्ध्यते, तद्रूढम् । यथा गोमण्डलादिपदम् । यत्र तु, अवयवशक्तिविषये समुदायशक्तिरप्यस्ति, तद्योगरूढम् । यथा पङ्कजादिपदम् । तथा हि-पङ्कजपदमवयवशक्त्या पङ्कजनिकर्तृत्वरूपमर्थं बोधयति । समुदायशक्त्या च पद्मत्वेन रूपेण पद्मं बोधयति । न च केवलया ऽवयवशक्त्या कुमुदे प्रयोगः स्यादिति वाच्यम् । रूढिज्ञानस्य केवलयौगिकार्थज्ञानप्रतिबन्धकत्वादिति प्राञ्चः।

वस्तुतस्तु समुदायशक्त्युपस्थितपद्मेऽवयवार्थपङ्कजनिकर्तुरन्वयो भवति सान्निध्यात् । यत्र तु रूढ्यर्थस्य बाधः प्रतिसन्धीयते तत्र लक्षणया कुमुदादेर्बोधः । यत्र तु कुमुदत्वेन रूपेण बोधे न तात्पर्यज्ञानं, पद्मत्वस्य च बाधः, तत्र चाऽवयवशक्तिमात्रेण निर्वाह इत्याहुः। यत्र तु स्थलपद्मादावयवार्थबाधः, तत्र समुदायशक्त्या पद्मत्वेन रूपेण बोधः । यदि तु स्थलपङ्कजं विजातीयमेव तदा लक्षणयैव ।

यत्र तु यौगिकार्थरूढ्यर्थयोः स्वातन्त्र्येण बोधः, तद्यौगिकरूढम् । यथोद्भिदादिपदम् । तत्र हि उद्भेदनकर्त्ता तरुगुल्मादिरपि बुद्ध्यते, यागविशेषोऽपीति ॥८१॥

॥ इति सिद्धान्तमुक्तावल्यां शब्दपरिच्छेदे पदनिरूपणम् ॥

०० 

## - વિવરણ -

પદનું સામાન્યલક્ષણ જણાવીને પદનો વિભાગ કરે છે - शक्तं पदम्... ઈત્યાદિ ગ્રંથથી. - નિરૂપકતાસંબંધથી તાદૃશેશ્વરેચ્છા સ્વરૂપ શક્તિમત્‌ને 'પદ' કહેવાય છે. એ પદ; યૌગિક, રૂઢ, યોગરૂઢ અને યૌગિકરૂઢ આ ચાર-ભેદથી ચાર પ્રકારનું છે. અર્થાદ્ કેટલાક પદો કેવલયૌગિક છે. કેટલાક પદો

રૂઢ છે. કેટલાક પદો યોગરૂઢ છે અને કેટલાક પદો યૌગિકરૂઢ છે. તે તે પદો ક્વચિદ્ કેવલ યૌગિકાદિ હોય અને ક્વચિદ્ રૂઢાદિ હોય એ સંભવિત ન હોવાથી મૂલસ્થ 'क्वचित्' પદની અસંગતિને દૂર કરવા क्वचित् પદ 'किञ्चित्' પરક સમજવું. જ્યાં પદના અવયવ પ્રકૃતિ અને પ્રત્યયનો જ અર્થ જણાય છે તે પદને કેવલયૌગિક કહેવાય છે. 'पाचकादि' પદોના પ્રયોગ સ્થળે पच् ધાત્વર્થ પાક અને णक પ્રત્યયાર્થ કર્ત્તાની જ પ્રતીતિ થાય છે. પરંતુ પાકકર્ત્તાથી અતિરિક્ત કોઈ સમુદાયાર્થ પ્રતીત થતો નથી. તેથી 'पाचकादि' પદો યૌગિક કહેવાય છે.

જ્યાં પદના અવયવોની શક્તિની અપેક્ષા રાખ્યા વિના સમુદાયશક્તિમાત્રથી પદાર્થ પ્રતીત થાય છે, ત્યાં તે પદને 'रूढ' પદ કહેવાય છે. गोमण्डल... ઈત્યાદિ પદના પ્રયોગ સ્થળે गो અને मण्डल પદના गम् + डो (ओ) અને मण्ड + ला + क (अ), આ પ્રમાણેના અવયવોની ગમનકર્ત્તા અને મંડાદાનકર્ત્તા સ્વરૂપ અર્થબોધક શક્તિની અપેક્ષા વિના ક્રમશઃ गो પદ અને मण्डल પદથી તાદૃશાકૃતિવિશિષ્ટગોવ્યક્તિ અને વર્તુલાદિ અર્થનો બોધ થાય છે. તેથી गोमण्डल... ઈત્યાદિ પદો 'रूढ' કહેવાય છે. ભાતના ઓસામણ વગેરેને મંડ કહેવાય છે. ('मण्डं लाति' इति मण्डलम् આ વ્યુત્પત્ત્યર્થ છે.)

જ્યાં અવયવશક્તિના વિષયમાં સમુદાયશક્તિ પણ છે, તે પદને 'योगरूढ' પદ કહેવાય છે. યદ્યપિ આ રીતે તો 'पाचकादि' યૌગિક પદોને પણ 'योगरूढ' પદ માનવાનો પ્રસંગ આવશે. કારણ કે પાકકર્ત્તાને, એના માતાપિતાએ આપેલા 'पाचक' નામના પ્રયોગ સ્થળે અવયવશક્તિ (પાકકર્ત્તાબોધકશક્તિ)ના વિષયમાં તદ્વ્યક્તિબોધક સમુદાયશક્તિ પણ તે પદમાં છે. પરન્તુ ''अवयवशक्तिविषये''... ઈત્યાદિ ગ્રંથનો આશય એ છે કે અવયવશક્તિજ્ઞાનજન્યશાબ્દબોધમાં સમુદાયશક્તિસ્મારિતઅર્થવિષયકત્વ જ્યાં હોય

ત્યાં તે પદને योगरूढ કહેવાય છે. पङ्कजादि પદો, અવયવ શક્તિને લઈને પંકાવધિકજનિકર્તૃત્વ (કાદવમાં જન્મ થવો)ને જણાવે છે અને સમુદાયશક્તિને લઈને પદ્મત્વેન પદ્મને જણાવે છે. તેથી પદ્માદિઅર્થબોધક पङ्कजादि પદો योगरूढ કહેવાય છે. અહીં 'पंकज' પદથી 'पद्‌मत्वावच्छिन्नं पङ्कज-निकर्त्रभिन्नम्' ઈત્યાકારક શાબ્દબોધમાં અનાદિકાલીનતાત્પર્ય મનાય છે. पाचकादि યૌગિક પદોથી 'पाककर्त्रभिन्नः पाचकः' ઈત્યાદ્યાકારક શાબ્દબોધમાં તાદશ તાત્પર્ય ન હોવાથી 'पाच-कादि' પદોને યોગરૂઢ માનવાનો પ્રસંગ નહીં આવે. પઙ્કજ-નિકર્તૃત્વ; કુમુદાદિમાં બાધિત ન હોવાથી તદર્થબોધનેચ્છાથી કુમુદાદિમાં પણ पंकज શબ્દનો પ્રયોગ થશે - આવું નહીં કહેવું જોઈએ. કારણ કે રૂઢિજ્ઞાન, કેવલ યૌગિકાર્થજ્ઞાનની પ્રત્યે પ્રતિબંધક મનાય છે. આશય એ છે કે ઉપર જણાવ્યા મુજબ पंकजादिપદોથી પદ્મત્વાવચ્છિન્નપદ્મમાં पंकजनिकर्त्रभिन्नः ઈત્યાકારક શાબ્દબોધમાં અનાદિકાલીન તાત્પર્ય છે. તેથી पद्‌मत्वावच्छिन्नविशेष्यत्वाऽनिरूपितपङ्कजनिकर्तृत्वावच्छिन्न-विषयताक શાબ્દબોધની પ્રત્યે જ રૂઢિજ્ઞાનને પ્રતિબંધક મનાય છે. જેથી कुमुदत्वावच्छिन्न વિશેષ્યતાનિરૂપિતપઙ્કજનિ-કર્તૃત્વાવચ્છિન્નવિષયતાક શાબ્દબોધની પ્રત્યે રૂઢિજ્ઞાન પ્રતિ-બંધક હોવાથી કેવલ અવયવશક્તિથી કુમુદાદિમાં पंकजादि પદોનો પ્રયોગ નહીં થાય. પદ્મત્વાવચ્છિન્નપદ્મમાં તાદશ પ્રયોગ થવામાં કોઈ પ્રતિબંધક નથી. કારણ કે पद्‌मत्वावच्छिन्न-विशेष्यतानिरूपिततादृशविषयताक શાબ્દબોધ ઉક્ત પ્રતિ-બધ્યતાવચ્છેદકાક્રાન્ત નથી. અન્યથા યથાશ્રુત મૂલ અનુસારે તો પદ્માદિમાં પણ पंकजादि પદોનો પ્રયોગ થઈ શકશે નહીં. તેથી મૂલગ્રંથનું ઉક્ત તાત્પર્ય સમજવું જોઈએ - આ પ્રમાણે પ્રાચીનો કહે છે. ગ્રંથકારે 'प्राञ्चः' કહીને તેમના મતમાં અસ્વારસ્ય જણાવ્યું છે. જેનું બીજ દિનકરી-રામરુદ્રીથી

અથવા ભણાવનાર પાસેથી જાણી લેવું.

વસ્તુતસ્તુ...ઈત્યાદિ. આશય એ છે કે 'योगरूढ' પદસ્થલે સમુદાયશક્તિથી ઉપસ્થિતપદ્મમાદિમાં (રૂઢ્યર્થ માં); અવયવશક્તિથી ઉપસ્થિત પઙ્કજનિકર્ત્તા સ્વરૂપ યોગાર્થનો (અવયવાર્થનો-વ્યુત્પત્તિલભ્યાર્થનો) અભેદસંબંધ-થી અન્વય થાય છે. રૂઢ્યર્થની ઉપસ્થિતિનું સાન્નિધ્ય હોવાથી અર્થાત્ તેની ઉપસ્થિતિ શીઘ્ર થતી હોવાથી તેમાં જ (રૂઢ્યર્થમાં જ) યોગાર્થનો ઉપર જણાવ્યા મુજબ અન્વય થાય છે. યોગાર્થમાં રૂઢ્યર્થનો અન્વય થતો નથી. ''व्यक्तिवचनानां बाधकं विना सन्निहितविशेषपरत्वम्'' અર્થાત્ કોઈ બાધક ન હોય તો યત્કિંચિદ્વ્યક્તિવિષયકબોધમાં તાત્પર્ય છે જેનું એવા પદો, અવ્યવહિતોપસ્થિતપદાર્થબોધમાં જ તાત્પર્યવાલા હોય છે. તેથી 'घटेन जलमाहर' ઈત્યાદિ પ્રયોગ સ્થળે વ્યક્તિવાચક ઘટ પદ; સન્નિહિત સચ્છિદ્ર ઘટથી જલાહરણ બાધિત હોવાથી દૂરવર્ત્તિ ઘટના બોધમાં તાત્પર્યવાલું હોવા છતાં 'घटमानय' ઈત્યાદિ સ્થળે ઘટ પદ સન્નિહિતઘટબોધતાત્પર્યક હોવાથી તત્ શ્રવણકર્ત્તા દૂરવર્ત્તિ ઘટને લાવતો નથી. એતાદશવ્યવહારમૂલક ઉક્તનિયમથી શીઘ્રસન્નિહિતોપસ્થિત રૂઢ્યર્થમાં યોગાર્થનો અભેદસંબંધથી અન્વય થાય છે. કુમુદાદિ સ્થળે पंकज શબ્દનો પ્રયોગ હોય; એવા વખતે રૂઢ્યર્થ-પદ્મત્વના બાધનું અનુસંધાન કર્યું હોય અને કુમુદાદિના બોધમાં તાત્પર્ય હોય તો पंकज પદથી લક્ષણા દ્વારા; કુમુદત્વાદિના કુમુદાદિનો અથવા કુમુદત્વાદિવિશિષ્ટપઙ્કજનિકર્તૃત્વેન કુમુદાદિનો બોધ કરી શકાય છે. પણ જ્યાં पंकज પદનો પ્રયોગ છે, કુમુદત્વેન બોધનું તાત્પર્ય નથી અને પદ્મત્વનો બાધ છે, ત્યાં માત્ર અવયવશક્તિથી પઙ્કજનિકર્તૃત્વવિશિષ્ટમાત્રનો જ બોધ થાય છે. આવું કેટલાક કહે છે. જ્યાં સ્થલપદ્મમાદિમાં (ગુલાબ-પુષ્પાદિમાં) पंकज શબ્દનો પ્રયોગ છે અને અવયવાર્થ

(પંકજનિકર્તૃત્વ)નો બાધ છે, ત્યાં સમુદાયશક્તિથી પદ્મત્વેન પદ્મનો બોધ થાય છે. જલપદ્મ અને સ્થલપદ્મ સર્વથા વિજાતીય છે એવું માનીએ તો પદ્મત્વનો પણ બાધ હોવાથી સ્થલપદ્મમાં पंकज શબ્દની લક્ષણાથી બોધ થાય છે.

પદના ચતુર્થભેદનું નિરૂપણ કરે છે - यत्र तु यौगिकार्थ-रूढ्यर्थयोः... ઈત્યાદિ ગ્રંથથી. આશય એ છે કે જ્યાં યૌગિકાર્થ અને રૂઢ્યર્થનો સ્વતન્ત્રપણે બોધ થાય છે, ત્યાં તે પદને 'यौगिकरूढ' કહેવાય છે. उद्भिदादि પદો યૌગિકરૂઢ છે. उद् + भिद् + क्विप् (૦) આ પ્રમાણેના તે પદના અવયવોની શક્તિથી યોગાર્થ ઉદ્ભેદનકર્તા તરુ-ગુલ્મ (ગુચ્છા) વગેરેનો 'उद्भिद्' આદિ પદોથી બોધ થાય છે અને એ 'उद्भिद्' આદિ પદોથી સમુદાયશક્તિથી રૂઢ્યર્થ યજ્ઞ વગેરેનો પણ બોધ થાય છે. 'योगरूढ' પદના પ્રયોગ સ્થળે એક જ વસ્તુનો ઉભય (યોગ-રૂઢિ) રૂપે બોધ થાય છે. જ્યારે 'यौगिकरूढ' પદના પ્રયોગ સ્થળે સ્વતન્ત્રપણે અન્યતર અર્થનો બોધ થાય છે - એ વિશેષ છે.

॥ इति सिद्धान्तमुक्तावलीविवरणे पदनिरूपणम् ॥

## कारिकावली

**लक्षणा शक्यसम्बन्धस्तात्पर्यानुपपत्तितः ।**

मुक्तावली ।

लक्षणा शक्यसम्बन्ध इति । गङ्गायां घोष इत्यादौ गङ्गापदस्य शक्यार्थे प्रवाहरूपे घोषस्याऽन्वयानुपपत्तिस्तात्पर्यानुपपत्तिर्वा यत्र प्रतिसन्धीयते, तत्र लक्षणया तीरस्य बोध इति । सा च शक्यसम्बन्धरूपा । तथा हि- प्रवाहरूपशक्यार्थसम्बन्धस्य तीरे गृहीतत्वात् तीरस्य स्मरणम्, ततः शाब्दबोधः । परन्तु यद्यन्वयानुपपत्ति र्लक्षणाबीजं स्यात्, तदा यष्टीः प्रवेशयेत्यादौ लक्षणा न स्यात्, यष्टिषु प्रवेशान्वयस्याऽनुपपत्तेरभावात् । तेन तत्प्रवेशे भोजनतात्पर्यानुपपत्त्या

यष्टिधरेषु लक्षणा । एवं काकेभ्यो दधि रक्ष्यतामित्यादौ काकपदस्य दध्युपघातके लक्षणा, सर्वतो दधिरक्षायास्तात्पर्यविषयत्वात् । एवं च्छत्रिणो यान्तीत्यादौ च्छत्रिपदस्यैकसार्थवाहित्वे लक्षणा । इयमेवाऽजहत्स्वार्था लक्षणेत्युच्यते । एकसार्थवाहित्वेन रूपेण च्छत्रि-तदन्ययोर्बोधात् । यदि चाऽन्वयानुपपत्तिर्लक्षणाबीजं स्यात्, तदा क्वचित् गङ्गापदस्य तीरे, क्वचित् घोषपदस्य मत्स्यादौ लक्षणेति नियमो न स्यात् ।

०○

## - વિવરણ -

જહત્સ્વાર્થા અને અજહત્સ્વાર્થા આ ભેદથી લક્ષણા બે પ્રકારની છે. તેના પ્રથમભેદનું નિરૂપણ કરે છે. गङ्गायां घोष... ઈત્યાદિ ગ્રંથથી - આશય એ છે કે, 'गङ्गायां घोषः' ઈત્યાદિ પ્રયોગ સ્થળે गङ्गा પદના શક્યાર્થ પ્રવાહપદાર્થમાં ઘોષપદાર્થના અન્વયની અનુપપત્તિનું અથવા વક્તાના તાત્પર્યની અનુપપત્તિનું પ્રતિસંધાન કરાય છે ત્યારે ત્યાં લક્ષણા દ્વારા गङ्गा પદથી ગંગાતીરનો બોધ થાય છે. અહીં ગંગાપ્રવાહ સ્વરૂપ સ્વાર્થનો બોધ થતો ન હોવાથી આ લક્ષણાને જહત્સ્વાર્થા લક્ષણા કહેવાય છે. શક્યસંબંધને લક્ષણા કહેવાય છે. 'गङ्गायां घोषः' અહીં गङ्गा પદના શક્યાર્થ પ્રવાહના સામીપ્યાત્મક સંબંધ સ્વરૂપ લક્ષણાના જ્ઞાનથી ગઙ્ગાતીરનું સ્મરણ થાય છે. ત્યારબાદ 'गङ्गातीरे घोषः' ઈત્યાકારક શાબ્દબોધ થાય છે. અહીં શક્યાર્થ ગઙ્ગાપ્રવાહમાં ઘોષાન્વયની અનુપપત્તિના કારણે લક્ષણા કરવામાં આવી છે. પરન્તુ કેવલ અન્વયની અનુપપત્તિના કારણે જ લક્ષણા કરવામાં આવે તો 'यष्टीः प्रवेशय' અહીં શક્યાર્થ યષ્ટીમાં પ્રવેશક્રિયાનો અન્વય બાધિત ન હોવાથી यष्टि પદની યષ્ટિધરમાં લક્ષણા કરી શકાશે નહીં. તેથી લક્ષણાના બીજ તરીકે તાત્પર્યાનુપપત્તિ મનાય છે. ભોજન કરાવવાના ઈરાદે કરાએલા

'यष्टीः प्रवेशय' આ પ્રયોગ સ્થળે યષ્ટિપ્રવેશથી વક્તાના ભોજન તાત્પર્યની અનુપપત્તિના કારણે यष्टि પદને યષ્ટિધર પુરુષમાં લાક્ષણિક મનાય છે. આવી જ રીતે તાત્પર્યાનુપપત્તિ, લક્ષણાનું બીજ હોવાથી 'काकेभ्यो दधि रक्ष्यताम्' ઈત્યાદિ સ્થળે પણ काक પદની દધ્યુપઘાતકમાં લક્ષણા મનાય છે. કારણ કે કેવલ શક્યાર્થ કાકથી જ દધિરક્ષામાં સર્વત: દધિરક્ષાના તાત્પર્યની અનુપપત્તિ થાય છે. તેમજ 'च्छत्रिणो यान्ति' અહીં 'च्छत्रि' પદ એકસાર્થવાહિત્વવિશિષ્ટમાં લાક્ષણિક છે. 'एकसार्थवाहित्वे लक्षणा' અહીં 'एकसार्थवाहित्व' નો અર્થ 'एकसार्थवाहित्वविशिष्ट' છે. એકસાર્થવાહિત્વવિશિષ્ટમાં લાક્ષણિક 'च्छत्रि' પદ એકસાર્થવાહિત્વેન રૂપેણ ચ્છત્રિ અને તદન્ય અચ્છત્રિનો બોધ કરાવે છે. આ લક્ષણાને અજહત્સ્વાર્થા લક્ષણા કહેવાય છે. અહીં એ યાદ રાખવું જોઈએ કે, 'च्छत्रिणो यान्ति' અહીં च्छत्रिन् પદ મત્વર્થીયતદ્ધિતવૃત્તિ હોવાથી વસ્તુત: એ પદ નથી. પરન્તુ વાક્ય છે. વાક્યમાં શક્તિ ન હોવાથી શક્યસંબંધ સ્વરૂપ લક્ષણાનો પણ ત્યાં સંભવ નથી. તેથી એકસાર્થવાહિત્વવિશિષ્ટમાં 'च्छत्रि' પદની લાક્ષણિકતાનું અભિધાન યદ્યપિ સઙ્ગત નથી. પરન્તુ વાક્યમાં શક્તિ માનનારા વૈયાકરણોના મતાનુસારે એ અભિધાન છે. ન્યાયમતે તો 'च्छत्र' પદ જ એકસાર્થવાહિત્વ (એક સમુદાયત્વ)માં લાક્ષણિક મનાય છે. અને इन् પ્રત્યયાર્થ 'સમ્બન્ધી' મનાય છે. વાક્યમાં શક્તિ માનનારા વૈયાકરણોનો અને પદમાં શક્તિ માનનારા નૈયાયિકોનો જે અભિપ્રાય છે, તેને દિનકરી રામરુદ્રી વગેરે ગ્રંથોથી જાણવો જોઈએ. આ રીતે ઉપર જણાવેલા લાક્ષણિક પ્રયોગો સ્થળે સ્પષ્ટ છે કે તાત્પર્યની અનુપપત્તિના કારણે જ લક્ષણાની કલ્પના કરાય છે. અન્યથા અન્વયની અનુપપત્તિ જો લક્ષણાનું બીજ હોય તો જ્યાં ગઙ્ગાતીરના તાત્પર્યથી પ્રયોજાએલું गङ्गा

પદ છે, તેમજ મત્સ્યના તાત્પર્યથી પ્રયોજાએલું ઘોષ પદ છે, ત્યાં ક્રમશઃ गङ्गा પદને તેમજ ઘોષ પદને જ લાક્ષણિક માની શકાશે નહીં. કારણ કે ઉભયત્ર અન્યતરપદને લાક્ષણિક માનીને અન્વયની અનુપપત્તિને નિવારી શકાય છે. પરન્તુ તે તે વિવક્ષાથી ઉચ્ચારાયેલા તે તે પદોના પ્રયોગ સ્થળે અન્યતરપદને લાક્ષણિક માનીને વક્તાના તાત્પર્યની ઉપપત્તિ થતી નથી. જેથી લક્ષણાનું બીજ તાત્પર્યની અનુપપત્તિ જ છે -એ સ્પષ્ટ છે.

मुक्तावली ।

इदन्तु बोध्यम् - शक्यार्थसम्बन्धो यदि तीरत्वेन रूपेण गृहीतः, तदा तीरत्वेन तीरबोधः, यदि तु गङ्गातीरत्वेन रूपेण गृहीतः, तदा तेनैव रूपेण स्मरणम् । अत एव लक्ष्यतावच्छेदके न लक्षणा, तत्प्रकारकबोधस्य तत्र लक्षणां विनाऽप्युपपत्तेः । परन्त्वेवंक्रमेण शक्यतावच्छेदकेऽपि शक्तिर्न स्यात् । तत्प्रकारकशक्यार्थस्मरणं प्रति तत्पदस्य सामर्थ्यमित्यस्य सुवचत्वादिति विभावनीयम् ।

यत्र तु शक्यार्थस्य परम्परासम्बन्धरूपा लक्षणा सा लक्षितलक्षणेत्युच्यते । यथा द्विरेफादिपदाद्रेफद्वयसम्बन्धो भ्रमरपदे ज्ञायते । भ्रमरपदस्य च सम्बन्धो भ्रमरे ज्ञायते, तत्र लक्षितलक्षणा । किन्तु लाक्षणिकं पदं नानुभावकम् । लाक्षणिकार्थस्य शाब्दबोधे तु पदान्तरं कारणम् । शक्तिलक्षणान्यतरसम्बन्धेनेतरपदार्थान्वितस्व-शक्यार्थशाब्दबोधं प्रति पदानां सामर्थ्यावधारणात् ।

वाक्ये तु शक्तेरभावात् शक्यसम्बन्धरूपा लक्षणाऽपि नाऽस्ति । यत्र गभीरायां नद्यां घोष इत्युक्तं, तत्र नदीपदस्य नदीतीरे लक्षणा गभीरपदार्थस्य नद्या सहाऽभेदान्वयः । क्वचिदेकदेशान्वयस्याऽपि स्वीकृतत्वात् । यदि तत्रैकदेशान्वयो न स्वीक्रियते, तदा नदीपदस्य गभीरनदीतीरे लक्षणा । गभीरपदं तात्पर्यग्राहकम् ।

००

## : વિવરણ :

इदन्तु बोध्यम्... ઈત્યાદિ - આશય એ છે કે, જ્યાં गङ्गायां घोषः ઈત્યાદિ સ્થળે તીરત્વેન રૂપેણ અર્થાદ્ તીરત્વવિશિષ્ટમાં શક્યાર્થસંબંધનું પ્રકારતયા ભાન થાય છે ત્યાં લક્ષણાજ્ઞાનથી તીરત્વપ્રકારકસ્મરણ અને શાબ્દબોધ થાય છે. પરંતુ જ્યારે ગઙ્ગાતીરત્વેન રૂપેણ તદ્વિશિષ્ટમાં તાદશ શક્યાર્થસંબંધનું પ્રકારતયા ભાન થાય છે, ત્યારે ગઙ્ગાતીરત્વ-પ્રકારકસ્મરણ અને શાબ્દબોધ, તાદશ લક્ષણાજ્ઞાનથી થાય છે. તેથી સ્પષ્ટ છે કે યદ્ધર્મવિશિષ્ટમાં શક્યસંબંધાત્મક-લક્ષણાપ્રકારકજ્ઞાન છે, તાદશલક્ષણાજ્ઞાન; તદ્ધર્મપ્રકારકતદ્-વ્યક્તિવિષયકસ્મરણ અને શાબ્દબોધની પ્રત્યે કારણ છે. એતાદશ કાર્યકારણભાવ હોવાથી જ, લક્ષ્યતાવચ્છેદક તીરત્વ કે ગઙ્ગાતીરત્વાદિમાં લક્ષણા ન હોવા છતાં વૃત્તિ (શક્તિ-લક્ષણાન્યતર) જ્ઞાન દ્વારા પદથી અનુપસ્થાપ્ય એવા તીરત્વા-દિપ્રકારકસ્મરણ તથા શાબ્દબોધ પણ થઈ શકે છે. અન્યથા લક્ષ્યતાવચ્છેદકનું સ્મરણાદિમાં લક્ષણા વિના ભાન થાત નહીં. પરંતુ આ રીતે લક્ષ્યતાવચ્છેદકમાં લક્ષણાને માન્યા વિના લક્ષ્યતાવચ્છેદકપ્રકારકસ્મરણાદિ ઉપપન્ન થઈ શકે છે તો તેવી રીતે શક્યતાવચ્છેદક ઘટત્વાદિમાં પણ ઘટાદિપદોની શક્તિ માન્યા વિના 'ઘટત્વાદિપ્રકારકઘટાદિવિશેષ્યકસ્મરણ કે શાબ્દબોધની પ્રત્યે घटादि પદોનું સામર્થ્ય છે.' એમ કહીને ઘટાદિવિશેષ્યકઘટત્વાદ્યન્યપ્રકારકસ્મરણાદિના અતિ-પ્રસઙ્ગનું વારણ કરી શકાય છે. આ પ્રમાણે પણ કહી શકાય છે... ઈત્યાદિ વિચારવું જોઈએ. શક્યતાવચ્છેદકમાં પદોની શક્તિ માનનારા લક્ષ્યતાવચ્છેદકમાં લક્ષણાને શા માટે માનતા નથી ? શક્યતાવચ્છેદક લઘુઅનતિપ્રસક્ત મનાય છે અને લક્ષ્યતાવચ્છેદક સ્વરૂપસંબંધરૂપ મનાય છે- એમાં શું તાત્પર્ય છે ? ગંગાતીરત્વેન બોધ થવા છતાં 'च्छत्रिणो यान्ति' આ

સ્થળની જેમ 'गङ्गायां घोषः' અહીં અજહત્સ્વાર્થા લક્ષણા શા માટે મનાતી નથી ? ... ઈત્યાદિ પ્રશ્નો ઉદ્ભવે તો દિનકરી રામરુદ્રી વગેરે ગ્રંથોથી અથવા અધ્યાપક પાસેથી એના સમાધાનો મેળવી લેવાં. માત્ર મુક્તાવલીના આ વિવરણમાં એ બધાનું સમાધાન કરવા રામરુદ્રીનું વિવરણ કરવું પડશે. તેથી અહીં દિશાસૂચન જ કર્યું છે.

'લક્ષિતલક્ષણાનો અન્તર્ભાવ જહત્સ્વાર્થા લક્ષણામાં થાય છે.' તે જણાવવા તેના સ્વરૂપને બતાવે છે - यत्र तु... ઈત્યાદિ ગ્રંથથી. આશય એ છે કે જ્યાં શક્યાર્થની સાથે પરંપરાસંબંધથી સંબદ્ધ પદાર્થમાં પદને લાક્ષણિક મનાય છે; ત્યાં તાદશ પરંપરાસંબંધને લક્ષિતલક્ષણા કહેવાય છે. द्विरेफ પદને ભ્રમર અર્થમાં જ્યાં લાક્ષણિક મનાય છે; ત્યાં તાદશ લક્ષણાને લક્ષિતલક્ષણા કહેવાય છે. द्विरेफ પદનો સાક્ષાત્સંબંધ भ्रमर પદમાં જણાય છે. અને भ्रमर પદનો સાક્ષાત્સંબંધ ભ્રમરમાં છે. તેથી 'स्ववाच्य (द्विरेफपदवाच्य)रेफद्वयघटितपद (भ्रमरपद) वाच्यत्व' સ્વરૂપ પરંપરાસંબંધથી સંબંધી એવા ભ્રમરમાં द्विरेफ પદની લક્ષિતલક્ષણા છે - એ સમજી શકાય છે. જેનો પૂર્વે જણાવેલી જહત્સ્વાર્થા લક્ષણામાં સમાવેશ થાય છે. તેથી લક્ષણાનું આધિક્ય નથી થતું.

'તચ્છાબ્દબોધની પ્રત્યે તચ્છક્તપદજ્ઞાનત્વેન પદજ્ઞાનને કારણ માનીએ તો લાક્ષણિક શાબ્દબોધ નહીં થાય.' આ પ્રમાણેની શંકાનું સમાધાન કરે છે - किन्तु... ઈત્યાદિ ગ્રંથથી - આશય એ છે કે શક્યાર્થશાબ્દબોધની પ્રત્યે શક્તિમત્પદ-જ્ઞાનત્વેન પદજ્ઞાન કારણ છે. પરંતુ લાક્ષણિક શાબ્દબોધની પ્રત્યે લાક્ષણિકપદસમભિવ્યાહૃત શક્તપદાન્તર કારણ છે. આ રીતે કાર્યકારણભાવ હોવાથી લાક્ષણિક પદોમાં શાબ્દબોધ-જનકત્વ સ્વરૂપ અનુભાવકત્વ મનાતું નથી. આથી સ્પષ્ટ છે કે લાક્ષણિકપદોમાં આનુભાવિકી શક્તિ મનાતી નથી. પરંતુ

સ્મારિકી શક્તિ મનાય છે. गङ्गायां घोष... ઈત્યાદિ સ્થળે ગઙ્ગાતીરમાં લાક્ષણિક-गङ्गा પદસમભિવ્યાહૃતશક્ત ઘોષ-પદ; गङ्गा પદસ્મારિતલક્ષ્યાર્થગઙ્ગાતીરવિષયકશાબ્દબોધનું જનક છે. આથી સમજી શકાય છે કે શક્તિલક્ષણા-ન્યતરસંબંધથી ઈતરપદાર્થમાં અન્વિત જે સ્વશક્યાર્થ તદ્-વિષયકશાબ્દબોધની પ્રત્યે પદોનું સામર્થ્ય છે. गङ्गायां घोषः અહીં લક્ષણાસંબંધથી ઉપસ્થિત ઈતરપદાર્થતીરમાં અન્વિત જે સ્વ (घोषपद) શક્યાર્થ ઘોષ છે, તદ્‌વિષયકશાબ્દબોધની પ્રત્યે घोष પદનું સામર્થ્ય છે. આવી જ રીતે અન્યત્ર પણ લક્ષણા સ્થળે પદોના સામર્થ્યને વિચારવું. નવીનો कुमतिः पशुः ઈત્યાદિ સર્વ લાક્ષણિક સ્થળે લાક્ષણિકાર્થ બોધના અનુરોધથી લાક્ષણિકપદોમાં પણ આનુભાવિકી શક્તિ જે આશયથી માને છે; તે આશય અન્યત્ર અનુસંધેય છે.

'શક્યસંબંધને લક્ષણા માનીએ તો વાક્યનો શક્ય અર્થ ન હોવાથી વાક્યમાં લક્ષણા માની શકાશે નહીં.' આ પ્રમાણેના, વાક્યલક્ષણાવાદી મીમાંસકોના આક્ષેપનો ઈષ્ટા-પત્તિથી પરિહાર કરવા કહે છે - वाक्ये तु... ઈત્યાદિ. આશય સ્પષ્ટ છે કે પદસમૂહ સ્વરૂપ વાક્યમાં શક્તિ ન હોવાથી વાક્યના શક્યાર્થની અપ્રસિદ્ધિના કારણે તત્સંબંધસ્વરૂપ લક્ષણા પણ વાક્યમાં મનાતી નથી. શક્તિની જેમ લક્ષણા પણ વાક્યમાં નહીં માનવાનું ઈષ્ટ જ છે. યદ્યપિ આ રીતે પદમાં જ લક્ષણા માનીએ અને વાક્યમાં લક્ષણાને ન માનીએ તો જ્યાં 'गभीरायां नद्यां घोषः' આવો પ્રયોગ છે, ત્યાં नदी પદ નદીતીરમાં લાક્ષણિક હોવાથી લક્ષ્યાર્થૈકદેશ નદીમાં અભેદસંબંધથી ગભીર પદાર્થનો અન્વય થાય છે. તેથી 'पदार्थः पदार्थेनान्वेति'... ઈત્યાદિ નિયમનો ભંગ થાય છે. તેથી વાક્યમાં લક્ષણા માનવી જોઈએ. પરન્તુ 'चैत्रस्य गुरुकुलम्' ઈત્યાદિની જેમ અહીં લક્ષ્યાર્થૈકદેશ નદીની સાથે ગભીર પદાર્થનો અન્વય થઈ શકે

છે. જેથી વાક્યમાં લક્ષણા માનવાની આવશ્યકતા નથી. ‘પદાર્થનો પદાર્થૈકદેશની સાથે અન્વય સાર્વત્રિક નથી મનાતો, પરન્તુ ક્વચિત્ મનાય છે. તેથી ઉપર જણાવેલા સ્થળે લક્ષ્યાર્થૈકદેશ નદીમાં એવો અન્વય નહીં કરી શકાય.’ એવું માનો તો ‘गभीरायां नद्यां घोषः’ આ સ્થળે नदी પદ ગભીરનદી તીરમાં લાક્ષણિક છે. અને ‘गभीर’ પદ તાદૃશલક્ષણાના તાત્પર્યનું ગ્રાહક છે. આ પ્રમાણે માની શકાય છે. ઉભયથા પણ વાક્યમાં લક્ષણા માનવાની આવશ્યકતા નથી.

मुक्तावली ।

बहुव्रीहावप्येवम् - तत्र हि चित्रगुपदादौ यदैकदेशान्वयः स्वीक्रियते, तदा गोपदस्य गोमति लक्षणा, गवि चित्राऽभेदान्वयः । यदि त्वेकदेशान्वयो न स्वीक्रियते, तदा गोपदस्य चित्रगोस्वामिनि लक्षणा । चित्रपदं तात्पर्यग्राहकम् । एवमारूढवानरो वृक्ष इत्यत्र वानरपदस्य वानरारोहणकर्मणि लक्षणा, आरूढपदञ्च तात्पर्यग्राहकम्। एवमन्यत्राऽपि । तत्पुरुषे तु पूर्वपदे लक्षणा । तथाहि राजपुरुषादिपदे, राजपदार्थेन पुरुषादिपदार्थस्य साक्षान्नान्वयः, निपातातिरिक्तनामार्थयो भेदेनाऽन्वयबोधस्याऽव्युत्पन्नत्वात् । अन्यथा राजा पुरुष इत्यत्राऽपि तथान्वयबोधः स्यात् । घटः पटो नेत्यादौ घटपटाभ्यां नञः साक्षादेवा-ऽन्वयान्निपातातिरिक्तेति । नीलो घट इत्यादौ नामार्थयोरभेद-सम्बन्धेनाऽन्वयाद् भेदेनेति । न च राजपुरुष इत्यादौ लुप्तविभक्तेः स्मरणं कल्प्यमिति वाच्यम् । अस्मृतविभक्तेरपि ततो बोधोदयात् । तस्मात् राजपदादौ राजसम्बन्धिनि लक्षणा । तस्य च पुरुषेण सहाऽभेदाऽन्वयः ।

००

**: વિવરણ :**

बहुव्रीहावप्येवमित्यादि- આશય એ છે કે બહુવ્રીહિ-સમાસમાં પણ ઉપર જણાવ્યા મુજબ વાક્યમાં લક્ષણા મનાતી નથી. પરન્તુ ઉત્તરપદમાં જ લક્ષણા મનાય છે. બહુવ્રીહિ-

સમાસસ્થળે 'चित्रगु' ઈત્યાદિ પ્રયોગોમાં પદાર્થૈકદેશમાં પદાર્થનો અન્વય માનીએ તો ઉત્તરપદ गो પદમાં 'गोस्वामि'ની લક્ષણા કરાય છે. અને લક્ષ્યાર્થૈકદેશ ગોની સાથે ચિત્ર-પદાર્થનો અભેદાન્વય થાય છે. પરન્તુ પદાર્થૈકદેશમાં પદાર્થનો અન્વય ન માનીએ તો गो પદને ચિત્રગોસ્વામિમાં લાક્ષણિક મનાય છે. અને પૂર્વે જણાવ્યા મુજબ चित्र પદ તાદશ લક્ષણાના તાત્પર્યનું ગ્રાહક મનાય છે. આવી જ રીતે 'आरूढवानरो वृक्षः' અહીં वानर પદને વાનરકર્તૃકારોહણકર્મમાં લાક્ષણિક મનાય છે અને आरूढ પદ તાત્પર્યગ્રાહક મનાય છે. જેથી 'वानरकर्तृकारोहणकर्म वृक्षः' ઈત્યાકારક બોધ 'आरूढवानर' પદથી થાય છે. આવી જ રીતે અન્યબહુવ્રીહિસમાસ સ્થળે સામાસિક ઉત્તરપદને તે તે અર્થમાં લાક્ષણિક મનાય છે. અને પૂર્વપદને તાત્પર્યગ્રાહક મનાય છે. ''आरूढवानरो वृक्षः'' અહીં 'आरूढो वानरो यम्' ઈત્યાકારક વિગ્રહવાક્યથી 'यत्कर्मक (यत्पदबोध्यकर्मक) आरोहणकर्त्ता वानरः' ઈત્યાકારક બોધ થાય છે. અને સમાસવાક્યથી ઉક્તરીતે બોધ થાય છે. કારણ કે 'બહુવ્રીહિસમાસ સ્થળે વિગ્રહવાક્યથી યાદશવિશેષણવિશેષ્યભાવાપન્નાર્થબોધ થાય છે, તેનાથી વિપરીતવિશેષણવિશેષ્યભાવાપન્નાર્થબોધ સમાસવાક્યથી થાય છે' એ નિયમ છે. તેથી વિવક્ષિત બોધની ઉપપત્તિ માટે आरूढ પદને આરોહણકર્મમાં અને वानर પદને આરોહણકર્ત્તામાં લાક્ષણિક માનવાની અપેક્ષાએ ઉપર જણાવ્યા મુજબ वानर પદને જ વાનરકર્ત્તૃકારોહણકર્મમાં લાક્ષણિક માનવામાં ઔચિત્ય છે... ઈત્યાદિ અહીં અનુસંધેય છે.

तत्पुरुषे तु... ઈત્યાદિ - આશય એ છે કે, તત્પુરુષસમાસ-સ્થળે એ સમાસના પૂર્વપદમાં લક્ષણા કરાય છે. નિપાત (અવ્યયો-ઉપસર્ગ) થી અતિરિક્ત નામાર્થનો ભેદસંબન્ધથી (અભેદાતિરિક્ત સંબંધથી) અન્વય નથી

મનાતો. અન્યથા નિપાતાતિરિક્તનામાર્થનો અભેદાતિરિક્તસંબંધથી અન્વય માનીએ તો 'राजा पुरुषः' અહીં પણ 'राजाऽभिन्नः पुरुषः' ઇત્યાકારક બોધના બદલે 'राजसम्बन्धी पुरुषः' ઇત્યાકારક અભેદાતિરિક્તસ્વસ્વામિભાવાત્મકભેદસંસર્ગક બોધ થવાનો પ્રસંગ આવશે. 'નામમાત્રના અર્થનો ભેદસંબન્ધથી અન્વય થતો નથી.' આ પ્રમાણે માનીએ તો અર્થાદ્ ઉક્તનિયમમાં 'निपातातिरिक्तत्व'નો નિવેશ ન કરીએ તો, घटो न पटः અહીં નઞર્થ અન્યોન્યાભાવનો અભેદાતિરિક્ત અનુયોગિતા પ્રતિયોગિતા સંબંધથી ઘટ પટની સાથે અન્વય નહીં થાય. તેથી તાદશાન્વયની ઉપપત્તિ માટે ઉક્તનિયમમાં निपातातिरिक्त પદનો નિવેશ કર્યો છે. નઞર્થાન્યોન્યાભાવ નિપાતાર્થ હોવાથી તેનો ઉક્તરીતે ભેદસંબંધથી અન્વય અનુપપન્ન નહીં થાય. નિયમમાં 'भेद' પદનું ઉપાદાન ન કરીએ તો 'नीलो घटः' ઇત્યાદિ સ્થળે નામાર્થનો અભેદસંબન્ધથી પણ અન્વય નહીં થાય. તેથી 'भेद' પદનું ઉક્તનિયમમાં ઉપાદાન છે. જેથી 'नीलो घटः' ઇત્યાદિ સ્થળે અભેદસંબંધથી નામાર્થનો અન્વય અનુપપન્ન નહીં થાય. યદ્યપિ 'राजपुरुषः' ઇત્યાદિ તત્પુરુષસમાસ સ્થળે 'राज्ञः पुरुषः' આ વિગ્રહવાક્યસ્થષષ્ઠીનો સમાસમાં લોપ થયો હોવાથી તાદશ-લુપ્તવિભક્ત્યર્થનું સ્મરણ કલ્પીએ તો राज અને पुरुष પદાર્થનો સાક્ષાદ્ અન્વય થતો નથી. તેથી ઉક્ત ''निपातातिरिक्तनामार्थयोरभेदातिरिक्तसम्बन्धोऽव्युत्पन्नः'' આ નિયમનો કોઈ બાધ નથી. પરન્તુ 'राजपुरुषः' ઇત્યાદિ પ્રયોગના શ્રવણાદિથી લુપ્તવિભક્ત્યર્થનું જેને સ્મરણ થયું નથી એવા લોકોને પણ તાદશ પ્રયોગથી 'राजसम्बन्धी पुरुषः' ઇત્યાદ્યાકારક બોધ થાય છે. તેથી તાદશ બોધના અનુસારે 'राजपुरुषः' ઇત્યાદિ તત્પુરુષસમાસસ્થળે राजन् ઇત્યાદિ પૂર્વપદોને 'રાજસંબન્ધી' ઇત્યાદ્યર્થમાં લાક્ષણિક મનાય છે.

અને એ લક્ષ્યાર્થનો પુરુષાદિ ઉત્તરપદાર્થની સાથે અભેદ સંબંધથી અન્વય થાય છે.

मुक्तावली ।

द्वन्द्वे तु धवखदिरौ छिन्धीत्यादौ धवः खदिरश्च विभक्त्यर्थद्वित्वप्रकारेण बुद्ध्येते, तत्र न लक्षणा । न च साहित्ये लक्षणेति वाच्यम् । साहित्यशून्ययोरपि द्वन्द्वदर्शनात् । न चैकक्रियान्वयित्वरूपं साहित्यमस्तीति वाच्यम् । क्रियाभेदेऽपि धवखदिरौ पश्य छिन्धीत्यादिदर्शनात्, साहित्यस्याऽननुभावाच्च । अत एव "राजपुरोहितौ सायुज्यकामौ यजेयाताम्" इत्यत्र लक्षणाभावाद् द्वन्द्व आश्रीयते । तस्मात् साहित्यादिकं नाऽर्थः, किन्तु वास्तवो भेदो यत्र तत्र द्वन्द्वः । न च नीलघटयोरभेद इत्यादौ कथमिति वाच्यम् । तत्र नीलपदस्य नीलत्वे, घटपदस्य घटत्वे लक्षणा, अभेद इत्यस्य चाऽऽश्रयाभेद इत्यर्थात् ।

समाहारद्वन्द्वे तु यदि समाहारोऽप्यनुभूयत इत्युच्यते, तदाऽहिन-कुलमित्यादौ परपदेऽहिनकुलसमाहारे लक्षणा, पूर्वपदं तात्पर्य-ग्राहकम् । न च भेरीमृदङ्गं वादयेत्यत्र कथं समाहारस्यान्वयः ? अपेक्षाबुद्धिविशेषरूपस्य तस्य वादनाऽसम्भवादिति वाच्यम् । परम्परासम्बन्धेन तदन्वयात् । एवं पञ्चमूलीत्यादावपि ।

परे त्वहिनकुलमित्यादावहिर्नकुलश्च बुद्ध्यते । प्रत्येकमेकत्वान्वयः । समाहारसञ्ज्ञा च, यत्रैकत्वं नपुंसकत्वञ्च 'प्राणितूर्य्य-(२/४/२)' इत्यादि सूत्रेणोक्तं तत्रैव, अन्यत्रैकवचनमसाध्विति वदन्ति ।

पितरौ श्वशुरावित्यादौ पितृपदे जनकदम्पत्योः, श्वशुरपदे स्त्रीजनकदम्पत्योर्लक्षणा । एवमन्यत्रापि । 'घटा' इत्यादौ तु न लक्षणा घटत्वेन रूपेण नानाघटोपस्थितिसम्भवात् ।

**: વિવરણ :**

'धवखदिरौ' ઇત્યાદિ ઇતરેતરદ્વન્દ્વસમાસ સ્થળે વિભક્ત્યર્થ દ્વિત્વના પ્રકારરૂપે ધવ અને ખદિરનો બોધ થાય છે. તેથી

'धवखदिरौ छिन्धि' ઈત્યાદિ સ્થળે 'धवखदिरद्वयकर्मकछेदनानुकूलकृतिमांस्त्वम् (भव)...' ઈત્યાકારક બોધ લક્ષણા વિના પણ શક્ય હોવાથી ઈતરેતરદ્વન્દ્વ સ્થળે સાહિત્યમાં લક્ષણા માનવાની આવશ્યકતા નથી. આશય એ છે કે 'धवखदिरौ' ઈત્યાદિ સ્થળે ઉદ્દેશ્યતાવચ્છેદક 'ધવત્વ' અને ખદિરત્વ આ પ્રત્યેકને માનીએ તો, ''વિભક્તિ; ઉદ્દેશ્યતાવચ્છેદકની વ્યાપ્ય એવી સંખ્યાની બોધિકા હોય છે.'' આ નિયમ હોવાથી વિભક્ત્યર્થ દ્વિત્વનો ધવ અને ખદિરમાં પણ અન્વય થવાથી 'धवखदिरौ छिन्धि' આ વાક્યથી ધવદ્વય અને ખદિરદ્વયકર્મકછેદનક્રિયાદિની પ્રતીતિનો પ્રસંગ આવશે. તેના નિવારણ માટે 'धवखदिरौ' અહીં ધવખદિરના સાહિત્યને ઉદ્દેશ્યતાવચ્છેદક માનવું આવશ્યક છે. જે તાદશ-સાહિત્યના આશ્રયમાં લક્ષણાથી જ શકય છે. તેથી 'धवखदिरौ'... ઈત્યાદિ ઈતરેતરદ્વન્દ્વસમાસસ્થળે ઉત્તરપદને ઈતરેતરદ્વન્દ્વસમાસઘટક પૂર્વોત્તરપદાર્થોના સાહિત્યાશ્રયમાં લાક્ષણિક મનાય છે - એ પ્રમાણે મીમાંસકોનું કહેવું છે. પરન્તુ ઉક્ત રીતે લક્ષણા વિના પણ ઈતરેતરદ્વન્દ્વસ્થળે વિવક્ષિત બોધ ઉપપન્ન થાય છે. તેથી મીમાંસકોનો એ સિદ્ધાન્ત યુક્ત નથી. આ આશયથી જ મીમાંસકોના મતની આશંકાને કરીને એનું સમાધાન કરે છે- 'न च साहित्ये'... ઈત્યાદિ ગ્રંથથી. સાહિત્ય સહવૃત્તિત્વસ્વરૂપ લઈએ તો સાહિત્યશૂન્યસ્થળે દ્વન્દ્વસમાસની અનુપપત્તિને જણાવે છે- 'साहित्यशून्ययो'... ઈત્યાદિગ્રંથથી. એનો આશય સ્પષ્ટ છે કે 'गोत्वाश्वत्वे'.... ઈત્યાદિસ્થળે ગોત્વાશ્વત્વનું સાહિત્ય ન હોવા છતાં દ્વન્દ્વસમાસ થાય છે. તેથી તદનુસાર સાહિત્યાશ્રયમાં લક્ષણા માનવાનું આવશ્યક નથી. યદ્યપિ એકક્રિયાન્વયિત્વસ્વરૂપ સાહિત્ય 'गोत्वाश्वत्वे'... ઈત્યાદિ સ્થળે પણ હોવાથી 'साहित्यशून्ययोरपि' ઈત્યાદિ કથન યોગ્ય નથી. પરન્તુ એકક્રિયાન્વયિત્વરૂપ સાહિત્યની વિવક્ષા

કરીએ તો 'धवखदिरौ छिन्धि पश्य' ઈત્યાદિ સ્થળે ક્રિયાભેદ હોવાથી એકક્રિયાન્વયિત્વસ્વરૂપ સાહિત્ય ન હોવા છતાં દ્વન્દ્વસમાસ થાય છે. તેથી એકક્રિયાન્વયિત્વરૂપ સાહિત્યની વિવક્ષા પણ સઙ્ગત નથી. યદ્યપિ 'धवखदिरौ छिन्धि पश्य' ઈત્યાદિ સ્થળે એકશાબ્દબોધીયક્રિયાન્વયિત્વરૂપ સાહિત્યને માની શકાય છે. પરન્તુ તાદશ-એકક્રિયાન્વયિત્વનો અનુભવ થતો ન હોવાથી સાહિત્યની કલ્પના યુક્ત નથી. અને તેથી ઈતરેતરદ્વંદ્વસમાસસ્થળે ઉત્તરપદને તાદશ-સાહિત્યાશ્રયમાં લાક્ષણિક માનવામાં કોઈ પ્રમાણ નથી. આથી જ ઈતરેતરદ્વન્દ્વસ્થળે લક્ષણાનો અભાવ હોવાથી ''राजपुरोहितौ सायुज्यकामौ यजेयाताम्...'' ઈત્યાદિ સ્થળે દ્વન્દ્વસમાસનો આશ્રય કરાય છે. આશય એ છે કે 'राजपुरोहितौ' ઈત્યાદિ શ્રુતિ સ્થળે 'राजपुरोहितौ...' અહીં દ્વન્દ્વસમાસ કરવો કે તત્પુરુષસમાસ કરવો આ પ્રમાણેની શંકામાં તત્પુરુષસમાસ કરવાથી લક્ષણા કરવી પડે છે. અને દ્વન્દ્વ કરવાથી લક્ષણા કરવાની આવશ્યકતા ન હોવાથી 'राजपुरोहितौ' અહીં દ્વન્દ્વસમાસનો જ નિર્ણય કરાય છે. અન્યથા દ્વન્દ્વસમાસ (ઈતરેતરદ્વન્દ્વસમાસ) સ્થળે પણ લક્ષણા કરવાની હોય તો ઉભયત્ર સામ્ય હોવાથી તાદશનિર્ણય કરી શકાશે નહીં. તેથી ઉપર્યુક્તરીતે ઈતરેતરદ્વન્દ્વસમાસસ્થળે સમાસાર્થ સાહિત્યાદિ નથી મનાતો. અહીં મૂલસ્થ 'आदि' પદથી એકક્રિયાન્વયિત્વરૂપ ગૌણસાહિત્ય સમજવું. આ રીતે ઈતરેતરદ્વન્દ્વસમાસસ્થલે લક્ષણા ન માનીએ તો કર્મધારયસમાસસ્થળે પણ લક્ષણા ન હોવાથી એ બે સમાસોમાં ભેદ નહીં રહે -આ પ્રમાણે નહીં કહેવું જોઈએ. કારણ કે જ્યાં સમાસઘટક પૂર્વ અને ઉત્તરપદાર્થમાં વસ્તુગતભેદ હોય છે, ત્યાં દ્વન્દ્વસમાસ હોય છે. અને જ્યાં તાદશપદાર્થમાં

વસ્તુગત અભેદ હોય છે, ત્યાં કર્મધારયસમાસ હોય છે. યદ્યપિ 'नीलघटयोरभेदः' ઈત્યાદિ પ્રયોગ સ્થળે દ્વન્દ્વસમાસઘટક પૂર્વ-પદાર્થનીલરૂપાશ્રય અને ઉત્તરપદાર્થ ઘટત્વાશ્રયમાં વસ્તુગતભેદ ન હોવાથી ઉપર જણાવ્યા મુજબ 'વસ્તુગતભેદ સ્થળે જ દ્વન્દ્વસમાસ હોય છે.' એ કહેવું યોગ્ય નથી. પરન્તુ 'नीलघटयोरभेदः' ઈત્યાદિ પ્રયોગને અનુસરી नीलादि પદોને નીલત્વા (નીલરૂપા)દિમાં અને घटादि પદોને ઘટત્વાદિમાં લાક્ષણિક મનાય છે. જેથી ત્યાં વસ્તુગતભેદની અનુપપત્તિ થતી નથી. યદ્યપિ નીલરૂપાર્થક नील પદ અને ઘટત્વાર્થક घट પદનો દ્વન્દ્વસમાસ કરીએ તો 'नीलघटयोरभेदः' ઈત્યાકારક પ્રતીતિ; નીલત્વ-ઘટત્વનો અભેદ બાધિત હોવાથી અપ્રમાત્મક મનાશે. પરન્તુ ત્યાં 'अभेद' પદ 'आश्रयाभेदार्थक' હોવાથી તાદશ પ્રતીતિમાં અપ્રમાત્વનો પ્રસંગ નહીં આવે. કારણ કે નીલત્વ અને ઘટત્વના આશ્રયનો અભેદ બાધિત નથી. એ સમજી શકાય છે.

'समाहारद्वन्द्वे तु...' ઈત્યાદિ-આશય એ છે કે, 'अहिनकुलम्' ઈત્યાદિ સમાહારદ્વન્દ્વસ્થળે 'સમાહાર' અર્થની પ્રતીતિ થતી હોય તો ત્યાં સમાસઘટક ઉત્તરપદ नकुलादि માં અહિનકુલસમાહારની લક્ષણા કરાય છે. અને પૂર્વપદ 'अहि' આદિને તાત્પર્યગ્રાહક મનાય છે. વસ્તુતઃ 'अहिनकुलम्' ઈત્યાદિ સ્થળે અહિનકુલની જ પ્રતીતિ થાય છે. સમાહારની પ્રતીતિ થતી નથી. તેથી ઉપર જણાવ્યા મુજબ ઉત્તરપદને લાક્ષણિક માનવાની આવશ્યકતા નથી. આ આશયથી જ 'यदि समाहारो...' અહીં અસ્વારસ્યને જણાવવા 'यदि' પદનો પ્રયોગ છે. ''ઉપર જણાવ્યા મુજબ સમાહારદ્વન્દ્વસ્થળે ઉત્તરપદને તાદશસમાહારમાં લાક્ષણિક માનીએ તો, 'भेरीमृदङ्गं वादय' ઈત્યાદિસ્થળે ભેરીમૃદઙ્ગના સમુદાયનો વાદનક્રિયામાં અન્વય થઈ શકશે નહીં. કારણ કે 'अयमेकोऽयमेकोऽनयोः समाहारः' ઈત્યાદ્યાકારક અપેક્ષાબુદ્ધિવિશેષસ્વરૂપ સમાહારનું વાદન શક્ય

નથી.'' આ પ્રમાણે નહીં કહેવું જોઈએ. કારણ કે ઉક્ત રીતે સમાહારનો સાક્ષાત્સંબંધથી વાદનક્રિયામાં અન્વય બાધિત હોવા છતાં 'સ્વાશ્રય-વૃત્તિત્વ' સ્વરૂપ પરંપરાસંબંધથી સમાહારનો વાદનકર્મતામાં અન્વય થઈ શકે છે. તેથી 'भेरीमृदङ्गं वादय' ઈત્યાદિસ્થળે ભેરીમૃદઙ્ગસમાહારાશ્રય-વૃત્તિવાદનકર્મતાદિનો બોધ અનુપપન્ન નથી. આવી જ રીતે 'पञ्चमूली पञ्चवटी.. ઈત્યાદિ સમાહાર દ્વિગુ સ્થળે પણ ઉત્તરપદને સમાહારમાં લાક્ષણિક મનાય છે. અને પૂર્વપદને તાત્પર્યગ્રાહક મનાય છે.

परे त्वहि... ઈત્યાદિ-આશય એ છે કે 'अहिनकुलम्' ઈત્યાદિ સમાહારદ્વન્દ્વસ્થળે સમાહારનો બોધ થતો નથી. પરન્તુ 'अहि' અને 'नकुल' આદિનો બોધ થાય છે. જો સમાહારદ્વન્દ્વસ્થળે સમાહારનો બોધ થતો નથી તો વિભક્ત્યર્થૈકત્વનો અન્વય ક્યાં થાય છે ? આવી શંકા નહીં કરવી જોઈએ. કારણ કે તાદશએકત્વનો અન્વય, સમા-હારદ્વન્દ્વસમાસઘટકપૂર્વપદાર્થ અને ઉત્તરપદાર્થ પ્રત્યેકમાં થાય છે. આ રીતે સમાહારદ્વન્દ્વ સ્થળે 'સમાહાર' નો બોધ ન થાય તો 'पाणिपादम्' ઈત્યાદિ સ્થળે તે તે સમાસને સમા-હારસંજ્ઞા નહીં થાય. એવું નહીં કહેવું જોઈએ. કારણ કે જ્યાં 'प्राणितूर्य्याङ्गाणाम्' ઈત્યાદિ વ્યાકરણ પ્રસિદ્ધસૂત્રોથી એકત્વ અને નપુંસકત્વનું વિધાન છે, ત્યાં સમાહારસંજ્ઞા થાય છે. અર્થાદ્ સમાહારસંજ્ઞા વ્યાકરણપ્રસિદ્ધ પારિભાષિકી છે, તેને અન્વર્થસંજ્ઞા માનીએ તો જ્યાં સમાહાર છે, ત્યાં પણ સમાહારદ્વન્દ્વનો અતિપ્રસંગ આવશે. તેથી જ સમાહાર-દ્વન્દ્વાતિરિક્તદ્વન્દ્વસમાસ સ્થળે એકવચનનો પ્રયોગ સાધુ મનાતો નથી. અર્થાદ્ નિત્ય એકવચન અને નપુંસકત્વાદિ પદસંસ્કાર માટે તે તે સ્થાને સમાહારસંજ્ઞા તે તે સૂત્રોથી કરવામાં આવી છે. ત્યાં સમાહાર અર્થ પ્રતીત થવો જ જોઈએ - તે નિયમ નથી. આવું કેટલાક લોકો કહે છે.

पितरौ श्वशुरा... ઈત્યાદિ-આશય એ છે કે, माता च पिता चेति पितरौ... ઈત્યાદિ વિરૂપએકશેષદ્વન્દ્વસમાસ સ્થળે માતા અને પિતા સ્વરૂપ જનકદમ્પતીમાં पितृ પદને લાક્ષણિક મનાય છે. અન્યથા લક્ષણા વિના ચૈત્રાદિના બે પિતાનો સંભવ ન હોવાથી તાદશૈકશેષસમાસસ્થળે કેવલ पितृ પદથી માતા અને પિતાનો બોધ થઈ શકશે નહીં. આવી જ રીતે 'श्वशुरौ' ઈત્યાદિ સ્થળે પણ श्वशुर પદને પોતાની સ્ત્રીના માતા અને પિતામાં લાક્ષણિક મનાય છે. ''આવા વિરૂપૈકશેષસમાસસ્થળે લુપ્ત मातृ વગેરે શબ્દસ્મરણથી વિવક્ષિત બોધ થઈ શકતો હોવાથી पितृ વગેરે પદોને લાક્ષણિક માનવાની આવશ્યકતા નથી.'' આવી બીજાઓની માન્યતા છે. આવી જ રીતે भ्रातरौ, पुत्रौ, ઈત્યાદિ વિરૂપૈકશેષદ્વન્દ્વસમાસ-સ્થળે भ्रातृ અને पुत्र વગેરે પદને અનુક્રમે ભાઈબેન અને પુત્રપુત્રી ઈત્યાદિ અર્થમાં લાક્ષણિક મનાય છે. घटश्च घटश्च घटश्चेति घटाः... ઈત્યાદિ સરૂપએકશેષદ્વન્દ્વસમાસસ્થળે ઘટત્વેન અનેકઘટની શક્તિદ્વારા ઘટ પદથી ઉપસ્થિતિ શક્ય હોવાથી ઘટ પદને લાક્ષણિક માનવાની આવશ્યકતા નથી.

मुक्तावली ।

कर्मधारयस्थले तु नीलोत्पलमित्यादावभेदसम्बन्धेन नीलपदार्थ उत्पलपदार्थे प्रकारः । तत्र च न लक्षणा । अत एव ''निषादस्थपतिं याजयेत्'' इत्यत्र न तत्पुरुषः, लक्षणापत्तेः, किन्तु कर्मधारयः, लक्षणाभावात् । न च निषादस्य सङ्करजातिविशेषस्य वेदानधिकाराद् याजनाऽसम्भव इति वाच्यम् । निषादस्य विद्याप्रयुक्तेस्तत एव कल्पनात् । लाघवेन मुख्यार्थस्याऽन्वये तदनुपपत्त्या तत्कल्पनायाः फलमुखगौरवतयाऽदोषत्वादिति ॥

उपकुम्भमदूर्धपिप्पलीत्यादौ परपदे तत्सम्बन्धिनि लक्षणा पूर्वपदार्थप्रधानतया चाऽन्वयबोध इति । इत्थञ्च समासे न क्वाऽपि शक्तिः । पदशक्त्यैव निर्वाहादिति ॥

॥ इति लक्षणाग्रन्थः ॥

०० 

## - વિવરણ -

कर्मधारयस्थले... ઈત્યાદિ-આશય એ છે કે, 'नीलोत्पलम्' ઈત્યાદિ કર્મધારયસમાસ સ્થળે; અભેદ સંબંધથી પૂર્વપદાર્થ નીલરૂપાશ્રયાદિ, ઉત્તરપદાર્થઉત્પલાદિમાં પ્રકાર છે. તેથી नीलाभिन्नमुत्पलम् ઈત્યાદ્યાકારક શાબ્દબોધ પદશક્તિથી જ થતો હોવાથી ત્યાં લક્ષણા મનાતી નથી. આથી જ કર્મધારયસમાસસ્થળે લક્ષણાપ્રયુક્ત ગૌરવ ન હોવાથી ''निषादस्थपतिं याजयेत्'' આ શ્રુતિમાં નિષાદસ્થપતિ અહીં કર્મધારયસમાસ મનાય છે. આશય એ છે કે 'निषादस्थपति' અહીં निषादस्य (બ્રાહ્મણથી શુદ્રકન્યામાં ઉત્પન્ન થયેલ પુત્રને નિષાદ કહેવાય છે.) स्थपतिः (શેઠ, સુથાર, અથવા યજ્ઞવિશેષ કરનાર); આ પ્રમાણે તત્પુરુષસમાસ કરવો, કે निषादश्चासौ स्थपतिः, આ પ્રમાણે કર્મધારયસમાસ કરવો, આવી શંકામાં તત્પુરુષસમાસમાં પૂર્વે જણાવ્યા મુજબ લક્ષણા માનવી પડતી હોવાથી ત્યાં કર્મધારયસમાસની જ, કલ્પના કરાય છે; જે કર્મધારય સમાસ સ્થળે લક્ષણા ન માનીએ તો જ યોગ્ય છે. અન્યથા કર્મધારયસ્થળે પણ લક્ષણાને સ્વીકારીએ તો ઉભયત્ર લક્ષણાના સામ્યથી ઉપર્યુક્ત સ્થળે કર્મધારયસમાસની કલ્પના કરવી યોગ્ય નહીં ગણાય. યદ્યપિ 'निषादस्थपतिं याजयेद्' અહીં કર્મધારયસમાસની વિવક્ષા કરવાથી 'નિષાદાઽભિન્ન સ્થપતિ યજ્ઞ કરે' ઈત્યાકારક બોધ થશે. પરન્તુ સ્ત્રી અને શૂદ્રને વેદાધ્યયનનો નિષેધ કર્યો હોવાથી સંકરજાતીય નિષાદ સ્વરૂપ શૂદ્રને વેદાધ્યયનના અભાવમાં યજ્ઞવિધિનું જ્ઞાન ન હોવાથી નિષાદસ્થપતિનું યજ્ઞકર્ત્તૃત્વ સંભવિત નથી. પરંતુ નિષાદસ્થપતિ અહીં કર્મધારયસમાસની વિવક્ષાથી જ નિષાદને યજ્ઞવિધિ માટે વેદના અધ્યયનનો અધિકાર છે એવી કલ્પના

કરાય છે. અર્થાદ્ ''स्त्रीशूद्रौ नाऽधीयाताम्'' આ વાક્યથી નિષાદભિન્ન શૂદ્રને વેદાધ્યયનમાત્રનો નિષેધ કરાયો છે. અને નિષાદને તત્પ્રાયોગ્યયજ્ઞવિધિથી ભિન્ન વેદાધ્યયનનો નિષેધ કરાયો છે. યદ્યપિ તત્પુરુષસમાસમાં કરવી પડતી લક્ષણાના ગૌરવભયથી કર્મધારયસમાસની કલ્પના કરવામાં ઉપર જણાવ્યા મુજબ નિષાદના વિદ્યાપ્રયુક્તિનું ગૌરવ છે. પરંતુ એતાદશ વિદ્યાપ્રયુક્તિનું ગૌરવ, કર્મધારયસમાસની કલ્પના પછી હોવાથી ફલમુખ છે, જેથી તે દોષાધાયક નથી. આ આશય 'लाघवेन...' ઇત્યાદિ ગ્રંથનો છે. ત્યાં 'लाघवेन' નો અર્થ, 'લક્ષણાના અભાવના કારણે થતા લાઘવથી' એ છે. અને 'मुख्यार्थस्यान्वये' નો અર્થ 'નિષાદાત્મક સ્થપતિ સ્વરૂપ મુખ્યાર્થની સાથે યાજનાત્મક મુખ્યાર્થનો અન્વય કરાએ,' એવો છે. શેષ ઉક્તપ્રાય છે.

उपकुम्भमदूर्ध...ઇત્યાદિ. આશય સ્પષ્ટ છે કે उपकुम्भम् ઇત્યાદિ અવ્યયીભાવસમાસ સ્થળે અને अदूर्धपिप्पली... ઇત્યાદિ અંશિતત્પુરુષસમાસસ્થળે कुम्भादि તથા पिप्पली આદિ ઉત્તરપદને તદર્થ સમ્બન્ધિમાં લાક્ષણિક મનાય છે અને ત્યાં પૂર્વપદાર્થ સમીપાદિ તથા અદ્ર્ધભાગાદિની પ્રધાનતાએ શાબ્દબોધ થાય છે. જેથી 'कुम्भसम्बन्ध्यभिन्नसमीपम्' અને 'पिप्पलीसम्बन्ध्यभिन्नादूर्धम्' આ પ્રમાણે 'उपकुम्भम्' અને 'अदूर्धपिप्पली' પદથી બોધ થાય છે... ઇત્યાદિ સ્વયં વિચારવું. આ રીતે સ્પષ્ટ પણે સમજી શકાય છે કે કોઈ પણ સમાસમાં તત્તદર્થબોધક શક્તિ નથી, સમાસઘટક તત્તત્ પદોની શક્તિથી જ વિવક્ષિત બોધ થાય છે. અને જ્યાં વિવક્ષિત બોધ તાદશશક્તિથી થતો નથી ત્યાં સમાસઘટક તે તે પદોને લાક્ષણિક માનીને વિવક્ષિત બોધની શક્યતા હોવાથી સમાસમાં શક્તિ માનવાની આવશ્યકતા નથી.

॥ इति सिद्धान्तमुक्तावलीविवरणे लक्षणाग्रन्थः ॥

**आसत्तिर्योग्यताकाङ्क्षातात्पर्यज्ञानमिष्यते ॥८२॥**
**कारणं सन्निधानन्तु पदस्याऽऽसत्तिरुच्यते ।**

मुक्तावली ।

आसत्तिरित्यादि-आसत्तिज्ञानं, योग्यताज्ञानं, आकाङ्क्षाज्ञानं, तात्पर्यज्ञानञ्च शाब्दबोधे कारणम् ॥ तत्राऽऽसत्तिपदार्थमाह-सन्निधानं त्विति । अन्वयप्रतियोग्यनुयोगिपदयोरव्यवधानमासत्तिः । तज्ज्ञानं शाब्दबोधे कारणम्, क्वचिद् व्यवहितेऽप्यव्यवधानभ्रमाच्छाब्द-बोधादिति केचित् । वस्तुतस्तु अव्यवधानज्ञानस्याऽनपेक्षितत्वाद् यत्पदार्थस्य यत्पदार्थेनाऽन्वयोऽपेक्षितस्तयोरव्यवधानेनोपस्थितिः शाब्दबोधे कारणम् । तेन गिरिर्भुक्तमग्निमान् देवदत्तेनेत्यादौ न शाब्दबोधः । (तात्पर्यगर्भा चाऽऽसत्तिः ।) नीलो घटो द्रव्यं पट इत्यादावासत्तिभ्रमाच्छाब्दबोधः । आसत्तिभ्रमात् शाब्दभ्रमाभावेऽपि न क्षतिः ।

ननु यत्र च्छत्री कुण्डली वासस्वी देवदत्त इत्युक्तं, तत्रोत्तरपदस्मरणेन पूर्वपदस्मरणस्य नाशादव्यवधानेन तत्तत्पदस्मरणा-ऽसम्भव इति चेन्न । प्रत्येकपदानुभवजन्यसंस्कारैश्चरमस्य तावत्पद-विषयकस्मरणस्याऽव्यवधानेनोत्पत्तेः । नानासन्निकर्षैरेकप्रत्यक्षस्येव नानासंस्कारैरेकस्मरणोत्पत्तेरपि सम्भवात् । तावत्पदसंस्कारसहित-चरमवर्णज्ञानस्योद्बोधकत्वात् । कथमन्यथा नानावर्णैरेकस्मरणम् । परन्तु तावत्पदार्थानां स्मरणादेकदैव खले कपोतन्यायात् तावत्पदार्थानां क्रियाकर्मभावेनान्वयबोधरूपः शाब्दबोधो भवतीति केचित् ।

वृद्धा युवानः शिशवः कपोताः खले यथाऽमी युगपत् पतन्ति । तथैव सर्वे युगपत्पदार्थाः, परस्परेणाऽन्वयिनो भवन्ति ॥ अपरे तु "यद्यदाकाङ्क्षितं योग्यं सन्निधानं प्रपद्यते । तेन तेनाऽन्वितः स्वार्थ पदैरेवाऽवगम्यते ॥" तथा च खण्डवाक्यार्थबोधानन्तरं तथैव पदार्थ-

स्मृत्या महावाक्यार्थबोध इत्यप्याहुः । एतेन तावद्वर्णाभिव्यङ्ग्यः पदस्फोटोऽपि निरस्तः । तत्तद्वर्णसंस्कारसहितचरमवर्णोपलम्भेन तद्व्यञ्जकेनैवोपपत्तेरिति ।

इदन्तु बोध्यम् । यत्र द्वारमित्युक्तं, तत्र पिधेहीति पदस्य ज्ञानादेव बोधः, न तु पिधानादिरूपार्थज्ञानात्, पदजन्यतत्तत्पदार्थोपस्थितेस्त-त्तच्छाब्दबोधे हेतुत्वात् । किञ्च क्रियाकर्मपदानां तेन तेनैव रूपेणाऽऽकाङ्क्षितत्वात्, तेन क्रियापदं विना कथं बोधः स्यात् ? तथा पुष्पेभ्य इत्यादौ स्पृहयतीत्यादिपदाध्याहारं विना चतुर्थ्यनुपपत्तेः पदाध्याहार आवश्यकः ।

॥ इत्यासत्तिनिरूपणम् ॥

०० 

## - વિવરણ -

કારિકાવલીમાં; 'आसत्तिर्योग्यता...' ઈત્યાદિ ગ્રન્થથી શાબ્દબોધની પ્રત્યે 'આસત્તિ' કારણ છે - એ અર્થ પ્રતીત થાય છે. કારણ કે ત્યાં સમાસાન્તઃપાતી 'જ્ઞાન' પદાર્થની સાથે સમાસથી બહિર્ભૂત આસત્તિપદાર્થનો અન્વય શક્ય ન હોવાથી યોગ્યતાદિના જ્ઞાનની જેમ આસત્તિના જ્ઞાનને શાબ્દબોધની પ્રત્યે કારણ મનાય છે- એ અર્થ યથાસ્થિત ગ્રંથથી પ્રતીત થતો નથી. એ ગ્રન્થાનુસાર શાબ્દબોધની પ્રત્યે જો સ્વરૂપથી સત્ એવી આસત્તિને કારણ માનીએ તો, 'गिरि र्भुक्तमग्निमान् देवदत्तेन' ઈત્યાદિ સ્થળે આસત્તિ વિદ્યમાન ન હોવાથી આસત્તિના ભ્રમથી થતો શાબ્દબોધ થઈ શકશે નહીં. તેથી આસત્તિને શાબ્દબોધની પ્રત્યે કારણ નહીં માનતા, તાદૃશશાબ્દબોધની અનુપપત્તિના નિવારણ માટે આસત્તિના જ્ઞાનને કારણ મનાય છે. એ આશયથી મૂલસ્થ 'आसत्तिः' પદનો અર્થ મુક્તાવલીમાં 'આસત્તિજ્ઞાન' કર્યો છે. 'आसत्तिर्योग्यता' આ સ્થાને आसत्तियोग्यता આવો પાઠ હોય તો તાદૃશસમાસમાં आसत्ति પદ નિવિષ્ટ થતું હોવાથી તેનો

યોગ્યતાદિની જેમ જ્ઞાનની સાથે અન્વય થઈ શકે છે. તેથી શાબ્દબોધની પ્રત્યે આસત્તિને કારણ માનવાની વાત ઉભી જ થતી નથી. પણ તાદશ પાઠ દિન-રામ. સંમત નથી...

શાબ્દબોધસામાન્યની પ્રત્યે વૃત્તિ (શક્તિલક્ષણાન્યતર) જ્ઞાનસહકૃતપદજ્ઞાનજન્યપદાર્થોપસ્થિતિ દ્વારા પદજ્ઞાન કારણ છે. તાદશપદજ્ઞાન 'गिरिर्भुक्तमग्निमान् देवदत्तेन'; 'वह्निना सिञ्चेत्', 'घटः कर्मत्वमानयनं कृतिः'... ઈત્યાદિ સ્થળે હોવા છતાં શાબ્દબોધ થતો ન હોવાથી અન્વયવ્યભિચાર આવે છે. તેના નિવારણ માટે શાબ્દબોધની પ્રત્યે કારણભૂત પદજ્ઞાનના સહકારિકારણને જણાવે છે, आसत्तिज्ञानं.. ઈત્યાદિ ગ્રંથથી - આશય એ છે કે શાબ્દબોધની પ્રત્યે કેવલ પદજ્ઞાન જ કારણ નથી. પરંતુ આસત્તિજ્ઞાન; યોગ્યતા-જ્ઞાન, આકાઙ્ક્ષાજ્ઞાન અને તાત્પર્યજ્ઞાન પણ કારણ છે. 'गिरिर्भुक्तमग्निमान् देवदत्तेन'... ઈત્યાદિ સ્થળે પદજ્ઞાન હોવા છતાં તદિતર આસત્તિજ્ઞાનાદિ ન હોવાથી શાબ્દબોધ ન થવા છતાં અન્વય-વ્યભિચાર નથી આવતો. અન્યથા કેવલ દંડથી ઘટોત્પત્તિના અભાવે ત્યાં પણ અન્વયવ્યભિચાર આવશે. અવ્યવધાનથી પદોના ઉચ્ચારણપ્રયુક્તપદોના સાન્નિધ્યને સામાન્યત: આસત્તિ કહેવાય છે, તર્કસંગ્રહમાં જેને સન્નિધિરૂપે વર્ણવી છે. એનું નિરૂપણ કરે છે - अन्वय... ઈત્યાદિ ગ્રંથથી - આશય એ છે કે શાબ્દબોધના વિષયભૂત સંસર્ગ (સંસર્ગતાખ્યવિષયતાશ્રય) સ્વરૂપ અન્વયના પ્રતિયોગિ અને અનુયોગિવાચકપદોનું જે અવ્યવધાન તેને આસત્તિ કહેવાય છે. घटमानय અહીં દ્વિતીયાન્ત ઘટ પદાર્થ ઘટકર્મતા છે અને આનય પદાર્થ આનયન ક્રિયા છે. એ બે પદાર્થોનો નિરૂપકતાસંબંધ, ઉક્તવાક્યજન્ય શાબ્દબોધનો વિષય છે. તાદશ નિરૂપ-કતાસંસર્ગાત્મક અન્વયનો પ્રતિયોગિ ઘટકર્મતા અને અનુયોગી આનયન અર્થ છે. તદ્બોધક 'घटम्' અને 'आनय' પદનું

અવ્યવધાન (અવિલમ્બ) અહીં આસત્તિ છે. અને घटमूपदमानयपदाव्यवहितपूर्वम्... ઈત્યાદ્યાકારક આસત્તિજ્ઞાન અહીં તાદૃશ શાબ્દબોધમાં કારણ છે. કારણ કે ક્વચિદ્ 'गिरिर्भुक्त...' ઈત્યાદિ સ્થળે અવ્યવધાન ન હોવા છતાં અવ્યવધાનના ભ્રમથી શાબ્દબોધ થાય છે. તેથી પૂર્વે જણાવ્યા મુજબ આસત્તિ નહીં, પરંતુ આસત્તિજ્ઞાન (ભ્રમપ્રમા-સાધારણ) શાબ્દબોધની પ્રત્યે કારણ છે. આવું કેટલાક (પ્રાચીનો) કહે છે.

નવીનોના મતને જણાવે છે - वस्तुतस्तु... ઈત્યાદિ ગ્રન્થથી - આશય એ છે કે, પૂર્વે જણાવ્યા મુજબ શાબ્દબોધની પ્રત્યે તાદૃશ પદોના અવ્યવધાનજ્ઞાન સ્વરૂપ આસત્તિજ્ઞાન કારણ છે - એ કહેવું યોગ્ય નથી. કારણ કે પદદ્વયથી જ્યાં પદાર્થદ્વયની અવ્યવધાનથી ઉપસ્થિતિ થાય છે; ત્યાં પદોના અવ્યવધાનના જ્ઞાન વિના પણ શાબ્દબોધ થાય છે. તેથી શાબ્દબોધની પ્રત્યે, જે પદના અર્થનો જે પદના અર્થની સાથે અન્વય વક્તાના તાત્પર્યનો વિષય છે, તે પદોની અવ્યવધાનથી થયેલી ઉપસ્થિતિ કારણ છે. અર્થાદ્ તાદૃશા-સત્તિવિશિષ્ટપદજન્યોપસ્થિતિ શાબ્દબોધની પ્રત્યે કારણ છે. આથી સ્પષ્ટ છે કે પદદ્વયોપસ્થિતિનું અવ્યવધાન જ વસ્તુતઃ આસત્તિ છે, જે સ્વરૂપથી સત્ એવી, શાબ્દબોધનું કારણ છે. આથી જ મૂલમાં 'आसत्तिः' આ પ્રમાણે સમાસાનિવિષ્ટ પાઠ છે. ઈત્યાદિ દિનકરી રામરુદ્રીથી વિચારવું. આસત્તિ પદાર્થ ઉપર જણાવ્યા મુજબ यत् तत् પદગર્ભિત હોવાથી 'गिरिरग्निमान्' અને 'देवदत्तेन भुक्तम्' ઈત્યાકારક શાબ્દબોધેચ્છાથી ઉચ્ચારાએલા 'गिरिर्भुक्तमग्निमान् देवदत्तेन' ઈત્યાકારક પદો સ્થળે गिरि; અને अग्निमान् તથા भुक्तम् અને देवदत्तेन એ પદોના અર્થનો અન્વય અપેક્ષિત હોવાથી; તે તે પદોની અવ્યવધાનથી ઉપસ્થિતિ થતી ન હોવાથી; શાબ્દબોધ થતો નથી. गिरिर्भुक्तम्

અને अग्निमान् देवदत्तेन આ બે પદોની અવ્યવધાનેનોપસ્થિતિ થાય છે. પરંતુ તાદશપદોના અર્થનો અન્વય તાત્પર્યનો વિષય ન હોવાથી શાબ્દબોધ થતો નથી. અર્થાદ્ તાદશોપસ્થિતિને આસત્તિ મનાતી નથી. ઉપર જણાવ્યા મુજબ આસત્તિ તાત્પર્યગર્ભિત હોવાથી જ્યાં 'नीलो घटो द्रव्यं पटः' ઇત્યાદિ સ્થળે 'नीलः पटः' અને 'घटो द्रव्यम्' ઇત્યાદ્યાકારક બોધનું તાત્પર્ય હોવાથી नील અને घट પદમાં આસત્તિ નથી મનાતી - એ ઈષ્ટ જ છે. પરન્તુ આવા સ્થળે તાદશ આસત્તિના અભાવમાં પણ 'नीलो घटः' ઇત્યાકારક જે શાબ્દબોધ થાય છે, તેમાં આસત્તિનો ભ્રમ પ્રયોજક છે. ઘટમાં નીલરૂપનો બાધ ન હોવાથી શાબ્દબોધ ભ્રમાત્મક નથી. 'આસત્તિના ભ્રમથી થયેલો શાબ્દબોધ ભ્રમાત્મક જ હોય છે.' એવું નહીં કહેવું જોઈએ. કારણ કે શાબ્દબોધના ભ્રમનું પ્રયોજકત્વ આસત્તિભ્રમમાં મનાતું નથી. પરંતુ યોગ્યતાભ્રમમાં મનાય છે. (અહીં तात्पर्यगर्भा चाऽऽसत्तिः । આવો પાઠ ( ) માં મૂક્યો છે. કારણ કે એ પાઠ ઘણા પુસ્તકોમાં નથી. તેમ જ એ આવશ્યક જ છે, એવું પણ નથી.)

આ રીતે અવ્યવધાનથી પદોપસ્થિતિને શાબ્દબોધની પ્રત્યે કારણ માનવામાં આવે તો જ્યાં 'छत्री कुण्डली वासस्वी देवदत्तः' આવો પ્રયોગ કર્યો છે, ત્યાં આત્માના યોગ્યવિશેષગુણોનો સ્વોત્તરવૃત્તિવિશેષગુણોથી નાશ થતો હોવાથી પૂર્વપદસ્મરણનો ઉત્તરપદસ્મરણથી નાશ થવાના કારણે અવ્યવધાનથી તત્ તત્ પદસ્મરણના અસંભવે શાબ્દબોધ નહીં થાય, કારણ કે બધા પદોને ચરમ देवदत्त પદની સાથે તાદશાસત્તિ નથી. આ પ્રમાણે નનુ... ઇત્યાદિ ગ્રંથથી શંકા કરે છે. તાદશ શંકાનું નિરાકરણ કરે છે - 'प्रत्येकपदानुभव...' ઇત્યાદિ ગ્રન્થથી - આશય એ છે કે, छत्री कुण्डली... ઇત્યાદિ સ્થળે પ્રત્યેકપદના શ્રાવણ-પ્રત્યક્ષાત્મકઅનુભવજન્ય તત્તત્પદવિષયક સંસ્કારોથી

ચરમ દેવદત્ત વગેરે પદના અનુભવોત્તરકાલમાં તાવત્પદ (જેટલા પદો વાક્યમાં હોય તેટલા પદ) વિષયક સ્મરણની અવ્યવધાનથી ઉત્પત્તિ થાય છે. યદ્યપિ તત્તત્પદસંસ્કારોથી તત્તત્પદવિષયક જ સ્મરણ થઈ શકે છે; તાવત્પદવિષયકસ્મરણ શક્ય નથી. કારણ કે સંસ્કાર અને સ્મરણને સમાનવિશેષ્યકત્વપ્રકારકત્વરૂપથી કાર્યકારણભાવ છે. પરન્તુ નાનાસન્નિકર્ષથી; ઘટચક્ષુ:સંયોગ અને પટચક્ષુ:સંયોગાદિસન્નિકર્ષ અનુક્રમે ઘટેતર અને પટેતર દ્રવ્ય-પ્રત્યક્ષની પ્રત્યે કારણ ન હોવા છતાં 'घटपटौ' ઈત્યાદ્યાકારક સમૂહાલંબનાત્મક ઘટપટવિષયકપ્રત્યક્ષ જેવી રીતે થાય છે, તેવી જ રીતે તત્તત્પદવિષયકનાનાસંસ્કારોથી તાવત્પદવિષયક એક સ્મરણ થવામાં કોઈ બાધક નથી. યદ્યપિ ઉપર્યુક્ત રીતે તાવત્પદવિષયક એક સ્મરણનો સંભવ હોવા છતાં તાદશસંસ્કારનો કોઈ ઉદ્બોધક ન હોવાથી તાદશ સ્મરણ થશે નહીં. પરન્તુ એવા સ્થળે તાવત્પદવિષયકસંસ્કારસહિત ચરમવર્ણજ્ઞાનને ઉદ્બોધક મનાય છે. તેથી ઉપર જણાવ્યા મુજબ તાદશસ્મરણની અનુત્પત્તિ નહીં થાય. અન્યથા આ રીતે ચરમવર્ણજ્ઞાનને અર્થાદ્ તાવત્પદવિષયકસંસ્કારસહિત ચરમપદજ્ઞાનને ઉદ્બોધક ન માનીએ તો અનેકવર્ણઘટિતપદ સ્થળે પણ પદસ્મરણની અનુપપત્તિ થશે. તેથી ત્યાં જેવી રીતે તાવદ્વર્ણવિષયકસંસ્કારસહિત ચરમવર્ણજ્ઞાનને ઉદ્બોધક માનીને તેનાથી ઉદ્બુદ્ધસંસ્કારોથી તાવદ્વર્ણવિષયક એક સ્મરણ મનાય છે, તેવી જ રીતે તાવત્પદવિષયક એક સ્મરણની ઉત્પત્તિના વિષયમાં ઉપર જણાવ્યા મુજબ વિચારવું જોઈએ.

આ રીતે સર્વત્ર તત્તત્પદોના સંસ્કારોથી ચરમપદના શ્રાવણપ્રત્યક્ષની ઉત્તરક્ષણમાં થયેલ તાવત્પદવિષયક-સ્મરણથી 'विशेष्ये विशेषणम्' આ ન્યાયથી યુગપત્

સકલપદાર્થોનો શાબ્દબોધ થાય છે, પરન્તુ 'विशिष्टस्य वैशिष्ट्यम्' આ ન્યાયથી શાબ્દબોધ થતો નથી. આ પ્રમાણેના પ્રાચીનમતને જણાવે છે - परन्तु... ઈત્યાદિ ગ્રન્થથી - આશય એ છે કે વૃદ્ધ યુવાન અને બચ્ચા સ્વરૂપ બધા જ કબુતરો જેવી રીતે ખલમાં (અનાજ રાખવા માટે અને ફોતરા વગેરે દૂર કરવા માટે ખેતરમાં અથવા ઘરમાં તૈયાર કરેલી ચોખ્ખી ખુલ્લી જગ્યાને 'ખલ' કહેવાય છે. જેમાં ચોખા વગેરે અનાજના દાણા વેરાએલા હોવાથી કબુતરો વગેરે તે દાણાને ચણવા આવતા હોય છે.) એકી સાથે આવે છે. અર્થાદ્ એ બધાનો ખલમાં એક જ કાલે સંયોગ હોય છે. તેવી રીતે વાક્યઘટક તે તે પદોપસ્થાપિત સકલપદાર્થોનો ક્રિયાકર્મ (कर्म પદ અહીં કારકમાત્રને જણાવે છે.) ભાવે એક જ કાલે પરસ્પર અન્વય થાય છે. પરન્તુ પ્રથમ પૂર્વપદાર્થનો આકાંક્ષિત ઉત્તરપદાર્થની સાથે ત્યારબાદ તેનો આકાંક્ષિત તદુત્તરપદાર્થની સાથે ત્યારબાદ તેનો તાદશતદુત્તરપદાર્થની સાથે આ રીતે 'विशिष्टस्य वैशिष्ट्यम्' આ ન્યાયથી અન્વય થતો નથી. જેથી 'घटमानय' ઈત્યાદિ વાક્યથી 'घटकर्मकानयनक्रिया' નો બોધ એકીસાથે થાય છે. પરન્તુ घटम् પદથી પ્રથમ 'घटीयकर्मता' નો ત્યારબાદ 'आनय' પદથી 'आनयनक्रिया'નો અને પછી 'घटकर्मकानयनक्रिया' નો આ પ્રમાણે બોધ થતો નથી. આ પ્રમાણે પ્રાચીનો કહે છે. અહીં વૃદ્ધ યુવાન અને શિશુ સ્વરૂપ કપોતનું સામ્ય; પદોમાં શ્રવણકાળની અપેક્ષાએ છે- એ સમજી શકાય છે. આ પ્રમાણેના પ્રાચીન મતમાં પૂર્વપૂર્વપદસ્મરણનો ઉત્તરોત્તરપદસ્મરણથી નાશ થતો હોવાથી તાવત્પદવિષયક સમૂહાલંબનસ્મરણની કલ્પના કરવી પડે છે - એ અસ્વારસ્યને 'केचित्' પદથી સૂચવ્યું છે.

'विशिष्टस्य वैशिष्ट्यम्' આ ન્યાયથી શાબ્દબોધને માનનારાના મતને જણાવે છે - अपरे तु... ઈત્યાદિ ગ્રંથથી

- ગ્રન્થાશય સ્પષ્ટ છે કે, જે પદ જે પદમાં સાકાંક્ષ છે જે પદાર્થમાં યોગ્ય છે અને યત્પદનિરૂપિતઆસત્તિમત્ જણાય છે; તત્પદાર્થાન્વિત સ્વાર્થનો પ્રથમ તે તે પદોથી જ શાબ્દબોધ થાય છે. પછી મહાવાક્યાર્થબોધ થાય છે. घटमानय અહીં अम् પદ ઘટપદમાં સાકાંક્ષ છે કર્મત્વાર્થમાં યોગ્ય છે અને ઘટપદનિરૂપિતાસત્તિમત્ છે. તેથી घट અને अम् પદથી પ્રથમ ઘટપદાર્થાન્વિતકર્મત્વનો 'घटीयकर्मता' ઈત્યાકારક શાબ્દબોધ થાય છે. પછી 'घटमानय' આ મહાવાક્યથી 'घटकर्म-कानयनक्रिया' નો બોધ થાય છે. આ રીતે ખંડવાક્યા(घटम्... ઈત્યાદિ)ર્થ બોધ થયા પછી તાદશાર્થસ્મૃતિથી મહાવાક્યાર્થ બોધ થાય છે. યદ્યપિ શાબ્દબોધની પ્રત્યે પૂર્વે જણાવ્યા મુજબ વૃત્તિજ્ઞાનસહકૃતપદજન્યપદાર્થોપસ્થિતિ કારણ હોવાથી 'घटमानय' ઈત્યાદિ મહાવાકયજન્યશાબ્દબોધની પૂર્વે ઘટાદિપદજન્યઘટાદ્યર્થોપસ્થિતિ ન હોવાથી તાવત્પદાર્થવિષયકસમૂહાલંબનસ્મૃતિને, નવીનોના મતે માનવાનું આવશ્યક છે. પરન્તુ તેમના મતે તો ખંડવાક્યાર્થ 'घटीयकर्मता' ઈત્યાદ્યાકારક બોધને જ પદાર્થોપસ્થિતિત્વેન તાદશમહાવાક્યાર્થબોધની પ્રત્યે કારણ મનાય છે. તેથી ઘટાદિપદાર્થોપસ્થિતિનો નાશ થવા છતાં તાદશસમૂહાલંબનસ્મૃતિ ને માનવાની આવશ્યકતા નથી. અર્થાત્ પદજન્યપદાર્થોપસ્થિતિત્વેન શાબ્દબોધની પ્રત્યે કારણતા નથી મનાતી. પરન્તુ અવાન્તર-શાબ્દબોધસાધારણ તાદશ પદજન્યજ્ઞાનત્વેન કારણતા મનાય છે... ઈત્યાદિ અન્યત્ર અનુસંધેય છે.

'घट'... ઈત્યાદિ પદોના ઉચ્ચારણ સ્થળે घ् अ ट् अ ઈત્યાદિ વર્ણોના ક્રમિક ઉચ્ચારણમાં ચરમવર્ણકાલે પૂર્વપૂર્વવર્ણનો નાશ થવાથી घटादि પદો કોઈ પણ કાળે ન હોવાથી પદોમાં અર્થોપસ્થાપકત્વ અસંભવિત છે. તેથી

તાદૃશાર્થની ઉપસ્થિતિની ઉપપત્તિ માટે તે તે વર્ણોથી અભિવ્યઙ્ગ્ય ઘટાદિ પદસ્ફોટમાં પદાર્થોપસ્થાપકત્વ મનાય છે. આવી જ રીતે વાકચસ્ફોટમાં મહાવાકચસ્ફોટમાં તત્તદ્અર્થોપસ્થાપકત્વ મનાય છે. અને સ્ફોટ બ્રહ્મ સ્વરૂપ નિત્ય હોવાથી એના નાશનો પ્રસઙ્ગ જ નથી. આ પ્રમાણે વૈયાકરણીઓને માન્ય એવા સ્ફોટની કલ્પના પણ અયુક્ત છે; કારણ કે પૂર્વપૂર્વવર્ણના અનુભવથી જન્ય સંસ્કારો સહિત ચરમવર્ણના અનુભવ પછીના તાવદ્વર્ણવિષયક સ્મરણથી પદાર્થોપસ્થિતિ શકચ હોવાથી તાદૃશાર્થોપસ્થાપકત્વ તાદૃશચરમવર્ણમાં મનાય છે. તેથી વર્ણસ્ફોટ માનવાની આવશ્યકતા નથી. કારણ કે તત્તદ્વર્ણ સંસ્કારો સહિત ચરમવર્ણોપલમ્ભસ્વરૂપ સ્ફોટ(પદસ્ફોટ)વ્યંજકથી જ વર્ણસમુદાયાત્મક પદસ્મરણની ઉપપત્તિ થાય છે. અર્થાદ્ વૈયાકરણો જેને સ્ફોટવ્યઞ્જક માને છે, તેનાથી જ યાવદર્થોપસ્થિતિ શક્ય હોવાથી તાદૃશોપસ્થિતિ માટે સ્ફોટ માનવાની આવશ્યકતા નથી.

‘‘અવાન્તર વાક્યાર્થબોધપૂર્વક મહાવાક્યાર્થબોધની પ્રત્યે અવાન્તરવાકચાર્થસ્મરણ જ કારણ છે. પરન્તુ સમૂહાલંબનસ્મૃતિ કારણ નથી. શાબ્દબોધની પ્રત્યે જો પદજન્યપદાર્થોપસ્થિતિને કારણ માનીએ તો તાદૃશાવાન્તરવાક્યાર્થસ્મરણથી શાબ્દબોધ નહીં થાય. તેથી શાબ્દબોધની પ્રત્યે પદજન્યપદાર્થોપસ્થિતિને કારણ માન્યા વિના લાઘવથી પદાર્થોપસ્થિતિને જ કારણ મનાય છે. આથી જ ‘द्वारम्’ આ પદથી ‘पिधेहि’ આ પદના અધ્યાહાર વિના જ પિધાનાર્થના અધ્યાહારથી શાબ્દબોધ થાય છે.’’ આ પ્રમાણેના પ્રાભાકરોના મતનું નિરાકરણ કરવા માટે કહે છે - ‘इदन्तु बोध्यम्...’ ઈત્યાદિ-આશય એ છે કે, જ્યાં ‘द्वारम्’ આ પ્રમાણે પ્રયોગ છે; ત્યાં ‘पिधेहि’ ઈત્યાદિ પદના જ્ઞાનથી

જ શાબ્દબોધ થાય છે. પરંતુ પિધાનાર્થની ઉપસ્થિતિમાત્રથી શાબ્દબોધ થતો નથી. કારણ કે પદજન્ય તત્તત્ પદાર્થોપસ્થિતિ, તત્તત્ શાબ્દબોધની પ્રત્યે કારણં છે. અન્યથા પદાર્થોપસ્થિતિમાત્રને શાબ્દબોધની પ્રત્યે કારણ માનવાથી પ્રત્યક્ષાદિથી ઉપસ્થિત પદાર્થના પણ શાબ્દબોધનો પ્રસઙ્ગ આવશે. પ્રત્યક્ષાદિથી ઉપસ્થિત પદાર્થ સ્થળે વક્તાનું તાત્પર્ય તદર્થશાબ્દબોધમાં ન હોવાથી શાબ્દબોધનો પ્રસંગ નહીં આવે. અને જો વક્તાનું તાત્પર્ય હોય તો, ત્યાં શાબ્દબોધ થાય- એ ઇષ્ટ જ છે. તેથી પદાર્થોપસ્થિતિમાત્રને શાબ્દબોધની પ્રત્યે કારણ માનવામાં કોઈ દોષ નથી. તેથી દૂષણાન્તર જણાવે છે - किञ्च... ઈત્યાદિ ગ્રન્થથી-આશય એ છે કે 'द्वारं कर्मत्वं पिधानं कृतिः' ઈત્યાકારક વાક્યથી દ્વારકર્મક પિધાનક્રિયાનો બોધ થતો ન હોવાથી તાદશ શાબ્દબોધની પ્રત્યે 'द्वारं पिधेहि' આ પ્રમાણેની આનુપૂર્વીરૂપ આકાંક્ષાજ્ઞાનને કારણ માનવાનું આવશ્યક છે. અર્થાત્ ક્રિયાકર્મવાચક પદોને તે તે આનુપૂર્વીવિશેષરૂપથી આકાંક્ષા છે. એ સમજી શકાય છે. તેથી જ્યાં ''द्वारम्'' આટલું જ પદ પ્રયુક્ત છે, ત્યાં 'पिधेहि' આ પ્રમાણેના આકાંક્ષિત ક્રિયાપદના અધ્યાહાર વિના શાબ્દબોધ શી રીતે થશે ? અર્થાત્ કોઈ પણ રીતે શક્ય નથી. તેથી 'પદાધ્યાહાર વિના પદાર્થોપસ્થિતિ માત્રથી શાબ્દબોધ થાય છે.' આ કથન યોગ્ય નથી. યદ્યપિ ''द्वारकर्मकपिधानानुकूलकृति ના બોધની પ્રત્યે 'द्वारपदोत्तरामूपद' રૂપ આનુપૂર્વીવિશેષના જ્ઞાનને અથવા 'पिधेहि' ઈત્યાકારક જ્ઞાનને કારણં માનવાથી 'द्वारम् कर्मत्वं पिधानं कृतिः' આ વાક્યથી તાદશશાબ્દબોધ નહીં થાય અને 'द्वारम्' અથવા 'पिधेहि' અહીં 'पिधेहि' અથવા 'द्वारम्' પદના અધ્યાહાર વિના પદાર્થોપસ્થિતિમાત્રથી તાદશ શાબ્દબોધ થઈ શકે છે.'' આ પ્રમાણે કહીને પદના અધ્યાહારને ન માને તો 'पुष्पेभ्यः' ઈત્યાદિ

સ્થળે 'स्पृहयति' ઇત્યાદિ પદના અધ્યાહાર વિના 'स्पृहेर्व्याप्यं वा'.. ઇત્યાદિ સૂત્રથી વિહિત ચતુર્થી અનુપપન્ન થશે, તેથી પદાધ્યાહાર આવશ્યક છે.

॥ इत्यासत्तिनिरूपणम् ॥

## कारिकावली ।

## पदार्थे तत्र तद्वत्ता, योग्यता परिकीर्त्तिता ॥८३॥

मुक्तावली ।

योग्यतां निर्वक्ति-पदार्थ इति । एकपदार्थेऽपरपदार्थसम्बन्धो योग्यतेत्यर्थः । तज्ज्ञानाभावाच्च वह्निना सिञ्चतीत्यादौ न शाब्दबोधः । नन्वेतस्या योग्यताया ज्ञानं शाब्दबोधात् प्राक् सर्वत्र न सम्भवति, वाक्यार्थस्याऽपूर्वत्वादिति चेन्न । तत्तत्पदार्थस्मरणे सति क्वचित् संशयरूपस्य, क्वचिन्निश्चयरूपस्य योग्यताज्ञानस्य सम्भवात् ।

नव्यास्तु-योग्यताज्ञानं न शाब्दबोधहेतुः, वह्निना सिञ्चतीत्यादौ सेके वह्निकरणकत्वाभावरूपायोग्यतानिश्चयेन प्रतिबन्धान्न शाब्दबोधः । तदभावनिश्चयस्य लौकिकसन्निकर्षाजन्यदोषविशेषाजन्यतज्ज्ञानमात्रे प्रतिबन्धकत्वाच्छाब्धबोधं प्रत्यपि प्रतिबन्धकत्वं सिद्धम् । योग्यताज्ञानविलम्बाच्च शाब्दबोधविलम्बो ऽसिद्ध इत्याहुः ॥८२-८३॥ इति योग्यतानिरूपणम् ॥

० ०

### : વિવરણ :

કારિકાવલીમાં 'पदार्थे तत्र तद्वत्ता' આ ગ્રંથથી 'પદાર્થમાં રહેલી પદાર્થવત્તાને યોગ્યતા કહેવાય છે.' આ અર્થની પ્રતીતિ થાય છે. પરંતુ સ્વમાં સ્વાધિકરણતા ન હોવાથી એ અર્થ યુક્ત નથી. તેથી તે ગ્રંથનો અભિપ્રાય જણાવે છે - एकपदार्थे... ઇત્યાદિ ગ્રંથથી-આશય એ છે કે 'पदार्थे...' ઇત્યાદિ મૂલગ્રંથમાં પ્રથમ तत् પદ એકપદાર્થપરક છે અને બીજું तत् પદ અપરપદાર્થપરક છે; તેથી એક પદાર્થમાં અપરપદાર્થનો જે

સંબંધ છે, તેને યોગ્યતા કહેવાય છે. આવી યોગ્યતાનું જ્ઞાન શાબ્દબોધની પ્રત્યે કારણ છે. 'वह्निना सिञ्चति' ઈત્યાદિ સ્થળે તાદશ યોગ્યતાનો બાધ હોવાથી યોગ્યતાજ્ઞાનનો અભાવ છે. તેથી ત્યાં શાબ્દબોધ થતો નથી. અન્યથા યોગ્યતાજ્ઞાનને શાબ્દબોધની પ્રત્યે કારણ ન માનીએ તો 'वह्निना सिञ्चति' ઈત્યાદિ સ્થળે 'वह्निकरणकसिञ्चनानुकूलवर्त्तमानकालीन-कृतिमान्' ઈત્યાદ્યાકારક શાબ્દબોધનો પ્રસંગ આવશે.

મીમાંસકો અગૃહીતાર્થને ગ્રહણ કરનારા જ્ઞાનને જ પ્રમાણ માને છે; તેથી વાક્યાર્થશાબ્દબોધની પૂર્વે સર્વત્ર એકપદાર્થમાં અપરપદાર્થના સંબંધને અનિશ્ચિત માને છે. જેથી તાદશસંબંધાવગાહિ શાબ્દબોધમાં પ્રામાણ્યનો નિર્વાહ થઈ શકે છે. આથી સ્પષ્ટપણે સમજી શકાશે કે વાક્યાર્થશાબ્દબોધની પૂર્વે સર્વત્ર તાદશ યોગ્યતાનું જ્ઞાન સંભવિત નથી. કારણ કે, ઉપર જણાવ્યા મુજબ વાક્યઘટક પદાર્થાન્વય સર્વત્ર અપૂર્વ અર્થાદ્ અનિશ્ચિત મનાય છે. આ આશયથી नन्वेतस्या... ઈત્યાદિગ્રંથથી કરેલી શંકાનું નિરાકરણ કરે છે. तत्तत्पदार्थस्मरणे... ઈત્યાદિ ગ્રંથથી - આશય એ છે કે વાક્યઘટક તત્તત્પદાર્થનું વૃત્તિજ્ઞાનસહકૃતપદજ્ઞાનથી સ્મરણ થયે છતે ક્વચિત્ સંશય સ્વરૂપ અને ક્વચિત્ નિશ્ચય સ્વરૂપ યોગ્યતાજ્ઞાનનો શાબ્દબોધની પૂર્વે સંભવ હોય છે. અર્થાત્ શાબ્દબોધની પ્રત્યે સંશયનિશ્ચયસાધારણ યોગ્યતાજ્ઞાન કારણ છે. જ્ઞાનમાં પ્રામાણ્ય 'तद्वति तत्प्रकारकत्व' સ્વરૂપ મનાય છે. જેથી 'अगृहीतार्थगन्तृत्व' સ્વરૂપ પ્રામાણ્યનો શાબ્દબોધમાં અભાવ હોય તો પણ દોષ નથી.

नव्यास्तु... ઈત્યાદિ - શાબ્દબોધની પ્રત્યે યોગ્યતાજ્ઞાન કારણ નથી. એવું નવીનોનું માનવું છે. શાબ્દબોધની પ્રત્યે યોગ્યતાજ્ઞાનને કારણ ન માનીએ તો 'वह्निना सिञ्चति' ઈત્યાદિ સ્થળે શાબ્દબોધની આપત્તિ આવશે- એ કહેવું યોગ્ય નથી.

સિંચનક્રિયામાં વહ્નિકરણકત્વાભાવ સ્વરૂપ અયોગ્યતાના નિશ્ચયથી શાબ્દબોધનો પ્રતિબંધ થાય છે. જેથી ઉક્તસ્થળે શાબ્દબોધની આપત્તિ નહીં આવે. અયોગ્યતાનિશ્ચયને શાબ્દબોધની પ્રત્યે પ્રતિબંધક માનીને શાબ્દબોધની પ્રત્યે, પ્રતિબંધકાભાવત્વેન અયોગ્યતાનિશ્ચયાભાવને કારણ માનવાની અપેક્ષાએ યોગ્યતાજ્ઞાનને કારણ માનવામાં ઔચિત્ય છે- આ કહેવું ઉચિત નથી. કારણ કે, સામાન્યથી લૌકિકસન્નિકર્ષથી અજન્ય, દોષવિશેષથી અજન્ય એવા તદ્‌વિષયકજ્ઞાનમાત્રની પ્રત્યે તદભાવવિષયકનિશ્ચય પ્રતિબંધક મનાય છે. તેથી લૌકિક સન્નિકર્ષથી અજન્ય દોષવિશેષથી અજન્ય એવા તાદૃશશાબ્દબોધાત્મક (વહ્નિકરણકસિઞ્ચનાનુકૂલકૃતિ-વિષયકશાબ્દબોધાત્મક) જ્ઞાનની પ્રત્યે, વહ્નિકરણકત્વાભાવ સ્વરૂપ અયોગ્યતાના નિશ્ચયાત્મક તદભાવવિષયક જ્ઞાન પ્રતિ-બંધક છે જ. અર્થાત્ તાદૃશપ્રતિબંધકત્વની કલ્પના નવી નથી. वह्निरनुष्णः ઈત્યાદ્યાકારક ઉષ્ણત્વાભાવવિષયકજ્ઞાન હોવા છતાં લૌકિકસન્નિકર્ષથી (ત્વક્‌સંયોગથી) 'वह्निरुष्णः' ઈત્યાદ્યાકારક બુદ્ધિ થતી હોવાથી તેના પ્રતિબંધનું નિવારણ કરવા પ્રતિબધ્યતાવચ્છેદકકોટિમાં 'लौकिकसन्निकर्षाजन्यत्व'નો નિવેશ છે. તેમ જ 'शङ्खः पीतत्वाभाववान्' ઈત્યાકારક તદભાવ (પીતત્વાભાવ) નિશ્ચય હોવા છતાં પિત્તિમાદિ દોષથી 'शङ्खः पीतः' ઈત્યાદ્યાકારક પ્રત્યક્ષ થતું હોવાથી તેની પ્રતિબધ્યતાનું નિવારણ કરવા પ્રતિબધ્યતાવચ્છેદક કોટિમાં दोषविशेषाऽजन्यत्वનો નિવેશ છે. ત્યાં 'विशेष' પદનો નિવેશ; 'शुक्तौ नेदं रजतम्' ઈત્યાકારક રજતત્વાભાવનો નિશ્ચય હોવા છતાં દોષથી इदं रजतम् ઈત્યાકારક ભ્રમ ન થાય એ માટે છે. અન્યથા દોષથી અજન્ય તાદૃશભ્રમ ન હોવાથી તેની પ્રત્યે તદભાવનિશ્ચય પ્રતિબંધક થઈ શકશે નહીં. પરંતુ 'विशेष'

પદનો નિવેશ કરવાથી, પિત્તિમાદિદોષવિશેષથી અજન્ય એવો એ ભ્રમ પ્રતિબધ્યતાવચ્છેદકાક્રાન્ત થવાથી તાદશ રજતત્વાભાવનો નિશ્ચય તાદશભ્રમનો પ્રતિબંધ કરે છે. ઈત્યાદિ સમજી ન શકાય એવું નથી.

આ રીતે ઉપર જણાવ્યા મુજબ યોગ્યતાજ્ઞાનને શાબ્દબોધની પ્રત્યે કારણ ન માનીએ તો જ્યાં યોગ્યતાજ્ઞાન નથી અને અયોગ્યતાજ્ઞાનાત્મક પ્રતિબંધક પણ નથી, ત્યાં શાબ્દબોધની આપત્તિ આવશે. તેના નિવારણ માટે શાબ્દબોધની પ્રત્યે યોગ્યતાજ્ઞાનને કારણ માનવું આવશ્યક છે. જેથી યોગ્યતાજ્ઞાન ન થાય ત્યાં સુધી શાબ્દબોધનો પ્રસંગ નહીં આવે. આ પ્રમાણે નહીં કહેવું જોઈએ. કારણ કે જ્યાં યોગ્યતાજ્ઞાન નથી અને અયોગ્યતાનિશ્ચય પણ નથી, ત્યાં શાબ્દબોધ ઈષ્ટ જ છે. યોગ્યતાજ્ઞાનના વિલંબથી શાબ્દબોધનો વિલંબ સિદ્ધ નથી. જેથી શાબ્દબોધના અભાવના પ્રયોજક તરીકે યોગ્યતાજ્ઞાનના અભાવને માનવાની પણ આવશ્યકતા નથી.

॥ इति योग्यतानिरूपणम् ॥

## कारिकावली ।

**यत्पदेन विना यस्याऽननुभावकता भवेत् ।**
**आकाङ्क्षा वक्तुरिच्छा तु तात्पर्यं परिकीर्त्तितम् ॥८४॥**

मुक्तावली ।

आकाङ्क्षां निर्वक्ति - यत्पदेनेत्यादि । येन पदेन विना यत्पदस्याऽ न्वयाननुभावकत्वं, तेन पदेन सह तस्याऽऽकाङ्क्षा । क्रियापदं विना कारकपदं नान्वयबोधं जनयतीति तेन तस्याऽऽकाङ्क्षा । वस्तुतस्तु क्रियाकारकपदानां सन्निधानमासत्त्या चरितार्थम् । परन्तु घटकर्मताबोधं प्रति घटपदोत्तरद्वितीयारूपाकाङ्क्षाज्ञानं कारणम् । तेन घटः कर्मत्वमानयनं कृतिरित्यादौ न शाब्दबोधः । अयमेति पुत्रो राज्ञः

पुरुषोऽ पसार्यतामित्यादौ तु पुत्रेण सह राजपदस्य तात्पर्यग्रहसत्त्वात् तेनैवाऽन्वयबोधः । पुरुषेण सह तात्पर्यग्रहे तु तेन सहाऽन्वयबोधः स्यादेव ॥ इत्याकाङ्क्षानिरूपणम् ॥

तात्पर्यं निर्वक्ति - वक्तुरिच्छेति । यदि तात्पर्यज्ञानं कारणं न स्यात्, तदा सैन्धवमानयेत्यादौ क्वचिदश्वस्य क्वचिल्लवणस्य बोध इति न स्यात् । न च तात्पर्यग्राहकाणां प्रकरणादीनां शाब्दबोधे कारणत्वमस्त्विति वाच्यम् । तेषामननुगमात् । तात्पर्यज्ञानजनकत्वेन तेषामनुगमे तु तात्पर्यज्ञानमेव लाघवात्कारणमस्तु ।

इत्थञ्च वेदस्थलेऽपि तात्पर्यज्ञानार्थमीश्वरः कल्प्यते । न च तत्राऽध्यापकतात्पर्यज्ञानं कारणमिति वाच्यम् । सर्गादावध्यापकाभा-वात् । न च प्रलय एव नास्ति, कुतः सर्गादिरिति वाच्यम् । प्रलयस्याग-मेषु प्रतिपाद्यत्वात् । इत्थञ्च शुकवाक्येऽपीश्वरीयतात्पर्यज्ञानं कारणम् । विसंवादिशुकवाक्ये तु शिक्षयितुरेव तात्पर्यज्ञानं कारणं वाच्यम् ।

अन्ये तु नानार्थादौ क्वचिदेव तात्पर्यज्ञानं कारणम् । तथा च शुकवाक्ये विनैव तात्पर्यज्ञानं शाब्दबोधः । वेदे त्वनादिमीमांसापरिशोधिततर्कैरर्थावधारणमित्याहुः ॥ ८४ ॥ इति तात्पर्यनिरूपणम् ॥

॥ इति सिद्धान्तमुक्तावल्यां शब्दपरिच्छेदः ॥

०० 

## : વિવરણ :

શાબ્દબોધમાં કારણભૂત આકાંક્ષાજ્ઞાનની વિષયભૂત આકાંક્ષાનું નિરૂપણ કરે છે - येन पदेन..ઈત્યાદિ. જે પદ વિના જે પદ શાબ્દબોધનું અનનુભાવક હોય છે, તે પદની સાથે તે પદને આકાંક્ષા હોય છે. આશય એ છે કે જે પદ વિના જે પદમાં યાદશશાબ્દબોધનું અજનકત્વ છે, તાદશ શાબ્દબોધમાં સ્વાવ્યવહિતોત્તરત્વાદિઅન્યતર સંબંધથી तत्पदविशिष्टतत्पदवत्त्व

આકાંક્ષા છે. ઘટીયકર્મતાદિવિષયકશાબ્દબોધનું, ઘટાદિપદ વિના अमादि-પદોમાં અજનકત્વ હોવાથી સ્વાવ્યવહિતો-ત્તરત્વસંબંધથી ઘટાદિપદવિશિષ્ટઅમાદિપદવત્ત્વ સ્વરૂપ આકાંક્ષા अमादि પદોમાં મનાય છે, આવી જ રીતે ક્રિયાવાચકપદો વિના કારકવાચકપદોમાં શાબ્દબોધનું અજનકત્વ હોવાથી ક્રિયાપદની સાથે કારકપદને આકાંક્ષા મનાય છે. ક્રિયાકારકપદો સ્થળે તત્તત્પદોના પૂર્વાપરીભાવનો નિયમ ન હોવાથી देवदत्तः पचति, पचति देवदत्तः ઇત્યાદિ સ્થળે શાબ્દબોધની ઉપપત્તિને અનુસરી ક્રિયાકારકપદોની આસત્તિથી જ નિર્વાહ થઈ જાય છે. તેથી ત્યાં આકાંક્ષાની આવશ્યકતા નથી; એ આશયથી 'આકાંક્ષા, પ્રત્યય પ્રકૃતિ સ્થળે હોય છે.' તેને જણાવે છે - वस्तुतस्तु... ઇત્યાદિ ગ્રંથથી. આશય સ્પષ્ટ છે કે 'घटः कर्मत्वम्' ઇત્યાદિ સ્થળે ઘટીયકર્મતાનો બોધ થતો નથી. અને 'घटम्' અહીં ઘટીયકર્મતાનો બોધ થાય છે. તદનુસાર ઘટીયકર્મતાબોધની પ્રત્યે ઘટપદાવ્યવહિતોત્તર દ્વિતીયાવિ-ભક્તિપ્રત્યયની આકાંક્ષાનું જ્ઞાન કારણ મનાય છે. 'अयमेति पुत्रो राज्ञः, पुरुषोऽपसार्यताम्' ઇત્યાકારક શાબ્દબોધના તાત્પર્યથી કરાએલા તાદશ પ્રયોગ સ્થળે પુરુષની સાથે પણ રાજ પદાર્થને આસત્તિ હોવાથી 'अयमेति पुत्रः, राज्ञः पुरुषोऽपसार्यताम्' ઇત્યાકારક શાબ્દબોધનો પ્રસઙ્ગ આવશે. પદોમાં આકાંક્ષા નથી મનાતી. તેથી 'આકાંક્ષા નથી, એમ કહીને તે પ્રસંગનું નિવારણ પણ શક્ય નથી.' આવું કહેવું યોગ્ય નથી. કારણ કે पुत्रની સાથે राज પદના તાત્પર્યનો ગ્રહ હોવાથી 'अयमेति पुत्रः राज्ञः पुरुषोऽपसार्यताम्' ઇત્યાકારક શાબ્દબોધ થતો નથી. પરંતુ पुरुषની સાથે राज પદને તાત્પર્યગ્રહ હોય તો તાદશ બોધ થાય છે જ.

तात्पर्यं निर्वक्ति - वक्तुरिच्छेति ।... ઇત્યાદિ-શાબ્દબોધની પ્રત્યે પ્રયોક્તા-વક્તાની તાદશબોધનેચ્છાસ્વરૂપ તાત્પર્યનું

જ્ઞાન પણ કારણ છે. જો તાત્પર્યજ્ઞાનને શાબ્દબોધની પ્રત્યે કારણ ન માનીએ તો 'सैन्धवमानय' ઈત્યાદિ વાક્યથી વક્તાની વિવક્ષાનુસાર ક્વચિદ્ અશ્વ અને ક્વચિદ્ લવણનો બોધ થઈ શકશે નહીં. યદ્યપિ શાબ્દબોધની પ્રત્યે તાત્પર્યજ્ઞાનને કારણ માન્યા પછી પણ તાત્પર્યગ્રાહક પ્રકરણ, વિશેષણ, સંયોગ, સાહચર્ય, વગેરેની અપેક્ષા તો રહે જ છે, તેથી શાબ્દબોધની પ્રત્યે તાત્પર્યગ્રાહક પ્રકરણાદિને જ કારણ તરીકે માનવા જોઈએ. તાત્પર્યજ્ઞાનને કારણ માનવાની આવશ્યકતા નથી. પરંતુ પ્રકરણાદિ અનુગત ન હોવાથી તત્તત્ શાબ્દબોધની પ્રત્યે પ્રકરણાદિ પરસ્પર વ્યભિચારી હોવાથી અનેક કાર્યકારણભાવનો પ્રસંગ આવશે. તેથી તાત્પર્યજ્ઞાનત્વેન તાત્પર્યજ્ઞાનને શાબ્દબોધની પ્રત્યે કારણ મનાય છે. યદ્યપિ તાત્પર્યજ્ઞાનજનકત્વેન પ્રકરણાદિનો અનુગમ શક્ય હોવાથી પ્રકરણાદિને શાબ્દબોધની પ્રત્યે કારણ માનવાથી અનેક કાર્યકારણભાવનો પ્રસંગ નહીં આવે. પરન્તુ આ રીતે પ્રકરણાદિનો તાત્પર્યજ્ઞાનજનકત્વેન અનુગમ કરીને પ્રકરણાદિમાં શાબ્દબોધજનકત્વ માનવાની અપેક્ષાએ તાત્પર્યજ્ઞાનને કારણ માનવામાં લાઘવ છે. सैन्धवमानय અહીં ભોજનાદિ પ્રકરણના કારણે सैन्धव પદથી લવણાદિનો બોધ થાય છે. सकेसरी गर्जनघोषकारी मृगाधिराजो हरिरेति... અહીં વિશેષણોના કારણે हरि પદનું તાત્પર્ય સિંહમાં જણાય છે. 'घटमपसर' અહીં ઘટના સંયોગના કારણે ઘટ પદનું તાત્પર્ય સમીપસ્થઘટમાં સમજાય છે. 'घटपटावानय' અહીં સાહચર્યના કારણે घटपट પદનું તાત્પર્ય સમાનાધિકરણ જ ઘટપટમાં સમજાય છે. આ રીતે પ્રકરણાદિની તાત્પર્યગ્રાહકતા સ્વયં સમજી લેવી.

આ રીતે શાબ્દબોધની પ્રત્યે તાત્પર્યજ્ઞાન કારણ હોવાથી વૈદિક વાક્યજન્ય શાબ્દબોધ સ્થળે તાત્પર્યજ્ઞાન માટે

પરમાત્માની કલ્પના કરાય છે. આશય એ છે કે, 'वेदवाक्याधीनशाब्दबोधस्तात्पर्यज्ञानजन्यः शाब्दत्वात् सैन्धवमानयेत्यादिवाक्याधीनशाब्दवद्' આ અનુમાનથી વેદવાક્યાધીન શાબ્દબોધમાં તાત્પર્યજ્ઞાનજન્યત્વ સિદ્ધ થાય છે. તે તાત્પર્યજ્ઞાન અસ્મદાદિનું ન હોવાથી તાદૃશ જ્ઞાનાશ્રય તરીકે પરમાત્માની કલ્પના કરવામાં આવે છે. યદ્યપિ વૈદિકવાક્યાધીન શાબ્દબોધ સ્થળે અધ્યાપકના તાત્પર્યજ્ઞાનને કારણ માનવાથી કોઈ અનુપપત્તિ ન હોવાથી ઉપર જણાવ્યા મુજબ પરમાત્માની કલ્પના કરવાની આવશ્યકતા નથી. પરંતુ સર્ગના આદિકાલમાં અધ્યાપક ન હોવાથી વૈદિકવાક્યાધીનશાબ્દબોધમાં અધ્યાપકીયતાત્પર્યજ્ઞાનજન્યત્વને માની શકાશે નહીં. 'પ્રલયકાલના અસ્તિત્વનો જ સંભવ ન હોવાથી સર્ગાદિકાલ પણ અસંભવિત છે.' આવું નહીં કહેવું. કારણ કે ''नाहो न रात्रिर्न नभो न भूमिर्नाऽऽसीत्तमो ज्योतिरभून्न चाऽन्यत्'' - ઈત્યાદિ આગમ, પ્રલયકાલના અસ્તિત્વને જણાવે છે. વૈદિકવાક્યાધીનશાબ્દબોધની જેમ સંવાદિશુકવાક્યાધીન-શાબ્દબોધ સ્થળે પણ ઈશ્વરીયતાત્પર્યજ્ઞાન કારણ છે. વિસંવાદિક-શુકવાક્યાધીનશાબ્દબોધ સ્થળે પોપટને ભણાવનારાનું તાત્પર્યજ્ઞાન કારણ છે. કારણ કે ઈશ્વરેચ્છા વિસંવાદી હોતી નથી, અને સંવાદી તાત્પર્યથી વિસંવાદી શાબ્દબોધ અનુપપન્ન છે.

अन्ये तु... ઈત્યાદિ - આશય એ છે કે જ્યાં નાનાર્થક પદોથી, નાનાર્થકવૃત્તિજ્ઞાનસહકૃતનાનાપદાર્થની ઉપસ્થિતિ હોય છે. ત્યાં તાત્પર્યજ્ઞાનને વિવક્ષિતાન્વયબોધની ઉપપત્તિ માટે કારણ માનવું જોઈએ. સર્વત્ર શાબ્દબોધ સ્થળે તાત્પર્યજ્ઞાનને કારણ માનવાની આવશ્યકતા નથી. કારણ કે જ્યાં એકાર્થકવૃત્તિજ્ઞાન હોય ત્યાં ગૃહીતૈકાર્થકતાદૃશપદથી વિવક્ષિત શાબ્દબોધ તાત્પર્યજ્ઞાન વિના પણ શક્ય છે. એ

સમજી શકાય છે. તેથી જ શાબ્દબોધ સ્થળે સર્વત્ર તાત્પર્યજ્ઞાનને કારણ માનવાની આવશ્યકતા ન હોવાથી શુક-વાક્યોથી, તાત્પર્યજ્ઞાન વિના જ શાબ્દબોધ થાય છે. વૈદિક-વાક્યાધીનશાબ્દબોધ સ્થળે તો અનાદિકાલીન લાઘવજ્ઞાનાત્મક તર્કસહકૃત અનુમાનથી અર્થનો નિર્ણય કરાય છે. દા.ત. 'कपिञ्जलानालभेत' ઇત્યાદિ સ્થળે 'कपिञ्जलान्' અહીં બહુવચનાર્થ ત્રિત્વસંખ્યાદિનો નિર્ણય અનુમાનથી થાય છે. 'कपिञ्जलानितिबहुवचनार्थस्त्रित्वादिर्बहुवचनवाच्यत्वाद्' આ, તાદૃશાનુમાનનો આકાર છે. એ અનુમાનમાં 'त्रित्वाद्यर्थकल्पने लाघवम्' અર્થાત્ त्रित्वाद्यर्थो बहुवचनस्य न स्यात् तर्हि तादृशोपस्थितिकृतं (चतुष्ट्वादिसङ्ख्याऽपेक्षया) लाघवं न स्यात्' ઇત્યાદ્યાકારક લાઘવજ્ઞાનાત્મક તર્ક સહકારી કારણ છે. જેથી તાદૃશાનુમાનથી ત્રિત્વસંખ્યાવિશિષ્ટ કપિઞ્જલ (પક્ષિવિશેષ) કર્મતાનો બોધ થાય છે. આ પ્રમાણે નવીનોની માન્યતા છે. અહીં 'आहुः' આ પદથી સૂચિત અસ્વારસ્યનું બીજ એ છે કે તાત્પર્યજ્ઞાનને શાબ્દબોધની પ્રત્યે કારણ ન માનીએ તો તાત્પર્યજ્ઞાનના સંશયથી શાબ્દબોધનો અભાવ ઉપપન્ન નહીં થાય.

॥ इति कारिकावलीसमेतमुक्तावलीविवरणे शब्दपरिच्छेदः ॥

००

## अथ स्मरणनिरूपणम् ।

### मुक्तावली ।

पूर्वमनुभवस्मरणभेदाद् बुद्धेर्द्वैविध्यमुक्तम् । तत्राऽनुभवप्रकारा दर्शिताः, स्मरणं तु सुगमतया न दर्शितम् । तत्र हि पूर्वानुभवः कारणम्। अत्र केचित्-अनुभवत्वेन न कारणत्वं, किन्तु ज्ञानत्वेनैव, अन्यथा स्मरणोत्तरं स्मरणं न स्यात्, समानप्रकारकस्मरणेन पूर्वसंस्कारस्य विनष्टत्वात् । मन्मते तु तेनैव स्मरणेन संस्कारान्तरद्वारा स्मरणान्तरं जन्यत इत्याहुः । तन्न । यत्र समूहालम्बनोत्तरं घटपटादीनां क्रमेण

स्मरणमजनिष्ट सकलविषयकस्मरणं तु नाभूत्, तत्र फलस्य संस्कारनाशकत्वाभावात् कालस्य, रोगस्य, चरमफलस्य वा सर्वत्र संस्कारनाशकत्वं वाच्यम् । तथा च न क्रमिकस्मरणानुपपत्तिः । न च पुनः पुनः स्मरणाद् दृढतरसंस्कारानुपपत्तिरिति वाच्यम् । झटित्युद्बोधकसमवधानस्यैव दार्ढ्यपदार्थत्वात् । न च विनिगमनाविरहादेव ज्ञानत्वेनाऽपि जनकत्वं स्यादिति वाच्यम् । विशेषधर्मेण व्यभिचाराज्ज्ञाने सामान्यधर्मेणाऽन्यथासिद्धत्वात् । कथमन्यथा दण्डस्य भ्रमिद्वारा द्रव्यत्वेन रूपेण न कारणत्वम् । न चाऽऽन्तरालिकस्मरणानां संस्कारनाशकत्वसंशयाद् व्यभिचारसंशय इति वाच्यम् । अनन्तसंस्कारतन्नाशकल्पनाऽपेक्षया चरमस्मरणस्यैव संस्कारनाशकत्वकल्पनेन व्यभिचारसंशयाभावात् ॥ इति स्मृतिग्रन्थः ॥८४॥

०० 

## : વિવરણ :

પૂર્વે અનુભવ અને સ્મૃતિ, આ બે ભેદથી કારિકાવલીમાં બુદ્ધિની દ્વિવિધતા વર્ણવી છે. એમાંથી અનુભવના ભેદાદિનું નિરૂપણ કારિકાવલીમાં કર્યું. પરન્તુ સ્મૃતિનું નિરૂપણ કેમ ન કર્યું ? આ શંકાનું સમાધાન કરવા માટે કહે છે - पूर्वमनुभव... ઈત્યાદિ - આશય સ્પષ્ટ છે કે સ્મરણનું નિરૂપણ ન કરવાનું કારણ 'તે સુગમ છે.' એ છે. દુર્જ્ઞેય પદાર્થો જ નિરૂપણીય હોય છે. સુજ્ઞેય પદાર્થો નિરૂપણ વિના પણ જાણી શકાતા હોવાથી તેના નિરૂપણની આવશ્યકતા નથી. સ્મરણની પ્રત્યે પૂર્વકાલીન અનુભવ, અનુભવત્વેન કારણ છે.

કેટલાક લોકો અનુભવને, સ્મરણની પ્રત્યે જ્ઞાનત્વેન કારણ માને છે. તેમનું એ કહેવું છે કે, કેટલીક વખત પૂર્વાનુભવ પછી સ્મરણ થાય છે. ત્યારબાદ તે સ્મરણથી જ બીજું તત્સમાનવિષયક સ્મરણ થતું હોય છે. અનુભવને અનુભવત્વેન સ્મરણની પ્રત્યે કારણ માનીએ તો આ રીતે

સ્મરણોત્તરસ્મરણની ઉપપત્તિ નહીં થાય. તેથી સ્મરણની પ્રત્યે જ્ઞાનત્વેન જ્ઞાનમાત્રને કારણ માનવું જોઈએ. જેથી પૂર્વસ્મરણથી ઉત્તરસ્મરણની ઉપપત્તિ થઈ શકશે. યદ્યપિ સ્મરણોત્તરસ્મરણ સ્થળે પણ પૂર્વાનુભવ, સ્વજન્યસંસ્કાર-વત્ત્વસંબંધથી વિદ્યમાન હોવાથી પૂર્વાનુભવથી જ સ્મરણોત્તરસ્મરણની ઉપપત્તિ થઈ શકતી હોવાથી તેના માટે જ્ઞાનત્વેન કારણ માનવાની આવશ્યકતા નથી. પરન્તુ અનુભવજન્યસંસ્કારો સ્વસમાનપ્રકારકસ્મરણથી નષ્ટ થતાં હોવાથી સ્મરણોત્તરસ્મરણ સ્થળે પૂર્વાનુભવજન્યસંસ્કારો સ્વોત્તરસમાનપ્રકારકસ્મરણથી નાશ પામેલા હોવાથી સ્વ-જન્યસંસ્કારવત્ત્વસંબંધથી અનુભવ નથી. જેથી સ્મરણોત્તર-સ્મરણની પ્રત્યે જ્ઞાનત્વેન જ્ઞાનને કારણ માન્યા વિના ચાલે એવું ન હોવાથી સ્મરણની પ્રત્યે અનુભવને પણ જ્ઞાનત્વેન જ કારણ મનાય છે. સ્મરણોત્તરસ્મરણસ્થળે પૂર્વસ્મરણ દ્વિક્ષણા-વસ્થાયી હોવાથી અને તજ્જનકસંસ્કારો તદુત્તરક્ષણે જ નષ્ટ થયા હોવાથી તાદૃશસ્મરણોત્તરસ્મરણ શક્ય નથી. એવું નહીં કહેવું જોઈએ. કારણ કે પૂર્વસ્મરણથી સ્વજનકસંસ્કારથી ભિન્ન એવા સંસ્કારો ઉત્પન્ન થાય છે. જે સંસ્કારોથી તાદૃશસ્મરણોત્તરસ્મરણની ઉપપત્તિ થાય છે. આ પ્રમાણેની કેટલાક લોકોની માન્યતા બરાબર નથી. કારણ કે સ્વસમાનપ્રકારકસ્મરણથી પૂર્વસંસ્કારનો નાશ થાય છે- એ કહેવું યોગ્ય નથી. જ્યાં સમૂહાલંબન અનુભવ બાદ તજ્જન્યસંસ્કારદ્વારા ક્રમિક ઘટવિષયક અને પટવિષયક સ્મરણ થાય છે અને સમૂહાલંબનાત્મક સ્મરણ ક્યારે પણ થયું જ નથી, ત્યાં તાદૃશક્રમિકસ્મરણ, પૂર્વાનુભવજન્ય (સમૂહાલંબનાત્મકાનુભવજન્ય) સંસ્કારોનું સ્વસમાનપ્રકારક ન હોવાથી નાશક નહીં બને, તેથી ક્રમિકસ્મરણસ્થળે તાદૃશસંસ્કારોના નાશક તરીકે કાલને રોગને અથવા ચરમફલને

માનવું જોઈએ. યદ્યપિ આવા સ્થળે સંસ્કારોનો નાશ ન થાય એ ઈષ્ટ જ છે, એ કહી શકાય છે. પરન્તુ તેથી જન્ય-ભાવસ્વરૂપ પદાર્થને અવિનાશી માનવાનો પ્રસંગ આવશે. તેથી સંસ્કારના નાશ માટે ઉપર જણાવ્યા મુજબ કાલને રોગને અથવા ચરમફલને નાશક તરીકે ઉક્ત સ્થળે માનવું જોઈએ. કાલત્વેન કાલને સંસ્કારનાશક માનીએ તો સંસ્કારમાત્રનો સ્વોત્તર (સ્વાવ્યવહિતોત્તર) ક્ષણમાં નાશ થવાથી સંસ્કારમાં ક્ષણિકત્વનો પ્રસંગ આવશે અને તત્તદ્વ્યક્તિત્વેન નાશક માનીએ તો નાશ્યનાશકભાવના આનન્ત્યથી ગૌરવ આવશે. આવી જ રીતે રોગત્વેન રોગને સંસ્કારનો નાશક માનવાનું શક્ય ન હોવાથી અને તત્તદ્વ્યક્તિત્વેન નાશક માનવામાં ગૌરવ હોવાથી ચરમફલમાં નાશકતા મનાય છે. એ જણાવવા માટે 'चरमफलस्य वा' અહીં 'वा' કારનો પૂર્વપક્ષમાં અરુચિદર્શક પ્રયોગ છે. આથી સ્પષ્ટપણે સમજી શકાય છે કે ચરમફલ, સંસ્કારનું નાશક હોવાથી ક્રમિકસ્મરણની (સ્મરણોત્તર સ્મરણની) અનુપપત્તિ થતી નથી. યદ્યપિ આ રીતે એક જ સંસ્કારથી પુનઃ પુનઃ (વારંવાર) સ્મરણની ઉત્પત્તિ માનવાથી એ સંસ્કારનો હ્રાસ થશે. તેથી સર્વાનુભવસિદ્ધ, પુનઃ પુનઃ સ્મરણથી સંસ્કારની જે દઢતા છે, તે ઉપપન્ન નહીં થાય. પરન્તુ એક સંસ્કારથી સ્મરણ, એ સ્મરણથી દઢતર સંસ્કાર, એ સંસ્કારથી સ્મરણ અને એ સ્મરણથી દઢતમસંસ્કાર આ જાતની દઢતા સંસ્કારમાં મનાતી નથી. શીઘ્રપણે ઉદ્બોધકનું સમવધાન પ્રાપ્ત થવું એ જ સંસ્કારની દઢતા છે. જે પુનઃ પુનઃ સ્મરણથી જ શક્ય છે. સંસ્કારની પ્રત્યે અનુભવ કારણ છે. સ્મરણ કારણ નથી, તે ઉદ્બોધક છે. સ્મરણના પૌનઃ-પૌન્યથી સંસ્કાર ઉપર જણાવ્યા મુજબ દઢ બને છે. અનુ-ભવજન્યસંસ્કારથી જન્યસ્મરણની જેમ, ક્વચિદ્ દઢતર સંસ્કારદ્વારા સ્મરણોત્તરસ્મરણ થતું હોવાથી

સ્મરણની પ્રત્યે અનુભવત્વેન જ કારણ માનવામાં કોઈ વિનિગમના નથી. તેથી જ્ઞાનત્વેન પણ કારણતા માનવી જોઈએ- એ કહેવું યુક્ત નથી. કારણ કે વિશેષધર્મેણ (વ્યાપ્યધર્મેણ) કારણતામાં વ્યભિચાર જણાતો ન હોય તો, સામાન્યધર્મેણ (વ્યાપકધર્મેણ) તદવચ્છિન્નને અન્યથાસિદ્ધ મનાય છે. અન્યથા વ્યાપ્યધર્મેણ કારણતામાં વ્યભિચાર ન જણાય તો પણ વ્યાપકધર્મેણ તદવચ્છિન્નને કારણ માનીએ તો ભ્રમણદ્વારા દંડત્વેન દંડમાં મનાતી કારણતા દ્રવ્યત્વેન પણ માનવાનો પ્રસંગ આવશે. તેથી દંડત્વેન (વ્યાપ્યધર્મેણ) ઘટનિરૂપિતદંડનિષ્ઠકારણતામાં વ્યભિચારનું જ્ઞાન ન હોવાથી તાદશકારણતા દ્રવ્યત્વેન નથી મનાતી. પરન્તુ તેન રૂપેણ (વ્યાપકધર્મેણ) દંડમાં અન્યથાસિદ્ધિ મનાય છે. આવી જ રીતે સ્મરણની પ્રત્યે પણ અનુભવત્વેન સંસ્કારદ્વારા અનુભવમાં કારણતા મનાય છે અને જ્ઞાનત્વેન અન્યથાસિદ્ધિ મનાય છે. 'સ્મરણોત્તરસ્મરણસ્થળે પણ સ્વ (અનુભવ) જન્ય સંસ્કાર-વત્ત્વ સંબંધથી અનુભવ વિદ્યમાન હોવાથી અનુભવત્વેન કારણતામાં વ્યભિચાર નથી.' એ મુક્તાવલી ભણનારને સમજાવવાની આવશ્યકતા નથી. યદ્યપિ સ્મરણોત્તર- સ્મરણ સ્થળે વચ્ચેના સ્મરણોથી સંસ્કારનાશની શંકાથી તાદશ સંસ્કારવત્ત્વસંબંધથી અનુભવની વિદ્યમાનતામાં શંકા થવાથી વ્યભિચારની શંકા સંભવે છે. પરંતુ આ રીતે આન્તરાલિક સ્મરણોને સંસ્કારનાશક માનવાથી અનંત સંસ્કારોની અને તેના નાશની કલ્પના કરવી પડે છે. તેથી તેની અપેક્ષાએ લાઘવથી ચરમસ્મરણને જ સંસ્કારની પ્રત્યે નાશક મનાય છે. આથી સમજી શકાય છે કે આન્તરાલિક સ્મરણમાં સંસ્કારનાશકત્વની શંકા થાય એવો સંભવ ન હોવાથી વ્યભિચારસંશયનો સંભવ નથી. આથી વિશેષનું અન્યત્ર અનુસંધાન કરવું. ॥૮૪॥

॥ इति कारिकावलीमुक्तावलीविवरणे स्मृतिनिरूपणम् ॥

**साक्षात्कारे सुखादीनां, करणं मन उच्यते ।**
**अयौगपद्याज्ज्ञानानां, तस्याऽणुत्वमिहोच्यते ॥८५॥**

मुक्तावली ।

इदानीं क्रमप्राप्तं मनो निरूपयितुमाह-साक्षात्कारे इति । एतेन मनसि प्रमाणं दर्शितम् । तथाहि-सुखसाक्षात्कारः सकरणको जन्यसाक्षात्कारत्वात् चाक्षुषसाक्षात्कारवदित्यनुमानेन मनसः करणत्वसिद्धिः । न चैवं दुःखादिसाक्षात्काराणामपि करणान्तराणि स्युरिति वाच्यम् । लाघवादेकस्यैव तादृशसकलसाक्षात्कारकरणतया सिद्धेः । एवं सुखादीनामसमवायिकारणसंयोगाश्रयतया मनसः सिद्धिर्बोधव्या ॥

तत्र मनसोऽणुत्वे प्रमाणमाह-अयौगपद्यादिति । ज्ञानानां चाक्षुषरासनादीनां, यौगपद्यमेककालोत्पत्तिर्नास्तीत्यनुभवसिद्धम् । तत्र नानेन्द्रियाणां सत्यपि विषयसन्निधाने यत्सम्बन्धादेकेनेन्द्रियेण ज्ञानमुत्पद्यते यदसम्बन्धाच्च परैर्ज्ञानं नोत्पाद्यते तन्मनसो विभुत्वे चासन्निधानं न सम्भवतीति न विभु मनः । न च तदानीमदृष्टविशेषोद्बोधकविलम्बादेव तज्ज्ञानविलम्ब इति वाच्यम् । तथा सति चक्षुरादीनामप्यकल्पनापत्तेः । न च दीर्घशष्कुलीभक्षणादौ नानावधानभाजाञ्च कथमेकदा नानेन्द्रियजन्यज्ञानमिति वाच्यम् । मनसोऽतिलाघवात् त्वरया नानेन्द्रियसम्बन्धान्नानाज्ञानोत्पत्तेः । उत्पलशतपत्रभेदादाविव यौगपद्यप्रत्ययस्य भ्रान्तत्वात् । न च मनसः सङ्कोचविकासशालित्वादुभयोपपत्तिरस्त्विति वाच्यम् । नानावयवतन्नाशादिकल्पने गौरवाल्लाघवान्निरवयवस्याणुरूपस्यैव मनसः कल्पनादिति सङ्क्षेपः ॥८५॥

॥ इति सिद्धान्तमुक्तावल्यां द्रव्यनिरूपणम् ॥

० ०

## - વિવરણ -

આત્મનિરૂપણના પ્રસંગે પ્રસંગથી બુદ્ધિનું વિસ્તારપૂર્વક નિરૂપણ કરીને હવે દ્રવ્યનિરૂપણના ક્રમાન્તર્ગત મનનું નિરૂપણ કરે છે - साक्षात्कार... ઈત્યાદિ કારિકાથી. મનોદ્રવ્યનું સાક્ષાત્કારકરણત્વેન નિરૂપણ કરવાનું પ્રયોજન જણાવે છે - મુક્તાવલીમાં एतेन... ઈત્યાદિ ગ્રંથથી. આશય સ્પષ્ટ છે કે, 'सुखसाक्षात्कारः सकरणको जन्यसाक्षात्कारत्वात् चाक्षुषसाक्षात्कारवद्' આ અનુમાનથી સુખવિષયકસાક્ષાત્કારમાં સકરણકત્વની સિદ્ધિ થાય છે. ત્યાં ચક્ષુરાદિનું કરણત્વ બાધિત હોવાથી સુખસાક્ષાત્કારના કરણ તરીકે મનોદ્રવ્યની કલ્પના કરાય છે. યદ્યપિ આ રીતે સુખસાક્ષાત્કારના કરણ તરીકે મનોદ્રવ્યની કલ્પના કરીએ તો ઉક્તાનુમાનની જેમ દુ:ખાદિસાક્ષાત્કારપક્ષક તાદશાનુમાનથી દુ:ખાદિ-સાક્ષાત્કારના કરણ તરીકે મનોભિન્ન બીજા દ્રવ્યોને માનવાનો પ્રસંગ આવશે. પરંતુ સુખદુ:ખાદિના સાક્ષાત્કારના કરણ તરીકે મન વગેરે અનેક દ્રવ્યોની કલ્પના કરવામાં ગૌરવ હોવાથી લાઘવથી સુખદુ:ખાદિસાક્ષાત્કારના કરણ તરીકે એક મનોદ્રવ્યની જ કલ્પના કરાય છે. આવી જ રીતે 'सुखदुःखादिसाक्षात्कारः सासमवायिकारणको भावकार्यत्वाद् घटादिवद्' આ અનુમાનથી સિદ્ધ થયેલા તાદશસાક્ષાત્કારના અસમવાયિકારણ આત્મસંયોગના આશ્રય તરીકે મનોદ્રવ્યની કલ્પના કરવામાં આવે છે. અસમવાયિકારણના સ્વરૂપનું અનુસંધાન કરવાથી સમજી શકાશે કે સુખાદિસાક્ષાત્કારનું અસમવાયિકારણ આત્મસંયોગ (આત્મમન:સંયોગ) છે. તેના અપર સંબંધી તરીકે અન્ય અવિભુદ્રવ્યોને માની શકાય એવું ન હોવાથી મનોદ્રવ્યની કલ્પના કરવામાં આવે છે.

મનોદ્રવ્યના અણુપરિમાણને સિદ્ધ કરવા માટે કારિકાવલીમાં 'अयौगपद्याद्..' ઈત્યાદિ ગ્રન્થ છે. એના આશયને સ્પષ્ટ કરે છે - ज्ञानानां... ઈત્યાદિ ગ્રંથથી. આશય એ છે કે, ચાક્ષુષાદિ (ચાક્ષુષ-પ્રત્યક્ષાદિ) જ્ઞાનો એકકાલમાં થતાં નથી, પરંતુ ક્રમિક થાય છે. એ અનુભવસિદ્ધ છે. ત્યાં અનેક ઈન્દ્રિયોનો વિષયની સાથે સંબંધ હોવા છતાં જેના સંબંધના કારણે એક ઈન્દ્રિયથી જ્ઞાન થાય છે, અને જેના સંબંધના અભાવે બીજી ઈન્દ્રિયો જ્ઞાનને ઉત્પન્ન કરતી નથી, તે મનોદ્રવ્યને વિભુ માની શકાશે નહીં. કારણ કે મનોદ્રવ્યને વિભુ માનીએ તો દરેક ઈન્દ્રિયોની સાથે મનનો સંયોગ હોવાથી ઈન્દ્રિયમનના સંયોગથી અને તેના અભાવથી અનુક્રમે જ્ઞાન અને જ્ઞાનાભાવ જે ઉપપન્ન થાય છે, તે થઈ શકશે નહીં. તેથી મનને વિભુ માનતા નથી. પરંતુ અણુ માને છે. જેથી જે વખતે જે ઈન્દ્રિયની સાથે મનનો સંયોગ હોય છે, તે વખતે તે ઈન્દ્રિયમનના સંયોગથી જ્ઞાન થાય છે. અને અન્ય ઈન્દ્રિયથી, તેની સાથે મનનો સંયોગ ન હોવાથી જ્ઞાન થતું નથી. આ રીતે જ્ઞાનની ક્રમિકોત્પત્તિ મનને અણુ માનવાથી ઉપપન્ન થાય છે. યદ્યપિ નાનાઈન્દ્રિયોને એકકાલમાં વિષયની સાથે સંબંધ હોવા છતાં તે વખતે અદષ્ટવિશેષ સ્વરૂપ ઉદ્બોધક ન હોવાથી નાનાઈન્દ્રિયોથી એક કાલમાં નાનાજ્ઞાનોત્પત્તિને નિવારી શકાય છે. પરંતુ આ રીતે તો ચક્ષુરાદિ ઈન્દ્રિયોને પણ ચાક્ષુષાદિની પ્રત્યે કારણ માનવાની આવશ્યકતા નહીં રહે. કારણ કે ચાક્ષુષાદિજ્ઞાન અને તેના અભાવની ઉપપત્તિ પણ ચક્ષુરાદિઈન્દ્રિયોની કલ્પના વિના અદષ્ટવિશેષ સ્વરૂપ ઉદ્બોધક અને તેના અભાવથી થઈ શકે છે. ''દીર્ઘશષ્કુલી (મોટી કડક પુરી) ખાતી વખતે અનેક ઉપયોગવાલા જીવોને નાનાઈન્દ્રિયોથી એક જ કાલમાં જે નાનાજ્ઞાન થાય છે તે, મનને અણુ માનવાથી એક જ કાલમાં નાનાઈન્દ્રિયોની સાથે

મનનો સંયોગ ન હોવાથી નહીં થાય.'' આવી શંકા યોગ્ય નથી. કારણ કે મન અત્યન્ત લઘુ (અણુ) હોવાથી શીઘ્રપણે નાનાઇન્દ્રિયોની સાથે સંબદ્ધ થતું હોવાથી નાનાજ્ઞાનની ઉત્પત્તિમાં બાધ નથી. અવ્યવહિત (વ્યવધાનરહિત) કાલમાં નાનાજ્ઞાન ઉત્પન્ન થયેલા હોવાથી; ઉત્પલશતપત્ર ભેદનક્રિયામાં જેવી રીતે યૌગપદ્યનો ભ્રમ થાય છે, તેવો ભ્રમ દીર્ઘશષ્કુલીભક્ષણ સ્થળે પણ નાનાજ્ઞાનની ઉત્પત્તિમાં થાય છે. અર્થાદ્ અવ્યવહિતકાલોત્પત્તિ સ્વરૂપ દોષથી ત્યાં નાનાજ્ઞાનમાં યૌગપદ્યનો ભ્રમ થાય છે. જે ઉત્પલશતપત્ર-ભેદનક્રિયાના દૃષ્ટાંતથી સમજી શકાય છે. મનોદ્રવ્ય સંકોચ અને વિકાસશાલી હોવાથી જ્યારે મન સંકુચિત હોય છે, ત્યારે એક ઇન્દ્રિયથી એકજ્ઞાન થાય છે. અને જ્યારે તે વિકસિત હોય છે, ત્યારે નાનાઇન્દ્રિયની સાથે તેનો સંબંધ થવાથી નાનાજ્ઞાનો થાય છે. આ રીતે જ્ઞાનના અયૌગપદ્ય અને યૌગપદ્ય ઉભયની ઉપપત્તિ થાય છે; આ પ્રમાણેની મીમાંસકોની માન્યતા બરાબર નથી. કારણ કે અવયવની તરતમતા વિના મનની તાદશ સંકોચ-વિકાસશાલિતા સંભવિત નથી. તેથી મનની તાદશ અવસ્થાનુસારે તેના નાના અવયવ તથા તેના વિનાશ આદિની કલ્પનામાં ગૌરવ હોવાથી લાઘવથી મનને અણુ મનાય છે.

અહીં એ યાદ રાખવું જોઇએ કે ચાક્ષુષાદિજ્ઞાનોના અયૌગપદ્યના કારણે મનને અણુ મનાય છે. યદ્યપિ મનને વિભુ માન્યા પછી પણ ચાક્ષુષાદિજ્ઞાનોત્પત્તિની પ્રત્યે અનુભવાનુસાર તદન્યજ્ઞાનસામગ્રીને પ્રતિબંધક માનીને જ્ઞાનોના યૌગપદ્યનું નિવારણ કરી શકાય છે. પરંતુ તાદશપ્રતિબધ્યપ્રતિબંધકભાવમાં ગૌરવ હોવાથી મનને વિભુ માનતા નથી. યદ્યપિ પૂર્વે જણાવ્યા મુજબ ત્વઙ્મનોયોગ જ્ઞાનમાત્રની પ્રત્યે કારણ હોવાથી ચાક્ષુષપ્રત્યક્ષના કાલમાં

ત્વાચપ્રત્યક્ષનો પ્રસંગ મનને અણુ માન્યા પછી પણ દુર્વાર છે. પરંતુ ત્યાં બીજો કોઈ ઉપાય ન હોવાથી ત્વાચપ્રત્યક્ષની પ્રત્યે ચાક્ષુષપ્રત્યક્ષની સામગ્રીને પ્રતિબંધક મનાય છે. જેથી ચાક્ષુષપ્રત્યક્ષના કાલમાં ત્વાચપ્રત્યક્ષનો પ્રસંગ આવતો નથી. અથવા જ્ઞાનસામાન્યની પ્રત્યે ત્વઙ્મનોયોગ કારણ જ નથી. જેથી તાદશ ચાક્ષુષસામગ્રીને ત્વાચપ્રત્યક્ષની પ્રત્યે પ્રતિબંધક માનવાની આવશ્યકતા નથી. જ્ઞાનસામાન્યની પ્રત્યે ત્વઙ્-મનઃસંયોગને કારણ ન માનીએ તો સુષુપ્તિકાલમાં જ્ઞાનોત્પત્તિનો પ્રસઙ્ગ આવશે. એ શંકાનું નિવારણ પૂર્વે જ કર્યું છે... ઈત્યાદિ અનુસંધેય છે. એ જણાવવા માટે 'इति सङ्क्षेपः' આ પ્રમાણે જણાવ્યું છે.

॥ इति कारिकावलीमुक्तावलीविवरणे द्रव्यनिरूपणम् ॥

०० 

[illegible]